BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ–આખ્યાન: ‘કુંવરબાઈનું મામેરું’

GMJ-302/GMN-501

દ્વિતીય વર્ષ બી. એ.

સેમેસ્ટર-03



નરસિંહ મહેતા



ભાલણ



પ્રેમાનંદ

As per NEP - 2020

B.A. (Hons.)

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ – આખ્યાન : ભાગ : ૧ આખ્યાન: સ્વરૂપ અને વિકાસ


લેખન : પ્રો. ચં. પુ. વ્યાસ
પ્રો. દિનેશ પંડ્યા

પરામર્શન (વિષય – ભાષા) : પ્રા. રમણલાલ જોશી
૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

સંપાદન : ડૉ. પી. કે. મહેતા
નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ



પ્રકાશક : કાર્યકારી કુલસચિવ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ

આવૃત્તિ : પુન:મુદ્રણ



## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ – આખ્યાનઃ 'કુંવરબાઈનું મામેરું'**

**GMJ–302/GMN–501**

**દ્વિતીય વર્ષ બી. એ.**

**સેમેસ્ટર–03**

**અભ્યાસક્રમ**

| એકમ ક્રમ | એકમનું નામ |
|---|---|
| 1. | મધ્યકાલીન ગુજરાતી સાહિત્યઃ સર્જન અને સર્જક |
| 2. | આખ્યાન–સ્વરૂપચર્ચા |
| 3. | આખ્યાનનો ઉદ્ભવ અને વિકાસ |
| 4. | પ્રેમાનંદનું જીવન–કવન |
| 5. | 1 અને 2 કડવાંની રસલક્ષી, સ્વાધ્યાયલક્ષી સમીક્ષા |
| 6. | 3, 4, 5, 6 અને 7મા કડવાંની રસલક્ષી સમીક્ષા |
| 7. | 8 અને 9 કડવાંની રસલક્ષી, સ્વાધ્યાયલક્ષી સમીક્ષા |
| 8. | 10, 11, 12મા કડવાંની રસલક્ષી સમીક્ષા |
| 9. | 13, 14, 15, 16મા કડવાંની રસલક્ષી સમીક્ષા |
| 10. | વસ્તુસંકલનની વિશેષતાઓ |
| 11. | પાત્રચિત્રણકલાનું વૈશિષ્ટ્ય |
| 12. | રસનિરૂપણ અને રસસંક્રમણકલા |
| 13. | વર્ણનો : ગુજરાતીપણું : સમાજચિત્રણ |
| 14. | ભાષા : કવિત્વ : સ્થાન |

**નોંધઃ આપના અભ્યાસક્રમમાં રહેલ 14 એકમને અભ્યાસની સરળતા ખાતર બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. જેની અનુક્રમણિકા વિભાગ મુજબ આપેલ છે.**

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

વિભાગ

# 1

## આખ્યાન : સ્વરૂપ અને વિકાસ


એકમ 1

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય : સર્જન અને સર્જક 7

એકમ 2

આખ્યાન-સ્વરૂપચર્ચા 15

એકમ 3

આખ્યાનનો ઉદ્ભવ અને વિકાસ 22

# પ્રસ્તાવના

સાહિત્યને સમજવામાં સ્વરૂપગત અભ્યાસ વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. સામગ્રીને ધારણ કરી આવિષ્કૃત કરતો આકાર પણ કલામાં આગવું મૂલ્ય ધરાવે છે. સાહિત્યને સૌન્દર્યની ભૂમિકાએ પહોંચાડવામાં આરૂપનિર્માણ અદકું સ્થાન ધરાવે છે. એ પ્રક્રિયાની સમજ વિના સાહિત્યપદાર્થની સમજ કેળવી શકાતી નથી.

અહીં સ્વરૂપ અને પ્રકારો અંગે સામાન્ય સમજ ઊભી કરી નમૂનાલેખે કાવ્યસાહિત્યનાં અને કથાસાહિત્યનાં ત્રણ સ્વરૂપો વિશે અભ્યાસ કરવા-કરાવવાનો ઉપક્રમ રાખ્યો છે. મધ્યકાળમાં આખ્યાન એક બળવાન પ્રભાવક સાહિત્યસ્વરૂપ રહ્યું છે. પ્રેમાનંદની *કુંવરબાઈનું મામેરું* કૃતિ આખ્યાન સ્વરૂપના નમૂનાલેખે પસંદ કરી છે. અર્વાચીન કાળનાં સ્વરૂપોમાંથી ટૂંકી વાર્તાને કથાસાહિત્યના નમૂના તરીકે તથા સૉનેટને કાવ્યસાહિત્યના નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યાં છે. બન્ને સ્વરૂપો સાથે નીવડેલી કૃતિઓનાં દૃષ્ટાન્તો પણ અભ્યાસએકમો તરીકે પસંદ કર્યાં છે.

આમ, સ્વરૂપલક્ષી આ પુસ્તિકાઓમાં સ્વરૂપચર્ચા, ગુજરાતીમાં એનો વિકાસ, નમૂનાની કૃતિઓનો અભ્યાસ, તદ્સંલગ્ન પ્રશ્નો, સંદર્ભસામગ્રી અને સ્વાધ્યાયસામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કાર્યમાં સહાયભૂત થનારાં ડૉ. નટુભાઈ ઠક્કર, ડૉ. ચં. પૂ. વ્યાસ, ડૉ. વિજય શાસ્ત્રી, ડૉ. સતીશ વ્યાસ, ડૉ. દિનેશ પંડ્યા, ડૉ. મણિલાલ હ. પટેલ, ડૉ. પ્રતિભા શાહ, ડૉ. શ્રદ્ધા ત્રિવેદી, ડૉ. ઈલા નાયક, ડૉ. આર. એમ. વેગડા, પ્રા. સરોજ જોશી અને અન્ય અધ્યાપકમિત્રોનો આભાર.

# એકમ 1 મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય : સર્જન અને સર્જક

રૂપરેખા


1.0 ઉદ્દેશો
1.1 પ્રસ્તાવના
1.2 ભૂમિકા
1.3 મુખ્ય સ્વરૂપો
1.4 મુખ્ય સર્જકો
1.5 સારાંશ
1.6 ચાવીરૂપ શબ્દો
1.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


## 1.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો સામાન્ય પરિચય આપશે. એ દ્વારા વિદ્યાર્થી -

- ગુજરાતી ભાષાના ઉદ્ભવ અંગે માહિતી મેળવશે.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને પ્રેરક નીવડેલાં પરિબળોનો પરિચય મેળવશે.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ખેડાયેલાં સ્વરૂપો વિષે જાણશે.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મુખ્ય સર્જકો વિષે પરિચય મેળવશે.

## 1.1 પ્રસ્તાવના

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે રચેલા મહાન વ્યાકરણગ્રંથ 'સિદ્ધહેમ'માં અપભ્રંશ ભાષાનું વ્યાકરણ આપવામાં આવ્યું છે. સંસ્કૃત-પ્રાકૃતના અવાન્તર ક્રમે સિદ્ધ થયેલી અપભ્રંશ ભાષાનાં પ્રાંતવાર જુદાં જુદાં નામ હતાં. એમાંની ગૌર્જર અપભ્રંશ એ ગુર્જર દેશની ભાષા હતી. આજથી લગભગ પાંચસો વર્ષ પહેલાં ગુજરાત, મેવાડ - મારવાડમાં બોલાતી ભાષાને ડૉ. તેસ્સિતોરી નામના અભ્યાસીએ 'જૂની પશ્ચિમ રાજસ્થાની' (Old Western Rejasthani) એ નામે ઓળખાવી હતી. આપણા વિદ્વાન કવિએ યોગ્ય રીતે જ એ ભાષાને 'મારુ-ગુર્જર' કહીને ઓળખાવી હતી, કારણ કે મારવાડ-ગુજરાતમાં એ ભાષા બોલાતી હતી.

હવે તો ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર નિશ્ચિત છે. એ વિસ્તારમાં બોલાતી ભાષા એ ગુજરાતી ભાષા પ્રેમાનંદે પોતાના 'દશમસ્કંધ' નામના આખ્યાનમાં નામ પાડીને 'બાંધુ નાગદમણ ગુજરાતી ભાષા' એમ 'ગુજરાતી'ને ઓળખાવી છે.

ગુજરાતીના આદિકવિ તરીકે નરસિંહ મહેતાનું નામ પ્રસિદ્ધ છે. નરસિંહ પહેલાં પણ કેટલાક કવિઓએ ગુજરાતી ભાષામાં રચનાઓ કરી હતી. ગુજરાતી ભાષાની સૌથી પહેલી રચના જૈન કવિ શાલિભદ્રસૂરિરચિત 'ભરતેશ્વર બાહુબલિ રાસ' ગણવામાં આવે છે. એની લખાવટમાં અપભ્રંશ પછી જૂની ગુજરાતી ભાષા તરફ ગતિ સાધતી ભાષાનાં વલણો સ્પષ્ટ જણાય છે.

કોઈ પણ ભાષાના સ્વરૂપને સમજવા માટે અભ્યાસીઓ પાસે મુખ્યત્વે સાહિત્યિક-લિખિત સામગ્રી જ મહત્ત્વની બની રહે છે. એ સાહિત્યનું સંશોધન - સંપાદન કરતાં જે તે સર્જનની ગુણવત્તા પારખી શકાય છે, સાથે સાથે સર્જકની ક્ષમતાનો અને સમાજની સાંસ્કૃતિક પરિસ્થિતિનો પણ આપણને પરિચય થાય છે. એ ઉપરાંત જે તે રચનાની રચ્યા સાલ, ભાષાસામગ્રી અને એના સર્જકના પરિચય વિષે અભ્યાસ કરવાની પણ શકયતાઓ પેદા થાય છે.

આ પ્રકારની વિવિધ સામગ્રી અને શકયતાઓના અનુસંધાનમાં આપણને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરવાની સુવિધા પ્રાપ્ત થઈ છે. ગુજરાતના વિદ્વાન સારસ્વતોના ખંતીલા અભ્યાસનાં એ મિષ્ટ ફળ આપણને પ્રાપ્ત થયાં છે. આપણે ગૌરવથી કહી શકીએ કે – મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય જેટલું સમૃદ્ધ છે, એટલું જ સમૃદ્ધ એનું સંશોધન પણ છે જ.

## 1.2 ભૂમિકા

પ્રસ્તાવનામાં આપણે જોયું કે 'જૂની પશ્ચિમી રાજસ્થાની' કે 'મારુ-ગુર્જર'ના નામે ઓળખાતી ભાષામાં મારવાડી-રાજસ્થાની ભાષાની સંકળામણ હતી જ. એ પછી ગુજરાતી ભાષાનું સ્વતંત્ર બંધારણ ઘડાતું જાય છે. નરસિંહ, મીરાં અને ભાલણ જેવા કવિઓની ભાષા એ રીતે - સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતી ભાષાની રીતે - અભ્યાસપાત્ર બને છે.

અલબત્ત, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સમયગાળામાં પ્રેમાનંદની ભાષા અર્વાચીન ગુજરાતી ભાષાની તદ્દન નજીકની ભાષા હોય એવું જણાય છે. અર્થાત્, થોડા શબ્દો અને થોડી લઢણો બાદ કરતાં પ્રેમાનંદની ભાષા સંપૂર્ણપણે અર્વાચીન ગુજરાતી છે. વિદ્વાનો પણ સત્તરમા સૈકાથી પ્રયોજાતી ભાષાને 'અર્વાચીન ગુજરાતી' એવું નામ આપે છે.

ઈ.સ. 1297માં દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીએ કરણ વાઘેલા પાસેથી પાટણ જીતી લીધું. એ પહેલાં રામાનુજે, શંકરાચાર્યના અદ્વૈત માયાવાદમાં બહુ સ્પષ્ટ નહિ થયેલી પ્રજા સામે ભાગવત ધર્મ પ્રચારમાં મૂકયો હતો. પ્રજામાં વૈષ્ણવ ધર્મના સંસ્કારો ઠીક ઠીક દઢ થતા જતા હતા, ત્યાં જ મુસ્લિમ સત્તા આવતાં ધાર્મિક સંઘર્ષનો અનુભવ થયો. કેટલાક ધર્મઝનૂની મુસ્લિમોએ હિન્દુ ધર્મ, હિન્દુ સંસ્કૃતિ અને સંસ્કાર અવરોધવા પ્રયત્નો કર્યા. અલબત્ત, અહીં નોંધવું જોઈએ કે કેટલાક શાંતિપ્રિય અને પ્રજાપાલનની વૃત્તિ ધરાવતા મુસ્લિમ સત્તાધારકોએ પ્રજાજીવનને સુખશાંતિ આપવા ગણનાપાત્ર કાર્ય કર્યું છે.

એમ છતાં, અગાઉના સમયગાળામાં હિન્દુઓ અને જૈનો સત્તા અને સંસ્કૃતિના સમન્વયથી એકતા સાધી સુખમય જીવન જીવતા હતા, એ સુખસાગરમાં ક્ષોભકારક પરિસ્થિતિ પેદા થઈ એમાં મુસ્લિમ શાસન જવાબદાર ઠર્યું. હિન્દુ પ્રજાએ એક થઈને સંસ્કૃતિનું રક્ષણ કરવું જ રહ્યું, એવી ભાવના આ સમયગાળામાં બલવત્તર બની. ભાગવત - વૈષ્ણવ ધર્મના સંતો - ભજનિકો, ઉપદેશ અને ભક્તિસંગીત દ્વારા સારું એવું આશ્વાસન આપી રહ્યા હતા.

ઔરંગઝેબના અવસાન પછી ગુજરાતમાં સત્તા મેળવવા મરાઠાઓ-પેશવાઓએ પણ ધમપછાડા કર્યા. પ્રજાજીવનની વિક્ષુબ્ધિનું એ પણ નિમિત્ત હતું. અંગ્રેજોના હાથે પેશવાઓનું પતન થયું એ સમયગાળામાં ગુજરાતી સાહિત્યના 'સુધારક યુગ'ની ભૂમિકા બંધાઈ ચૂકી હતી.

આપણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વાત કરીએ છીએ. આ સમયગાળામાં ગુજરાતની પ્રજા એક યા બીજા નિમિત્તે અસલામતી અનુભવી રહી હતી, એ આપણે જોયું. મૂર્તિઓ - મંદિરોની તોડફોડ, વટાળપ્રવૃત્તિ, લૂંટફાટ જેવી હતાશાજનક પરિસ્થિતિઓની વચ્ચે ઈહલોકનું સુખ ના મળે ત્યારે માણસ પરલોકના સુખની શ્રદ્ધાથી જીવતો થઈ જાય, એ સ્વાભાવિક છે. એ પરલોકના સુખ માટે ભક્તિ જ એકમાત્ર સાધન ગણાતું હતું અને આજે પણ ગણાય છે.

ભક્તિનો એક માર્ગ કર્મકાંડથી ખચિત હતો. એ માર્ગ અઘરો અને મોંઘો પણ હતો. બ્રાહ્મણવાદે એમાં કેટલાંક દૂષણો ભરી દીધાં હતાં. વર્ણભેદ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો અને જ્ઞાતિવાદે જડતા અને અહંકાર ફેલાવ્યાં હતાં. એક જ્ઞાતિના પણ અનેક વાડા હોય અને એમાં પણ જ્ઞાતિના વડાઓની જોહુકમી ચાલતી હોય - એવા વિચિત્ર સંજોગોમાં પ્રજા હતપ્રભ બની ગઈ હતી.

આ સંજોગોમાં લોકોને અત્યંત સરળ એવા ભક્તિમાર્ગનું આકર્ષણ થાય, એ સ્વાભાવિક છે. 'શ્રીમદ્ ભાગવત્', 'મહાભારત', 'રામાયણ', 'હરિવંશ પુરાણ' જેવાં પુરાણોની કથાઓ લોકભોગ્ય બની હતી. જયદેવના 'ગીતગોવિંદ'નું કે બોપદેવના 'હરિલીલામૃત'નું આકર્ષણ તત્કાલીન કવિઓને હતું, એવું પણ વિદ્વાનોએ તારવ્યું છે.

નરસિંહ, મીરાં સંતકવિઓ હતાં, અખો જ્ઞાનમાર્ગી કવિ હતો, પ્રેમાનંદ આખ્યાનકાર અને શામળ પદ્યવાર્તાકાર હતા અને દયારામ પુષ્ટિમાર્ગી વૈષ્ણવકવિ હતા. આ ઉપરાંત શૈવ, શાક્ત અને સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓની સંખ્યા પણ મોટી હતી. આ સર્વ કવિઓએ પોતાના સર્જનમાં સરળ, રસપ્રદ અને લોકભોગ્ય માર્ગો અપનાવીને પ્રજાને આનંદ અને આશ્વાસન પૂરાં પાડ્યાં છે. જૈન ધર્મના કવિઓએ પણ એ જ માર્ગ અપનાવીને, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર યોગદાન કર્યું છે.

## 1.3 મુખ્ય સ્વરૂપો

પ્રો. મંજુલાલ ર. મજમુદારે અત્યંત શ્રમપૂર્વક સંશોધન કરીને 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો' નામના ગ્રંથનું આલેખન કર્યું છે. એમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં ૨૧ (એકવીસ) જેટલાં પદ્યસ્વરૂપોની વિગતવાર છણાવટ કરી છે. મુક્તક જેવી સાવ નાનકડી રચનાઓથી માંડીને આખ્યાન-પ્રબંધ-લોકવાર્તા જેવી વિસ્તારથી આલેખાયેલી રચનાઓ સુધીનું સ્વરૂપવૈવિધ્ય આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રમાણી શકાય છે.

આપણા આદિકવિ નરસિંહ મહેતાના સર્જનમાં પદ અને પ્રભાતિયાં ખાસ ધ્યાન ખેંચે છે. મીરાંએ પણ પદો લખ્યાં છે. 'પદ'ને સરળતાથી સમજવું હોય તો એમ કહી શકાય કે એમાં ભરપૂર ઊર્મિસંવેદન લાઘવગુણે રસાયેલું હોય છે. મધ્યકાળમાં ભક્તિનું પ્રાધાન્ય હતું, એટલે આ પદોમાં ભક્તિનાં વિવિધ સંવેદનો હોય છે. એમાં ક્યારેક ભક્તિ દ્વારા ભાવનું પ્રાકટ્ય થતું હોય છે, તો ક્યારેક ઉપદેશ પણ આપવામાં આવતો હોય છે. નરસિંહનાં પદોમાં તત્ત્વજ્ઞાન પણ સરળ રીતે અભિવ્યક્ત થાય છે.

પ્રભાતે - સવારે ગાઈ શકાય એવી રાગયોજનામાં રચાયેલી ભક્તિકવિતા એ પ્રભાતિયાં. વહેલી સવારે શુભ સંકલ્પો થઈ શકે એવી સમજણથી જ નરસિંહનાં પ્રભાતિયાંમાં સારા આચારવિચારનું સંકલન થયું હશે. એ ઉપરાંત પ્રભાતિયાંમાં ભક્તિભાવ અને તત્ત્વજ્ઞાન પણ સુપેરે સ્થાન પામે છે. નરસિંહનાં પ્રભાતિયાં ગુજરાતના સંસ્કારની ચિરંજીવ મૂડી છે.

નરસિંહ પહેલાંના જૈન કવિઓએ 'રાસ' લખ્યા છે. રાસ-રાસો શબ્દો સંસ્કૃત रासक પરથી ઊતરી આવ્યા છે. આપણા વિદ્વાન સંશોધક શ્રી કે. કા. શાસ્ત્રીજીએ રાસસાહિત્યના અભ્યાસને આધારે રાસના બે પ્રકાર દર્શાવ્યા છે : તાલારાસ અને લકુટારાસ. તાલારાસમાં તાળીઓના તાલે વર્તુળાકારે પગના ઠેકા સાથે ઘૂમતા રહીને ગાન કરવાનું હોય છે અને લકુટારાસમાં દાંડિયાનો ઉપયોગ કરાય છે. આમ તો રાસમાં ભાવોર્મિ અને ચરિત્રચિત્રણ વિષયરૂપે આવતાં જોવાય છે, પણ ક્યારેક ઉપદેશનું તત્ત્વ પણ આગળ પડતું દેખાય છે.

'કાન્હડદેપ્રબંધ', 'સદયવત્સવીરપ્રબંધ', 'વિમલપ્રબંધ' જેવા પ્રબંધોનાં શીર્ષકથી જ સમજાય છે કે વ્યક્તિવિશેષને - એના ચરિત્રને લક્ષમાં રાખીને પ્રબંધ-સાહિત્ય રચાયું છે. ઇતિહાસ અને દંતકથાના મિશ્રણથી સિદ્ધ થયેલા પ્રબંધ - કાવ્યમાં વીરરસ તથા ઓજસ ગુણનું મહત્ત્વ હોય છે. એ ઉપરાંત, શૃંગારરસ પણ કેટલાક પ્રબંધોનું આકર્ષણ બને છે. 'માધવાનંદ - કામકન્દલાપ્રબંધ' એનું નોંધપાત્ર દૃષ્ટાંત છે.

'ફાગુ' વસંતઋતુનો મહિમા વર્ણવે અને 'બારમાસી'માં બારેય માસ ધ્યાનમાં રાખીને કાવ્યસર્જન થયુ હોય - એટલો ભેદ આ બે પદ્યસ્વરૂપોમાં છે. વસંતને કામદેવનો મિત્ર ગણવામાં આવે છે એટલે 'ફાગુ' કાવ્યમાં આનંદ ઉલ્લાસ સહિતના શૃંગારની માત્રા વિશેષ પ્રમાણમાં હોય છે. 'બારમાસી'-કાવ્યમાં ઋતુચક્રની સાથે પલટાતી પરિસ્થિતિઓના અનુસંધાનમાં નાયક-નાયિકાની વિરહાવસ્થા વર્ણવાય છે. આ સંદર્ભમાં જૈન કવિઓની કૃતિઓ જુદી ભાત પાડે છે. જૈન કવિઓ શૃંગાર - સંયોગ શૃંગાર અને વિયોગ શૃંગાર-નું ભરપટ્ટે આલેખન કર્યા બાદ, છેવટે, સંયમ - વ્રતાદિનો બોધ આપતા હોય છે.

પુરાણકથાઓને લોકભાષામાં અભિવ્યક્ત કરી પ્રજાને ધર્માભિમુખ કરવાની પ્રવૃત્તિના સંસ્કાર 'આખ્યાન'થી દૃઢ થાય છે. જૈન કવિઓ 'રાસા' દ્વારા ભક્તિસંસ્કારની કથાઓ રજૂ કરતા. એવા જ પ્રયત્નરૂપે ભાલણ, નાકર, પ્રેમાનંદ જેવા કવિઓએ પુરાણોના કથાપ્રસંગો વિસ્તારી - બહેલાવી - રસાત્મક બનાવી આખ્યાનરૂપે રજૂ કર્યા. आ+ख्यै (ख्या) પરથી આવેલા આખ્યાન શબ્દનો અર્થ જ વિસ્તારીને રજૂઆત કરવી - એવો થાય છે.

કડવાબદ્ધ દેશીઓમાં આખ્યાનનો રચનાબંધ સર્જાય છે. પૌરાણિક ઉપાખ્યાનોને વિસ્તારીને રજૂ કરતાં આખ્યાનકારો પ્રસંગ, પાત્ર, રસ વગેરેના વિસ્તૃત આલેખનથી લોકોમાં ધર્મસંસ્કાર ઉપરાંત સાહિત્યિક સંસ્કારનું પણ સિંચન કરતા હતા અને એ બાબત જ આખ્યાનના સ્વરૂપ સંદર્ભે આજે પણ નોંધપાત્ર બની રહી છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિષયવસ્તુની દૃષ્ટિએ ભિન્ન પડતી 'પદ્યાત્મક લોક-વાર્તા'નાં મૂળ પણ સંસ્કૃત સાહિત્યમાં જ પડેલાં છે. 'કથાસરિતસાગર', 'દશકુમારચરિત' વગેરેમાં ભક્તિપદાર્થથી ભિન્ન વિષયવસ્તુ ધરાવતી કથાઓ લખાઈ છે, એનું અનુરણન અને અનુસરણ પદ્યાત્મક રીતે મધ્યકાળમાં થયું છે. પદ્યાત્મક લોકવાર્તામાં ધર્મકથાઓ આલેખાતી

નથી, પણ લોકોનાં ચિત્તને વાર્તારસનો આનંદ આપે એવાં શૃંગાર, અદ્ભુત અને વીરરસ ધરાવતાં કૌતુકભર્યાં આલેખનો એમાં હોય છે. શામળ પદ્યાત્મક લોકવાર્તાનો સફળ સર્જક છે. એની વાર્તાઓમાં બહોળો કલ્પનાપ્રવાહ હોવા ઉપરાંત વ્યવહારજ્ઞાન, નીતિ અને ધર્મને સાંકળતા છપ્પાઓ પણ પ્રભાવક બન્યા છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં મુખ્ય સ્વરૂપોનો વિચાર કરીએ છીએ ત્યારે આજદિન સુધી લોકરંજક બની રહેલા અને ગુજરાતના સંસ્કારધન સમા 'ગરબા'નો વિચાર કરવો જરૂરી છે. આજે પણ નવરાત્રિના ઉત્સવ દરમ્યાન ઘડાને છિદ્રો પાડી ગરબો કોરવામાં આવે છે. એ કોરેલા ગરબામાં દીવો પ્રગટાવી એની ફરતી વર્તુળાકારે તાળી-ચપટી-મંજીરાના તાલે બહેનો ગરબા રમે છે - ગરબા ગાય છે. કોરેલા ગરબાની અંદર પ્રગટાવેલા દીપને સંસ્કૃતમાં 'गर्भदीप' કહેવાતો : અનુમાન છે કે એના પરથી ગુજરાતીમાં શબ્દ બન્યો 'ગરબો'. તમિળ कूरवर्कू ઉપરથી પણ એ આવ્યો હોવાનો તર્ક છે. મધ્યકાલીન ગુજરાતીમાં ભાણદાસે 'ગરબો-ગરબી' શબ્દનો સૌ પ્રથમ ઉલ્લેખ કર્યો એવું વિદ્વાનોએ નોંધ્યું છે. એ પછી વલ્લભ મેવાડાએ ગરબાના સ્વરૂપને માતબર બનાવ્યું. સામાન્ય ખ્યાલ એવો છે કે નવરાત્રિમાં પુરુષો વર્તુળાકારે ઘૂમીને તાલ-લયબદ્ધ રીતે જે ગાય એને 'ગરબી' કહેવાય અને એ જ રીતે બહેનો કરે, એને 'ગરબો' કહેવાય. સામાન્ય રીતે એ ગાનમાં માતાજીનાં ભક્તિગીતો હોય છે. દયારામે કૃષ્ણભક્તિની ગરબીઓ પણ રચી છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં મુખ્ય પદ્યસ્વરૂપોનો અભ્યાસ કર્યા પછી એ સમય-ગાળાના ગદ્ય વિષે થોડો વિચાર કરવો જોઈએ. આપણે અહીં કાંઈ બધાં પદ્યસ્વરૂપો વિષે વિચારણા કરી નથી, પણ પદ્યસ્વરૂપો વિષે આટલી વાત કર્યા બાદ થોડું ગદ્ય વિષે પણ જાણી લઈએ.

અલંકારપ્રચુર અને સમાસપ્રચુર શૈલીમાં લખાયેલ 'વર્ણક'નામના ગદ્યપ્રકારનું મૂલ્યવાન સંપાદન કરીને 'વર્ણક સમુચ્ચય' દ્વારા ડૉ. ભોગીલાલ સાંડેસરાએ આ પ્રકાર હાથવગો કરી આપ્યો છે. એ જ રીતે શિશુસમાન સમજ ધરાવતા મુગ્ધ માણસો માટે 'બાલાવબોધ' દ્વારા અવબોધ-જ્ઞાન આપવાની પ્રવૃત્તિ જૈન સાહિત્યમાં થયેલી છે. એમાં ધર્મબોધ અને કથાઓનું નિરૂપણ થતું હતું. અઢારમા સૈકામાં થઈ ગયેલા મુનિ પદ્મવિજયજીના 'બાલાવબોધો', એ પહેલાં લખાયેલા 'બાલાવબોધો'ની તુલનાએ વધુ જાણીતા છે. આ ઉપરાંત 'ટબો', 'ઔક્તિક' જેવા પ્રકારોમાં ગદ્યનો ઉપયોગ થયો છે.

ગદ્યની સમૃદ્ધિ - તત્કાલીન સંદર્ભમાં - નો અનુભવ કરવા માટે માણિક્યચંદ્રસૂરિરચિત 'પૃથ્વી ચંદ્રચરિત્ર'ને વિદ્વાનો આગળ ધરે છે. ધર્મ અને કથા બંને સરળ મધુર ગદ્યમાં સંયોજિત થયાં હોવાથી એનું વિશેષ મૂલ્ય અંકાયું છે. મધ્યકાળમાં રચાયેલા કલાત્મક અને રસિક ગદ્યના નમૂના લેખે 'પૃથ્વીચંદ્રચરિત્ર' નોંધપાત્ર કૃતિ બની છે. શ્રી સ્વામીનારાયણના 'વચનામૃત'માં ઉપદેશનું જ પ્રાધાન્ય છે. એમ છતાં, એના ગદ્યમાં આવતાં છટાદાર ઉપદેશ વચનો, વાક્યરૂઢિઓ અને પદવિન્યાસ વિદ્વાનોને આકર્ષે છે.

એટલું યાદ રાખવું જોઈએ કે પદ્યની જેમ મધ્યકાળના ગદ્યમાં પણ ધર્મનું પ્રભુત્વ એમનું એમ જ રહ્યું છે.

### 'તમારી પ્રગતિ ચકાસો' - 1

1. અર્વાચીન ગુજરાતી ભાષાનો આરંભ થયો એ પહેલા ગુજરાત-મારવાડમાં બોલાતી ભાષાને વિદ્વાનો કયા નામથી ઓળખાવે છે ? શા માટે ?
2. ગુજરાતી પ્રજાને ભક્તિમાર્ગનું આકર્ષણ શા માટે થયું ? સાહિત્યિક સંદર્ભમાં એનાં કેવાં પરિણામો આવ્યાં ?
3. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં કોઈ પણ પાંચ સ્વરૂપોનો ત્રણ-ત્રણ વાક્યોમાં પરિચય આપો.
4. 'ગરબો' શબ્દ સંસ્કૃતના કયા શબ્દને આધારે ગુજરાતીમાં આવ્યો ? ગરબો ગાવાની પદ્ધતિ કેવી હતી ? ગરબામાં મુખ્યત્વે કોની ઉપાસના થાય છે ?
5. ગુજરાતી ગદ્યના આરંભે કઈ કૃતિઓ રચાઈ ? મધ્યકાળમાં ગુજરાતી ગદ્યલેખકોમાંથી કોણ કોણ નીવડી આવ્યા ?

**વિશેષ અને વિસ્તૃત અધ્યયન માટે :**

6. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં મુખ્ય સ્વરૂપોનો પરિચય આપો.
7. ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ વિષે નોંધ લખો.

## 1.4 મુખ્ય સર્જકો

સર્જનલક્ષી ગુણવત્તા અને વિપુલતાના સંદર્ભમાં નરસિંહ મહેતા મધ્યકાલીન ગુજરાતી કવિતાના આદિકવિનું માનભર્યું સ્થાન પામે છે. પરંતુ, નરસિંહ પહેલાં કેટલાક જૈન અને જૈનેતર કવિઓએ અભ્યાસપાત્ર સાહિત્યસર્જન કર્યું છે.

એમાંના જૈન કવિઓ શાલિભદ્રસૂરિ ('ભરતેશ્વરબાહુબલિ રાસ'), વિનયસુંદર ('નેમિનાથ ચતુષ્પદિકા'), જિનપદ્મસૂરિ ('સિરિથૂલિભદ્રફાગુ') અને જૈનેતર કવિઓ અસાઈત ('હંસાઉલી'), ભીમ ('સદયવત્સચરિત'), અબ્દુર રહેમાન ('સંદેશકરાસ') શ્રીધર વ્યાસ ('રણમલ્લ છંદ') - તેઓનાં વિવિધ પ્રકારનાં કાવ્યસ્વરૂપો, વિષયો અને ભાષાસામગ્રીની દૃષ્ટિએ અભ્યાસપાત્ર બન્યા છે. અસાઈતે લોકનાટ્ય-ભવાઈના ક્ષેત્રમાં પણ પહેલું અને મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

એની સાથે સાથે જ પદ્મનાભ અને ભાલણનું સ્મરણ પણ કરી લઈએ. 'કાન્હડદેપ્રબંધ'નો રચયિતા પદ્મનાભ ઐતિહાસિક વિષયવસ્તુ ધરાવતા 'પ્રબંધ'ની રચના દ્વારા રસનિરૂપણની આગવી સૂઝ દાખવી 'પ્રબંધ' સ્વરૂપના આગવા આદર્શ પૂરા પાડે છે. ભાલણ, બાણભટ્ટ-કૃત સંસ્કૃત ગદ્યકૃતિ 'કાદંબરી'ને પદ્યાત્મક સ્વરૂપે આલેખી પોતાની પ્રતિનિર્માણ શક્તિનો વિશેષ પરિચય કરાવે છે. એ ઉપરાંત, 'નૈષધીય ચરિત' (સંસ્કૃત)ને આધારે રચેલ 'નળાખ્યાન' પણ ભાલણની વ્યુત્પન્ન સર્જકશક્તિનો પરિચય આપે છે. 'દશમસ્કંધ' અને 'રામબાલચરિત' પણ ભાલણની નોંધપાત્ર કૃતિઓ ગણાય છે.

પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા ઘેલું કરનાર નરસિંહ અને મીરાંની કવિતામાં કૃષ્ણભક્તિનું ગોપીભાવે આલેખન થયું છે. અવ્યભિચારિણી કૃષ્ણપ્રીતિ એ ગોપીભાવનું પહેલું લક્ષણ છે. પ્રેમલક્ષણા ભક્તિમાં શ્રીકૃષ્ણ એક માત્ર પુરુષ છે અને ભક્તો તેઓને ગોપીભાવે - સ્ત્રીભાવે સેવે છે. નરસિંહ અને મીરાંની કવિતામાં આ પ્રેમલક્ષણા ભક્તિની સમર્થ અભિવ્યક્તિ છે. બંને કવિઓનાં પદો આજે પણ લોકોમાં અને વિદ્વાનોમાં એકસરખું આકર્ષણ ટકાવી રાખી શક્યાં છે, એ જ તેઓની મહત્તા છે.

નરસિંહ-મીરાંનાં પદોની વિશિષ્ટતા એ છે કે એમાં અવારનવાર તેઓનું આત્મવૃત્તાંત પ્રગટતું રહે છે. શ્રીકૃષ્ણને પ્રિયતમ ગણીને અભિવ્યક્તિ સાધતી નરસિંહ-મીરાંની કવિતામાં ભક્તિ અને શૃંગારનું સામટું આલેખન હોવાથી એને 'ભક્તિશૃંગાર'ની કવિતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

'દાણલીલા', 'ચાતુરીઓ' અને 'સુદામાચરિત્ર' જેવી નરસિંહની રચનાઓમાં અભ્યાસીઓએ આખ્યાનનાં બીજ જોયાં છે. નરસિંહની કવિતામાં પ્રભાતિયાંનું સ્થાન પણ અનોખું છે અને ગુજરાત - સૌરાષ્ટ્રમાં આજે પણ એ પ્રભાતિયાં વહેલી સવારે ઘેર ઘેર ગવાતાં સંભળાય છે.

સોળમા સૈકાના કવિઓમાં નાકરનું નામ અભ્યાસની દૃષ્ટિએ ધ્યાનપાત્ર બન્યું છે. જન્મે વણિક જાતિનો કવિ નાકર આખ્યાનો રચીને બ્રાહ્મણને આપતો અને એના વડે બ્રાહ્મણનું ગુજરાન ચાલતું એમ નોંધાયું છે. એ રીતે તેને પ્રસિદ્ધિ મળી હશે. પણ નાકરનાં આખ્યાનોની ગુણવત્તા જોતાં એના સ્વતંત્ર અભ્યાસની પણ અભ્યાસીઓએ ખેવના કરી છે. પ્રેમાનંદ પહેલાંના સફળ આખ્યાનકાર તરીકે નાકરનું પ્રદાન અભ્યાસપાત્ર બન્યું છે. 'નળાખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન', 'ધ્રુવાખ્યાન', 'ઓખાહરણ', 'વિરાટ પર્વ' જેવાં આખ્યાનોનાં મૂળ આપણાં પુરાણોમાં પડ્યાં છે, પણ નાકરે આગવી રીતે એમાં સુધારાવધારા કરીને મૌલિક સર્જનશક્તિ પણ દાખવી છે.

મધ્યકાળના સુખ્યાત કવિઓમાં અખો, પ્રેમાનંદ અને શામળ વિશિષ્ટ રીતે નોંધપાત્ર કવિઓ છે. અખો, તત્ત્વજ્ઞાનને સરળ રીતે ઘરગથ્થુ દૃષ્ટાંતોથી લોકભોગ્ય બનાવે છે. પ્રેમાનંદ, સાહિત્યિક રીતે સમૃદ્ધ એવાં આખ્યાનોથી શ્રેષ્ઠ આખ્યાનકારની વિશિષ્ટ પ્રતિભા સિદ્ધ કરે છે. શામળ, પદ્યાત્મક લોકવાર્તાઓના સર્જનથી પોતાનું વિશિષ્ટ સ્થાન નિશ્ચિત કરે છે.

એ સૌમાં કાળક્રમે અખાનું સ્થાન પહેલું છે. 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'પંચીકરણ', 'ગુરુશિષ્યસંવાદ' અને 'ચિત્તવિચારસંવાદ' અને 'છપ્પા' જેવી કૃતિઓ દ્વારા અખાએ વેદ-વેદાંત, ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય જેવા અઘરા વિષયોની સરળ અને માર્મિક છણાવટ કરીને એ ચિંતનક્ષમ વિષયોને સર્વભોગ્ય બનાવવાનો સફળ પ્રયાસ કર્યો છે. 'અખેગીતા' તેની શ્રેષ્ઠ કૃતિ ગણાય છે. 'છપ્પા'માં આ કવિએ સાંસારિક અસમાનતા-વિષમતા અને ભક્તિની દાંભિકતા પર આકાર પ્રહારો કર્યા છે. ભક્તિની જડતા અને અંધશ્રદ્ધાના અનુસંધાનમાં અખાના કટાક્ષો આજે પણ આપણા સમાજમાં યથાપ્રસંગ લોકમુખે ઉચ્ચારાય છે.

પ્રેમાનંદનાં આખ્યાનો પણ અભ્યાસીઓ અને સંસ્કારી ગૃહસ્થો-ગૃહિણીઓ આદરપૂર્વક વાંચે છે - ગાય છે. સમર્થ અભ્યાસીઓએ પણ પ્રેમાનંદ વિષે ખાસ્સું સંશોધન- સંપાદન - વિવેચન કરીને એનું સર્જકત્વ નાણ્યું-માણ્યું છે. 'ઓખાહરણ', 'દશમસ્કંધ', 'સુદામાચરિત' જેવાં 'શ્રીમદ્ ભાગવત' પર આધારિત, 'અભિમન્યુ આખ્યાન', 'નળાખ્યાન', 'સુધન્વાખ્યાન' જેવાં 'મહાભારત' પર આધારિત અને 'રણયજ્ઞ' જેવું 'રામાયણ' પર આધારિત - એ સર્જનો દ્વારા પ્રેમાનંદે સંસ્કૃત ઉપાખ્યાનોને મૌલિક આલેખનરીતિથી મહત્તા અર્પી છે. નરસિંહ મહેતાના જીવન પર આધારિત 'મામેરું', 'શ્રાદ્ધ' અને 'હૂંડી' પણ સર્વપ્રિય નીવડેલાં આખ્યાનો છે. રસવૈવિધ્ય અને રસસંક્રાંતિ, સમકાલીન સમાજજીવનની રંગપૂરણી, જીવંત પાત્રાલેખન અને સચોટ કથનકલા દ્વારા પ્રેમાનંદનાં આખ્યાનો સાહિત્યિક સમૃદ્ધિ ધારણ કરે છે.

સંસ્કૃત-પ્રાકૃત કથાસંચયોમાંથી વાર્તાના અંશ ઉપાડી એમાં મૌલિક કલ્પનાઓનું સારું એવું ઉમેરણ કરી આસ્વાદ્ય પદ્યવાર્તાઓ સર્જનાર શામળ, મધ્યકાળના ભક્તિપ્રધાન સાહિત્ય અને સાહિત્યકારોથી ભિન્ન પ્રકારનું છતાં અનોખું વ્યક્તિત્વ સિદ્ધ કરે છે. લોકવાર્તાઓની પરંપરા એના અદ્‌ભુતરસને કારણે વિકાસ સાધતી હોય છે. શામળની લોકવાર્તાઓ પણ અદ્‌ભુત રસખચિત છે જ; સાથે સાથે વીર અને શૃંગારનો વિનિયોગ, વાર્તાતત્ત્વને વધુ આકર્ષક બનાવે છે. 'પદ્માવતી', 'રૂપાવતી', 'સૂડા બહોતેરી', 'નંદબત્રીશી', 'ચંદ્ર-ચંદ્રાવતી', 'મદનમોહના', 'સિંહાસનબત્રીશી' વગેરે શામળની ગણનાપાત્ર કૃતિઓ છે. વીર વિક્રમ જેવા પરાક્રમી અને પરદુઃખભંજક પુરુષપાત્રો હોવા છતાં મોહના કે ચંદ્રાવતી જેવાં સ્ત્રીપાત્રો શામળની કલમે સુરેખ અને જાજ્વલ્યમાન બન્યાં છે. એ ઉપરાંત, માળણ-ઘાંચણ જેવાં સમાજના નીચલા થરનાં ગણાતાં પાત્રો અને હંસ-પોપટ જેવાં પંખીઓને પોતાની પાત્રસૃષ્ટિમાં સ્થાન આપીને શામળ કાર્યવેગ સિદ્ધ કરે છે.

અંબાજી-બહુચરાજી-મહાકાળી એ ત્રણ દેવીઓનાં મંદિરો ગુજરાતનાં યાત્રાધામો ગણાય છે અને એ ત્રણ ગુજરાતના શક્તિપૂજકોની આરાધ્યદેવીઓ છે. વલ્લભ મેવાડાએ ગુજરાતના સંસ્કારધન સમા ગરબાના સર્જનમાં શક્તિભક્તિનો મહિમા વિસ્તાર્યો છે. વલ્લભ મેવાડાના ગરબામાં ભક્તિ ઉપરાંત કજોડાંની કરુણતા, સામાજિક અનર્થો-અનિષ્ટો વગેરે વિષયો પણ વણી લેવાયા છે.

પ્રીતમનાં પદ અને ધીરાની કાફીઓ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ગણનાપાત્ર સ્થાન ધરાવે છે અને લોકમુખે પણ ગવાય છે. એ જ રીતે ભોજા ભગતના ચાબખા પણ જાણીતા છે. સ્વામીનારાયણ સંપ્રદાયના ધર્મપ્રચારક સંતો મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ અને નિષ્કુળાનંદે પણ ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યને લગતી રચનાઓથી અભ્યાસીઓને આકર્ષ્યા છે. પ્રેમાનંદે પ્રેમલક્ષણા ભક્તિનાં ભાવમાધુર્યથી છલકાતાં પદો લખીને 'સખી'પણું સાર્થક કર્યું હતું. તેથી તેઓ પ્રેમાનંદ-સખી કહેવાય છે.

મીરાં પછી લગભગ બે સૈકા બાદ અઢારમાં સદીમાં બીજી ચાર કવયિત્રીઓનાં નામ ઇતિહાસકારો નોંધે છે. દિવાળીબાઈ ભગવાન શ્રીરામની ચરિત્રલીલા પદોમાં વર્ણવે છે, કૃષ્ણાબાઈ 'કૃષ્ણનાં હાલરડાં'થી જાણીતાં છે, રાધાબાઈ કૃષ્ણચરિત્ર ઉપરાંત પોતાની કવિતામાં ભક્તકવિઓનાં ચરિત્રો આલેખે છે. આ સૌમાં ભિન્ન પડી આવતાં ગૌરીબાઈ વેદાન્ત અને જ્ઞાનમાર્ગને પોતાની કવિતામાં સુપથ્ય અને સુચારુ બનાવે છે, તેથી એ ખાસ નોંધપાત્ર છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા સમર્થ પ્રતિનિધિ કવિ દયારામ પોતાના સર્જનમાં પ્રેમલક્ષણા ભક્તિને સામર્થ્યથી આલેખીને આદિકવિ નરસિંહ સાથે અનુસંધાન કરી આપે છે. ફેર એટલો જ છે કે દયારામે વૈષ્ણવ સંપ્રદાયનો બ્રહ્મસંબંધ લીધો હતો અને 'મરજાદી' વ્રત સહિત જીવન જીવતા હતા. તેથી દયારામની કવિતામાં વલ્લભ સંપ્રદાયનો ખાસ્સો પ્રભાવ છે. 'રસિકવલ્લભ' અને 'ભક્તિપોષણ' જેવી રચનાઓ તો આ સંપ્રદાયની સિદ્ધાંતનિષ્ઠાનું

જ પ્રમાણ આપે છે. એ ઉપરાંત, દયારામે 'અજામિલ આખ્યાન', 'રુક્મિણીવિવાહ', 'સત્યભામાવિવાહ' જેવી આખ્યાનકૃતિઓ અને 'પ્રબોધબાવની' તથા 'ભક્તિબોધનાં પદો' જેવાં બોધાત્મક કાવ્યો આપ્યાં છે. એ સૌમાં ભક્તિ, ભાવ અને કાવ્યાત્મક દૃષ્ટિએ શિરમોર સમી છે. દયારામની ગરબીઓ ગોપીભાવે વ્યક્ત થયેલી કૃષ્ણભક્તિ દ્વારા દયારામે સ્ત્રીસહજ પ્રેમ અને ઈર્ષ્યાની રસિક અભિવ્યક્તિ સાધી છે. આ ગરબીઓમાં સરવાળે તો કૃષ્ણભક્તિ જ છલકાય છે અને તેથી જ ન્હાનાલાલે દયારામ માટે કહેલા શબ્દો -'બંસીબોલનો કવિ' - સાર્થક ઠરે છે.

## 1.5 સારાંશ

ગુજરાતી ભાષા મૂળ સંસ્કૃત ભાષામાંથી ઊતરી આવી છે. એનો અવાન્તર ક્રમ આ પ્રમાણે છે : વૈદિક ભાષા (સંસ્કૃત) -શિષ્ટ સંસ્કૃત - પ્રાકૃત - ગૌર્જર અપભ્રંશ - ગુજરાતી.

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આદિકવિ નરસિંહ મહેતા ગણાય છે. પણ નરસિંહ પહેલાં જૈન અને જૈનતેર કવિઓએ જુદાં જુદાં સ્વરૂપોની કેટલીક નોંધપાત્ર કૃતિઓ રચી છે.
- મુસ્લિમ તેમ જ મરાઠા-પેશવાઓના શાસન દરમ્યાન પ્રજાજીવન ક્ષુભિત થયું હતું અને એની પરોક્ષ અસરો પણ ક્લેશકારક હતી. સમાજમાં એકતા સાધવા ધર્મ એક પ્રબળ આશ્વાસક સાધન લાગતાં-બનતાં ભક્તિકવિતાનાં મંડાણ થયાં.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ, પ્રભાતિયાં, રાસ, ફાગુ, પ્રબંધ, આખ્યાન, પદ્યાત્મક લોકવાર્તા, બારમાસી, ગરબો, ગરબી જેવાં સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં અને વિકસ્યાં.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મુખ્ય સર્જકોમાં નરસિંહ-મીરાંએ પ્રેમલક્ષણા ભક્તિ અને ભક્તિશૃંગારનો આરંભ કર્યો. અખાએ તત્ત્વજ્ઞાનને સરળ બનાવી વિવિધ રીતે આલેખન કર્યું. પ્રેમાનંદે આખ્યાનો દ્વારા અને શામળે લોકવાર્તાઓ રચીને સુયશ પ્રાપ્ત કર્યો.
- વલ્લભ મેવાડાના ગરબા, પ્રીતમનાં પદ, ધીરાની કાફીઓ, ભોજા ભગતના ચાબખા વગેરે પણ સ્મરણીય છે.
- મીરાં પછી લગભગ બે સૈકા બાદ કેટલીક કવિયત્રીઓનાં નામ પણ ધ્યાનપાત્ર બને છે. એ સૌની ભક્તિકવિતા વચ્ચે ગૌરીબાઈએ આલેખેલી જ્ઞાન-તત્ત્વજ્ઞાનની કવિતા વધુ આકર્ષે છે.
- શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓનું પ્રદાન પણ ભક્તિ અને અભ્યાસમાં ગણનાપાત્ર બને છે.
- મધ્યકાળના છેલ્લા કવિ દયારામે પુષ્ટિમાર્ગ અને વૈષ્ણવ સંપ્રદાયને નજર સમક્ષ રાખી પ્રેમલક્ષણા ભક્તિનાં પદો, પુષ્ટિમાર્ગીય જ્ઞાન પ્રગટાવતી અન્ય કૃતિઓ અને કેટલાંક આખ્યાનોનું સર્જન કર્યું છે. દયારામની ગરબીઓ કવિની વિશિષ્ટ સિદ્ધિ ગણાય છે.
- વિપુલ પદ્યસાહિત્યની સાથે કેટલુંક રસપ્રદ અને અભ્યાસીઓને ઉપયોગી ગદ્ય પણ રચાયું છે. ગદ્યમાં પણ ધર્મનો જ મહિમા વિશેષ પ્રમાણમાં રહ્યો છે.

## 1.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કલિકાલસર્વજ્ઞ** - કળિયુગની તમામ બાબતોના જ્ઞાતા-જાણકાર
**ક્ષમતા** - તાકાત
**સારસ્વત** - સરસ્વતીના ઉપાસક, વિદ્વાન, અભ્યાસી
**સુવિધા** - સારી સગવડ
**મિષ્ટ** - મીઠાં
**બલવત્તર** - વધુ બળવાન
**વિક્ષુબ્ધ** - ખળભળાટ, હચમચી જવું

**ઇહલોક** - આ લોક, પૃથ્વીલોક
**લોકભોગ્ય** - લોકો સમજીને માણી શકે એવું
**વૈવિધ્ય** - વિવિધતા
**ચિરંજીવ** - દીર્ઘ આયુષ્ય ધરાવનાર, લાંબા સમય સુધી જીવે તે
**ધર્માભિમુખ** - ધર્મ તરફ વળેલું
**અનુરણન** - એક અવાજ પાછળ એના જેવો જ અવાજ આવવો
**પ્રતિનિર્માણ** - જે સર્જાયું છે એની સામે બીજું સર્જન મૂકવું
(અહીં એને આધારે બીજું એવું જ મહત્ત્વનું છતાં ભિન્ન પડતું સર્જવું)
**ખેવના** - ઇચ્છા
**ઉપાખ્યાન** - ગૌણ આખ્યાન
**વિષમતા** - અસમાનતા (પ્રતિકૂળ થાય એવી અસમાનતા)
**સંચય** - સંગ્રહ
**શિરમોર** - મસ્તકના મુગટના પિચ્છ જેવું ઉચ્ચ-શ્રેષ્ઠ અને સુંદર
**અનુસ્યૂત** - જોડાયેલું - સંકળાયેલું
**કવયિત્રી** - સ્ત્રીકવિ

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. નરસિંહ પહેલાંના કવિઓએ સર્જેલી કૃતિઓનાં નામ જે તે કવિની સામે લખી જણાવો.
2. નરસિંહ અને મીરાંના સર્જન-સામ્ય વિષે દશ વાક્યોમાં માહિતી આપો.
3. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કોઈ પણ પાંચ આખ્યાનકારોનાં નામ લખી જે તે નામની સામે એના સર્જકની બે-બે કૃતિઓનાં નામ લખો.
4. પદ્યાત્મક લોકવાર્તાનો આપણો ગણનાપાત્ર સર્જક કોણ ? એની સર્જકતા કઈ બાબતે નોંધપાત્ર બની ?
5. 'પ્રેમલક્ષણા ભક્તિ' અને 'ભક્તિશૃંગાર' એ કયા સંદર્ભમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દપ્રયોગો છે ? એના મુખ્ય સર્જકોનો પરિચય આપો.

**વિશેષ અને વિસ્તૃત અધ્યયન માટે :**

6. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મહત્ત્વના સર્જકોનો પરિચય આપી તેઓના સર્જનની સ્વરૂપલક્ષી વિશેષતાઓ નોંધો.
7. નોંધ લખો :
   (1) અખાની કવિતામાં જ્ઞાન-તત્ત્વજ્ઞાન
   (2) મધ્યકાલીન ગુજરાતીની કવયિત્રીઓ
   (3) શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ

## 1.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો* - કૃ. મો. ઝવેરી
2. *ગુજરાતી સાહિત્યસ્વરૂપો (પદ્યવિભાગ)* - પ્રો. મંજુલાલ મજમુદાર
3. *ગુજરાતી કાવ્યપ્રકારો* - લે. ડોલરરાય માંકડ
4. *ગુજરાતી ભાષાની વિકાસરેખા* - લે. ડૉ. ધીરુભાઈ ઠાકર
5. *ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન)* - લે. અનંતરાય રાવળ
6. *જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી - ગુજરાત દર્શન-સાહિત્ય* : પ્રકા. સરદાર પટેલ યુનિવર્સિટી
7. દયારામ : એક અધ્યયન - સંપા. સુભાષ દવે
8. ગરબો : પૂજા અને પરીક્ષા - સંપા. શરદ વૈદ્ય

# એકમ 2 આખ્યાન - સ્વરૂપચર્ચા

**રૂપરેખા**


2.0 ઉદ્દેશો
2.1 પ્રસ્તાવના
2.2 ભૂમિકા
2.3 પદ્યસ્વરૂપોમાં આખ્યાન
2.4 આખ્યાન - સ્વરૂપની લાક્ષણિકતાઓ
2.5 સારાંશ
2.6 ચાવીરૂપ શબ્દો
2.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


## 2.0 ઉદ્દેશો

આ એકમમાં આખ્યાનના સ્વરૂપ વિષે વિચારણા થશે. એ દ્વારા વિદ્યાર્થી -

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં દીર્ઘ પદ્યસ્વરૂપોમાં આખ્યાન કઈ રીતે સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ કરે છે, એ જાણશે.
- આખ્યાનના બાહ્ય માળખાનો પરિચય મેળવશે.
- આખ્યાનની સ્વરૂપલક્ષી લાક્ષણિકતાઓને ઓળખશે.
- પ્રેમાનંદનાં આખ્યાનોની વિશેષતાઓ જાણશે.

## 2.1 પ્રસ્તાવના

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં મુખ્ય મુખ્ય પદ્યસ્વરૂપો અને એના સર્જકોનો પરિચય આપણે પહેલા એકમમાં મેળવ્યો છે. આ એકમમાં આપણે આખ્યાનના સ્વરૂપને નજર સમક્ષ રાખીને ચર્ચાવિચારણા કરવાની છે. આખ્યાનનું સ્વરૂપ એવું વિશિષ્ટ છે કે ગુજરાતી પ્રજાએ એને પોતાના ધાર્મિક પ્રસંગો સાથે સાંકળી લીધું છે. એ ઉપરાંત, કથાકારો અને માણભટ્ટોએ વર્ષો સુધી પૌરાણિક ગ્રંથોના પ્રસંગોને બહેલાવીને રજૂ કરવા માટે આખ્યાનોનો ઉપયોગ કર્યો છે.

'ઓખાહરણ', 'શ્રાદ્ધ' (નરસિંહ મહેતાના પિતાનું), 'સુદામાચરિત' અને 'દશમસ્કંધ' જેવાં આખ્યાનો સ્ત્રીવૃંદમાં પ્રસંગોપાત્ત કે અવારનવાર વંચાતાં-સંભળાતાં હોવાની વાત તો સૌ કોઈ જાણે જ છે. માણભટ્ટોની પરંપરા તો હવે સમાજમાં બહુ જોવા મળતી નથી. પણ કથાકારો શહેરની પોળોમાં કે ગામડાંનાં ચોક-ચોરા-ફળિયાંમાં - જે કથાઓ ગદ્યમાં રજૂ કરે છે, એમાં પણ આખ્યાનકૃતિઓનો પ્રભાવ હોય છે.

આજે સંસ્કારી કુટુંબોમાં બાળકોને દાદા-દાદી 'વારતા'ઓ કહી સંભળાવે છે, એમાં પણ નળ રાજા, ચંદ્રહાસ, કુંવરબાઈ, શામળશા, સુધન્વા, અભિમન્યુ વગેરેની તથા રામ અને કૃષ્ણનાં ચરિત્રની કથાઓ આવે છે - એમાં પણ મધ્યકાળનાં આખ્યાનોનો જ પરોક્ષ પ્રભાવ હોય છે.

સંક્ષેપમાં કહીએ તો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની આખ્યાનકૃતિઓએ ગુજરાતના સંસ્કારને સંકોરવામાં અને સમૃદ્ધ બનાવવામાં ગણનાપાત્ર કહી શકાય એવું યોગદાન કરેલું છે.

## 2.2 ભૂમિકા

સોલંકીઓ અને વાઘેલાઓ પાસે શાસનધુરા હતી ત્યાં સુધી ગુજરાતમાં સમાજજીવન સ્વસ્થ અને નિર્ભય હતું. એ સમયગાળામાં મહાજન-સંસ્કૃતિ પણ પ્રજાકીય વિકાસમાં ઉપકારક

નીવડતી હતી. ભિન્નભિન્ન ધ•    ર પણ કોઈ વાંધાવિરોધ હતા નહિ. વિદ્યા અને કલા - ખાસ તો સ્થાપત્યકલા - ના વિકાસ સહિત પ્રજા ઉત્સાહપૂર્ણ જીવન જીવી રહી હતી.

એ પછી મુસ્લિમ રાજ્યશાસન આવતાં પ્રજાજીવન વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ ગયું. કેટલાક ધર્માંધ શાસકોએ હિન્દુ મંદિરોની તોડફોડ કરી અને વટાળપ્રવૃત્તિ આદરી. આ પ્રકારની અસલામતી વચ્ચે હિન્દુઓ એક થાય એ જરૂરી હતું. એકત્વ સાધવાની આડ-અસર એવી થઈ કે જાતિ-કોમની વાડાબંધી થઈ ગઈ. એમાંથી સામાજિક વિષમતા અને ઉચ્ચ-નીચના ભેદભાવે માઝા મૂકી દીધી. મોટાઈનાં પ્રદર્શનો થવા લાગ્યાં અને ખોટા રીતરિવાજોએ પગપેસારો કર્યો.

બ્રાહ્મણ-સંસ્કૃતિએ નિર્દેશેલાં કર્મકાંડોએ ધર્મને મોંઘો બનાવી દીધો. એ સમયના ધાર્મિક વડાઓએ ધર્મને સમજવો અઘરો બનાવી દીધો હતો. ઈશ્વર સિવાય કોઈ આરોવારો ન હતો. પણ એની ઉપાસના અઘરી-મોંઘી થઈ પડી હતી.

મધ્યકાળના કેટલાક સંતોએ - સર્જકોએ અને સંતસર્જકોએ સાહિત્યમાં ધર્મ સાંકળીને સરળ ભક્તિમાર્ગ અપનાવ્યો અને લોકો સમક્ષ એનું પ્રગટીકરણ કર્યું. સરળ ભક્તિમાર્ગ સૌને અનુકૂળ હતો એટલે ભક્તિપ્રવાહ સાહિત્યમાં અને જીવનમાં વહેતો થયો.

શાસકોએ પ્રજાના મનોરંજનની પણ પરવા કરી ન હતી. નાટકોને રાજ્યાશ્રય મળતો તો ક્યારનોય બંધ થઈ ગયો હતો. આ મનોરંજનનું સ્થાન લોકનાટ્ય (ભવાઈ), લોકવાર્તા અને આખ્યાનનાં સાહિત્યસ્વરૂપોએ લીધું. એમાંય આખ્યાનના આલેખનમાં ધર્મ અને વાર્તારસનું સંયોજન થતું હોવાથી લોકોને આખ્યાનોમાં વિશેષ રસ પડે એ સ્વાભાવિક હતું.

ગુજરાતી સાહિત્યના સદ્ભાગ્યે ગુજરાતને ભાલણ, નાકર, પ્રેમાનંદ જેવા આખ્યાનકારો પ્રાપ્ત થયા. તેઓનાં આખ્યાનો સાહિત્યગુણે રસાયેલાં હોવાથી આજે પણ એ ભાવન અને વિવેચનના અધિકારી બની રહ્યાં છે.

## 2.3 પદ્યસ્વરૂપોમાં આખ્યાન

નરસિંહ મહેતાના કેટલાક પદસમૂહોમાં આપણા વિદ્વાનોએ 'આખ્યાન'નું બીજારોપણ થતું જોયું છે. એમાં 'ચાતુરીઓ'નાં પદો માટે નરસિંહે 'વિહારચરિત્ર' એવો પ્રયોગ કર્યો છે, એમ નોંધાયું છે. 'સુદામાચરિત્ર' અને 'દાણલીલા' તો દેખીતી રીતે જ અનુક્રમે કથા અને પ્રસંગને આલેખે છે. આ પદો રચતી વેળાએ તો કાવ્યપ્રવૃત્તિ લીલયા થઈ હશે, પરંતુ એમાં આખ્યાનનાં બીજનું હોવું અને જોવું - એ અભ્યાસીઓનો વિષય બન્યો.

પહેલા એકમમાં આપણે જેને 'રાસ-રાસો'ના સ્વરૂપ લેખે ઓળખી ગયા એ પણ આરંભે નાના કદની રચનાઓ હતી. ક્રમશઃ એમાં દીર્ઘતા આવતી ગઈ અને કથા-પ્રસંગ-ચરિત્રનું આલેખન થતું ગયું. જૈન કવિઓએ ધર્મભાવના તાકીને આરંભે ઉલ્લાસસભર સંયોગ શૃંગાર કે વિપ્રલંભ શૃંગારનું આલેખન કરી અંતે સંયમનો બોધ કરતાં પોતાના રાસાઓમાં ધર્મધજા જ લહેરાવી છે. એટલે અંશે જૈન કવિઓ રાસના કથા-પ્રસંગ-ચરિત્ર આલેખનમાં અલગ પડે છે. એમ છતાં, આરંભની નમસ્કાર - વંદનની વિધિમાં તથા વસ્તુનિર્દેશ, સર્જકપરિચય અને લખ્યાસાલ વગેરે દર્શાવવાની પ્રવૃત્તિમાં એક યા બીજી રીતે રાસમાં પણ આખ્યાન જેવી પરિસ્થિતિ હોય છે. રાસ, લયબદ્ધ રીતે વર્તુળાકારે ઘૂમીને રમાતો હતો અને આખ્યાનમાં કથાકાર પોતાના સહાયકો સાથે રહીને રસ-પ્રસંગની જમાવટ કરતા હતા અને શ્રોતાઓ કથાકારને સાંભળતા હતા - એટલો રજૂઆતનો ભેદ સ્મરણમાં રાખવો જોઈએ.

'પ્રબંધ'ના સ્વરૂપમાં વીરચરિત્ર આલેખાતાં હતાં. વીર પુરુષોના જીવનપ્રસંગો દર્શાવતા પ્રબંધમાં શૌર્ય અને પ્રરાક્રમ સંદર્ભે મુખ્યત્વે વીરરસનું નિરૂપણ સ્વાભાવિક બની જાય છે. આપણા પ્રબંધોમાં, વીરરસના સ્થાયીભાવ રૂપે આવતા ઉત્સાહનાં દ્વિવિધ રૂપે દર્શન થાય છે : એક તો યુદ્ધનો ઉત્સાહ અને બીજો ધર્મનો ઉત્સાહ. 'કાન્હડદે પ્રબંધ' એનું સ-રસ દૃષ્ટાંત છે. 'માધવાનંદ-કામકંદલા પ્રબંધ'નો નાયક શૃંગારવીર છે, એમ યોગ્ય રીતે જ કહેવાયું છે.

એવું બન્યું છે કે 'પ્રબંધ'નાં લક્ષણો ધરાવતી રચનાઓ 'રાસ'ના નામે ઓળખાવાઈ છે. પ્રબંધનું કથાવસ્તુ ઇતિહાસ અને દંતકથાના મિશ્રણથી બન્યું હોય છે, એ મુદ્દો આગળ ધરીને

મંજુલાલ મજમુદાર, 'ભરતેશ્વર બાહુબલિરાસ' માટે 'પ્રબંધ જ છે એમ કહીએ તો ચાલે' એવી નોંધ મૂકે છે.

આ જ રીતે 'વલ્લભાખ્યાન' એવું નામ ધરાવતી રચાનને પણ મંજલાલ મજમુદાર "'વલ્લાભાખ્યાન' ને ધર્મવીર એવા શ્રી વલ્લભાચાર્યના પુત્ર ગોસ્વામી વિઠ્ઠલનાથજીનો 'પવાડો' અથવા 'પ્રબંધ' કહીને ઓળખવો જ વધુ યોગ્ય થશે." - કહીને પ્રબંધસ્વરૂપે ઓળખાવે છે.

આખ્યાનકાળમાં પુરાણકથા હોય છે અને તેથી એમાં દૈવી ચમત્કારોને સ્થાન મળે છે. પદ્યાત્મક લોકવાર્તાઓમાં ચમત્કારો પણ લૌકિક હોય છે. આખ્યાનોના અલૌકિક ચમત્કારોમાં ધર્મભાવના અનુસ્યૂત હોય છે. પદ્યાત્મક લોકવાર્તાઓના ચમત્કાર અદ્‌ભુત રસથી આગળ કશું દર્શાવતા નથી. આખ્યાનો, પૂર્વે બની ગયેલા - લખાઈ ગયેલા - પ્રસંગો પર આધારિત હોય છે. પદ્યાત્મક લોકવાર્તામાં કલ્પનાઓને સારું એવું સ્થાન મળી શકે છે, એ શામળે સિદ્ધ કર્યું છે.

આમ કથનકલા, રસનિરૂપણ, વર્ણન અને પાત્રાલેખનની દૃષ્ટિએ રાસ, પ્રબંધ, લોકવાર્તા અને આખ્યાન-એ દીર્ઘ સ્વરૂપોના સર્જકો પાસે સાહિત્યિક ગુણવત્તાની સરખી અપેક્ષા રહે છે. લોકવાર્તા સિવાયનાં અન્ય સ્વરૂપોમાં પુરાણ, ઇતિહાસ કે વ્યક્તિચરિત્રની ભૂમિકા હોવી જરૂરી છે, એ આપણે જોયું છે. આ સૌ સ્વરૂપોમાં છેક ભાલણથી આરંભીને દયારામ સુધીના આખ્યાનસર્જકોએ આખ્યાનસ્વરૂપની શકયતાઓનો સારો એવો સાહિત્યલાભ દર્શાવ્યો છે. એનો હિસાબ આપણી આખ્યાન પરંપરાના સર્જકોની જેમ ભાવકો-વિવેચકો-સંશોધકો-સંપાદકોએ પણ આપ્યો જ છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. ગુજરાતી પ્રજાના જીવનમાં 'આખ્યાન' કઈ રીતે વણાયું છે ? કયાં આખ્યાનો એ સંદર્ભમાં સ્મરણીય બન્યાં છે ?
2. પ્રજામાં ધર્મ ઉપરાંત બીજા કયા નિમિત્તે 'આખ્યાન'-નો પ્રચાર થયો ?
3. 'રાસ' અને 'આખ્યાન'નાં સામ્ય-ભેદ વિષે દશ વાકયોમાં માહિતી આપો.
4. અન્ય સ્વરૂપનામે ઓળખાયેલી કઈ કૃતિઓમાં 'પ્રબંધ'-સ્વરૂપનાં લક્ષણો દેખાય છે ? એ લક્ષણો કયાં કયાં ?
5. કાલ્પનિક અને લૌકિક વિષયનિરૂપણ કયા સ્વરૂપમાં ખાસ ધ્યાનપાત્ર બને છે ? અન્ય સ્વરૂપોથી એ શી રીતે ભિન્ન પડે છે ?
6. તમારા અભ્યાસમાં આવેલાં સ્વરૂપોની બે-બે વાકયોમાં વિશેષતાઓ દર્શાવો.

## 2.4 આખ્યાન - સ્વરૂપની લાક્ષણિકતાઓ

સૌ પ્રથમ આપણે 'સ્વરૂપ' શબ્દનો સામાન્ય અર્થ સમજી લઈએ. 'સ્વરૂપ' એટલે સ્વનું - પોતાનું રૂપ, એટલે કે પોતાનો આકાર - આકૃતિ.

સ્વરૂપ માટે અંગ્રેજીમાં 'Form' શબ્દ છે. ગુજરાતીમાં એક બીજો શબ્દ પણ પ્રચલિત છે 'પ્રકાર', 'પ્રકાર'નો સાહિત્યિક સંદર્ભ દર્શાવવા માટે અંગ્રેજી શબ્દ છે - Genre.

ગુજરાતી-અંગ્રેજીના અભ્યાસીઓ માટે જરૂર પડે, અત્યંત ઉપયોગી થાય એવો મહત્ત્વપૂર્ણ 'અંગ્રેજી - ગુજરાતી કોશ' શ્રી પાં. ગ. દેશપાંડેએ તૈયાર કર્યો છે. એમાં ઉપરના બે અંગ્રેજી શબ્દોનાં અર્થઘટનો આ પ્રમાણે થયાં છે :

Form : (ફોર્મ) ના૦ આકાર, ઘાટ, આકૃતિ, રૂપ, રચના, રૂપ, સૌંદર્ય... જાત, પ્રકાર, પદ્ધતિ... સાહિત્યિક કૃતિની રચના અને શૈલી...

Genre : (ઝાંર) ના૦ કળાની એક શૈલી - પ્રકાર; પ્રકાર, જાત.

આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે સ્વરૂપ માટે Form શબ્દ જ યોગ્ય છે. સ્વરૂપ અને પ્રકાર, વ્યાપક દૃષ્ટિએ એક હોવા છતાં એમાં 'આકાર' અને 'જાત'નો અર્થલક્ષી ભેદ છે. Genreનો અર્થ દર્શાવતાં કયાંય આકાર-આકૃતિ-ઘાટ-રૂપ એવું અર્થઘટન થયું નથી. બે હાથ, બે પગ, ઉન્નત મસ્તક ધરાવતી માનવજાત બધે એકસરખી, પણ દેશકાળ પ્રમાણે ઊંચા-નીચા, ગોરા-કાળા, મોટા માથાળા, ચીબા - એવા માનવ-આકારો આપણે જોઈએ

છીએ. આ જ રીતે, પરંપરાથી એક 'પ્રકાર' અસ્તિત્વમાં આવ્યો હોય છે, પણ 'સ્વરૂપ' વિશિષ્ટ અર્થ-સંદર્ભનું દ્યોતક બને છે.

આખ્યાનસ્વરૂપનાં બીજ આપણે નરસિંહનાં કેટલાંક પદોમાં જોયાં. એ પછી ભાલણે કડવાંબદ્ધ આખ્યાનપદ્ધતિ વિકસાવી. તેથી ગુજરાતી સાહિત્યમાં ભાલણને 'આખ્યાન-પ્રકારનો સર્જક' કહીને ઓળખાવવામાં આવે છે. નાકરનાં આખ્યાનોમાં 'ઊથલો' - 'વલણ' - કડવાનો અંતભાગ જોતાં એમ લાગે કે આખ્યાનનું સ્વરૂપ હવે દઢ થવા લાગ્યું છે.

આખ્યાનના સ્વરૂપને સંપૂર્ણપણે ઓળખવા માટે પ્રેમાનંદનાં આખ્યાનો આદર્શ નમૂના પૂરા પાડે છે. પ્રેમાનંદનાં આખ્યાનોમાં બાહ્યદેહ અને આંતરસત્ત્વ આખ્યાન સ્વરૂપ અને આખ્યાન-શૈલીને સમર્થ બનાવે એવાં છે.

આખ્યાનની વસ્તુસંકલના બાહ્ય રીતે કડવાંબદ્ધ પદ્ધતિને અનુસરે છે. 'કડવું' એટલે કડીઓનો સમૂહ. આ કડીઓ 'દેશીબદ્ધ' પદ્યમાં ઢાળેલી હોય છે. 'કડવા'ના આરંભ આવતી પંક્તિઓને 'મુખબંધ' અથવા 'મ્હોડિયું' કહેવામાં આવે છે. એ પછી કડવાનો મુખ્ય ભાગ આવે છે, એમાં 'કડવા'માં આલેખવા ધારેલા વિષયવસ્તુનું નિરૂપણ થાય છે. એ મધ્ય અને મુખ્ય ભાગને 'ઢાળ' તરીકે ઓળખવામાં આવે છે. છેલ્લે કડવાને અંતે કડવાની સમાપ્તિની સાથે સાથે એ પછી આવતા કડવા વિષે આછો નિર્દેશ અપાય છે, એને ઊથલો-વલણ કહેવામાં આવે છે. આમ, મુખબંધ, ઢાળ અને ઊથલો-વલણ દ્વારા કડવાનું બંધારણ થતું જોવા મળે છે.

आख्यानं पूर्ववृत्तोक्तिः । આખ્યાન નામના અલંકારનું પણ આ લક્ષણ છે, એટલે કે આખ્યાનની કથનકલામાં પૂર્વે બની ગયેલા - લખાઈ ગયેલા - બનાવનો મુખ્યાધાર હોય છે. એ રીતે જોતાં આખ્યાનનું કથાવસ્તુ ખ્યાત-જાણીતું હોય છે. લોકો-શ્રોતાઓ-ભાવકો માટે કથા જાણીતી હોય છે, પણ આખ્યાનકાર એને કઈ રીતે વિસ્તારીને - બહેલાવીને રજૂ કરે છે, એ મહત્ત્વનું હોય છે. आ+ख्यै (ख्या) પરથી આખ્યાન શબ્દ સિદ્ધ થયેલો છે. आसमंतात् ख्यानंनो અર્થ થાય છે—ચારે બાજુથી વિસ્તારીને કહેવું. આમ, આખ્યાન પૂર્વે બની ગયેલા કોઈ પ્રસંગનું વિસ્તૃત આલેખન હોય છે.

આપણે જાણીએ છીએ કે આપણાં મોટા ભાગનાં આખ્યાનો આપણાં સંસ્કૃત પુરાણોનાં ઉપાખ્યાનોમાંથી કથા લઈને વિસ્તારેલાં છે. ઉપાખ્યાનો અને નરસિંહ મહેતા જેવાના જીવન પ્રસંગો આખ્યાનોમાં સાહિત્યિક મૂલ્ય પામ્યાં હોય, એવાં અસંખ્ય દષ્ટાંતો આપણી પાસે છે. એક પુરાણના ઉપાખ્યાનનો આધાર લઈ રચેલી આખ્યાનકૃતિમાં એના કવિએ અન્ય પુરાણના એ જ કથા ધરાવતા પ્રસંગના અને / અથવા પોતાની મૌલિક સૂઝથી ઉમેરેલા મુદ્દાઓનો સમાવેશ કર્યો હોય એવાં પણ દષ્ટાંતો છે. મુખ્યાધાર બનેલા પુરાણ સાથે અન્ય સાહિત્યકૃતિઓના - સમાન કથા વસ્તુ ધરાવતા - મુદ્દાઓનું સંયોજન થયું હોય એવું પણ બન્યું છે. પ્રેમાનંદના 'નળાખ્યાન'નો મુખ્ય આધાર - 'મહાભારત વનપર્વ'ના 'नलोपाख्यान'નો છે. એ ઉપરાંત, એમાં 'नैषधीयचरितम्'ની છાયા પણ હોવાનું વિદ્વાનોએ તારવ્યું છે. એ જ રીતે પ્રેમાનંદનાં કેટલાંક આખ્યાનોમાં પુરાણોના આધાર હોવા ઉપરાંત નાકર જેવા તેના પુરોગામીઓની અસર જોવા મળે છે.

એ તો સર્વવિદિત હકીકત છે કે પ્રેમાનંદ તેના પુરોગામીઓ કરતાં શ્રેષ્ઠ સર્જક છે. પુરોગામીઓનો આધાર લીધો હોવા છતાં તે શ્રેષ્ઠ બની શક્યો છે, એ મુદ્દો જ સ્પષ્ટ કરે છે કે આખ્યાનોના સર્જનમાં પણ અન્ય સર્જનોની જેમ જ 'કથાવસ્તુ' કરતાં 'વસ્તુસંકલના' મહત્ત્વની છે. આખ્યાનમાં કથનકલાનું મહત્ત્વ વિશેષ છે.

કથનકલામાં સૌથી મહત્ત્વનું અંગ છે - પ્રસંગનિરૂપણ. પ્રસંગો અને પરિસ્થિતિઓના આલેખન વડે ભાવકની સામાન્ય અને સાહિત્યિક જિજ્ઞાસા સંતોષાય એ જરૂરી છે. તેથી, મધ્ય-કાળના એવા કેટલાય આખ્યાનકારો છે, જેઓએ કેવળ પદ્યમાં કથાઓ લખી છે અને એને 'આખ્યાન'નું નામ આપ્યું છે; એવા આખ્યાનકારો બહુ સફળ થયા નથી. બીજી તરફ નાકર જેવા આખ્યાનકારોએ - સંસ્કૃતના ખાસ અભ્યાસ વગર - કેવળ ગુરુમુખે સાંભળેલી કથાઓ કલાત્મક રીતે વિસ્તારીને આખ્યાનો રચ્યાં છે અને ગણનાપાત્ર તથા અભ્યાસપાત્ર સર્જકનું સમ્માન પ્રાપ્ત કર્યું છે.

કથનની સાથે જ વર્ણનનું સ્થાન વિચારવું પડે. એવો સામાન્ય સવાલ થાય કે કથાની સાથે વર્ણન શા માટે જરૂરી ? વિચાર કરો : 'નળાખ્યાન'માં નળ અને દમયંતીનું રૂપવર્ણન કથનને

કેટલું બધું ઉપકારક થાય છે ? એ જ રીતે એમાં ઋતુપર્ણનો વરઘોડો - વર્ણન વડે - હાસ્યરસ પ્રગટાવે છે. આપણે જેનો અભ્યાસ કરવાનો છે એ 'મામેરું'માં નરસિંહ મહેતાની વહેલનું વર્ણન નરસિંહની અલ્પસાધન અવસ્થા, ઈશ્વરભક્તિ અને આખ્યાનના હાસ્યરસને સંયોજિત સ્વરૂપે પ્રગટ કરે છે. આખ્યાનમાં પાત્રવર્ણન, સ્થળવર્ણન અને પ્રકૃતિવર્ણનોનો વિનિયોગ યોગ્ય માત્રામાં થતો રહે તો કથનકલાને વેગ મળે છે, એ યાદ રાખવું જોઈએ.

એ પછી આખ્યાનના સ્વરૂપમાં રસનિરૂપણનો મહિમા વિચારવો જોઈએ. શૃંગાર, વીર, કરુણ, હાસ્ય, અદ્ભુત જેવા રસ આખ્યાનનો સાહિત્યગુણ વિકસાવે છે. સાહિત્ય વિષે સીધી રીતે કશું ના જાણતો શ્રોતાવર્ગ પણ રસનિરૂપણથી અભિભૂત થાય જ છે. એ કરુણ વાંચી-સાંભળીને વેદનાનો અનુભવ કરે છે અને હાસ્ય દ્વારા હસે છે. 'નળાખ્યાન'માં દમયંતી 'વનમાં વલવલે છે' ત્યારે અને 'મામેરું'માં કુંવરબાઈ - નરસિંહનો મેળાપ થાય છે અને માતા વિનાની કુંવરબાઈની કરુણતા વ્યક્ત થાય છે ત્યારે આપણી પણ આંખ ભીની થાય છે. ભાલણનાં આખ્યાનોનો 'વાત્સલ્ય' અનુભવ્યો હોય એ જ જાણે. આપણા સમર્થ આખ્યાનકારો શૃંગારનો પ્રસંગ આવતાં ખરેખરા ખીલી ઊઠે છે, એ મુદ્દો 'ઓખાહરણ' કે 'નળાખ્યાન' વાંચતાં જ સમજાઈ જશે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સમકાલીન શ્રોતાઓને અદ્ભુત રસ, પ્રિય રસ હશે - એમ જણાય છે. કથા-વાર્તાને લોકભોગ્ય બનાવવા આખ્યાનના સર્જકોએ અદ્ભુતનો ઉપયોગ સારી પેઠે કર્યો છે.

પ્રેમાનંદ જેવા આખ્યાનકારો સંદર્ભે રસસિદ્ધિની વિચારણા કરતાં આપણા વિવેચકોએ 'રસસંક્રાંતિ'ની કલાત્મકતા વિષે ધ્યાન આકર્ષ્યું છે. રસસંક્રાંતિ એટલે એક રસમાંથી બીજા રસમાં સરકી જવું. એમાંય કરુણની સાથે હાસ્યરસની સંક્રાંતિ થાય ત્યારે હમણાં ભીની થયેલી આંખ હાસ્યમય બની જાય એવું બનવાનું. રસસિદ્ધિના સંદર્ભમાં આ કલાત્મક પરિસ્થિતિની વિવેચકોએ ભરપૂર પ્રશંસા કરી છે. સંસ્કૃત કાવ્યાચાર્યોએ દર્શાવેલ રસનિરૂપણની પ્રક્રિયા જેટલી સંસ્કૃત પુરાણોમાં નથી, એટલી એનાં ગુજરાતી અવતરણોમાં છે, એ પણ ગુજરાતી આખ્યાનકારોની સિદ્ધિ જ ગણાય.

આખ્યાનના પ્રસંગો પૌરાણિક હોવા છતાં એના આલેખનમાં સમકાલીન રંગો ભળતાં એ વધુ લોકભોગ્ય બનતા હશે, એટલું ચોક્કસ છે. લગ્ન કે સીમંત જેવાં સામાજિક પ્રસંગ - ચિત્રણો વ્યક્ત કરતી વેળાએ ગુજરાતના રીતરિવાજો ઉમેરાતાં પ્રસંગચિત્રો શ્રોતાઓ માટે અનુભવચિત્રો, બની જતાં હશે. માણભટ્ટો અને આખ્યાનકારો 'ઉદરનિમિત્તે' પ્રવૃત્તિ કરતા હોવાથી શ્રોતાઓનું મનોરંજન તેઓ માટે પહેલું લક્ષ્ય હોય, એ સમજી શકાય એવી બાબત છે. સમકાલીન સમાજનાં રીતરિવાજો, વહેમો, માન્યતાઓ, રૂઢિઓનો ખ્યાલ આખ્યાનકારોએ રાખ્યો છે. એમ થતાં, દેશકાળની પરિસ્થિતિઓમાં થોડો ભેદ પડ્યો જ છે અને ગુજરાતીપણાના અતિરેકમાં ક્યારેક દૈવી કે અન્ય ગરવાં પાત્રો હીણાં ચીતરાયાં છે એ સાચું છે. પણ આ જ મર્યાદાને કારણે આખ્યાનકાર એના સમકાલીન શ્રોતાઓની વધુ નજીક રહ્યો હશે, એ પણ એટલું જ સાચું છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં આખ્યાનોની ભાષાના અનુસંધાનમાં વિચારણા કરતાં જુદા જુદા આખ્યાનકારોની ભાષામાં તર-તમના ભેદ પડે છે, એ સાચું છે. પરંતુ છેક આખ્યાનના આરંભકાર ભાલણથી માંડીને દયારામ સુધીનાં આખ્યાનકારોની ભાષા એકંદરે સરળ, સચોટ અને અભિવ્યક્તિક્ષમ રહી છે, એ નિશ્ચિત છે. નાકર જેવા અલ્પશિક્ષિત કવિની ભાષા પણ સરળ-રસિક હોવાનું વિદ્વાનો નોંધે છે.

પ્રેમાનંદનું ભાષાપ્રભુત્વ તો 'તાક્યું તીર મારે' એવું છે. વિષય અને પાત્રને ન્યાય આપવા ઉપરાંત પ્રેમાનંદની ભાષા લય-વર્ણમાધુર્ય અને સમુચિત અલંકારસમૃદ્ધિ પણ ધરાવે છે. વળી પ્રેમાનંદની ગુજરાતી ભાષાથી 'અર્વાચીન ગુજરાતી'નો આરંભ થતો હોય, એ પણ તેની ભાષાસમૃદ્ધિની જેવી તેવી સિદ્ધિ નથી.

આપણા વિપશ્ચિત સંશોધક-વિવેચક શ્રી ડોલરરાય માંકડ 'આખ્યાન'નું અલાયદું સ્વરૂપ સ્વીકારતા નથી. તેઓના મંતવ્ય અનુસાર આખ્યાનકાવ્ય જુદો કાવ્યપ્રકાર નથી. મહાકાવ્ય અને ખંડકાવ્યના તેઓએ બે મુખ્ય પ્રકારો કર્યા છે તેમાં જ એ અંતર્ગત છે. એ રીતે તેઓ આખ્યાનને શૈલીભેદને કારણે રચાયેલો કાવ્યભેદ માને છે. તેઓએ આપેલાં 'આખ્યાન-શૈલી'નાં લક્ષણો આપણી વિચારણામાં સંપૂરક બને એવી અપેક્ષાએ અહીં યથાતથ રજૂ કર્યાં છે. શ્રી ડોલરરાય માંકડને મતે ''આખ્યાનશૈલીનાં વિશિષ્ટ લક્ષણો આટલાં : 1. એમાં પદ્ય ગેય હોય છે. એમાં પદબંધમાં અમુક દેશી અને ઢાળ હોય છે. 2. એમાં અભિનેયતાનું

તત્ત્વ હોય છે. 3. વસ્તુગૂંથણીમાં કુતૂહલ અને અધીરાઈનાં તત્ત્વો હોય છે. 4. એમાં કાર્યવેગ ત્વરિત હોય છે. 5. પાત્રનિરૂપણ તેમજ ભાવના અને આદર્શનિરૂપણમાં સામાન્ય લોકવર્ગને પરિચિત ગુણોનું નિરૂપણ હોય છે. 6. એમાં અમૂર્તતા કરતાં મૂર્તતાના અંશો વધુ હોય છે. 7. એમાં સંવાદ આવે છે, પણ વહેવારુ વાર્તાલાપની છાંટવાળો વધુ હોય છે. 8. એમાં વર્ણનોને સારી પેઠે અવકાશ છે. 9. એમાં પ્રયત્નપ્રેરિત અલંકાર અનુરૂપણ નથી. 10. આખ્યાન-શૈલી પ્રત્યક્ષ કથનશૈલી છે.'

આખ્યાનસ્વરૂપને આ વિદ્વાન અલાયદા સ્વરૂપ તરીકે ભલે ના સ્વીકારે, પણ આખ્યાનને શૈલીરૂપે સ્વકારતાં તેઓએ જે લક્ષણો તારવ્યાં છે, એ આપણી સ્વરૂપલક્ષી સમજણ વિકસાવવામાં ઉપયોગી નીવડે એવાં છે. અહીં રજૂ થયેલા બીજા અને સાતમા મુદ્દા સંદર્ભે થોડી સ્પષ્ટતા જરૂરી છે, કારણ કે 'અભિનેયતા' અને 'સંવાદ' આ બંને બાબતો 'નાટક'ના સ્વરૂપ સાથે બંધબેસતી આવે છે. અભિનયક્ષમતાના મુદ્દાને સમજાવવા શ્રી મંજુલાલ મજમુદાર હેમચંદ્રાચાર્યના 'કાવ્યાનુશાસન'નો હવાલો આપે છે : आख्यानकसंज्ञां तल्लभते यद्यभिनयन् पठन् गायन् -

આખ્યાનકાર આખ્યાન રજૂ કરતો હોય ત્યારે પાત્ર-પ્રસંગને વર્ણવવા એ જો સાભિનય રજૂઆત કરે તો આખ્યાન પ્રભાવક રીતે શ્રોતાગણ સમક્ષ પ્રગટ થાય, એ સમજાય એવું છે. સંવાદતત્ત્વ બાબતે તો આપણા આખ્યાનકારોએ સહજ રીતે જ એને સ્થાન આપ્યું જણાય છે. પદ્યકૃતિઓમાં સંવાદતત્ત્વ આલેખવાની સહજસ્વાભાવિક ઘટના તો કેટલાંક શીર્ષકોથી જ પ્રકાશમાં આવી જાય છે. ('શિવ-ભીલડી સંવાદ', 'હનુમાન-ગરુડ સંવાદ', 'રાવણ-મંદોદરી સંવાદ'). પ્રેમાનંદનાં આખ્યાનોમાં આવતા સંવાદો વિષે તો અલાયદો અભ્યાસ કરી શકાય, એટલું ગણનાપાત્ર એનું આલેખન છે.

આખ્યાનના પહેલા કડવાના આરંભે ઇષ્ટદેવ - ગુરુ ઇ.ને વંદના અને છેલ્લા કડવામાં છેલ્લે કવિનામ - કૃતિની રચ્યાસાલ - આખ્યાનની ફલશ્રુતિ વગેરેનું નિરૂપણ પરંપરાગત રીતે આવતું હોય છે. એ બેની વચ્ચે રહેલા સાહિત્યપદાર્થનો વિચાર કરીએ તો પ્રસંગ-પાત્ર-કથન-વર્ણન-રસાદિ દ્વારા વિસ્તરેલી અને પ્રસ્તરેલી આમ્રઘટાઓ ગુજરાતને ચિરકાળપર્યંત મહેક-મિષ્ટતાનો સુખાળવો અનુભવ કરાવશે અને એનાં અ-મૃતફળ ગુજરાતના સાહિત્ય-સંસ્કારનો અમૂલ્ય વારસો બની રહેશે, એ સુનિશ્ચિત છે.

## 2.5 સારાંશ

- આખ્યાનના સંસ્કાર એના ઊગમકાળથી જ ગુજરાતની પ્રજામાં આવકારપાત્ર બન્યા છે અને વર્તમાનમાં પણ એ સંસ્કાર સુદૃઢ સ્વરૂપે રહ્યા છે.
- ગુજરાતમાં સોલંકીઓ અને વાઘેલાઓનું શાસન હતું ત્યાં સુધી પ્રજા શાન્ત અને સ્વસ્થ જીવન જીવતી હતી. મુસ્લિમ અને મરાઠાઓના શાસન દરમ્યાન એ બાહ્ય અને આંતરિક - બંને પક્ષે - ક્ષુભિત થયું. એ વેળાએ ધર્મ એકમેવ આધાર બન્યો હતો. વળી પ્રજાને મનોરંજનની પણ ખોટ હતી. આખ્યાનો ધર્મ અને રંજકતા માટે લાભદાયી બન્યાં.
- સ્વરૂપના અભ્યાસીઓએ આકાર-પ્રકારનો ભેદ જાણવો જોઈએ. સ્વરૂપ એટલે આકાર-ઘાટ-આકૃતિ-રૂપ-રચના. આમ, આખ્યાન સ્વરૂપનાં બીજારોપણ નરસિંહની કવિતામાં થયાં. પ્રેમાનંદે આખ્યાનસ્વરૂપની વિચારણા માટે આદર્શ પરિસ્થિતિનું નિર્માણ કર્યું.
- આખ્યાનના સ્વરૂપમાં કથનકલા, વર્ણનકલા, રસસિદ્ધિ, સમકાલીન રંગપૂરણી જરૂરી છે. બાહ્ય આકારનો વિચાર કરીએ તો દેશીબદ્ધ કડવાં - કડીઓનો સમૂહ-માં આખ્યાન-કથા રજૂ થાય છે. મુખબંધ, ઢાળ અને ઊથલો-વલણ એમ ત્રણ ભાગ ગોઠવાઈને કડવું બંધાય છે.
- શ્રી ડોલરરાય માંકડે દર્શાવેલાં આખ્યાનશૈલીનાં લક્ષણો આખ્યાન-સ્વરૂપનાં લક્ષણો સમજવા ખૂબ ઉપયોગી થાય એવાં છે. એમાંય આખ્યાન, અભિનયક્ષમ હોવું જોઈએ. એ મુદ્દો ખાસ ધ્યાનપાત્ર બને છે.

## 2.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**માણભટ્ટ** - આંગળીઓ પર વીંટીઓ પહેરી માણ પર તાલ વગાડી આખ્યાન ગાઈ સંભળાવતા કથાકાર

**સ્ત્રીવૃંદ** - સ્ત્રીઓનું જૂથ

**મહાજન-સંસ્કૃતિ** - સમાજના અગ્રગણ્યોએ ગોઠવેલી લોકકલ્યાણની વ્યવસ્થા દ્વારા નીવડી આવતી સંસ્કૃતિ

**બ્રાહ્મણ-સંસ્કૃતિ** - આચારવિચાર અને કર્મકાંડ વગરે બાબતમાં રૂઢિચુસ્ત સંસ્કૃતિ

**ભાવન** - સાહિત્યકૃતિને સમજણપૂર્વક સાર્થક રીતે પામવાની પ્રવૃત્તિ

**ભાવક** - ભાવન કરે તે ભાવક

**વિપ્રલંભ શૃંગાર** - વિરહવ્યથા - વિયોગ વર્ણવતો શૃંગારરસ

**મૌલિક - સ્વકીય** - પોતાની રીતે કરેલું સર્જન

**તરતમ** - અધિક સારું અને તેથી પણ સારું, શ્રેષ્ઠ અને સર્વશ્રેષ્ઠ

**વિપશ્ચિત** - વિદ્વાન, જાણકાર

**સંપૂરક** - સારી પૂર્તિ કરે એવું

**અનુસ્યૂત** - જોડાયેલું, સંકળાયેલું

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. આખ્યાનનાં મૂળ સ્રોત કયાં છે ? એ ગ્રંથો કઈ ભાષામાં લખાયા છે ?
2. નરસિંહના જીવન પર આધારિત ત્રણ આખ્યાનોનાં નામ અને જે તે આખ્યાનોનાં મુખ્ય પાત્રોનાં નામ જણાવો.
3. આખ્યાન એટલે શું ? એની વ્યાખ્યા આપી એ વ્યાખ્યાને પુષ્ટ કરતાં પાંચ વાકયો લખો.
4. આખ્યાનનું આદર્શ અને રસસૌંદર્યથી સભર સ્વરૂપ કયા આખ્યાનકારે આપ્યું ? એનાં પાંચ આખ્યાનોનાં નામ આપો.
5. આખ્યાનસ્વરૂપ તમને ગમે છે. કારણ કે -
   કોઈ પણ ત્રણ સબળ કારણો લખો.

**વિશેષ અને વિસ્તૃત અધ્યયન માટે :**

6. આખ્યાનની સ્વરૂપલક્ષી વિશેષતાઓ દર્શાવો.
7. આખ્યાનોની રસનિરૂપણકલા વિષે નોંધ લખો.
8. આખ્યાનોમાં 'સમકાલીન રંગપૂરણી' શા માટે કરવામાં આવતી હતી ? એનાથી આજે આપણને કયો લાભ થાય છે ?

## 2.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ગુજરાતી દર્શન (સાહિત્ય)* - ૧૦ પ્રકા. - સરદાર પટેલ યુનિવર્સિટી
2. *ગુજરાતી સાહિત્યસ્વરૂપો (પદ્ય)* - લે. પ્રો. મંજુલાલ મજમુદાર
3. *ગુજરાતી કાવ્યપ્રકારો* - લે. શ્રી ડોલરરાય માંકડ
4. *ગુજરાતી સાહિત્યની વિકાસરેખા ભાગ-૧*, - લે. ડૉ. શ્રી ધીરુભાઈ ઠાકર
5. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ* - લે. પ્રો. રમેશ એમ. ત્રિવેદી
6. *ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન)* - લે. પ્રો. અનંતરાય રાવળ

# એકમ 3 આખ્યાનનો ઉદ્‌ભવ અને વિકાસ

રૂપરેખા


3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના
3.2 ભૂમિકા
3.3 આખ્યાનની વિકાસરેખા
3.4 સારાંશ
3.5 ચાવીરૂપ શબ્દો
3.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


## 3.0 ઉદ્દેશો

આ એકમમાં ગુજરાતીના આખ્યાન-સાહિત્યની વિકાસરેખા આલેખવામાં આવી છે. એ દ્વારા વિદ્યાર્થી -

- આખ્યાનની પૂર્વભૂમિકારૂપ નરસિંહ વગેરેની કૃતિઓ વિષે જાણશે.
- ભાલણ દ્વારા આખ્યાનસ્વરૂપ કઈ રીતે પ્રકાશમાં આવ્યું એની માહિતી મેળવશે.
- પ્રેમાનંદની આખ્યાનકૃતિ એ વિષે વિગતે માહિતી પ્રાપ્ત કરશે.
- પ્રેમાનંદથી દયારામ સુધીના સર્જકોની આખ્યાનકૃતિઓનો પરિચય મેળવશે.
- અર્વાચીન ગુજરાતી સાહિત્યના સમયગાળામાં આખ્યાનપરંપરાને જાળવતા સર્જકો અને તેમની કૃતિઓ વિષે જાણશે.

## 3.1 પ્રસ્તાવના

અગાઉના એકમોમાં મધ્યકાલીન સાહિત્યનાં વિવિધ સ્વરૂપો અને એના સર્જકોની માહિતી આપવામાં આવી છે. ખાસ કરીને દીર્ઘ સ્વરૂપોમાં આખ્યાન વધુ લોકપ્રિય બન્યું છે અને વિદ્વાનોને પણ એ સ્વરૂપ વિષે અભ્યાસ કરવાનું મન રહ્યું છે. આ સ્વરૂપની વિશેષતા એ છે કે આદિકવિ નરસિંહમાં આખ્યાનસ્વરૂપના અંશો બીજરૂપે જોવા મળે છે અને મધ્યકાલીન ગુજરાતીસાહિત્યના છેલ્લા કવિ દયારામે પણ કેટલાંક આખ્યાનો રચ્યાં છે. અન્યસાહિત્યસ્વરૂપોનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે એમાં મોટા ભાગે ધર્મલાભ અને ચારિત્રગાન વિશેષ પ્રમાણમાં હોય છે. અલબત્ત, કેટલાક કવિઓએ અન્ય સ્વરૂપોમાં પણ સાહિત્યતત્ત્વને ન્યાય આપ્યો જ છે. એમ છતાં આખ્યાનોની પરંપરામાં જેટલું વિપુલ અને સમૃદ્ધ સર્જન થયું છે એટલું અન્ય સ્વરૂપોમાં થયું નથી. તે એટલી હદ સુધી કે આખ્યાનસ્વરૂપ આજે પણ લોકોમાં પ્રિય રહ્યું છે અને અભ્યાસીઓમાં અને વિદ્યાર્થીઓમાં વિશેષ અભ્યાસનું નિમિત્ત બની રહ્યું છે.

## 3.2 ભૂમિકા

મધ્યકાળના ગુજરાતી સાહિત્ય ઉપર ભક્તિસંપ્રદાયની તીવ્ર અસર જોવા મળે છે. આ અસર તળે સર્જાયેલું સાહિત્ય ખાસ કરીને ત્રણ માર્ગે આગળ વધ્યું છે : 1. શુદ્ધ ભાવભક્તિથી સર્જાયેલાં ઊર્મિપ્રધાન પદો, 2. ભક્તિનો બોધ કરતાં અને સંસારની અસારતાને આલેખતાં પદો અને 3. પૌરાણિક તથા ઐતિહાસિક ભક્તોનાં ચરિત્રોની આખ્યાનાત્મક રચનાઓ. પાછળથી રામાયણ, મહાભારત કે પુરાણોમાં આવતાં ઉપાખ્યાનો ગુજરાતીમાં આખ્યાનના નામે ઊતર્યાં છે.

આખ્યાનના આ સ્વરૂપને વિકસવાની શક્યતાઓનું નિર્માણ ચૌદમી અને પંદરમી સદીમાં થયું છે. આખ્યાનને ગુજરાતીમાં ઉતારવાનો સૌ પ્રથમ પ્રયત્ન નરસિંહ મહેતાએ કર્યો છે. એક જ કથાને કેન્દ્રમાં રાખી લખાયેલાં એકાધિક પદોની હારમાળામાં આખ્યાનપ્રકારનાં

કાવ્યબીજ આપણને જોવા મળે છે. પૌરાણિક ભક્ત અને કૃષ્ણના મિત્ર સુદામાના ભક્તચરિત્રને આલેખવા માટે નરસિંહે સળંગ નવ જેટલાં પદો આપ્યાં છે જે 'સુદામાચરિત્ર' તરીકે જાણીતાં છે. ઉપરાંત 'મામેરું', 'હૂંડી', 'શામળદાસનો વિવાહ' જેવી આત્મચરિત્રાત્મક પદમાળાઓ આપીને પોતે અનુભવેલા પ્રભુકૃપાના ચમત્કારો એ વર્ણવે છે. નરસિંહનાં આ પદોમાં હવે પછી પ્રગટનાર આખ્યાનસ્વરૂપની ઉષ:લાલી અનુભવાય છે. અલબત્ત, આખ્યાનનાં બધાં લક્ષણો તેમાં નથી છતાં આખ્યાનની સરહદથી બહુ દૂર ના હોય એવી આ રચનાઓ છે. નરસિંહને આપણે ભલે આખ્યાનકાર ના કહીએ પણ આખ્યાનસ્વરૂપની ભોંયને ખેડી આપીને એમાં બીજારોપણ કરી આપનાર મહત્ત્વના પ્રથમ કવિ તરીકેનું બહુમાન તો એને જરૂર આપી શકાય.

નરસિંહ પછી વીરસિંહ નામના કવિએ 'ઉષાહરણ' નામની પ્રબંધના સ્વરૂપની સમીપ રહેતી કૃતિ આપી છે. ઓખા અને અનિરુદ્ધની પુરાણકથિત કથાવસ્તુ પર આધારિત આ રચનામાં આખ્યાન-સ્વરૂપનાં છૂટાંછવાયાં લક્ષણો જોઈ શકાય. કર્મણમંત્રી નામના કવિએ 'સીતાહરણ' જેવી નબળી રચના આપી છે. આ બધી રચનાઓએ જ આખ્યાનકાર ભાલણને જન્મ આપ્યો છે.

## 3.3 આખ્યાનની વિકાસરેખા

**ભાલણ :**

આપણો પ્રથમ આખ્યાનકાર તો ભાલણ જ છે. સંસ્કૃતના વ્યુત્પન્ન પંડિત એવા ભાલણે આખ્યાનકવિતાનો બંધ બાંધી આપીને આખ્યાનને કડવાંબદ્ધ ચોક્કસ સ્વરૂપ અર્પ્યું, એટલું જ નહીં પણ 'શિવ-ભીલડી સંવાદ', 'સપ્તશતી', 'જાલંધર આખ્યાન', 'મૃગીઆખ્યાન', 'ધ્રુવાખ્યાન', 'રામવિવાહ', 'દશમસ્કંધ', 'રામબાલચરિત', 'નળાખ્યાન', 'કૃષ્ણવિષ્ટિ' જેવાં અનેકવિધ આખ્યાનો સર્જીને આખ્યાનના સ્વરૂપને દૃઢ બનાવવાનું કાર્ય પણ કર્યું છે. નરસિંહની 'સુદામાચરિત્ર' જેવી પદમાળામાં આપણે આખ્યાનસ્વરૂપનાં બીજનાં દર્શન કર્યાં હતાં, પણ ભાલણે તો આખ્યાનને સ્પષ્ટ આકાર આપ્યો છે. ભાલણે પોતાનાં આખ્યાનોમાં પદબંધ અને કડવાંબંધ બન્ને પદ્ધતિને પ્રયોજી છે, ઉપરાંત મુખબંધ (મ્હોડિયું), ઢાળ અને વલણ (ઊથલો) એવા કડવાના આદિ, મધ્ય અને અંત એવા ત્રણ વિભાગો પાડી આપીને આખ્યાનને વ્યવસ્થિત કડવાંબદ્ધ કરીને એના સ્વરૂપને સ્પષ્ટતા અર્પી છે. ભાલણની કવિત્વશક્તિ અને એનાં પ્રકૃતિવર્ણનમાં વિશેષ ખીલી ઊઠતું કૌશલ તથા પૌરાણિક પાત્રોને એના ગૌરવ સમેત રજૂ કરવાની એની આવડત ભાલણની વિશિષ્ટ કવિપ્રતિભાનાં દ્યોતક છે. વળી, ભાલણ પોતાનાં આખ્યાનોમાં પુરાણકથાને સંપૂર્ણ વફાદાર રહેવાની પણ પૂરતી ચીવટ રાખે છે. પૌરાણિક પાત્રોને તત્કાલીન જીવનરંગોનો પાસ આપીને એને વધુ લોકભોગ્ય બનાવવાની અનુગામી આખ્યાનકારોની પદ્ધતિથી ભાલણ હંમેશાં દૂર રહ્યો છે. આમ, નરસિંહે તો આખ્યાનસ્વરૂપનાં બીજ રોપી આપ્યાં હતાં પણ એનું પ્રફુલ્લિત સ્વરૂપ તો સહુ પ્રથમ ભાલણમાં જ જોવા મળે છે, અને તેથી જ ભાલણને 'આખ્યાનસ્વરૂપના પિતા' કે 'આખ્યાનસ્વરૂપના બ્રહ્મા' તરીકે ઓળખવામાં આવે છે, તે સર્વથા ઉચિત છે.

**નાકર :**

ઈ. સ. 1491થી ઈ. સ. 1574નો જીવનકાળ ધરાવતો વણિક જ્ઞાતિનો વડોદરાવાસી નાકર, ભાલણ પછીનો બીજો નોંધપાત્ર કવિ છે. પૌરાણિક કથાનકો ઉપરથી આખ્યાનો રચવાની મધ્યકાલીન પરંપરામાં ભાલણ અને પ્રેમાનંદ વચ્ચેના કેટલાક કડીરૂપ કવિઓમાં નાકર સૌથી વિશેષ - મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભાલણની જેમ નાકરને સંસ્કૃતનું જ્ઞાન ન હતું પણ ગુરુ પાસેથી સાંભળેલી પુરાણ આદિની કથાઓને પોતાનામાં રહેલી કવિત્વશક્તિથી ગુજરાતીમાં આખ્યાનરૂપે ઉતારી હતી. મહાભારત અને રામાયણને ગુજરાતીમાં અવતારવાનું પુણ્યકાર્ય પણ નાકરે જ કર્યું છે. ભાલણથી સ્થિર થયેલી આખ્યાનકવિતા ઉપર નાકરે માત્ર ઉદર નિમિત્તે હાથ અજમાવ્યો નથી પણ નાગર બ્રાહ્મણ મિત્ર મધુસૂદનને ઉદરનિર્વાહ અર્થે એ આપતો હતો. નાકરે જે કૃતિઓ આપી છે તેને ત્રણ વિભાગમાં મુખ્યત્વે વહેંચી શકાય તેમ છે : 1. રામાયણ, 2. મહાભારત, 3. જૈમિનિકૃત 'અશ્વમેધ'. આ ત્રણ મહામાર્ગેથી પ્રાપ્ત થયેલ નાકરની કૃતિઓમાં 'આરણ્યકપર્વ', 'વિરાટપર્વ', 'ગદાપર્વ', 'હરિશ્ચંદ્રાખ્યાન', 'ચન્દ્રહાસાખ્યાન', 'ધ્રુવાખ્યાન', 'નળાખ્યાન', 'ઓખાહરણ', 'લવકુશાખ્યાન', 'શિવ-

વિવાહ', 'વ્યાધ-મૃગલી-સંવાદ', 'ભીલડીના દ્વાદશ માસ', 'સુધન્વાખ્યાન', 'સગાળશા-આખ્યાન', 'ઓખાહરણ' આદિ મુખ્ય છે. મિત્રને મદદરૂપ થવા ઉપરાંત આખ્યાનસર્જનનું કાર્ય એ પુણ્યની પ્રવૃત્તિ હોવાનું નાકર માને છે, પરિણામે આખ્યાનસર્જનમાં નાકરે પોતાની સમગ્ર શક્તિઓને પ્રામાણિકતાથી કામે લગાડી છે. ઉત્કટ કથાવેગ, શુદ્ધ અને સંસ્કારી ભાષાકર્મ, વૈવિધ્યપૂર્ણ પાત્રસૃષ્ટિનું સર્જન, રસ, વર્ણન, સંવાદ, અલંકાર આદિમાં નાકર મોટું ગજું દાખવે છે. નાકર પોતાના આખ્યાનસર્જનમાં ભાલણનું અનુસરણ જરૂર કરે છે પણ કથા-પ્રસંગોની બાબતમાં અને આખ્યાનસ્વરૂપની રચનામાં નાકર પોતાના અનુગામી પ્રેમાનંદને ઘણી પ્રેરણા પૂરી પાડે છે. નાકર કથાપ્રસંગને આકર્ષક સ્વરૂપ આપે છે, રસસ્થાનોનો સમુચિત ઉપયોગ કરે છે, ભાવકને વાર્તાપ્રવાહમાં ખેંચી જાય છે, કમનીય વર્ણનોથી કૃતિને રૂપાળી બનાવે છે અને સર્વત્ર સંસ્કારિતાની સુવાસ પ્રસરાવી ભાવકને ધન્ય કરે છે.

**કીકુ વસહી :**

દક્ષિણ ગુજરાતના ગણદેવીનો વતની, પિતા નરહરિ અને માતા ગોદાવરીનો પુત્ર કીકુ વસહી (વશી) નામનો કવિ સોળમા શતકમાં થઈ ગયાનું મનાય છે. ભાગવતના 'દશમસ્કંધ'નો આધાર લઇ ને એણે રચેલી કૃતિ 'બાલચરિત્ર' અને 'અંગદવિષ્ટિ' નામનાં વીરરસથી ભરેલાં બે કાવ્યો આખ્યાનસ્વરૂપને મળતાં આ કવિએ આપ્યાં છે.

**કવિ વજિયો :**

'સીતાવેલ', 'રણજંગ' અને 'સીતાસંદેશ' જેવી રામકથાને કેન્દ્રમાં રાખી લખાયેલી આખ્યાનકૃતિઓનો કવિ વજિયો નાકર પછીના આખ્યાનકારોમાં આગવું પ્રદાન કરનાર કવિ તરીકે જાણીતો છે. પ્રેમાનંદના 'રણયજ્ઞ' ઉપર વજિયાની કૃતિ 'રણજંગ'નો પ્રભાવ હોવાની પૂરી શકયતા દેખાય છે. સુંદર કલ્પનાભિવ્યક્તિ, મજબૂત વસ્તુસંકલના, ચિત્રાત્મક વર્ણનકલા અને અદ્દ્ભુત રસસંક્રાન્તિ વજિયાને એક પ્રતિભાશાળી કવિ તરીકે ઉપસાવે છે.

**વિષ્ણુદાસ :**

આખ્યાનપ્રવાહમાં નાકર પછી નોંધપાત્ર પ્રદાન ખંભાતના નાગર કવિ વિષ્ણુદાસનું છે. ઈ.સ. 1568થી ઈ.સ. 1612ના ગાળામાં વિષ્ણુદાસે મહાભારતના પંદર પર્વના અને રામાયણના છ કાંડના સારાનુવાદ, 'લક્ષ્મણાહરણ', 'સુધન્વાખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન' જેવાં પૌરાણિક કથાવસ્તુવાળાં આખ્યાનો તથા નરસિંહ મહેતાના જીવનવિષયક 'મોસાળું' અને 'હૂંડી' લખ્યાં છે. 'મોસાળુ' અને 'હૂંડી'નો ઉપયોગ વિષ્ણુદાસના અનુગામી કવિશિરોમણિ પ્રેમાનંદે ભરપૂર કર્યો છે, ક્યારેક તો વિષ્ણુદાસની પંક્તિઓનો સીધો જ ઉપયોગ પ્રેમાનંદે પોતાનાં આખ્યાનોમાં કર્યો છે. વિષ્ણુદાસની કવિપ્રતિભા મધ્યમ કક્ષાની છે, તેમ છતાં લગભગ આડત્રીસ જેટલી કૃતિઓ આપીને તત્કાલીન જનસમાજને પૌરાણિક સાહિત્યના કથામૃતથી ભરી દીધો છે.

**કવિ મેગલ :**

ઈ.સ. 1781માં 'ધ્રુવાખ્યાન' અને 'નચિકેતાખ્યાન' જેવી બે આખ્યાનરચનાઓ આપનાર કવિ મેગલની અન્ય બે આખ્યાનકૃતિઓ 'જાલંધર આખ્યાન' અને 'રાજા પરીક્ષિતનું આખ્યાન' પાછળથી પ્રાપ્ત થઈ છે. એકંદરે સામાન્ય કવિપ્રતિભા ધરાવતો આ કવિ પ્રતિભાના બળે નહીં પણ પ્રયત્નના બળે ચારેક સામાન્ય કક્ષાની આખ્યાનકૃતિઓ આપી શક્યો છે.

**વિશ્વનાથ જાની :**

સત્તરમા સૈકાના ગણનાપાત્ર કવિ તરીકે જાણીતા પાટણના રહીશ કવિ વિશ્વનાથ જાનીનો સમય ઈ.સ. 1642ની આસપાસનો ગણાય છે. ભાલણ પછી પોતાની ભાષાને 'ગુર્જર ભાષા'થી ઓળખાવતા આ કવિએ પણ નરસિંહ મહેતાના જીવનપ્રસંગ પર આધારિત રચનાઓ આપી છે. 'મોસાળાચરિત્ર' કે 'મોમરું' (ઈ.સ. 1652), 'સગાળચરિત્ર' અને 'ચાતુરી ચાલીસી' જેવી સશક્ત રચનાઓને કારણે, વિશ્વનાથ એક ગણનાપાત્ર કવિ ઠરે છે. 'મામેરું' જેવા અતિપરિચિત કાવ્યવિષયને મધ્યકાળના ઘણા કવિઓએ પોતાની રચનાનો વિષય બનાવ્યો છે. વિશ્વનાથ અને તેના પુરોગામી કવિઓમાં 'મામેરું' વિષયક રચનાઓમાં વિશ્વનાથની કૃતિ 'મામેરું' સુંદર રચના તરીકે પંકાઈ છે. સાદી ભાષામાં ૨૩ જેટલાં કડવાંમાં રચાયેલું ભક્તિભાવથી સભર ચરિત્રાત્મક આખ્યાન 'સગાળચરિત્ર' પણ આ કવિનું જાણીતું આખ્યાન

છે. 'ચાતુરી ચાલીસી'નાં પ્રાપ્ત થયેલ દસ જેટલાં પદ અને 'પ્રેમપચીસી' નામની કૃષ્ણ અને ગોપીઓ વચ્ચેના ભક્તિશૃંગારને આલેખતી અન્ય રચનાઓ પણ આ કવિની મળે છે. આમ છતાં 'મામેરું'માં કવિએ સમગ્ર પ્રસંગને વિસ્તારપૂર્વક અને રસપૂર્ણ ભાષામાં રજૂ કરીને એક સત્ત્વશીલ સર્જક તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

**પ્રેમાનંદ :**

નરસિંહે આખ્યાનસ્વરૂપનાં બીજ રોપી આપ્યાં પણ એને સ્પષ્ટ આકાર તો ભાલણ અને નાકરે જ આપ્યો. વચ્ચેના કેટલાક અલ્પ પ્રતિભાશાળી કવિઓએ આખ્યાનને જીવંત રાખવાનો અને આગળ વધારવાનો પ્રશસ્ય પ્રયાસ પણ કર્યો. આમ છતાં આખ્યાનકળાની સર્વોચ્ચ ટોચનાં દર્શન તો પ્રેમાનંદ જ કરાવે છે. સત્ત્વ અને સંખ્યા બન્ને દષ્ટિએ પ્રેમાનંદ આખ્યાનસ્વરૂપનો न भूतो न भविष्यति કવિ બની ગયો છે. ઈ.સ. 1636થી ઈ.સ. 1734 સુધીના લગભગ એક સૈકા જેટલા સમયપટ પર પ્રેમાનંદનું જીવન વિસ્તરેલું છે. અલબત્ત, મધ્યકાળના કવિઓ પોતાના અંગત જીવન વિશે ભાગ્યે કશું નોંધે છે, છતાં તેમની કૃતિઓનાં આંતરપ્રમાણોના આધારે એમના જીવનવિષયક ઘણીબધી માહિતી તારવી લઈ શકાય છે, તેમ પ્રેમાનંદ વડોદરાનો વતની છે.

"છે વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વેશી ન્યાત બ્રાહ્મણ, કવિ પ્રેમાનંદ નામ."

એવું નોંધતો પ્રેમાનંદ તેના પિતાનું નામ કૃષ્ણદાસ ભટ્ટ દર્શાવે છે. બાળપણથી જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી દેનાર પ્રેમાનંદ માશીને ત્યાં રહી ઊછરે છે. બાળપણમાં મૂઢ મતિ પ્રેમાનંદને ગુરુ રામચરણ મળે છે અને એમની પાસેથી હિન્દી અને સંસ્કૃતનો અભ્યાસ કરે છે તથા તેમની સાથે સમગ્ર ભારતનો પ્રવાસ કરે છે. અભ્યાસ અને પર્યટનને કારણે પ્રેમાનંદની પ્રજ્ઞા ઉત્તરોત્તર તીવ્રતા ધારણ કરતી જાય છે, પણ પ્રેમાનંદ તો ગુરુની કૃપાથી જ પોતે આખ્યાનકાર બની શકયો છે, એવું નમ્રતાપૂર્વક નોંધે છે. જીવનનિર્વાહ માટે તેણે માણભટ્ટનો વ્યવસાય સ્વીકાર્યો હતો. પૌરાણિક ગ્રંથો અને પુરોગામી કવિઓનાં આખ્યાનોના અભ્યાસે પ્રેમાનંદને પણ આખ્યાનો લખતો કર્યો. તત્કાલીન માણભટ્ટો સામાન્ય રીતે સંસ્કૃત પુરાણોનું પઠન કરતા અને પછી એનો ગુજરાતી અનુવાદ કરીને શ્રોતાઓને સમજાવતા. આ પદ્ધતિમાં સંસ્કૃતથી અલ્પ પરિચિત શ્રોતાવર્ગ કથાનો સંપૂર્ણ આનંદ પ્રાપ્ત કરી શકતો નહીં. આ ગાળાના કથાકારોમાં કદાચ સૌથી મોટો જનમન-પરીક્ષક પ્રેમાનંદ પોતાના વ્યવસાયની આ મર્યાદાને સમજવામાં ઝાઝી વાર લગાડતો નથી તેથી જ સ્વતંત્ર આખ્યાનોના સર્જન તરફ એ વળી જાય છે અને ગીત, સંગીત અને અભિનયની ઈશ્વરદત્ત પ્રતિભાના બળે વિશાળ જનસમુદાયને પોતાના તરફ ઝડપથી વાળી શકે છે. માણભટ્ટના વ્યવસાય અર્થે તેણે છેક દક્ષિણ ગુજરાતમાં સુરત અને તેથી આગળ ખાનદેશમાં નંદરબાર સુધી એકથી વધુ વાર પ્રવાસ કર્યો હતો એવું એનાં આખ્યાનોમાં થયેલા ઉલ્લેખો પરથી જાણી શકાય છે.

મધ્યકાળના સર્જકો વિશેની પ્રમાણભૂત માહિતી તે કાળમાં આલેખાઈ નથી તેથી જેટલો મોટો અને લોકપ્રિય સર્જક હોય એટલી જ એનો મહિમા વધારનારી દંતકથાઓ પણ પ્રચારમાં હોય તે સ્વાભાવિક છે. પ્રેમાનંદ વિશે પણ કેટલીક દંતકથાઓ પ્રચલિત બની છે. જેમ કે પ્રેમાનંદ લગભગ સો વર્ષ જેટલું લાંબું જીવ્યો હતો. તેના જમાનામાં ગુજરાતી ભાષાની કિંમત 'શું શાં પૈસા ચાર' જેટલી હતી. જ્યાં સુધી ગુજરાતી ભાષા સન્માનજનક સ્થિતિએ ન મુકાય ત્યાં સુધી માથે પાઘડી નહીં પહેરવાની એણે પ્રતિજ્ઞા લીધી હતી. તેને બાવન જેટલું મોટું શિષ્યમંડળ હતું અને તે દરેકને પોતાની શક્તિ મુજબનાં વિવિધ રસપ્રધાન આખ્યાનો સર્જવાનું કામ સોંપતો. પ્રેમાનંદને વલ્લભ નામે એક પુત્ર હતો, જે તેનો પટ્ટશિષ્ય હતો. પ્રેમાનંદ અને શામળ વચ્ચે સ્પર્ધા ચાલ્યા કરતી અને "કહ્યું કથે તે શાનો કવિ ?" એમ કહીને શામળ પ્રેમાનંદને ઉતારી પાડતો અને પોતે જ મૌલિક સર્જક છે, પ્રેમાનંદ નહીં, એમ કહેતો. કોઈ પુરાણી સાથે કથા નિમિત્તે બેસવાના સ્થાન સંદર્ભે પ્રેમાનંદને ઝઘડો થયો અને સ્થાન છોડવું પડ્યું ત્યારથી ગુજરાતી ભાષાની સ્વતંત્ર આખ્યાનરચનાઓ રચીને પ્રેમાનંદે પેલા પુરાણીનો સમગ્ર શ્રોતાવર્ગ પોતાના તરફ વાળીને વેર વાળ્યું હતું. જોકે આ બધી દંતકથાઓ જ છે અને એને સત્ય માનવા માટેનાં કોઈ નક્કર પ્રમાણો પ્રાપ્ત થઈ શકતાં નથી. ઉપરાંત કેટલીક વાતો તો અર્વાચીન યુગના કેટલાક લેખકોએ તરકટ કરીને ઊભી કરી હતી એવું પુરવાર પણ થઈ ચૂકયું છે.

"સર્જનની ગુણવત્તા અને વિપુલતાની દૃષ્ટિએ પ્રેમાનંદ મધ્યકાળનો એક મોટો કવિ બની રહે છે." - જયન્ત કોઠારી. આ રીતે પ્રેમાનંદ સત્ત્વ અને સંખ્યા બન્ને દૃષ્ટિએ ચડિયાતો આખ્યાનકાર છે. પ્રેમાનંદના નામે કુલ 47 જેટલી કૃતિઓ ચઢેલી છે, પરંતુ નવા સંશોધન મુજબ પ્રેમાનંદની નિશ્ચિત મનાતી કૃતિઓની સંખ્યા 25 જેટલી છે. આ 25 કૃતિઓમાંથી પ્રગટ કૃતિઓ 21 જેટલી છે. 'મામેરું', 'નરસિંહના પુત્રનો વિવાહ', 'શ્રાદ્ધ' અને 'હૂંડી' આ 4 રચનાઓ નરસિંહના જીવનમાંથી પ્રેમાનંદે લીધી છે, ભાગવત પરથી 'ઓખાહરણ', 'દાણલીલા', 'દશમસ્કંધ', 'ભ્રમરગીતા', 'ભ્રમરપચીસી', 'રુક્મિણીહરણ', 'સુદામાચરિત' અને 'વામનકથા' જેવી 8 રચનાઓ એણે આપી છે, મહાભારત પરથી 'અભિમન્યુ આખ્યાન', 'નળાખ્યાન' અને 'સુધન્વાખ્યાન' એવી 3 કૃતિઓ આપી છે, ઉપરાંત રામાયણના આધારે 'રણયજ્ઞ' માર્કંડેય પુરાણ આધારિત 'મદાલસા આખ્યાન' અને હરિવંશ ઉપરથી 'ચંદ્રહાસાખ્યાન' કૃતિઓ આલેખી છે. આ બધાંમાં 'નળાખ્યાન' સર્વશ્રેષ્ઠ કૃતિ તરીકે જુદી પડી જાય એવી કૃતિ છે. અલબત્ત, એના મોટા ભાગનાં આખ્યાનોએ જબરી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી અને છેક આજ સુધી એની લોકપ્રિયતામાં ઓટ આવી નથી એ જ એની કવિપ્રતિભાનું દ્યોતક બની રહે છે. આપણા આદ્યવિવેચક નવલરામે પ્રેમાનંદની કવિતાની લોકપ્રિયતા દર્શાવતાં કહ્યું છે - "ગુજરાતનાં શહેરો અને ગામડાંઓનાં અનેકાનેક કુટુમ્બોમાં મિનાર્ક (ચૈત્ર-વૈશાખ) ઓખાહરણ વિના, શ્રાદ્ધપક્ષ નરસિંહના બાપના શ્રાદ્ધ વિના, સીમંતના પ્રસંગો કુંવરબાઈના મામેરા વિના, ચાતુર્માસ દશમસ્કંધ વિના અને રવિવાર હુંડી વિના ભાગ્યે જ ખાલી વીતતા હશે."

પોતાની વિશિષ્ટ કવિપ્રતિભાથી પુરોગામીઓ અને અનુગામીઓને ઢાંકી દેનાર આખ્યાનકાર શિરોમણિ પ્રેમાનંદની પ્રતિભા અને વિશેષતાઓ તરફ પણ સહેજ દૃષ્ટિપાત કરી લેવો જરૂરી છે.

**કથનકલા :**

આપણે સામાન્યતઃ વ્યક્તિને મહત્ત્વ નહીં આપતાં અભિવ્યક્તિને વિશેષ મહત્ત્વની ગણીએ છીએ. અભિવ્યક્તિ જેટલી સુંદર અને આકર્ષક એટલી જ એની રસાનુભૂતિ સરળ અને તીવ્ર બની શકે. પ્રેમાનંદનાં આખ્યાનોએ ગુજરાતી પ્રજાજીવનમાં એકરૂપતા સાધવા ઉપરાંત અનન્ય આકર્ષણ ઊભું કર્યું હતું, એનાં ઘણાંબધાં કારણોમાંનું સૌથી પહેલું કારણ એની કથનકલા છે. સરળ, મધુર અને રસપૂર્વક કથા કહેવાની પ્રતિભા પ્રેમાનંદમાં છે. પ્રેમાનંદના સ્પર્શમાત્રથી કથા જીવંત બની જાય છે અને પછી તો કથનનો ધસમસતો પ્રવાહ શરૂ થઈ જાય છે. વૃક્ષની ડાળમાંથી ડાળ અને પાનમાંથી પાન ફૂટે તેમ ગૌણ કે મુખ્ય પ્રસંગો ફૂટતા રહે છે. વાતાનાં રસબિન્દુઓને યોગ્ય સમયે પારખી લઈ બહેલાવાતાં રહે છે અને આમ મુખ્ય રસની સરિતા સતત આગળ વધતી રહે છે જેમાં ગૌણ રસનાં વિવિધ ઝરણો ભળતાં રહી એના પ્રવાહને પુષ્ટ કરતાં રહે છે. કયો પ્રસંગ રસપોષક બનશે અને કયો રસપોષક નહીં બને એની સ્વાભાવિક સૂઝ પ્રેમાનંદમાં હોઈ કયા પ્રસંગને બહેલાવવો કે કયા પ્રસંગને ટૂંકાવી દેવો એ પ્રેમાનંદ ઝડપથી નક્કી કરી નાખે છે, અને એ મુજબ જ કથાના તાણાવાણાની ગૂંથણી કરતો રહીને શ્રોતાઓને રસતરબોળ રાખ્યા કરે છે. પ્રેમાનંદ કથાતત્ત્વને તો સુંદર બહેલાવે જ છે. ઉપરાંત પાત્રોનાં વર્ણનો, નગર, ઉપવન કે યુદ્ધનાં વર્ણનો, ઋતુઓ અને પ્રકૃતિ આદિનાં વર્ણનોમાં પણ એટલો જ ખીલી ઊઠે છે.

**પાત્રાલેખન :**

પ્રેમાનંદની સિદ્ધિની ટોચ તો આપણને એના પાત્રાલેખનમાં જ જોવા મળે છે. સ્વાભાવિક, વાસ્તવિક અને વૈવિધ્યસભર પાત્રસૃષ્ટિનું સર્જન પ્રેમાનંદે કર્યું છે. નળ, દમયંતી, ઓખા, અભિમન્યુ, કૃષ્ણ, સુદામા, નંદ, યશોદા, રામ, રાવણ, નારદ, નાગરો કે નાગરાણીઓ, નરસિંહ અને કુંવરબાઈ, સુભદ્રા, ચિત્રલેખા, મંદોદરી, પૂતના, કળિ, હંસ જેવાં અનેક પાત્રોનું સર્જન પ્રેમાનંદે કર્યું છે. જોકે એનાં પ્રત્યેક પાત્ર ઉપર પ્રેમાનંદીય મુદ્રા જરૂર અંકાયેલી જોવા મળે. આ બધાં જ પાત્રો તેમનાં વેશ, વાણી અને વર્તનથી સર્વકાળે ઓળખાઈ જાય તેવાં બન્યાં છે. એમની ચેષ્ટાઓ, ઉક્તિઓ, વૃત્તિઓ, વર્તન આદિના આલેખનમાં પ્રેમાનંદ ખૂબ જ ચોક્કસ બનીને કામ કરે છે. પાત્રોની ઝીણી ઝીણી ખાસિયતો હોય કે મનના આંતરિક વ્યાપારો હોય, પિતા-પુત્રી વચ્ચેના વહાલભર્યા શબ્દોની આપ-લે હોય કે નળ-બાહુક વચ્ચેના કટાક્ષયુક્ત સંવાદો હોય - સર્વત્ર પ્રેમાનંદની પ્રગલ્ભ પાત્રાલેખન શક્તિનો પૂરો પરિચય

આપણને મળી રહે છે. અલબત્ત, એનાં બધાં પાત્રો સંપૂર્ણ કે યથાયોગ્ય છે એવું કહી શકાય તેમ નથી, છતાં પ્રેમાનંદ જેવી પાત્રતા જાળવે, પાત્રોને સુદૃઢતાપૂર્વક આલેખે અને સંપૂર્ણપણે જીવતી-જાગતી જ પાત્રસૃષ્ટિ ઊભી કરી આપી શકે એવો કવિ મધ્યકાળમાં તો જોવા મળતો નથી.

**રસનિરૂપણ કલા :**

પ્રેમાનંદ રસકવિ છે. સાહિત્યની નવરસરુચિર સૃષ્ટિમાં એ સફળતાપૂર્વક વિહરે છે. "રસની બાબતમાં કોઈ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી." - એવો નવલરામનો મત યથાર્થ છે. રસ નિષ્પન્ન કરવાની એની અસાધારણ શક્તિને કારણે જ એ મહાકવિનું વિશેષણ સાદર મેળવી શક્યો છે. પ્રેમાનંદ એનાં આખ્યાનોમાં રસમય કથન કરે છે, એક રસમાંથી બીજા રસમાં સરળતાથી સંક્રમણ કરે છે અને રસસંક્રમણના સહજ કૌશલ વડે શ્રોતાને રસસમાધિનો અનુભવ કરાવે છે. પ્રેમાનંદે વિવિધ આખ્યાનોમાં વિવિધ રસોનું નિરૂપણ કર્યું હોવા છતાં એનાં આખ્યાનો સર્વરસોનું સંગમસ્થાન છે. એવું જે કહેવાયું છે તે પણ સર્વથા ઉચિત છે. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, અદ્‌ભુત કે શાંત રસને પ્રેમાનંદે એનાં વિવિધ આખ્યાનોમાં સફળતાપૂર્વક આલેખ્યા છે. આમ છતાં શૃંગાર અને હાસ્યનો એ સ્વામી છે તથા વીર અને કરુણ રસની નિષ્પત્તિમાં પણ એ ઉત્તમ સિદ્ધિ દાખવે છે. 'પ્રેમાનંદ ધારે ત્યારે હસાવે છે ને ધારે ત્યારે રડાવે છે' એવું યોગ્ય રીતે કહેવાયું છે.

**સમકાલીન રંગપૂરણી :**

પ્રેમાનંદની લોકપ્રિયતા અને સફળતા પાછળનું સૌથી મહત્ત્વનું અંગ એ એનાં આખ્યાનોમાં થયેલી સમકાલીન રંગપૂરણી છે. કોઈ પણ ભાવકને પોતાના જ સમયનાં અને પોતાની અને પોતાની આસપાસનાં પાત્રોમાં જેટલો રસ પડે છે એટલો રસ અતિ દૂરના ભૂતકાળનાં કે અતિ દૂરના સ્થળનાં પાત્રોમાં સ્વાભાવિક રીતે જ નથી પડતો. આ વાતને બરાબર સમજતો પ્રેમાનંદ પોતાનાં આખ્યાનોને પ્રતીતિજનક કે વિશ્વસનીય બનાવવા માટે પ્રાચીન વસ્તુને પણ ઘૂંટી ઘૂંટીને સ્થાનિક રંગોથી રંગી દે છે, જેથી ગુજરાતી વાતાવરણ અને ગુજરાતી પાત્રોનો અનુભવ કરતા ભાવકો વિશેષ રીતે વશીભૂત થાય છે. અલબત્ત, પ્રેમાનંદનું આ લક્ષણ એનો ગુણવિશેષ પણ ગણાયો છે અને સાથે સાથે ગુણસીમા પણ ગણાઈ છે અને પ્રેમાનંદના આ લક્ષણને ધ્યાનમાં રાખીને જ કવિ ન્હાનાલાલે એને "સૌથી વધુ ગુજરાતી કવિ" ગણ્યો છે. આખ્યાનોમાં ગુજરાતી વાતાવરણને સર્જતો પ્રેમાનંદ એનાં પાત્રોને પણ ગુજરાતી બનાવી દે છે. નંદ હોય કે જશોદા, ઓખા હોય કે અભિમન્યુ, નળ હોય કે દમયંતી, રામ, કૃષ્ણ કે સુદામા હોય - આ બધાં જ પાત્રો ગુજરાતી વેશ, ગુજરાતી વાણી ને ગુજરાતી વર્તન ધારણ કરીને આવે છે તથા સમકાલીન ગુજરાતી જીવનના રીત-રિવાજ, વટ-વહેવાર, વહેમ, શ્રદ્ધા, શુકન-અપશુકન, ઘરવખરી વગેરેનું આબેહૂબ દર્શન પ્રેમાનંદ એનાં આખ્યાનોમાં કરાવે છે, પરિણામે એના શ્રોતાઓ વિના વિલંબ એને આત્મસાત્ કરતા હશે. હા, આ ગુજરાતીકરણને કારણે પુરાણપ્રસિદ્ધ ગૌરવશાળી પાત્રો પણ ક્યારેક પ્રાકૃત, ગ્રામ્ય કે સાવ સામાન્ય કક્ષાનાં બની જાય છે; આટલું બાદ કરતાં પ્રેમાનંદનું આ ગુજરાતીકરણ ભાવક અને સર્જક વચ્ચે આત્મીયતા સાધી આપતા સેતુરૂપ બની ગયું છે એ ચોક્કસ.

**ભાષાપ્રભુત્વ :**

પ્રેમાનંદ કથા કરનારો ગાગરિયો - માણભટ્ટ - જ માત્ર નથી પણ શબ્દબ્રહ્મનો તે સાચો ઉપાસક છે. ગુજરાતી ભાષાને રમાડતાં - લાડ લડાવતાં એને સ-રસ આવડે છે, ક્યારેક પ્રાસાદિક અને ઓજસપૂર્ણ બનાવી દે છે, ક્યારેક વાણીનો ધીરગંભીર પ્રવાહ વહાવે છે, તો ક્યારેક કલકલ કરતા ઝરણાના જેવી નાદપૂર્ણ ભાષાનો અનુભવ કરાવે છે. સમૂચિત શબ્દપસંદગી, કર્ણમંજુલ, લયપૂર્ણ અને નાદસૌંદર્યથી સભર લલિત પદાવલિ, શબ્દ ને અર્થના સમુચિત રીતે યોજાયેલા અલંકારો, સાહજિક રીતે પ્રાપ્ત થતા પ્રાસાનુપ્રાસ, વાણીની વિવિધ છટાઓ, શ્લેષ, વ્યંજના કે વક્રતાની એને થતી સહજપ્રાપ્તિ ઇત્યાદિ પ્રેમાનંદને સાચા અર્થમાં કવિશિરોમણિ સિદ્ધ કરે છે.

**પ્રેમાનંદ પછીની આખ્યાનની પરિસ્થિતિ :**

કોઈ પણ સાહિત્યસ્વરૂપ એની સર્વોચ્ચ અવસ્થા પ્રાપ્ત કરી લે પછી એની પડતી શરૂ થાય છે અને છેવટે લુપ્ત થઈ જાય છે. નરસિંહના બીજારોપણ બાદ નાકરયુગમાં વિપુલ માત્રામાં

પ્રયોજાયેલા આખ્યાનની પરાકાષ્ઠા પ્રેમાનંદમાં આવી ગઈ. આખ્યાનનો ઊંચામાં ઊંચો કૂદકો કેટલો હોય તે પ્રેમાનંદના નળાખ્યાને બતાવી દીધું. પ્રેમાનંદ સિદ્ધ કરેલ ઊંચાઈના આંકને ટપી જવાની શક્તિ મધ્યકાળના અન્ય કોઈ કવિમાં ન હતી, તેથી પ્રેમાનંદે પછી સંખ્યાની દૃષ્ટિએ ઘણા કવિઓએ આખ્યાનો લખ્યાં છે પણ સત્ત્વની દૃષ્ટિએ આ આખ્યાનો મધ્ય-કક્ષાનાં અને ક્યારેક સાવ સામાન્ય કક્ષાનાં બની ગયાં છે. તેથી જ ડૉ. ભોગીલાલ સાંડેસરા, એને આખ્યાનો તરીકે નહીં પણ 'આખ્યાનાત્મક કાવ્યો' તરીકે ઉચિત રીતે જ ઓળખાવે છે. કોઈ વિશાળ વટવૃક્ષ નીચે અન્ય કોઈ છોડ, એને લાગતા વણછાને કારણે, ઊછરી-પાંગરી શકતો નથી અને જો ઊગવાનો પ્રયત્ન કરે તો પણ નિસ્તેજ અન સત્ત્વહીન જ રહે છે, એવી જ દશા પ્રેમાનંદની સમર્થ પ્રતિભાને કારણે એના અનુગામી કવિઓની થઈ છે. આ ઘટનાને શ્રી કે. કા. શાસ્ત્રી 'પ્રેમાનંદના હાથે જ આખ્યાનયુગની સમાપ્તિ' તરીકે મૂલવે છે.

ઈ.સ. 1670ની આસપાસનો અને પ્રેમાનંદનો શિષ્ય તથા નહીંવત્ કવિત્વ ધરાવતા **વીરજી** નામના કવિએ 'સુરેખાહરણ', 'બલિરાજનું આખ્યાન' અને 'દશાવતાર' એટલાં સામાન્ય કક્ષાનાં આખ્યાનો આપ્યાં છે. જ્યારે **સુંદર મેવાડાએ** પ્રેમાનંદનો અધૂરો રહેલો 'દશમસ્કંધ' પૂર્ણ કર્યો. **તુલસીએ** 'અશ્વમેધ' અને **જગન્નાથે** 'માર્કંડેય આખ્યાન' અને 'સુદામાચરિત્ર' આપ્યાં. પદ્યવાર્તામાં મોટી સિદ્ધિ મેળવનાર **શામળે** 'અંગદવિષ્ટિ', 'રાવણમંદોદરી સંવાદ' અને 'શિવપુરાણ' જેવી આખ્યાનને મળતી રચનાઓ આપી છે. **રણછોડે** 'નાસિકેતાખ્યાન' તથા સૌરાષ્ટ્રના **કાલિદાસે** 'સીતા સ્વયંવર', 'પ્રહ્લાદાખ્યાન' અને 'ધ્રુવાખ્યાન', **મૂળજીભટ્ટે** 'નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ', **લજ્જારામે** 'અભિમન્યુ આખ્યાન', **ગોવિંદરામે** 'રુક્મિણી-હરણ', 'સુભદ્રાહરણ', 'સત્ભામાનું રૂસણું' અને 'હરિશ્ચન્દ્રાખ્યાન' તથા **ત્રિકમદાસે** 'પર્વતપચીસી' અને 'ડાકોરલીલા' જેવાં આખ્યાનો આપીને અઢારમી સદીને આખ્યાનોથી ભરી દેવાનો પ્રયત્ન કર્યો છે.

ઓગણીસમા શતકમાં જ્ઞાની કવિ **ધીરાએ** 'રણયજ્ઞ', 'અશ્વમેધ' અને 'દ્રૌપદીવસ્ત્રહરણ' જેવાં આખ્યાનો આપ્યાં છે. પીજનો સંત કવિ **નરભેરામ** 'ગજેન્દ્રમોક્ષ', 'કંસવધ', 'જયવિજયશાખ', 'ભીષ્મસ્તુતિ', 'નાગદમન', વામનાખ્યાન', 'સત્ભામાનું રૂસણું' જેવી સંખ્યાની દૃષ્ટિએ સારી કહી શકાય તેવી આખ્યાનાત્મક કૃતિઓ આપી છે. આખ્યાનસ્વરૂપમાં છેલ્લું માતબર પ્રદાન કરનાર **ગિરધર** પાદરા તાલુકાના માસર ગામનો વણિક કવિ છે. એણે 'રામાયણ', 'રાજસૂયયજ્ઞ', 'અશ્વમેધ', 'ગોકુળલીલા', 'મથુરાલીલા', 'તુલસીવિવાહ' વગેરે રચનાઓ આપી છે. વિપુલ સંખ્યાના પદકવિઓની વચ્ચે મહદ્અંશે સફળ કહી શકાય તેવો આ આખ્યાનકવિ સાહિત્યના અભ્યાસીઓનું ઠીક ઠીક ધ્યાન ખેંચી શક્યો છે. ગરબીનો સમર્થ સર્જક **દયારામ** પણ 'રુક્મિણીવિવાહ', 'સત્યભામાવિવાહ' અને 'અજામિલ આખ્યાન' જેવાં આખ્યાનો આપે છે. દયારામે આખ્યાનમાં આવતાં કડવાંને 'મીઠાં' નામે ઓળખાવ્યાં છે. ગરબીસ્વરૂપમાં સર્વોચ્ચ શિખર સર કરનાર દયારામની આખ્યાનરચનાઓ યશોદા કૃતિઓ નથી.

આ રીતે આખ્યાનપ્રવાહ સતત પાતળો થતો થતો સમાપ્ત થઈ જાય છે. અર્વાચીન યુગમાં **દલપતરામ** 'વેનચરિત્ર' અને 'હુન્નરખાનની ચડાઈ' નામનાં આખ્યાનશૈલીનાં કાવ્યો આપે છે. **સુંદરમ્** 'ઉત્તર સુદામાચરિત' અને **ઉપેન્દ્રાચાર્ય** 'સુદામાખ્યાન'માં કોઈ નોંધપાત્ર સિદ્ધિ મેળવતા નથી. ઉપરાંત **દોલતરામ પંડ્યાએ** 'ઇન્દ્રજિતવધ', કે. હ. ધ્રુવે 'મેઘદૂત', **નરસિંહરાવ દીવેટિયાએ** 'બુદ્ધચરિત', **બ. ક. ઠાકોરે** 'નિરુત્તમા', **જુગતરામ દવેએ** 'કૌશિકાખ્યાન', **ડોલરરાય માંકડે** 'ભગવાનની લીલા'માં આખ્યાનપદ્ધતિને અનુસરવાનો પ્રયાસ કર્યો છે, છતાં આખ્યાનનો પ્રકાર મધ્યકાળની માફક ગંભીર હેતુ અર્થે પ્રચલિત થઈ શક્યો નથી. આખ્યાનશૈલીનો ઉપયોગ રાજકીય-સામાજિક કટાક્ષ કરવામાં **કરસનદાસ માણેક** 'વૈશંપાયનની વાણી'માં અને **રમણલાલ ભટ્ટ** 'નારદવાણી'માં કરે છે.

પ્રો. મંજુલાલ ર. મજમુદાર નોંધે છે તે મુજબ "ગુજરાતી સાહિત્યમાં આખ્યાનપ્રથા બહુ જૂની છે. તેના આદ્ય કવિ તરીકે નરસિંહ મહેતાને ગણી શકાય. તેમના પછી ભાલણ, નાકર વગેરેએ એ કથનશૈલીને ચાલુ રાખી છે અને પ્રેમાનંદના હાથમાં આવ્યા પછી તે સર્વશ્રેષ્ઠ બની છે. તેમના પછી છેક દયારામ સુધી એ શૈલીનાં રસળતાં ઝરણાં જોઈ શકાય છે, છતાં તે રેતીના રણમાં સમાઈ જતી - લુપ્ત થઈ જતી - સરસ્વતી જેવાં જ દલપત - નર્મદે અને છેક નરસિંહરાવે પણ એ શૈલીમાં પ્રાણ પૂરવાના પ્રયોગો કર્યા છે ખરા; પરંતુ

વર્તમાન છાપખાનાં અને મુદ્રિતગ્રંથોના યુગમાં એ શ્રાવ્ય કાવ્યશૈલીનાં પુનર્મંડાણ થવાં અશક્યવત્ લાગે છે."

આજે નવતર શૈલીના પ્રયોગ તરીકે, પુનઃ આપણા કેટલાક કવિઓ આખ્યાનશૈલી પાસે છે. ચિનુ મોદીએ 'બાહુક'માં અને સિતાંશુ યશશ્ચન્દ્રે 'જટાયુ'માં આ આખ્યાનશૈલીનો આધુનિકતા નિષ્પન્ન કરવા ઉપયોગ કર્યો છે. કથનકેન્દ્રી કાવ્યપ્રકારો માટે હજી આજે પણ આખ્યાન દીવાદાંડી સમું બની રહ્યું છે એના આ પુરાવા છે.

## 3.4 સારાંશ

- નરસિંહ મહેતા આખ્યાનકવિ નથી, પણ એણે એક જ વિષયને કેન્દ્રમાં રાખીને એક કરતાં વધુ પદોનું પણ આલેખન કર્યું છે. પદોની આ હારમાળામાં આપણા વિવેચકોએ આખ્યાન- પ્રકારનાં કાવ્યબીજનાં દર્શન કર્યાં છે.
- નરસિંહે રોપી આપેલાં આખ્યાનનાં બીજમાંથી ફૂટતી કૂંપળોનાં દર્શન વીરસિંહ અને કર્મણમંત્રી જેવા કવિઓમાં થઈ શકે છે. એમની કૃતિઓ નબળી છે, પણ આખ્યાનના વિકાસમાં આપેલો ફાળો નોંધપાત્ર છે.
- આખ્યાનસ્વરૂપનો પિતા ભાલણ છે. આખ્યાનને કડવાંબદ્ધ એવું ચોક્કસ સ્વરૂપ આપવામાં અને કડવાંને મુખબંધ, ઢાળ અને વલણ એવા ત્રણ વિભાગોમાં વહેંચી આપવામાં તથા ખરેખર આખ્યાન કહી શકાય એવી ઘણીબધી રચનાઓ આપવામાં ભાલણ પહેલો કવિ - આખ્યાનકાર છે. નાકર, વિષ્ણુદાસ અને વિશ્વનાથ જાની ભાલણ પછીના મહત્ત્વના આખ્યાનકારો છે. રામાયણ, મહાભારત, પુરાણો અને નરસિંહ જેવા લોકપ્રિય ભક્તના જીવનપ્રસંગો પરથી આ કવિઓએ સમૃદ્ધ આખ્યાનો આપ્યાં છે. ઉત્કટ કથાવેગ, શુદ્ધ અને સંસ્કારી ભાષાકર્મ, વિવિધ પાત્રસૃષ્ટિ, રસ, વર્ણન, સંવાદ, અલંકાર વગેરેમાં આ કવિઓ નોંધપાત્ર રીતે આખ્યાનને આગળ વધારે છે.
- પ્રેમાનંદ મધ્યકાળનો સર્વશ્રેષ્ઠ આખ્યાનકાર છે. આખ્યાનકળાની બધી જ ખૂબીઓ પ્રેમાનંદનાં આખ્યાનોમાં સંપૂર્ણ રીતે ખીલી ઊઠેલી જોવા મળે છે. પ્રેમાનંદ કથનકલાનો બેતાજ બાદશાહ છે. પાત્રોની ઝીણી ઝીણી ખાસિયતો અને મનના આંતરિક વ્યાપારોના આલેખનમાં ખૂબ જ ચોક્કસ એવો પાત્રાલેખનનો ઝીણો કસબી છે. રસનિરૂપણ અને રસસંક્રાંતિનો સ્વામી છે તથા સમકાલીન રંગપૂરણી અને ભાષાપ્રભુત્વમાં ઉત્તમ સિદ્ધિ દર્શાવતો કવિશિરોમણિ છે.
- પ્રેમાનંદ પછી આખ્યાનકલાનાં વળતાં પાણી જોવા મળે છે. આમ તો છેક અર્વાચીનકાળ સુધી આખ્યાનોનું સર્જન થયું છે, છતાં આ આખ્યાનો નબળાં જ રહ્યાં છે. કોઈ આખ્યાનકાર પ્રેમાનંદની ઊંચાઈને આંબી શક્યો નથી, એટલું જ નહીં પ્રેમાનંદની સમકક્ષ પણ થઈ શક્યો નથી. આખ્યાનસ્વરૂપ એ શ્રાવ્યકાવ્યશૈલી છે, તેથી વર્તમાન છાપખાનાંના યુગમાં એનું પુનર્મંડાણ શક્ય નથી.

## 3.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઉષઃલાલી** - સૂર્યોદય પહેલાંની આકાશની લાલિમા.
**પ્રકટીકરણ** - પ્રગટવું, બહાર આવવું
**વ્યુત્પન્ન** - વિદ્વાન
**તત્કાલીન** - તે સમયના
**ઉચિત** - યોગ્ય
**ઉત્કટ** - તીવ્ર, પ્રબળ
**કમનીય** - સુંદર
**કલ્પનાભિવ્યક્તિ** - કલ્પનાની રજૂઆત
**રસસંક્રાન્તિ** - એક રસમાંથી બીજા રસમાં જવું
**પ્રદાન** - આપવું - અર્પણ

**ચરિત્રાત્મક** - જીવનનું વર્ણન કરતું, પાત્રના જીવનનું આલેખન કરતું
**પ્રશસ્ય** - વખાણવા જેવો
**न भूतो न भविष्यति** - ભૂતકાળમાં થયો નથી અને ભવિષ્યમાં થશે નહીં.
**આંતરપ્રમાણો** - કૃતિમાંથી મળતી માહિતી
**મૂઢ મતિ** - ઓછી બુદ્ધિવાળો
**પ્રજ્ઞા** - બુદ્ધિ
**શ્રોતાવર્ગ** - સાંભળનારો સમૂહ
**પટ્ટશિષ્ય** - સહુથી વહાલો શિષ્ય, મુખ્ય શિષ્ય
**પુરોગામી** - પહેલાં થયેલા
**અનુગામી** - પછી થયેલા
**રસાનુભૂતિ** - રસનો અનુભવ
**પેંગડું** - ઘોડેસવાર જેમાં પગ રાખે છે તે કડું, - ને પગલે ચાલવું
**કર્ણમંજુલ** - સાંભળવામાં સુંદર લાગે તેવું
**શિરોમણિ** - મુખ્ય, શ્રેષ્ઠ, માથાના મુગટનો મણિ
**માતબર** - સધ્ધર, સમૃદ્ધ
**લુપ્ત** - અદૃશ્ય
**શ્રાવ્ય** - સાંભળવા માટેનું
**પુનર્મંડાણ** - ફરી આરંભ થવો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. આખ્યાનનું બીજારોપણ કયા કવિની કઈ કૃતિઓમાં જોવા મળે છે ? શી રીતે ?
2. પ્રેમાનંદ પહેલાંના આખ્યાનકારોની કોઈ પણ પાંચ આખ્યાનકૃતિઓનાં નામ - બે બે વાક્યોના પરિચય સહિત લખો.
3. 'ભાલણ ગુજરાતી આખ્યાનનો બ્રહ્મા છે' - આ વિધાન દશ વાક્યોમાં સમજાવો.
4. પ્રેમાનંદની કથનકલા વિષે દશ વાક્યોમાં સમજૂતી આપો.
5. 'રસસંક્રાંતિ' એટલે શું ? ત્રણ દૃષ્ટાંતો આપી સ્પષ્ટ કરો.

**વિશેષ અને વિસ્તૃત અધ્યયન માટે :**

6. ગુજરાતી આખ્યાનસાહિત્યની વિકાસરેખા આલેખી, એમાંથી તમને કયો કવિ વધુ સક્ષમ લાગ્યો, એ ઉદાહરણો આપી સમજાવો.
7. ભાલણ, નાકર, વિશ્વનાથ જાની અને દયારામની આખ્યાનકૃતિઓ વિષે નોંધ લખો.
8. 'પ્રેમાનંદ પછીના આખ્યાનપ્રવાહમાં પ્રેમાનંદ જેવી સિદ્ધિ ક્યાંય જોવા મળતી નથી' - ચર્ચો.

## 3.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *ગુજરાતી સાહિત્યની રૂપરેખા* : વિજયરાય વૈદ્ય
2. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ* - ૨ : ગુજરાતી સાહિત્ય પરિષદ
3. *ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન)* : અનંતરાય રાવળ
4. *મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય* : ડૉ. બહેચરભાઈ ૨. પટેલ
5. *ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન અને સુધારક યુગ* : વિનાયક રાવલ
6. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ* : ડૉ. રમેશ એમ. ત્રિવેદી
7. *ગુજરાતી સાહિત્ય સત્ત્વની શોધ* : ડૉ. ધીરુભાઈ ઠાકર
8. *ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો (પદ્યવિભાગ)* : મંજુલાલ મજમુદાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

વિભાગ

# 2

## આખ્યાન-II


કૃતિ : પ્રેમાનંદ-કૃત કુંવરબાઈનું મામેરું 7

એકમ 1

1 અને 2 કડવાંની રસલક્ષી, સ્વાધ્યાયલક્ષી સમીક્ષા 24

એકમ 2

3, 4, 5, 6 અને 7મા કડવાંની રસલક્ષી સમીક્ષા 28

એકમ 3

8 અને 9મા કડવાંની રસલક્ષી, સ્વાધ્યાયલક્ષી સમીક્ષા 36

એકમ 4

10, 11 અને 12મા કડવાંની રસલક્ષી સમીક્ષા 40

એકમ 5

13, 14, 15 અને 16મા કડવાંની રસલક્ષી સમીક્ષા 45

એકમ 6

વસ્તુસંકલનની વિશેષતાઓ 53

એકમ 7

પાત્રચિત્રણકલાનું વૈશિષ્ટ્ય 58

એકમ 8

રસનિરૂપણ અને રસસંક્રમણકલા 63

એકમ 9

વર્ણનો : ગુજરાતીપણું : સમાજચિત્રણ 69

એકમ 10

ભાષા : કવિત્વ : સ્થાન 74

પરિશિષ્ટ 1

વિશેષ વાચનસામગ્રી અને સંદર્ભસાહિત્ય 80

## લેખન :

પ્રો. આર એલ. વેગડા ૧૦, ન્યૂ શુભ સોસાયટી,
વેજલપુર ગામ,
અમદાવાદ

પ્રો. સતીષ વ્યાસ રીડર,
ભાષાભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ

પ્રો. સરોજ જોશી ૩, ઉત્તમ એપાર્ટમેન્ટ,
માનવ કલ્યાણ માર્ગ,
મણિનગર,
અમદાવાદ

## પરામર્શ (વિષય) :

પ્રો. રમણલાલ જોશી ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ

## પરામર્શ (ભાષા) :

પ્રો. રમણલાલ જોશી ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ

## સંપાદન અને સંયોજન :

ડૉ. પી. કે. મહેતા
નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

## સંયોજન સહાયક :

શ્રી એસ. એચ. બારોટ મદદનીશ કુલસચિવ
શ્રી ડી. આઈ. શાસ્ત્રી કાર્યાલય અધીક્ષક
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

**પ્રકાશન**

ડૉ. પી. કે. મહેતા, નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-380 003 ટે. નં. 7869690

● સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમિત વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# કૃતિ : પ્રેમાનંદ-કૃત કુંવરબાઈનું મામેરું

**સં. કે. બી. વ્યાસ : ચિમનભાઈ ત્રિવેદી**

## કડવું 1

### રાગ કેદારો

શ્રી ગુરુ ગણપતિ શારદા સમરું સુખદાયી સર્વદા ;
મનમુદા કહું મામેરું મહેતાતણું રે[1]. 1

### ઢાલ

મામેરું મહેતાતણું પદબંધ કરવા આશ ;
નરસિંહ મહેતો ભક્ત બ્રાહ્મણ, જૂનાગઢમાં વાસ. 2

ભાભીએ કુવચન[2] કહ્યું, મહેતાને લાગી દાઝ;
પરિત્યાગ કીધો ઘરતણો, મહેતો ગયા તપ કાજ.[3] 3

એક દેરું દીઠું વન વિશે[4] : અપૂજ શિવનું લિંગ;
નરસિંહ મહેતે[5] પૂજા[6] કીધી, અંતરમાંહી ઉમંગ.[7] 4

ઉપવાસ સાત મહેતે કીધા તવ રીઝ્યા[8] શ્રીમહાદેવ;
કમલની પેરે લિંગ વિકાસ્યું,[9] પ્રભુ પ્રગટ થયા તતખેવ. 5

કર્પૂરગૌર સ્વરૂપ શોભા, ઉમયા તે ડાબે પાસ;
જટામાંહે[10] જાહ્નવી, નિલવટ ચંદ્રપ્રકાશ. 6

છે રુંડમાલા, સર્પ ભૂષણ, વાઘાંબર, ગજચર્મ;
ડાક ડમરુ શંખ શૃંગી : મહેતે દીઠા પરિબ્રહ્મ. 7

તવ નરસૈંયો જઈ પાય લાગ્યો, મસ્તક મૂક્યો હાથ;
'માગ્ય વર, કૃપાલ છું' એમ કહે ઉમયાનાથ. 8

મહેતો કહે, 'મહાદેવજી, હું માગું છું સ્વામિન :
તમારું દર્શન પામિયો, પામું વિષ્ણુનું દર્શન.' 9

'ધન્ય ધન્ય! સાધુ', શિવ કહે 'તુને મુક્તિની[11] છે આશ';
અખંડ વ્રજમાં તેડી ગયા, જાંહાં કૃષ્ણ રમે છે રાસ. 10

### વલણ

રાસમંડલ તણી રચના, લીલા શું વખાણે કવિ !
નરસૈંયો કૃતાર્થ થયો, તેને કૃપા શ્રીહરિની હવી. 11

---

1. ગુરુ ગણપતિ સારદા તે પૂજું પરથમ સદા,
મનમુદાયક બહુ કથા क
શ્રી ગણપત્ય સીધ્ય બુધ્ય સારદાએ સમરે સુખ ....
માંહાંમેરું મેતા તણૂ રે. ख
શ્રી શંભુ રે સુતને હું સ્મરું સદા, સમરે સુખ દેજો સરવદા
મનમાં કહું માંહાંમેરું મહેતાતણું રસાલું. ग
શરસત સ્વામી ને શારદા ગણપત્ય લાગું પાયેં
માંહાંમેરું મહેતાતણું જે ભાવ ધરીને ગાયેં छ

2. કૂડું વચન ग; કઠણ વચન च 3. વન તપકાજ क; વનવાસ च 4. વન વિષે એક દેવલ દીઠું क 5. નરસહિંયે क; મહેતે ख 6. તેનિ સેવા क; તેહની પૂજા ख 7. આનંદ ख 8. પ્રગટ્યા ग 9. રૂપ પ્રકાસ્યું ख 10. બિરાજે જટામાં च 11. ભક્તિની ख

## કડવું 2

**રાગ ધન્યાશ્રી**

અદ્‌ભુત લીલા રાસ વિરાજે જી, ગોપિકા ગાયે વાજાં વાજે જી;
દર્શન કીધે[1] ભવદુઃખ ભાજે જી, મહાસુખ દીધું શિવ મહારાજે જી. 1

**ઢાળ**

મહારાજ શિવ મહાદેવજીએ, ગ્રહ્યો મહેતાનો હાથ;
સદાશિવને દેખીને સામા આવ્યા વૈકુંઠનાથ. 2
હરિહર હરખીને મળ્યા, નમી ગોપી શિવને પાય;
નરસૈંયો નમ્યો નાથને, તવ પૂછે ગોકુલરાય : 3
'કહો સદાશિવ, આ કોણ છે, તમો દેખાડો આ ઠામ ?'
મહાદેવ કહે, 'એ દાસ તમારો, વિપ્ર નરસિંહ નામ. 4
ભક્તિ ઇચ્છે પ્રભુ તમારી, કીર્તન કરે ગુણ ગાય;
કરો કરુણા કૃષ્ણજી'; તવ બોલ્યા વૈકુંઠરાય : 5
'હાથ ગ્રહી તમે તેડી લાવ્યા, સદાશિવ ભગવાન;
એ નરસૈંયો મેં ભક્ત કીધો ઉદ્ધવ વિદુર સમાન.' 6
મસ્તક ઉપર હાથ મૂકી, કહે[2] શ્રીગોપાલ :
'દુઃખવેળા સંભારજે હું ધાઈ આવીશ તતકાલ. 7
કીર્તન ભક્તિ કરજે મારી તરીશ તું સંસાર[3];
જોઈ તેવી લીલા ગાજે કેવલ રસ શૃંગાર.'[4] 8
રાસમંડલ તણી રચના દેખાડી તેણી વાર ;
નરસિંહ મહેતા પ્રત્યે બોલ્યા સ્વામી શ્રીત્રિપુરાર. 9
'રખે લોકાચારનો ભય ગણતો, મસ્તક સાટે મુક્તિ;
રાધાકૃષ્ણનો વિહાર ગાજે, જોઈ જેહવી જુક્તિ.' 10
અંતર્ધાન પામ્યા કહી એવું ભોળા શંકરરાય ;
મુહૂર્ત માત્રમાં મહેતો મૂકયા જૂનાગઢ તે માંહ્ય. 11
થઈ નરસૈંયાની નિર્મલ વાણી, કવિશક્તિ ભક્તિ અપાર;
રાધાકૃષ્ણ શું રંગ લાગ્યો, તૃણવત્ ગણે સંસાર. 12
તાલ વાતા ગીત ગાતા પધાર્યા પુર માંહ્ય ;
નરસિંહ મહેતો જઈ નમ્યા નિજ ભાભી કેરે પાય. 13
'તું ગોરાણી[5] મેં પ્રમાણી, જે કહ્યું વજ્ર[6] વચન;
શ્રીહરિહર મુજને મળ્યા તે, ભાભી, ત્હારું પુણ્ય. 14

**વલણ**

પુણ્ય ત્હારું, માત મ્હારી, જે મળ્યા શ્રીપરિબ્રહ્મ' ;
છે સાધ્વી સ્ત્રી મહેતા તણી; મહેતે માંડ્યો ગૃહસ્થાશ્રમ. 15

## કડવું 3

**રાગ વેરાડી**

મહેતે માંડ્યો ગૃહસ્થાશ્રમ, પતિવ્રતા છે નારી પર્મ;
શ્રીદામોદરની સેવા કરે, મુદ્રા તિલક ને માલા ધરે. 1
સાધુ વેરાગી વૈષ્ણવ જન, શંખ તાલ બહુ વાગે ચંગ;
ચોક માંહે તુલસીનું વન, અહર્નિશ થાયે હરિકીર્તન[7]. 2

---

1. કીજે ખ, 2. સાહ્યો ખ, 3. ભવસંસાર ક, 4. શણગાર ગઘ, 5. ગુરાણી ગઘ,
6. કઠણ ખઘ, 7. કીર્તન કઘ

નહિ ખેતી ઉદ્યમ વેપાર, હરિભક્તિ મહેતો તદાકાર[1];
જે આવે તે વૈષ્ણવ જમે, ગુણ ગાઈ દહાડા[2] નિર્ગમે. 3

વિશ્વંભર પૂરું પાડે અન્ન, વિશ્વાસ ઘણો મહેતાને મંન;
બે સંતાન આપ્યાં ગોપાલ: એક પુત્રી ને બીજો બાલ. 4

શામળદાસ કુંવરનું નામ, પરણાવ્યો જોઈ મોટે ઠામ;
કુંવરબાઈ નામે દીકરી પરણાવી રૂડો વિવાહ કરી. 5

પામ્યાં મરણ પત્ની ને પુત્ર, મહેતાનું ભાંગ્યું ઘરસૂત્ર;
પતિવ્રતા વહુ વિધવા થઈ, સુરસેન્યા પુત્રી એકલી રહી. 6

સ્ત્રીસુત મરતે રોયાં લોક; મહેતાને મનમાં[3] નહિ શોક;
ભલું થયું ભાંગી જંજાલ, સુખે ભજીશું શ્રીગોપાલ. 7

કુંવરબાઈ[4] પછી મોટી થઈ, આણું આવ્યું ને સાસરે ગઈ;
સસરો શ્રીરંગ મહેતો નામ, મોટું ઘર કહાવે ભાગ્યવાન. 8

સાસરિયાંને ધનનું અભિમાન, કુંવરવહુને દે છે અપમાન;[5]
કુંવરબાઈને દુર્બલની[6] ગણે, નણંદ જેઠાણી વાંકું ભણે. 9

'આવો વૈષ્ણવની દીકરી, સાસરવેલ[7] સહુ પાવન કરી';
કરે ચેષ્ટા સાસુ ગર્વે ભરી; કુંવરબાઈ નવ બોલે ફરી. 10

છે લઘુવયમાં ન્હાનો ભરથાર, તે નવ પ્રીછે વિવેકવિચાર;
કુંવરબાઈને આવ્યું સીમંત, સાધર[8] વાત ન પૂછે કંથ. 11

રૂપ દેખીને વહુઅર તણું સાસરિયાં સહુ હરખે ઘણું;
'નરસિંહ મહેતો હરિનો દાસ તો મોસાળાની શી છે આશ! 12

વહુને ઓરતો[9] વીતે ઝરો, કાંઈક મોસાળું ઘેરથી કરો;
દુર્બલની પુત્રી રાંકડી, આચાર કરી બાંધો રાખડી'. 13

ન કહાવ્યું પિયર, કોને નવ કહ્યું, પંચમાસી તો એળે ગયું;
સીમંતના રહ્યા થોડા દિન, થઈ કુંવરબાઈને ચિંતા મન.[10] 14

ઓશિયાળી દીસે દામણી, વહુઅર આવી સાસુ ભણી;
બોલી અબલા નામી શીશ, 'બાઈજી, રખે કરતાં રીસ. 15

આપણો ગોર પંડ્યો ખોખલો, જૂનાગઢ સુધી મોકલો;
મોકલો લખાવી કંકોતરી'. ત્યારે સાસુ બોલી ગર્વે ભરી. 16

'વહુઅર તુંને ઘેલું લાગ્યું, મા મૂઈ ત્યારે મહિયર ભાગ્યું;
તાલ વજાડી ગાતો ફરે, ઉદર નાચી ખૂંદી ભરે; 17

દરિદ્ર ઘરમાં ફેરા ફરે, તે મોસાળું ક્યાંથી કરે ?
જે સગાથી અરથ ન સરે, તેને શું થાયે નોતરે ? 18

મહેતાનો વહાલું હરિનું નામ, જોવા મળે ત્યાં આખું ગામ;
તમને બાપ મળ્યાનું હેત, અમો ન્યાતમાં થઈએ ફજેત. 19

તમારો સસરો લાજે, બાઈ, વણ આવ્યે સરશે વેવાઈ';
કુંવરબાઈ તવ આંસુ ભરી, સાસુ પ્રત્યે બોલી ફરી : 20

'બાઈજી, બોલતાં શું ફગો? દુર્બલ તોયે પોતાનો સગો;
ઇહાં આવી ઠાલો જાશે ફરી - એણે મસે મલસું બાપદીકરી.' 21

સાસુને મન કરુણા થઈ, નિજ સ્વામીને વાર્તા કહી;
'રહ્યા સીમંતના થોડા દિન, કુંવરવહુ દુઃખ પામે મન.[11] 22

---

1. સદાકાર कख, 2. દાઢા कखगघ; દાડા छ, 3. તલમાત્ર गघ,
4. તિલમાત્ર च ; સુરસેન્યા घछ, 5. ઉપમાન ख, 6. દુર્બલ चज,
7. સાસરવેડ खग, 8. સીધર क; સાદર ङ, 9. ઓરિયો गघ,
10. કુંઅરવહુ કરે છે રુદન ख, કુંવરબાઈ કરે રુદન ग, 11. કરે રે રુદન ग; ભરે લોચન ङ.

લખી મોકલી વેવાઈને પત્ર, જ્યમત્યમ કરીને આવજો અત્ર.'
શ્રીરંગ મહેતો પરમ દયાલ, કાગળ એક લખ્યો તતકાલ. 23

'સ્વસ્તિશ્રી જૂનાગઢ સ્થાન, હરિજન વૈષ્ણવનો વિશ્રામ;
નાગરી નાત તણા શણગાર, સાધુ શિરોમણિ, પરમ ઉદાર. 24

સર્વભક્તનાયક વૈષ્ણવમણિ, સદૈવ કૃપા હોય કેશવતણી;
સર્વ ઉપમાયોગ્ય, કરુણાધામ, મહેતાશ્રી પાંચ નરસિંહ નામ. 25

ઇહાં સહુ કો છે કુશલીક્ષેમ, તમે પત્ર લખજો આણી પ્રેમ;
એક વધામણીનો સમાચાર, અમારા ભાગ્ય તણો નહીં પાર. 26

કુંવરવહુને આવ્યું સીમંત, એમ ઉપર ત્રઠા ભગવંત;
માઘ સુદી સપ્તમી રવિવાર,[1] મુહૂર્ત અમે લીધું નિરધાર. 27

તે દહાડે નિશ્ચે[2] આવજો, સગાં મિત્ર સાથે લાવજો;
ન આણશો મનમાં આશંક, તમ આવ્યે પામ્યા લખ ટંક. 28

ઊજલો સગો આવે બારણે, સોનાનો મેરુ કીજે વારણે;[3]
જો મહેતાજી નહિ આવો તમો, ખરેખરા દુભાશું અમો.' 29

આપ્યું પત્ર ગુરુના કરમાંહ્ય, પંડ્યો ખોખલો કીધા વિદાય;
કુંવરબાઈએ તેડયા ઋષિરાય, એકાંત બેસાડી લાગી પાય : 30

"ત્યાં બે દહાડા પરૂણા રહેજ્યો, મહેતાને સમજાવી કહેજા;
'કાંઈ મોસાલું સારું લાવજ્યો, સંપત હોય તો ઇહાં આવજો. 31
કાંઈ નામ થાય પૃથ્વીતલે, સાસરીઆંનું મહેણું ટળે;
જો આ અવસર સૂનો જશે તો ભવનું મહેણું મુજને થશે. 32

બોલબાણ નણદી મારશે, શત્રુનું કામ દિયર સારશે;
રખે નાગરી નાતે કૌતુક થાય, છે તમારે માથે વૈકુંઠરાય'." 33

પંડ્યો ખોખલો કીધા વિદાય, સદ્ય[4] આવ્યા જૂનાગઢ માંહ.

**વલણ**

જૂનાગઢમાં ઋષિ આવ્યા, મહેતો લાગ્યા પાય; 34
સ્તુત્ય સેવન પૂજા કરી, પછી માંડી વાત સુખદાય.

## કડવું 4

**રાગ ધન્યાશ્રી**

પંડ્યે ખોખલે પત્ર જ આપ્યું મહેતાજીને હાથ જી;
વધામણી કાગળમાં વાંચી સમર્યા વૈકુંઠનાથ જી. 1

'મામેરું પુત્રીને કરવું, ઘરમાં નથી એક દામ જી;
ત્રિકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્ય તણું છે કામ જી.' 2

ભોજન કરાવી દક્ષિણા આપી મહેતો લાગ્યા પાય જી;
'મોસાળું[5] લઈ અમે આવશું' ; પંડ્યો કીધા વિદાય જી. 3

નરસિંહ મહેતે ઘેર તેડાવ્યા સઘળા વૈષ્ણવ સંત જી;
'મોસાળું લઈ આપણે જાવું, બાઈનું છે[6] સીમંત જી.' 4

જૂની વહેલ ને ધૂંસરી વાંકી, સાંગી સોટાએ[7] ભાંગી જી;
કો'ના તલાવા ને કો'ની પીંજણી, બળદ આણ્યા બે માંગી જી. 5

મહેતાજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રીજુગદીશ જી;
ત્રણ સખી તે સાથે લીધી, વેરાગી દશવીસ જી. 6

ડાબડી ત્રાંબાકેરી સંપુટ, તેમાં[8] બાલમુકુંદ જી;
કંઠે હાર કરીને રાખી, દામોદર નંદાનંદ જી. 7

1. માગશર સુદ પુનમ રવિવાર क, 2. વહેલા खघ, 3. તેહેને જાસુ અહ્મે વારણે ख; સોનાનો સૂરજ ઊગ્યો બારણે ग; સોનાનાં ફૂલ કીજે વારણે घ. 4. સીઘ્ર खघछ, 5. મુસાલું घ; મામેરું चज, 6. આવ્યું क, 7. મોડ ग, 8. માંહે खचछ; હાથમાં ग.

વહેલની પૂંઠે કોથળો બાંધ્યો, માંહે ભર્યાં વાજિંત્ર જી;
ગાંઠડી ગોપીચંદનની છે તુલસીકાષ્ઠ પવિત્ર જી. 8

મોસાળાની સામગ્રીમાં, તિલક, તુલસીમાલા જી;
નરસૈંયાને નિર્ભય મનમાં, ભોગવશે ગોપાલ જી. 9

બલહીણ બળદ શું હીંડે ! ઠેલે વૈષ્ણવ સાથ જી;
સોર પાડે ને ઢાળ ચડાવે : જય જય વૈકુંઠનાથ જી. 10

એક બળદ ગળિયો થઈ બેસે, આખલો તાણી જાય જી;
પડ્યાને પૂંછ ગ્રહીને ઉઠાડે, કૌતુક કોટિક થાય જી. 11

સાલે સાલ જૂજવાં દીસે, રથ તણાં થાય વક્ર જી;
સાંગીના બહુ શબ્દ ઊઠે, ચીચૂએ બહુ ચક્ર જી. 12

ચડે ઊતરે ને વળી બેસે, લે રામકૃષ્ણનું નામ જી;
મધ્યાહ્ને મહેતો જઈ પહોત્યા, જોવા મળ્યું સહુ ગામ જી. 13

શું જાણે વૈષ્ણવનો મારગ વિષયી પુરના લોક જી ?
કોડ પહોતા કુંવરવહુના, મામેરું છે રોક જી. 14

વલણ

'રોક મામેરું મહેતોજી લાવ્યા, જૂઓ વૈષ્ણવની વિસાત રે;
અકેકી માલા આપશે ત્યારે, પહેરશે નાગરી નાત રે'. 15

## કડવું 5

### રાગ વેરાડી

સુણી શ્રીરંગ મહેતો આવ્યા ધાઈ, ભાવે ભેટ્યા બે વેવાઈ;
મળ્યો જમાઈ, જમાઈનો ભ્રાત, મળ્યો સર્વ નાગરનો સાથ. 1

કપટે ભેટી પાછા ખસે, સામગ્રી જોઈ જોઈને હસે;
ઊતરવા ઘર આપ્યું એક, મચ્છર જૂઆ માંહે અનેક. 2

વેવાઈ ગયા ઉતારો કરી, છે રસણી નાત ઘણી નાગરી;
'છે કુંવરવહુનો વૈષ્ણવ બાપ દર્શન કરીને ખોઈએ પાપ.' 3

મહેતાને જોવા હરખે ભરી ઘેર ઘેરથી ચાલી સુંદરી;
મન વિના મહેતાને નમે, 'વારુ[1] થયું જે આવ્યા તમે'. 4

માંહોમાંહે કહે નાગરી, 'મહેતો દીઠે દીઠા હરિ;
સાથ એહનો કે'વો છે ફૂટડો ! બાઈ, પરમેશ્વર એને ત્રૂઠડો. 5

કુંવરવહુનું ભાંગ્યું દુઃખ,' એમ કહીને મરડે મુખ;
'આ બલદ જૂઓ મહેતાજી તણા, બગાઈ ઓ શબ્દ કરે છે ઘણા. 6

વગાડશે માંડવામાં ચંગ, નાગરી નાતે રહેશે રંગ;
ઓ ગાંઠડી વળગણીએ લટકે, જોડું તાલનું બાંધ્યું પટકે. 7

જૂઓ તુલસીકાષ્ઠનો ભારો; - મોસાળામાં શો છે ઉધારો !
આ શંખ મહેતોજી ફૂંકશે, છાબમાં તુલસીપત્ર મૂકશે. 8

વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળું સહુ[2] થાશે !'
એમ નાગરીઓ કૌતુક કરે, ઠીઠોલી કરી પાછી ફરે. 9

કુંવરબાઈએ જાણી વાત, મોસાળું લઈ આવ્યા તાત;
ઉતાવળી મળવાને ધસી, નણદી બોલી મર્મે હસી. 10

'આ શું પિતાપુત્રીનું હેત ! સગાંને કરવા આવ્યો ફજેત;
લજાવ્યું સાત પેઢીનું નામ, સાથે વેરાગીનું શું કામ ? 11

શું મળવા ચાલ્યાં એકલાં ? એ બાપથી નબાપાં ભલાં;'
કઠણ બોલ એવા સાંભળી, કુંવરબાઈ લવ પાછી વળી : 12

1. સારૂ કગ : સારુ ઘ; ભલુ છ, 2. પૂરૂં ઘચ

'નણદી મચ્છર શો આવડો ? પૂંઠેથી બાઈ, શું બડબડો ?
સુખી પિતા હશે જે તણો, તેની દીકરીને લાભ જ ઘણો. 13
કોનો પિતા લખેશરી કહાવે, તે મારે શું કામ જ આવે ?
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર. 14
તમો મન માને તે કહો, એવો પિતા મારો જીવતો રહો.'
મર્મવચન નણદીને કહી, મહેતા પાસે પુત્રી ગઈ. 15
દૂર થકી દીઠી દીકરી, મહેતે સમર્યા શ્રીનરહરિ;
અન્યોઅન્ય નયણાં ભરી, ભેટ્યાં બેહુ અતિ આદર કરી. 16
મસ્તક ઉપર મૂક્યો હાથ, પાસે બેસાડીને પૂછી વાત :
'કહો કુંવરબાઈ[1], કુશલીક્ષેમ ? સાસરિયાં કાંઈ રાખે પ્રેમ? 17
જો રૂડો દિવસ આવ્યો, દીકરી, તો મોસાળું[2] કરશે હરિ.'
કુંવરબાઈ બોલ્યાં વિનતી, 'સામગ્રી[3] કાંઈ પાસે નથી. 18
નાગરી નાત્યે ક્યમ રહશે લાજ, ધન વિના આવ્યા શે કાજ ?
નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર. 19
નિર્ધનનું કહ્યું કો મન નવ ધરે, નિર્ધનનું સહુ કૌતુક કરે;
નિર્ધનને સહુ ઘેલો ગણે, નવ રાખે ઊભો આંગણે. 20
લોક બોલાવે દુર્બલ કહી, એથી માઠું કાંઈ બીજું નહીં;
તાત[4] કાંઈ ન કરો ઉદ્યમ તો આ અવસર સચવાશે ક્યમ? 21
નથી લાવ્યા તમે નાડાછડી, નથી મોડ ને કુંકુમપડી;
નથી માટલી, ચોળી, ઘાટ - એમ દરિદ્ર આવ્યું શા માટ ? 22
કેમ કરી લજ્જા રહેશે તાત, હું શે ન મૂઈ મરતે માત ?
માતા વિના સૂનો સંસાર, નમાયાનો શો અવતાર ? 23
જે બાલકની માતા ગઈ મરી, બાપસગાઈ સાથે ઊતરી ;
જ્યમ આથમતા રવિનું તેજ, મા વિના ત્યમ બાપનું હેત. 24
સુરભિ મરતે જેવું વચ્છ, જલ વિના જેમ તલફે[5] મચ્છ;
ટોળાંવછોઈ જ્યમ મૃગલી, મા વિના પુત્રી એકલી. 25
લવણ વિના જ્યમ ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજન;
કીકી વિના જેવું લોચન, માતા વિના તેવું બાપનું મન. 26
શું કરવા આવ્યા ઉપહાસ ? સાથે વેરાગી લાવ્યા પચાસ;
શંખ તાલ ને માળા ચંગ; એ મોસાળું કરવાના ઢંગ ? 27
નહીં તો પિતાજી, જાઓ ફરી', એમ કહી રોઈ દીકરી.
મહેતે મસ્તક મૂક્યો હાથ, 'મોસાળું કરશે વૈકુંઠનાથ. 28
પહેરામણી કરવી જેટલી, આસામી લખાવો[6] તેટલી;
લખજો સાસરિયાં સમસ્ત, વિસારશો મા એકે વસ્ત.' 29
વચન મહેતાજીનાં સુણી, કુંવરબાઈ[7] આવી સાસુ ભણી;
'મારા પિતાએ મોકલી હુંય, લખો કાગળમાં જોઈએ શુંય.' 30
મુખ મરડીને બોલી સાસુ, 'શું કાગળ ચીતરવો[8] કાંસુ !
છાબમાં તુલસીદલ મૂકશે, ઊભો રહીને શંખ ફૂંકશે ! 31

**વલણ**

ફૂંકશે શંખ ઊભો રહી, એ મોસાળું શું કરે ?'
વચને[9] વહુવરનાં સાંભળી, વળતી વડસાસુ ઉચ્ચરી : 32

---

1. સુરસેના ખ; સુરસેન્યાં ઘછ, 2. માંહામેરું ગઘ, 3. મુશાલુ કઘ, 4. પિતાજી ગઘચછ, 5. ટલવલે છ; તલપે ખ 6. પંકાવો ખ, 7. સુરસેન્યા ગઘ, 8. ચીતરવો ગઘ; વણસાડવો ક, 9. શબદ ક, સંવાદ ગઘ; વિવાદ ચ.

## કડવું 6

### રાગ મારુ

વડસાસુ ઘણું ભારે માણસ, બોલ્યાં મર્મવચન[1], વહુજી.
'વડી વહુઅર, તમે કાંઈ ન જાણો, મહેતો વૈષ્ણવજન. વહુજી. 1

જેને સ્નેહ શામળિયા સાથે તેને શાની ખોટ ? વહુજી.
પહેરામણી મનગમતી માગો, કરો નાગરી ગોઠ. વહુજી. 2

કુંવરવહુને કાગળ આપો, લખો લખાવું જેમ, વહુજી.
રૂડો વેવાઈ આંગણે આવ્યો, કોડ ન પહોંચે કેમ ? વહુજી 3

લખો પાંચ શેર કંકુ જોઈએ, શ્રીફળ જોઈએ સેં સાત, વહુજી.
વીસ મણ વાંકડિયાં ફોફળ, મળશે મોટી નાત. વહુજી. 4

પાંચ વસ્ત્રના પંચવીશ વાઘા, ચાર ચોકડી તાસ, વહુજી.
લખો પછેડી પંદર કોડી, પટોળાં પંચાસ. વહુજી. 5

સાઠ મુગટા ને સોએક શણિયાં, ઘામરીઓ ચાળીસ, વહુજી.
ધોતિયાં બ્રાહ્મણને જોઈએ, લખો કોડી ત્રીસ. વહુજી. 6

બે કોડી જરકશી સાડી, રેશમી કોડી બાર, વહુજી.
સાદી સાડી લખો ત્રણસેં, છાયલ લખો સેં ચાર. વહુજી. 7

ઘરસાડી લખો દસવીસેક, સોળ ચોકડી ઘાટ, વહુજી.
છીંટ મોરવી ટૂંકડી સોએક, લખો નવ કોડી નાટ. વહુજી. 8

મશરૂ ગજીઆણી દરીઆઈ, લખો થાન પંચાસ, વહુજી.
હજાર બારસેં લખો કાપડાં, લોક કરે બહુ આશ. વહુજી. 9

સો બસેં લખો શેલાં સાળુ, તેલપાનનો શો આંક ? વહુજી.
આશરા પડતું મેં લખાવ્યું, બાપ તમારો રાંક. વહુજી. 10

તમને સોળ શણગાર કરાવે, બાપ લડાવે લાડ, વહુજી.
ઘટે જમાઈને સોનાની સાંકળી, તેમાં અમને શો પાડ? વહુજી. 11

સહસ્ર મહોર સોનાની રોકડી, કહેતાં પામું ક્ષોભ, વહુજી.
અલ્પો ઘરડાં માટે ધર્મે લખાવ્યું, ન ઘટે ઝાઝો લોભ, વહુજી. 12

એ લખ્યાથી અદકું[2] કરશો તો તમારા ઘરની લાજ.' વહુજી.
મુખ મરડીને નણદી બોલી, 'સિદ્ધ થયાં સર્વ કાજ, વહુજી. 13

ભારે મોટા બે લખો પહાણિયા, જે મહેતાથી અપાય!' વહુજી.
ડોશી કહે, 'શું શોર કરો છો,[3] કાગળ લખતાં શું જાય? વહુજી. 14

### વલણ

શું જાયે લખતાં આપણું !' વડસાસુ વિકરાળ રે;
કુંવરબાઈએ કાગળ વાંચ્યો, પડી પેટમાં ફાળ રે. 15

## કડવું 7

### રાગ સારંગ

'ડાટ વાળ્યો રે, ડોશીએ ડાટ વાળ્યો રે;
વડસાસુ વેરણ થઈ મારે, હર્ષ હૈયાનો ટાળ્યો રે. ડોશીએ ૦ 1

મીઠાં વચન ને થોડાંબોલી, હીંડે[4] હરિગુણ ગાતી રે;
પરમારથ થઈ પત્ર લખાવ્યું, મનમાં મોટી કાતી રે.' ડોશીએ ૦ 2

કાગળ લેઈ કુંવરબાઈ આવ્યાં પિતાજીની પાસે રે;
'વડસાસુએ વિપરીત લખાવ્યું, પિતાજી, શું થાશે રે ? ડોશીએ ૦ 3

---

1. પરમ ख; પ્રેમ घ, 2. અદકેરું क,
3. કરાં છાં कच ,, 1. હઠે घ ; મુને छ

લખેશરીથી ન પડે પૂરું એવું એણે[1] લખાવ્યું રે;
સાધુ પિતાને દુઃખ દેવાને માટે સીમંત શાને આવ્યું રે? ડોશીએ ૦ 4

સહસ્ર મહોર સોનાની લખાવી,[2] નહીં વસ્ત્રનું લેખું રે;
તાતજી, હું તમારી[3] પાસે કોડી એક ન દેખું રે. ડોશીએ ૦ 5

પિતાજી તમે ગામ સધારો[4], અહીં રહે ઈજત[5] જાશે રે;
મહેતોજી કહે, 'પુત્રી મારી, રહેજો તમે વિશ્વાસે રે. ડોશીએ[6]૦ 6

શામળિયો અવસર નહીં ભૂલે, તું કાં આંસુ પાડે રે ?
દામોદરજી નથી દોહ્યલો - નહીં કરજે કાઢે રે. ડોશીએ ૦ 7

કુંવરી મારી, ઘેર પધારો, એમાં આપણું શું જાશે રે?
જો મોસાળું હરિ નહીં કરે તો ઉપહાસ એનો થાશે રે. ડોશીએ ૦ 8

પાંચાલીનાં પટકૂળ પૂર્યાં નવસેં ને નવ્વાણું રે;
એ રીતે[7] મોસાળું કરશે, થાવા દેને વહાણું રે. ડોશીએ ૦ 9

વિશ્વાસ તું હૃદેમાં રાખે, છો વૈષ્ણવની બાલ રે;
તારે મારે ચિંતા શાની ? એ કરશે પ્રતિપાલ રે.[8] ડોશીએ ૦ 10

જ્ઞાન હેત દીકરીને આવ્યું, સુણી તાતની વાણી રે;
કુંવરબાઈ ફરી[9] મંદિર આવ્યાં, વિશ્વાસ હૃદેમાં આણી રે. ડોશીએ૦ 11

## કડવું 8

### રાગ ગોડી

કૌતુક કલિયુગનાં, વૈષ્ણવની ચેષ્ટા થાય :
વાંકાબોલી નાત નાગરી, સહેજે બોલે અન્યાય રે. કૌ૦ 1

ભોજન કરવા મહેતોજી તેડ્યા[10] સાથે સહુ વેરાગી રે;
ટોળે મળી ત્યાં[11] નાત નાગરી જોઈ જોઈ હસવા લાગી રે. કૌ૦ 2

ચીર્યાં તિલક ને તુલસીમાલા, છાપાં અંગ વિરાજે રે;
'વેવાઈનું રૂપ જુઓ રે બાઈ, કંદર્પ સરખો[12] લાજે. કૌ૦ 3

મલ્હાર કરશે નહાતી વેળાં, વરસશે વરસાદ રે;
પ્રસાદ કરતાં થાળ ગાશે, જમશે જાદવનાથ,[13] કૌ૦ 4

સ્નાન કરી નાગર સૌ બેઠા, જેને જેશું મળતું રે;
નરસિંહ મહેતાને નાહવા કારણ જળ મેલ્યું કળકળતું રે. કૌ૦ 5

જ્યમ તેલ-કઢા તાતી ઉકાળી સુધન્વાને તળવા રે;
તેવું જલ વેવાણે મૂક્યું મહેતાજીને છળવા રે. કૌ૦ 6

ઉષ્ણોદક દેખીને મહેતે માગ્યું ટાઢું પાણી રે;
મર્મવચન મુખ મરડી બોલી કુંવરબાઈની જેઠાણી રે. કૌ૦ 7

'જો માંગ્યા મેઘ વરસે મહેતાજી, તો અમ કને શું માગો રે ?'
બાજઠ બેઠાં તાલ મગાવી, બોલ હૃદેમાં વાગ્યો રે. કૌ૦ 8

સમરણ કીધું શામળિયાનું, આલાપ્યો રાગ મલ્હાર રે;
ટોળે મળી[14] નાત નાગરી બોલે વ્યંગ વિચાર[15] રે. કૌ૦ 9

---

1. એણીયે ख; 2. રોકડો खग, 3. ... कख, 4. પધારો कखग, 5. લજ્જા घछ, 6. ડોશીએ સારૂં કીધું રે घ, ડોશીએ રૂડું કીધું રે गचछ, 7. પેર્યે घ, 8. ચોરાસિ લાખનિ ચિંતા કરે છે આપણે પ્રતિપાલ क; આપણને પુત્રી પાલશે સ્વામી શ્રીગોપાલ રે घ, 9. પછે ख, 10. ઉઠા खग , પધારો च, 11. સર્વ ख ને घ; છે ग, 12. કોટિ ग, 13. વૈકુંઠનાથ खग જાદવરાય च 14. મલી ત્યાં क;; મલીને च, 15. વંક વીસાલ ख વિવેકિવચાર कग

**કડવું 9**

**રાગ મલ્હાર**

મહેતો બેઠા બાજઠે, સમર્યા શ્રીગોપાલ રે;
મલ્હાર ગાયો નેહશું, મહેતે વગાડી તાલ રે. 1

'ઉપહાસ થાયે દાસનો, શામળિયા, કરજો સહાય રે;
ઉષ્ણોદક ઘણું ઊકળ્યું, નાખ્યું શ્રીફળ ફાટી જાય રે ! 2

કઢા ઉકાળી તેલની, કોપ્યો હંસધ્વજ રાય રે;
તમ કૃપાએ તેલ ટાઢું થયું, કીધી સુધન્વાની સહાય રે. 3

હૂંડી શિકારી તેં શામળા, આપ્યા રૂપૈયા સેં સાત રે;
તે વિશ્વાસે વળગી રહ્યો, વિઠ્ઠલ, મોકલો વરસાદ રે. 4

સમોવણ નહીં આપો, શામળા, તો મોસાળું કરશો ક્યમ રે?'
એવું સ્તવન મહેતાનું સાંભળી, ઘન પ્રર્યો શ્રી પરિબ્રહ્મ રે. 5

પલમાત્રમાં અભ્રઘટા થઈ, ચૌદશ વ્યાપ્યો અંધકાર રે;
ગગન વિષે ઘન ગડગડે, થાય વીજળીના ઝાતકાર રે. 6

ઊડે કોરણ ને કાંકરા, મેહ વરસ્યો મૂસલધાર રે;
વેવાઈના ઘરમાં જલ ધસ્યું, 'નાસો, નાસો'-કરે પોકાર રે. 7

નાગરીઓ સૌ પાયે પડે, 'ક્ષમા કરો અપરાધ રે;
અમો અજ્ઞાનીએ નવ ઓળખ્યા, તમે સર્વશિરોમણિ સાધ રે.' •8

શ્રીરંગ મહેતો સ્તુતિ કરે, વેવાણો માગે માન રે;
વરસાદ વિસર્જન થયો, મહેતે કીધું સ્નાન રે. 9

ઠગ નાગર કહે, 'થયું માવઠું ! એમ વરસે છે કંઈ વાર રે';
પ્રત્યક્ષ દીઠું પ્રતીત નાવી, તે કલિનો આચર રે[1]. 10

મહેતોજી ભોજને બેઠા, કરમાં લીધી તાળ રે;
ટોળું વૈષ્ણવ વેરાગીતણું ; ગાવા લાગ્યા થાળ રે. 11

**કડવું 10**

**રાગ સામેરી**

મહેતે ગાઈ પ્રસાદની થાળી, આરોગાવ્યા શ્રીવનમાળી રે;
હરિપ્રસાદ લીધો પ્રીતે રે, પછે શું થયું રજની વીતે રે? 1

**ઢાળ**

વીતી રજની કીર્તન કરતાં થયો પ્રાતઃકાળ રે,
કુંવરબાઈ કહે, 'તાતજી, કરો મોસાળાની ચાલ રે.' 2

મહેતાજી કહે, 'પુત્રી મારી, જઈ સગાંને તેડાં કરો,
વિશ્વાસ આણી હૃદે માંહે એક છાબ ઠાલી જઈ ધરો. 3

સર્વ નાત નાગર તણી પધરાવો સહકુટુંબ રે,
છે વાર નાત મળ્યા તણી, નથી મોસાળાનો વિલંબ રે.' 4

કુંવરબાઈ કહે, 'તાતજી, મુને ક્યમ આવે વિશ્વાસ રે ?
ઠાલી છાબ હું ક્યમ ધરું ? થાય લોકમાં ઉપહાસ રે.' 5

મહેતાજી કહે, 'પુત્રી મારી, છો વૈષ્ણવની દીકરી,
તારે મારે ચિંતા શાની ? મોસાળું કરશે, શ્રીહરિ.' 6

મર્મવચન સુણી તાતનું, સાસુ કને આવી વહુ,
'પિતા મારો મોસાળું કરે છે, બાઈ ! સગાં તેડાવો સહુ.' 7

1. પારખું માન્યું નહીં क ; માને નહીં આચાર ख કલજુગનો પ્રતિકાર क ; પ્રતીત નાવી એ કલિયુગનો મહિમાય घ ; તોહે ન માન્યું કલીતણો પ્રતાપ રે च.

પંડ્યે ખોખલે તેડાં કીધાં, મળ્યું આખું ગામ રે;
વિચાર વેવાઈ શ્રીરંગ મહેતો, 'જાશે મૂકી મામ રે.' 8

મંડપ માંહે મહેતોજી આવ્યા, હાથમા ગ્રહી છે તાલ રે;
નાગર સર્વ બેઠા થઈ મર્મે, કહે, 'જે ગોપાળ રે.' 9

મગાવી એક છાબ ઠાલી ચોકમાં આણી ધરી;
મહેતેજીએ શંખ પૂર્યો, વિનતિ શ્રીહરિની કરી. 10

## કડવું 11

### રાગ મારુ

મહેતે વજાડ્યો શંખ, સમર્યા વનમાળી;
લાગી હસવા ચારે વર્ણ, માંહોમાંહે દે તાલી. 1

'મોસાળાના ઢંગ વેવાઈએ માંડ્યા;
નાગરના વહેવાર એણે સર્વ છાંડ્યા. 2

છાપાં તિલક ને તાળ, જુઓ તુલસીમાળા;
નરસૈંયો કરશે નૃત્ય, ગાશે ટોપીવાળા.' 3

જોવા મળી નાગરી નાત્ય, બહુ ટોળેટોળાં;
મુખ મરડી કરે વાત, 'આપશે ઘરચોળાં.' 4

બહુ નાની મોટી નાર મંડપમાં મળી;
કરે વાંકી છાની વાત સાકરપેં ગળી. 5

મહેતાને કહે, 'જે શ્રીકૃષ્ણ,' હસી પૂઠું જોતી;
શોભે અધર ઉપર અતિ વેસરનાં મોતી. 6

સજ્યા સોળ શણગાર, ચરણાં ને ચોળી,
જોબનમદમાતી નાર કરે બહુ ઠીઠોલી. 7

માળા મોતી હાર ઉર ઉપર ઢળકે;
જડાવ ચૂડો હાથ ઉપર કંકણ ખળકે. 8

છૂટે અંબોડે નાર, વેણી લાંબી છે;
કોને ઝાંઝર ઝમકે પાય, કડલાં કાંબી છે. 9

નાનાં તિલક રસાળ, ભાલે કીધાં છે;
રમાડવા સરખાં બાળ, કેડે લીધાં છે. 10

કોઈ જોવા ઠાલી છાબ, અબળા ઊઠે છે,
કોઈ વહુઆરુ લજ્જાળ નણદી પૂંઠે છે. 11

શીખવી બોલાવે બાળ, વારી રાખે છે;
કો વાંકાબોલી નાર, વાંકું ભાખે છે : 12

'કુંવરવહુનો બાપ કરશે મામેરું;
લઈશ પટોળું શ્રીકાર, સાડી નહીં પહેરું. 13

વૈષ્ણવને શાની ખોટ ? કંઠે માળા છે !
વેવારીઆ દસવીસ, ટોપીવાળા છે ! 14

'કુંવરવહુને ધન્ય, પિયરપનોતી છે !
બાપ વજાડે શંખ, સાધર[1] પહોંતી છે !' 15

વાંકાબોલા વિપ્ર બોલે ઉપહાસે;
'મૂકો છાબ માંહે બે પહાણ, ઊડી જાશે.' 16

મૂક્યો દીકરીએ નિઃશ્વાસ, આવી પિતા પાસે;
મહેતે કીધી સાન, 'રહેજે વિશ્વાસે.' 17

1. સાદર खगज ; સાહાધર क

**વલણ**

'વિશ્વાસ રાખે દીકરી,' કરમાં લીધી તાલ રે,
કાગળ મૂક્યો છાબમાં સમર્યા શ્રીગોપાળ રે. 18

## કડવું 12

**રાગ સારંગ**

ઠાલી છાબમાં કાગળ ધરી નરસિંહ મહેતે સમર્યા હરિ;
વેરાગી સર્વ પૂંઠે ગાય, નાગરને મન કૌતુક થાય. 1
વાંકાં વચન વદે વેદીઆ, મહેતો માધવશું ભેદિયા;
'જુઓ છાબમાં મૂકી સાર, ઓ દીસે કમખાની હાર !' 2
તે બોલ અંતરમાં નવ ધરે, મહેતો સ્તુતિ માધવની કરે :
જય દામોદર બાલમુકુંદ, નરકનિવારણ, નંદાનંદ. 3
વ્રજેશ્વર, વૃંદાવનચંદ, દેવકીનંદન, આનંદકંદ;
ગોપીનાથ, ગોવિંદ ગોપાલ, હું સેવકની લેજો સંભાળ. 4
મોસાળાની કરજો ચાલ, વદને કીર્તન હાથે તાલ;
ન્યાત નાગરી બોલે અપાર, છે ઘણો દોહ્યલો લોકાચાર. 5
લજ્જા રાખજો આણીવાર, મારો શેઠ તું નંદકુમાર;
મુજને છે તારો આધાર, શું કરશે પાપી સંસાર ? 6
તમો પ્રતિપાલો પોતાના દાસ, તે માટે મુજને વિશ્વાસ;
અંબરીષનો નિવાર્યો ત્રાસ, તમે ભોગવ્યા ગર્ભવાસ. 7
લીધો મચ્છ તણો અવતાર, શંખાસુર કીધો સંઘાર;
કચ્છપ રૂપ લીધું મોરાર, ચૌદ રત્ન તમે કાઢ્યાં બહાર. 8
હિરણ્યાક્ષ દૈત્યને નાંખ્યો કાપી, ધરા ઠામ કરીને થાપી;
અજામેલ સરખો જે પાપી, પુત્ર નામે મહાપદવી આપી. 9
પ્રહ્‌લાદની દોહ્યલી જાણી હેલા પરમેશ્વર પ્રગટ થયા તેણીવેલા;
ધ્રુવનો જન્મમરણ ભય હર્યો, અવિચલ પોતા સરખો કર્યો. 10
પોપટ પઢાવતી પુંશ્ચલી, વિમાને બેસી વૈકુંઠ પળી;
તમો ઉચ્છિષ્ટ આરોગ્યા બદરી, પરમ ગતિ પામી તે શબરી. 11
લગારેક ચરણ નમાવ્યું શીશ, વિભીષણ કીધો લંકાધીશ;
કુટુંબ સહિત તાર્યો તે માછી, ન પામ્યો જન્મપીડા પાછી. 12
છો દોહ્યલી વેળાના સાથી ! ગ્રાહ થકી મુકાવ્યો હાથી;
બટુકવેશ થયા વામન, જાતું રાખ્યું ઇન્દ્રાસન. 13
પ્રભુ, પાંચાલીનું દુઃખ જાણ્યું, પૂર્યાં ચીર નવસેં નવ્વાણું;
કૌરવથી જિતાડયો પાર્થ, કુરુક્ષેત્રમાં હાંક્યો રથ. 14
રુકમાંગદ તાર્યો સંસાર હરિશ્ચંદ્રની કીધી વાર;
શંખ પૂજતો રાજકુમાર , ચન્દ્રહાસ રાખ્યો ત્રણ વાર. 15
તમે સુધન્વા બળતો રાખ્યો, જો પિતાએ પેણામાં નાખ્યો;
જો વહેરતાં નવ રોયો રજ તો મુક્તિ પામ્યો મોરધ્વજ. 16
ખાંડવવનમાં ખડહેર રાખી[1], ગજઘંટા તે ઉપર ઢાંકી;
વિદુરની આરોગ્યા ભાજી, તેની પ્રીત્યે થયા રાજી. 17
સુદામાના લેઈ તાંદુલ, નવનિધિ આપી છે બહુમૂલ;
મદ મઘવાના મનનો હર્યો, લીલાએ ગોવર્ધન ધર્યો. 18
દાવાનલ પીધો વન માંહ્ય, ઉગાર્યાં તમે ગોપી ગાય;
કુબજાની તમે લીધી અર્ચા, લોક તણી સહી તમે ચર્ચા. 19

1. ખાંડવવન ખરલીધાં રાખી જ; કુરુક્ષેત્રમાં ઇંડા લીધાં રાખી જ.

અનાથબંધુ, દીનદયાળ, સેવકની લેજો સંભાળ;
ડાહ્યા દામોદર છો દક્ષ, હું સરખા સેવક છે લક્ષ. 20

મારે એક તમારી પક્ષ, પરમેશ્વર થાજો પ્રત્યક્ષ;
મારે મસ્તક દુઃખનાં વૃક્ષ, એ વાતે આપણી લાજે પક્ષ. 21

ધનવંત છે નાગરી નાત, તેમાં દુર્બલ મારી જાત;
જો ભૂખે દમાયે તેત્રીસ ક્રોડ તો કલ્પવૃક્ષને લાગે ખોડ. 22

શોભા વૈષ્ણવની જો ગઈ તો કલા તમારી ઝાંખી થઈ;
મુને સગાં લાગ્યાં થઈ જમ, તમને નિદ્રા આવે ક્યમ ? 23

સગાં સહુ બેસાર્યાં આણી, પુત્રીના કરમાંહી પિંગાણી.
કંકુવિહોણી કંકાવટી, કુંવરબાઈના મનમાં ચટપટી;
મધ્યાહ્ન ઉપર થઈ બે ઘટી, વહેલા આવો વેળા વટી. 24

છે કુંવરબાઈ તારે આશરે, હું દુર્બલથી અર્થ ન સરે;
શું સૂતો વૃંદાવન માંહ્ય ? કે રાધાજી ચાંપે પાય ? 25

લલિતા, વિશાખા, ચંદ્રાવલી-એ નારી તુને નૌતમ મળી ?
જાગી જો રે જાદવપતિ, સાંભળ સેવકની વિનતી. 26

કબીરને તમે કરુણા કરી, સમર્યે દર્શન દીધાં હરિ;
ભક્ત એક નામદેવ દરજી, તેનું પય પીધું તમે હરજી. 27

ત્રિલોચનનું મહાદુઃખ હર્યું, સેવક થઈ તમો પાણી ભર્યું;
અભયદાન કોળીને દીધું, મીરાંબાઈનું તે વિષ પીધું. 28

સેના માટે નાપિત થયા, વપન કરવા વિઠ્ઠલ ગયા;
હું તમને નવ સંભારતો, લાવતો ઘાસ, મહિષી ચારતો. 29

ન જાણતો ધોળા ઉપર કાળો, ભાભી મુજને કહેતી ગોવાળો;
સદાશિવે મુને કીધો દાસ, દેખાડ્યો મુને અખંડ રાસ. 30

મેં જોયો તારો વિવિધ વિલાસ, તેવો મેં કીધો અભ્યાસ;
લોક મુને બોલે ઉપહાસ, મારે મન તારો વિશ્વાસ. 31

જેને બોલાવીએ પોતાનો કહી, તેને ત્રિકમજી તજીએ નહીં;
ખીચડો જમાડવા આવ્યા નાથ, હું માટે કીધા પંચ હાથ. 32

હું મધરાતે તરસ્યો, ઝારી લેઈને પાયું પાણી;
હું સાચો કીધો કોઠીવાલ, હૂંડી શિકારી શ્રીગોપાળ. 33

તે રીતે મોસાળું કરો, ઠાલી છાબ સોનૈયે ભરો;
જો નહીં આવો સુંદરશ્યામ, તો નાગર સાથે છે કામ ! 34

**વલણ**

નાગર સાથે કામ છે, સમજી લેજો વાત રે;
સુણી નરસૈંયાની વિનતિ, ઊઠી ધાયા વૈકુંઠનાથ રે. 35

## કડવું 13

**રાગ મારુ**

નરસૈંયાનું દુઃખ જાણી રે, ઊઠી ધાયા પુરુષપુરાણી રે;
થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મી થયાં શેઠાણી રે. 1

નંદ સુનંદ ગરુડ સાથે રે, વસ્ત્રગાંઠડી તેહને માથે રે;
રથ ઉપર બેઠા શ્રીગોપાળ રે, ધોરીને ઘમકે ઘૂઘરમાળ રે. 2

લોકે ઓળખ્યા નહીં જુગદીશ રે, સાથે વાણોતર દસવીસ રે;
સહુ જોઈ જોઈ વિસમે થાય રે, પ્રભુ આવ્યા તે મંડપ માંહ્ય રે. 3

છડીદારે વાટ મુકાવી રે, નાગરી નાત તે જોવા આવી રે;
આ વહેવારીઓ કોઈ આવ્યો રે, સાથે ગાંઠડીઓમાં લાવ્યો રે. 4

કો ન જાણે ત્રિભુવનભૂપ રે, વિઠ્ઠલે[1] લીધું વાણિયાનું રૂપ રે;
રથ ઉપરથી ઊતરિયા રે, હરિ સભામાંહી સંચરીઆ રે. 5

ભટ દર્શને ખોળ્યો ન લાધે રે, જેને ઉમયાપતિ આરાધે રે;
ન જડે ધ્યાને દાને બહુ જાગે[2] રે, તે હરિ હીંડે અણવાણે પાગે રે. 6

જે ચૌદ લોકનો મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે;
વાઘો શોભે કેસર છાંટે રે, બાંધી પાઘડી અવળે આંટે રે. 7

નેત્રપટ શ્રવણે અડિયાં રે, કાને કુંડલ હીરે જડિયાં રે;
એક લેખણ કાને ખોસી રે, ધર્યું નામ દામોદર દોશી રે. 8

ઝીણા જામા પટકા ભારે રે, હરિ હળવે હળવે સધારે રે;
ખભે પછેડી ઓઢી નાથે રે, બેહુ છેડા ઝાલ્યા હાથે રે. 9

વીંટી વેલિયાં આંગળિયે રે, સાદાં મોજાં પહેર્યાં શામળિયે રે;
ઘણા વાણોતર છે સાથે રે, કોણે ઝોળો ગ્રહ્યો છે હાથે રે. 10

સેવક સેવામાં સજ જાણી રે, પ્રભુ પૂંઠે કમળારાણી રે;
ઊતર્યાં નાગરીઓનાં અભિમાન રે, જાણે ઊગ્યા શશીઅર ભાણ રે ! 11

ભાલે ભમર અતિ વિરાજે રે, શશીફૂલ રાખડી છાજે રે;
વિશાળ લોચન ચંચળ ચાલે રે, કે શું ખંજન પડિયાં જાળે રે ! 12

છે અધરબિંબ પરવાળી રે, ઉપર ઢળકે વેસર વાળી રે;
બાજૂબંધ ગલુબંધ માલ રે, હાર નવસર ઝાકઝમાળ રે. 13

કટિ ઘમકે ક્ષુદ્રઘંટાલી રે, પહેરણ પચરંગી ફાલી રે;
ઝમકે ઉજ્જ્વલ ઝાંઝર પાગે રે, વીંછીઆ અણવટ છંદે[3] વાગે રે. 14

પહેરી નવરંગ પટોળી રે, જુએ મર્મે નયણાં ઘોળી રે;
જડાવ ચૂડો કર ખલકાવે રે, માયા મહેતી રૂપે આવે રે. 15

મોહી સભા અંબાને નીરખી રે, દેવી દીસે વાણીઅણ સરખી રે;
લલિતા વિશાખા બે પાસી[4] રે, છે ભક્તિ મુક્તિ ચાર દાસી રે. 16

આવ્યા જોડે[5] દેવાધિદેવ રે, મહેતે ઓળખ્યા હરિ તતખેવ રે;
'ભલે આવ્યા, શેઠ શામળિયા રે,' મહેતો માધવજી શું મળિયા રે. 17

ભેટતાં બોલ્યા સુંદરશ્યામ રે, 'મારું પ્રગટ ન લેશો નામ રે;
રખે વાત અમારી ચર્ચો રે; તમારે જે જોઈએ તે ખરચો રે. 18

કુંવરબાઈના પૂરો કોડ રે.' એમ કહી બેઠા રણછોડ રે;
સભા સહુ સાંભળતાં રે, હરિ વચન બોલે છે વળતાં રે : 19

'જાઓ શેઠાણી, દુઃખ કાપો રે, કુંવરબાઈને હઈયાશું ચાંપો રે;'
એવું કહેતાં કમળા હીંડ્યાં રે, કુંવરબાઈને હૃદયાંશું ભીડ્યાં રે. 20

'મારી મીઠી મ[6] ભરીએ આંસુ રે, તેડો ક્યાં છે તમારી સાસુ રે;'
મળી નાગરીઓ સેં બે ચાર રે, જોઈ રૂપ મેલ્યો અહંકાર રે. 21

વેવાણ કમળાને પૂછે રે, 'મહેતા સાથે સગપણ શું છે રે ?'
કોકિલાસ્વર સુધારસ વાણી રે, તવ હસી બોલ્યાં શેઠાણી રે : 22

'વેવાણ, તમોએ નવ જાણીઆં રે, મહેતો બ્રાહ્મણ ને અમો વાણીઆ રે?
વેપાર દોશીનો, ઘેર કોઠી રે, અમને ઓથ નરસૈંયાની મોટી રે. 23

અમો ધન મહેતાજીનું લીજે રે, વેપાર કાપડનો કીજે રે;
અમે આવ્યાં મોસાળું કરવા રે, ઠાલી છાબ તે વસ્ત્રે ભરવા રે. 24

---

1. વાલે ज ; નાથે ख 2. ગાય कखग 3. બહુ ग; ઠમક च 4. પાશ ज; પાસે च
5. જો क; છે ख, જાણ્યું ज 6. માં क, ન चज

મહેતે જે જે વસ્ત્ર મગાવ્યાં રે, અમે લખ્યા પ્રમાણે લાવ્યાં રે;'
એવું કહી બેઠાં શેઠાણી રે, સહુ નાગરી સાંસે ભરાણી રે. 25

તેડ્યા શ્રીરંગ મહેતો વેવાઈ રે, ભાવે ભેટ્યા શ્રીજદુરાઈ રે;
ત્યારે વિસ્મય થયા સહુ નાગર રે, ભરી છાબ તે કરુણાસાગર રે. 26

મહેતાને કહે વનમાળી રે, 'કરો પહેરામણી સંભાળી રે.'

**વલણ**

'સંભાળી કરો પહેરામણી', એમ કહે સુંદરશ્યામ રે;
'વળી ઘટે તેવું સોંપજો અમ વાણોતર સરખું કામ રે.' 27

## કડવું 14

**રાગ મારુ**

મહેતાજીએ તેડી દીકરી, 'આ છાબ જુઓ શામળિયે ભરી;
પહેરાવો સહુ નાત નાગરી, આ અવસર નહીં આવે ફરી.' 1

કંકાવટી કરમાંહે ધરી, સાસુ પાસે વહુ સંચરી;
હાસ કરી ગર્વે ઉચ્ચરી, "વસ્ત્ર આપો બાઈ વહેંચી કરી. 2

વૈષ્ણવ કહીને દેતાં ગાળ, 'એ શું મામેરું કરશે કપાળ!'
તમો નિંદતા તુલસી ને તાળ, તે તાળે વશ કીધા ગોપાળ ! 3

જુઓ, કમાઈ દુર્બળ તણી ! જીવે છે ગુણ હરિના ભણી;
જો લખ્યાથી હોય આશા ઘણી, માગી લેજો, બાઈ પહેરામણી!" 4

સાંભળી કુંવરવહુની વાણી, સાસુએ તેડ્યાં ગોરગોરાણી;
પૂજ્યા પાય કરમાં પિંગાણી, ઉમામહેશ્વર આપ્યાં આણી. 5

નાગરની ભીડ ઘણી ભાળી, પછેડીની પલવટ વાળી;
આવ્યા છાબ પાસે વનમાળી, છોડી ગાંઠડી વસ્ત્ર આપે ટાળી. 6

મહેતોજી કહે, 'લ્યો દીકરી, સસરાને આપો પામરી;'
ગડી જરકસી વાઘાની કરી, હેમસાંકળી ઉપર ધરી - 7

'વરના મુખ આગળ જૈ ધરો, નીચું જોઈને પાછાં ફરો;
પહેરામણી મનગમતી કરો, રખે પાછું કો પગલું ભરો.' 8

સજોડે તેડ્યાં જેઠજેઠાણી, આઠ વસ્ત્ર પહેરાવ્યાં આણી;
પ્રીતે પૂજ્યાં દિયરદેરાણી, બુસટિયો તવ બોલ્યો વાણી : 9

'જ્યાં નરસૈંયો ત્યાં નવ નિધિ', દિયરિયો બેઠો હઠ કીધી;
પાંચ મહોર સોનાની લીધી, પછી પહેરામણી ચાલતી કીધી. 10

કુંવરબાઈ પિતા કને આવી, નણદીએ પહેરામણી અટકાવી;
રાખડી બે તોલાની લાવી, દસ તોલા આપી સમજાવી. 11

આપ્યા સાસુને સોળ શણગાર, પહેરાવી કીધો નમસ્કાર;
તવ કોપ્યાં વડસાસુ અપાર, કુટુંબ સહુકોને[1] કીધો તુચ્છકાર. 12

**વલણ**

તુચ્છકાર કીધો ડોસીએ, 'હવે પહેરામણી પહેરું નહિ;
વડી વહુ આગળ થઈ, હું ઘરડી તે પાછળ રહી[2] !' 13

## કડવું 15

વડી વેવાણ રિસાવ્યાં જાણી લક્ષ્મી પાસે આવ્યાં જી;
સારું ખીરોદક[3] ખાંધે મૂકી ડોશીને સમજાવ્યાં જી. 1

---

1. કટુંબને क ; સર્વ કુટુંબને ख
2. એમ કહી ઊઠી નીસરી જઈ મંડપ બારે રહી क ; ઘરડી ડોસી પાછી રહી छ
3. ચીરોદક ग

જયજયકાર થયો મંડપમાં, સહુને હરખ ન માય જી[1];
મનગમતી પહેરામણી દેખી, તડેતડાં થાય જી. 2

ઘેર ઘેર વાત થઈ નગરમાં, 'મહેતો કરે મામેરું જી;'
વિચાર કરતી અબલા ધાયે, 'મનગમતી સાડી પહેરું જી.' 3

ચારે વર્ણ જે ચરણે ચાલે, આવ્યા[2] મંડપ માંહે જી;
પલવટવાળી શ્રીવનમાળી ઊભા છે તે ત્યાંયે જી. 4

મહેતો ઊભા તાલ વજાડે, ગાય વેરાગી ગીત જી;
શીખવે સાસુ કુંવરવહુને પહેરામણીની રીત જી. 5

શ્રીરંગજી શામળિયો મહેતો પામ્યા ઝીણાં શેલાં જી;
હેમજી ખેમજી મહેતાને ખીરોદક ખાંધે મેલ્યાં જી. 6

કળાય કોને, પામરી પટકા, નામ ન જાયે ગણિયાં જી;
કોને મુગટા, કોને સોળાં, કોને સેલાં શણિયાં જી. 7

કોને ટૂંકડી, કોને ગજિયા[3], કોને સાહબીસાર જી;
ગોશપેચ[4] પાઘડીઓ ચીરા તોરા લટકે અપાર જી. 8

જરતારા જામા અતિ ઉત્તમ, પછેડી પાલવબંધ જી;
વસ્ત્ર તણો વરસાદ જ વરસે, દોશી કરુણાસિંધુ જી. 9

થરમા ઉજ્જ્વલ કોને કોરાં, વેઢ વીંટીઓ છાપ જી;
દુગદુગી માળા ને માદળિયાં, નહીં મોતીનો માપ જી. 10

કંદોરા, દોરા, હીરાકંઠી, પહોંચી સાંકળી સોહે જી;
કોને માળા, કોને કડીઓ, દેખીને મન મોહે જી. 11

પહેરામણી પુરુષને પહોંચી, હવે તેડ્યો અબલાસાથ જી;
પિયળ કાઢી ખાંધે મૂકે પટકૂળ નાના ભાત જી. 12

ગંગાવહુને ગજિયાણી સાડી, સુંદરવહુને સાળુ જી;
ગોરે અંગે સબળું શોભે માંહ્ય કાંપડું કાળું જી. 13

છબીલીવહુને છાયલ ભારે, ભાત રાતી ધોળી જી;
કોડવહુને કલઘેર આપી, પ્રેમવહુને પટોળી જી. 14

રામકુંવરને, કૃષ્ણકુંવરને, આપ્યા ભારે ઘાટ જી;
છલવહુને છીટ જ આપી, નાની વહુને નાટ જી. 15

પાનવહુને પીતાંબર આપ્યું, તાસતો બચ્ચીબાઈ જી;
રૂપકુંવરને રાતો સાળુ, દેવકુંવરને દરીઆઈ જી. 16

જસમાદે ને જશોદાબાઈ, જમના, જાનકીવહુ જી;
ચરણાં, ચોળી ને ઘરસાડી પહેરી ઊભી સહુ જી. 17

વાનબાઈ ને વેલવહુ ને રંભાવતી ને રહીયાં જી;
જૂના કાઢી નવાં પહેરાવે, હેઠાં મૂકી છૈયાં જી. 18

છાબ કને છબીલોજી બેઠા, જે જોઈએ તે આપે જી;
મજીઠિયાં મશરૂ ને કમખા, ગજે ભરી ભરી કાપે જી. 19

પાટ, પીતાંબર, અતલસ, અંબર, ચોહોલેરાંને ચીર જી;[5]
સાડી જરકશીની, ઓઢણીઓ, અલેખે આપ્યાં ચીર જી.[6] 20

કેસર છાંટ્યા ધોળા સાળુ, ફરતી ઝળકે કોર જી;
ચંદ્રકળા ને મોરવી સોહે, દરીઆઈ માંહે દોર જી. 21

1. ગીત ગાયે છે રંભાજી कच 2. આવી च આવે छ 3. કેહેને આનંદ છે ઘણો છે क
4. ગુશપેશ પાઘડીને ચીરા ख ગોસપેચ પાઘડીએ ચીરો क ગોસપેચ પાઘડીઓ ચીરા ज
5. ચોલે રાને ચીરજી छ 6. લક્ષ આપ્યાં ઘેરઘેરજી च

અતલસ પાંચપટા નારંગી, સોએક અનેરાં આપ્યાં જી;[1]
ભૂષણ સોનારૂપાં કેરાં આપીને સ્થિર સ્થાપ્યાં જી. 22

કોને અકોટી, કોને ત્રોટી, ગલુબંધ બહુમૂલ્ય જી;
કોને ભમર, કોને સેંથો, તરસેથિયાં શીશફૂલ જી. 23

કો મહેતા પાસે માળા માગે ઊભી રહી કર જોડે જી;
કેટલીએક પોતાનું લૈને, બાળક આગળ ઓડે જી. 24

**વલણ**

ઓડે બાલક જાણે કાંઈક આપે, મનવાંછિત પામ્યાં સહુ;
સાસરિયાંનું મહેણું ટળિયું, 'પિયરપનોતી કુંવરવહુ'. 25

## કડવું 16

### રાગ ધન્યાશ્રી

કોડ પહોંત્યા કુંવરવહુના, ભાગ્યું ભવનું મહેણું જી;
મનવાંછિત પહેરામણી પામ્યાં જેને જેવું લહેણું જી. 1

નાગર નાત, કુટુંબ, પાડોશી, ચાકર, કોળી, માળી જી;
પહેરામણી સૌ કોને પહોંતી - વાચા પ્રભુજીએ પાળી જી. 2

સોળ શણગાર કુંવરીને આપ્યા દીધું પુત્રીને માન જી;
છાબમાં બે - પહાણ કનકના મૂકી થયા અંતર્ધાન જી. 3

સભા સહુ કો વિસ્મય પામી; 'અલૌકિક શેઠશેઠાણી જી,'
મહેતાને સહુ કો પાયે લાગે, ભક્તિ સાચી જાણી જી. 4

કુંવરબાઈની નણદી આવી, બડબડતી મુખ મોડ જી;
'પહેરામણી કોને નવ પહોંતી' - કાઢી એક કાપડાની ખોડ જી. 5

'પહેરામણી પરન્યાતી પામ્યાં, ગયાં ઘરનાં માણસ ભૂલી જી;
એક કકડો કાપડું ન પામી પુત્રી મારી ફૂલફૂલી જી. 6

મુને આપ્યું તે લ્યો, ભાભી, પાછું રાખડી બંધામણ જી;
નામ મહેતો પણ નો'ય નેગિયો[2], દીસે દુર્બલ બ્રાહ્મણ જી.' 7

કુંવરબાઈ પિતા કને આવી, 'હવે તાત શું થાશે જી ?
આટલું ખરચ્યે મહેણું રહ્યું માથે, હવે કેમ જીવાશે જી ? 8

વીસરી દીકરી નણંદ કેરી, નાનબાઈ તેનું નામ જી;
છ મહિનાની છે છોકરી તેને એક કાપડાનું કામ જી.' 9

મહેતોજી કહે, 'મારી પુત્રી, સમરો શ્રીગોપાલ જી;
મુજથી એક તાંતણો નવ પામો, બેઠો વજાડું તાલ જી.' 10

ફરી ધ્યાન ધર્યું માધવનું, ત્રિકમજી, રાખજો ટેક જી;'
પચરંગી ગગનવિષેથી પડ્યું કાપડું એક જી. 11

નણંદ સંતોષી કુંવરબાઈની, મહેતોજી માગે વિદાય જી;
સહસ્ર મહોર, સોનાના પહાણા મૂક્યા તે છાબ માંહ્ય જી. 12

નગર[3] લોક સહુ પગે લાગે, પૂજા કરે[4] વખાણ જી;
જૂનેગઢ મહેતોજી આવ્યા, સમર્યા સારંગપાણિ જી. 13

વીરક્ષેત્ર[5] વડોદરું ગુજરાત મધ્યે ગામ જી;
ચતુર્વિંશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ્ટ પ્રેમાનંદ નામ જી. 14

સંવત સત્તર ઓગણચાળીસ, આસો સુદ નોમ રવિવાર જી;
પૂરણ ગ્રંથ થયો તે દહાડે, કર્યો બુદ્ધિ અનુસાર જી. 15

1. સોનેરી અતિ આપ્યાં ક 2. નોહે નાગર ખ 3. નાગર ચજ
4. વલિવલિ કરે ક; પૂછે કરે જ 5. ચોવીસા છે ક

પ્રીત્યે કરીને ગાય સાંભળે તેનું દરિદ્ર તે જાય જી,
બહુ કર જોડી કહે પ્રેમાનંદ, રાખો હરિ હૃદયા માંહ્ય જી.[1] ૧૬

## ટિપ્પણ

### કડવું 1

**(મંગલાચરણ, કથાવસ્તુનિર્દેશ અને પ્રાસ્તાવિક પૂર્વકથા)**

**કડી-1.** શ્રીગુરુ, ગણપતિ અને શારદાના સુખદાયી સ્મરણ સાથે આખ્યાનનો આરંભ. સંસ્કૃત મહાકાવ્યની જેમ અહીં પણ પ્રાર્થનાથી મંગલ આરંભ કરવાની પ્રણાલીનું થતું દર્શન. 'નળાખ્યાન'માં શંભુસુત (ગણપતિ) અને સરસ્વતીને, 'રણયજ્ઞ'માં ગણપતિ અને સીતાના સ્વામી(રામ)ને આરંભે વંદતો કવિ, 'સુદામાચરિત' અને 'મામેરું'માં ગુરુને પ્રથમ યાદ કરે છે. ગુરુ દ્વારા ગોવિંદનો ભાવ એના હૃદયમાં પણ સ્ફૂર્યો હશે ?[2] તરત જ, બીજી જ પંક્તિમાં, જેમ 'નળાખ્યાન'માં 'આદરું જોડવા જશ નૈષધતણો રે' કે 'રણયજ્ઞ'માં 'લીલા રઘુપતિ વર્ણવું રે' કે 'સુદામાચરિત'માં 'ભગવદ્ લીલા ભાખું' તેમ અહીં, 'મનમુદા કહું મામેરું મહેતાતણું રે' એમ કહી કાવ્યવિષયનું સૂચન કરી દે છે.

પ્રથમ કડીનું લયમાધુર્ય જ કાન અને મનને મુદા અર્પનારું છે. કાવ્યના આરંભે જ કવિનો આનંદ શબ્દ અને અર્થમાં છલકાઈ ઊઠ્યો છે. મનની પ્રસન્નતા સાથે - મનના આનંદ સાથે - મહેતાના મામેરાની કથા કહેવા એ ઉત્સુક બન્યો છે. પુનિતનિર્મળ ભક્તકથાએ કવિના હૈયામાં વિમલ આનંદજલની સરવાણીઓ પ્રગટાવી છે. કવિનો ઉલ્લાસભાવ અર્ધ પંક્તિની સ્વરરચનામાં પણ ઉછાળા મારી રહે છે. અન્ય પ્રતોમાં 'મનમુદાયક' અને 'રસાલું' વિશેષણો તરીકે મળે છે એ જુઓ.

**ગણપતિ** - ગણ. શિવના અનુચરોનો સમૂહ + તેનો પતિ, ગણેશ.

**શારદા** વિદ્યાની દેવી, સર્વનિધિ આપનાર તેમનું સુખદાયી સ્મરણ. સદા સમરું કે સર્વસુખદાયીને સમરું એવો અર્થ પણ ઘટાવી શકાય.

**મામેરું** - પ્રેમાનંદે આ આખ્યાનમાં મામેરું અને મોસાળું એ બંને શબ્દો સમાન અર્થમાં વાપર્યા છે. મામા તરફથી થતું તે મામેરું ; મોસાળ તરફથી એ કરવામાં આવતું હોવાથી 'મોસાળું' પણ કહેવાય છે. मामगृहकम् (माम् - મામા) मामहरअं-मामहरउं - मामहिरुं - મામેરું. હસ્તપ્રતોમાં 'માહામેરું' મળે છે. (मातृशालकम् मातुःशाल-માનું ઘર) પરથી મોસાળું. મહેતાએ પૂરેલું કુંવરબાઈનું મામેરું.

**2-3.** અહીંથી નરસિંહની પૂર્વકથા આરંભાય છે. એનો સંક્ષેપમાં અપાતો પરિચય જુઓ. જુનાગઢના આ ભક્ત બ્રાહ્મણે, તે સાધુ સંતોનાં ટોળાંમાં જ રહેતો હોવાથી ભાભીએ **કુવચન** કહેતાં, ઘરત્યાગ કરી તપકાજે વનગમન કર્યું. નરસિંહે પોતે 'શામળદાસનો વિવાહ'માં ગાયું છે :

મરમ વચન કહ્યાં મૂજને ભાભીએ તે, મારા મનમાં રહ્યાં વલૂધી
શિવજી આગળ જઈ એક મનોરથ, સ્તુત્ય કીધી દિવસ સાત સુધી.

અન્ય પ્રતોમાં 'કૂડું વચન', 'કઠણ વચન' પણ મળે છે, પરંતુ 'એકવચન' વાળો પાઠ સ્વીકારી શકાય એવો નથી. 'ભાભીએ' અને 'કવચન' ભેગાં થઈ 'એક વચન' બની ગયું લાગે છે ! પ્રથમ કડીનો ઉત્તરાર્ધ બીજી કડીના આરંભે બેવડાયો.

---

1. કહે પ્રેમાનંદ પરમેશ્વરને રાખો હૃદયા માંહ કચ;
   એવું જાણી જે ભક્તિ આદરે તેને સન્મુખ વૈકુંઠનાથજી.

   વલણ

   વૈકુંઠનાથ સન્મુખ હોય જો નીર્મલ મનેં સાંભલે,
   ભટ પરમાનંદ વીનવેં તેને પ્રભુજી નિશ્ચે મલેં. ज

   પુષ્પિકા

   क- શ્રી રામચંદ્ર પ્રસન્નોડસ્તુ

   ख - નરસિંહ મહેતાનું માંહામેરું સમાપ્ત :
   સંવત 1842ના વર્ષે શાકે 17 ફાગણ વદ 4ને શનિવાર દિને,

   च-इति પેટલાદ મધ્યે લા. શિવચરણરજ ઈશ્વરરામ
   દાજીયે સં. 1873ના પ્રથમ શ્રાવણ સુદ 13 રવિવારે
   સંપૂર્ણ. શ્રી સોમનાથ મહાદેવની કૃપા છે. સમાપ્ત :

   ज- ઇતિ નરસેં મેતાનું મામેરું પરમાનંદ કૃપા સંપૂર્ણ. શ્રી રસ્તુ કલ્યાણમસ્તુ શુભં ભવતું. શ્રી

2. ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગૂં પાય ।
   બલિહારી ગુરુ આપને, જિન ગોવિન્દ દિયા બતાય ॥ (કબીર)

# એકમ 1   1 અને 2 કડવાંની રસલક્ષી, સ્વાધ્યાયલક્ષી સમીક્ષા

**રૂપરેખા**

1.0 ઉદ્દેશો

1.1 ભૂમિકા

1.2 રસલક્ષી સમીક્ષા

1.3 વસ્તુલક્ષી કસોટી

1.4 ચાવીરૂપ શબ્દો

1.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 1.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમમાં 'કુંવરબાઈનું મામેરું'ના પહેલા અને બીજા કડવાની કથાલક્ષી સમીક્ષા દ્વારા તમે -

- પહેલા અને બીજા કડવાનો રસલક્ષી આસ્વાદ માણશો.
- મધ્યકાલીન ગુજરાતી આખ્યાનસ્વરૂપનો આરંભ કવિ કેવા પ્રકારે કરતો હોય છે તેના વિષે જાણશો.
- વસ્તુની રજૂઆતમાં આખ્યાનકાર પ્રેમાનંદની લાઘવની કલાનો પરિચય મેળવશો.
- ભક્તકવિ નરસિંહ મહેતાના પૂર્વજીવનમાં કેટલાક પ્રસંગો વિષે માહિતી પ્રાપ્ત કરશો.
- સંસારી નરસિંહનું સાચા ભક્તમાં થતું પરિવર્તન નિહાળશો.
- કથામાંના મુખ્ય ત્રણ ચમત્કારમાંથી એકના પરિચય દ્વારા કલાકૃતિમાં ચમત્કારના સ્થાન વિષ વિચારતા થશો.
- એકમના અભ્યાસ દ્વારા પહેલા-બીજા કડવાની ભાષાકીય વિશેષતા વિષે જાણશો.

## 1.1 ભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આખ્યાનકાર શિરોમણિ પ્રેમાનંદ પાસેથી 'નળાખ્યાન', 'સુદામાચરિત્ર', 'દશમસ્કંધ' અને 'કુંવરબાઈનું મામેરું' જેવી કેટલીક અનુપમ આખ્યાનકૃતિઓ પ્રાપ્ત થાય છે. પ્રેમાનંદની સર્વ કૃતિઓમાં 'કુંવરબાઈનું મામેરું ' અતીવ રમણીય અને અનવદ્ય આખ્યાનકૃતિ છે. પ્રેમાનંદ પ્રસ્તુત કૃતિમાં ગુજરાતના પ્રસિદ્ધ સંત ભક્તકવિ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈના મામેરાના પ્રસંગને આલેખ્યો છે. ભક્તાધીન ભગવાન શ્રીકૃષ્ણે ગરીબ નરસિંહને કેવી સહાય કરી તેનું વેધક શબ્દચિત્ર દોર્યું છે. ભક્તની ઈશ્વર પ્રત્યેની અડગ શ્રદ્ધા અને ઈશ્વરની ભક્તાધીનતા તેમાંથી સ્પષ્ટ રીતે ઊપસી આવે છે. સોળ કડવાંમાં રચાયેલા આખ્યાનનાં પહેલાં બે કડવાંનો રસલક્ષી પરિચય પ્રસ્તુત એકમમાં આપવામાં આવ્યો છે. આ પ્રારંભિક કડવાંમાં પ્રેમાનંદ મુખ્ય કથાવસ્તુ માટે જરૂરી પૂર્વભૂમિકા ઝડપથી બાંધી નરસિંહ મહેતાની ખૂબ ટૂંકી ઓળખ - 'ભક્ત બ્રાહ્મણ, જૂનાગઢમાં વાસ' - આપીને એને શંકર અને વિષ્ણુનો સાક્ષાત્કાર શી રીતે થયો એ વાત અત્યંત ટૂંકમાં આલેખે છે. ઈશ્વરસ્તવન તથા કથાવસ્તુની પૂર્વભૂમિકા બાંધવામાં પ્રેમાનંદે દાખવેલું લાઘવ કલાદૃષ્ટિએ નોંધપાત્ર છે. આવા લાઘવને કારણે એનાં આખ્યાનોમાં સૌષ્ઠવ અને ક્રિયાવેગ બંને સધાય છે.

## 1.2 રસલક્ષી સમીક્ષા

ભક્તની પરમતત્ત્વમાંની મંગલ શ્રદ્ધાને વાચા આપતા નરસિંહના આ કથાનકનો આરંભ પ્રેમાનંદ મધ્યકાલીન આખ્યાનપરંપરાને અનુસરીને મંગલાચરણથી કરે છે. 'કુંવરબાઈનું મામેરું'નું **પહેલું કડવું** આરંભાય છે શ્રી ગુરુ, વિઘ્નકર્તા ગણેશ અને દેવી શારદાની સ્તુતિથી. પ્રથમ પંક્તિમાં જ મંગલાચરણને સંક્ષેપમાં સમેટી લઈને બીજી જ પંક્તિમાં કવિ પ્રસન્ન ચિત્તે નરસિંહ મહેતાએ કરેલા મામેરાના ઉલ્લેખ સાથે વિષયવસ્તુનો સીધો નિર્દેશ કરે છે.

જૂનાગઢના રહેવાસી નાગર નરસિંહ મહેતા ભાભીનું કુવચન સાંભળીને હૃદયમાં ડંખ સાથે વનમાં જઈ અપૂજ શિવલિંગની ભાવપૂર્વક પૂજા કરે છે અને સાત ઉપવાસ બાદ સાંસારિક અધ્યાસોમાંથી મુક્ત થઈને પ્રભુદર્શનનો અધિકાર મેળવે છે. નરસિંહની ભક્તિથી પ્રસન્ન થયેલા ભગવાન શંકર પ્રત્યક્ષરૂપે પ્રગટ થાય છે 'કમલની પેરે લિંગ વિકાસ્યું ...... ' એ ત્રણ પંક્તિમાં ભગવાન શંકરના રુદ્ર-રમ્ય, કરાલ-કોમળ સ્વરૂપનું જે વર્ણન કર્યું છે તે પ્રેમાનંદની કવિત્વશક્તિનું નિર્દેશક છે. કમળની પેઠે વિકસેલા શિવલિંગમાંથી કપૂર જેવા ગૌરવર્ણ, ડાબી બાજુ પાર્વતી અને જટામાં ગંગા તથા માથે અર્ધચંદ્ર, ગળામાં ખોપરીઓની માળા, શરીર ઉપર સર્પનાં આભૂષણ, વાઘનું ચામડું પહેરેલા અને હાથીનું ચર્મ ઓઢેલા, ડમરુ અને શંખ બજાવી રહેલા ભગવાન શંકર નરસિંહની સામે પ્રગટ થાય છે અને નરસિંહને વરદાન માગવા જણાવે છે. નરસિંહ હવે પૂરેપૂરો ભક્તિના રંગે રંગાઈ ગયો છે. શિવમિલન બાદ હવે તે વિષ્ણુદર્શન ઇચ્છે છે. નરસિંહની વિષ્ણુની, વિષ્ણુના જ અવતાર એવા કૃષ્ણની, રાસલીલાના દર્શનની મહેચ્છા જાણતાં જ પ્રસન્ન થયેલા શંકર નરસિંહને વ્રજમાં લઈ જઈ કૃષ્ણની રાસલીલાનું દર્શન કરાવે છે.

આ કડવામાં પ્રેમાનંદે નરસિંહના જીવન વિષેની ભૂમિકા સંક્ષિપ્તમાં છતાં સુયોગ્ય પ્રમાણમાં બાંધી આપી છે. એક જ પંક્તિમાં ભાભીનાં કુવચનો અને મહેતાના ગૃહત્યાગની વિગત આલેખી પ્રેમાનંદે ભાવકોને વિસ્તૃત વર્ણનના કંટાળાથી અળગા રાખ્યા છે.

**બીજા કડવામાં** ભક્ત નરસિંહને ભગવાન શ્રીકૃષ્ણે આપેલા અભયદાનની ઘટના વર્ણવાઈ છે. પ્રભુની રાસલીલાના સુંદર શબ્દચિત્રથી કડવાની શરૂઆત થઈ છે. રાસલીલાનું દૃશ્ય, નરસિંહનો હાથ ઝાલીને આવતા મહાદેવ, મહાદેવને નિહાળી રાસલીલામાંથી ભગવાન શંકરની સામે આવતા કૃષ્ણ, ગોપીનાં શંકરને અને નરસિંહનાં કૃષ્ણને વંદન, ભગવાન શંકર દ્વારા નરસિંહનો પરિચય અને નરસિંહને ભક્ત તરીકે સ્વીકારવાની કરુણા કરવાનું સૂચન એ રીતે કથા આગળ વધે છે. વિષ્ણુસ્વરૂપ કૃષ્ણ નરસિંહનો ઉધ્ધવ-વિદુર સમાન ભક્ત તરીકે સ્વીકાર કરે છે અને સાથે જ પોતાના આ ભક્તને આવું અભય વચન પણ આપી દે છે -

**દુઃખ વેળા સંભારજે, હું ધાઈ આવીશ તત્કાલ.**

અને પ્રભુ ભક્તના યોગક્ષેમની સઘળી જવાબદારી ઉપાડી લે છે !

અહીં આ એક જ પંક્તિ દ્વારા કવિએ કાવ્યના કથાનકના મૂળભૂત આશયને - ભગવાનની ભક્તની વહારે ધાવાની વૃત્તિ-પ્રવૃત્તિને સૂચિત કરી દીધી છે. વિપત્તિકાળે સ્મરણમાત્રથી પ્રભુભક્તની સહાય અર્થે આવી પહોંચવાના છે એવા ભગવદ્વચનથી ભાવિમાં કુંવરબાઈના મામેરાના પ્રસંગે પ્રભુ અચૂક ભક્તને સહાય કરશે એવો અણસાર મળી રહે છે. એ રીતે કાવ્યના અંતનું સૂચન પણ મળી જાય છે.

નરસિંહને નિર્ભય વચન આપવાની સાથે સંસારમાં રહી, લોકાચારના ભયને અવગણીને પ્રભુસ્મરણ-કીર્તન-ભજન કરવાનું, પ્રભુલીલાનું ગાન કરવાનું સૂચન કરીને કૃષ્ણ ક્ષણ માત્રમાં વ્રજમાંથી જૂનાગઢમાં લઈ આવે છે.

ઈશ્વરમિલનને પરિણામે હવે નરસિંહની જડતા ઓગળી ગઈ છે, એનાં આંતરચક્ષુ ખૂલી ગયાં છે, એની દૃષ્ટિ ભક્તિથી નિર્મળ બની છે. હવે એ વૈષ્ણવજન બન્યો છે. પ્રભુના સાક્ષાત્કાર બાદ જૂનાગઢમાં આવતાં જ એ પ્રભુદર્શનમાં નિમિત્તરૂપ બનનાર ભાભીને ગુરુસમાન લેખીને નમન કરી આદરભાવ કરે છે. ભાભીનાં આકરાં વેણને પ્રતાપે જ પોતે હરિ અને હર બંનેનાં દર્શનનો અધિકારી બન્યો હોવાથી એ સઘળું પુણ્ય ભાભીને ચરણે ધરી દે છે.

પહેલાં બે કડવાંમાં ભક્ત નરસિંહની પૂર્વકથાને ઔચિત્યપૂર્વક વર્ણવી, એના પર ભગવત્કૃપાની આવશ્યક પ્રસ્તાવના બાંધીને નરસિંહના ગૃહસ્થાશ્રમના નિર્દેશ સાથે કથા ત્રીજા કડવા તરફ ગતિ કરે છે. પહેલા કડવામાં આવતો ભગવાન શંકરના પ્રાગટ્યનો ચમત્કાર કદાચ આજના બુદ્ધિજીવી માનસને ન પણ સ્પર્શે એ સંભવિત છે પણ કાવ્યરસમાં તદ્રૂપ કરતો આ ચમત્કાર કઠતો નથી એટલું તો જરૂર કહી શકીએ.

### 'તમારી પ્રગતિ ચકાસો'- 1

1. 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનનો આરંભ પ્રેમાનંદ શેનાથી કરે છે ? આ આખ્યાનના આરંભની વિશેષતા શી છે ?
2. ભાભીનું મહેણું સાંભળીને નરસિંહે શું કર્યું ? એનું પરિણામ શું આવ્યું ?
3. નરસિંહની ભક્તિથી કોણ પ્રસન્ન થયું ? એમણે પ્રસન્ન થઈ શું આપ્યું ?

4. બીજા કડવામાં નરસિંહજીવનની કઈ ઘટના નિરૂપાઈ છે ?
5. વિષ્ણુસ્વરૂપ કૃષ્ણે નરસિંહને શું કહ્યું ?
6. જૂનાગઢમાં પાછો ફરેલો નરસિંહ સૌ પ્રથમ કોને મળે છે અને શું કરે છે ?
7. ચમત્કારનો પ્રસંગ કયા કડવામાં બન્યો છે ? કયો ચમત્કાર બન્યો છે ? એ અંગે તમે શું માનશો?

## 1.3 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો'- 2**

નીચેનાં વિધાનો યોગ્ય કારણ આપી પૂરાં કરો :

1. નરસિંહ મહેતાએ ગૃહત્યાગ કર્યો અને એ વનમાં ગયો, કારણ કે -
   (અ) એને ઘરમાં ગમતું નહોતું.
   (બ) ભાભીએ એને કુવચન કહ્યાં જે એના હૈયામાં સોંસરાં વાગ્યાં હતાં.
   (ક) એની પત્ની એને પ્રેમ કરતી નહોતી.
2. નરસિંહે ભગવાન શંકર પાસે વિષ્ણુનાં દર્શનની માગણી કરી કારણ કે -
   (અ) નરસિંહને વિષ્ણુ પાસેથી આર્થિક લાભની આશા હતી.
   (બ) નરસિંહ વિષ્ણુને શંકરથી વધુ માન આપવા ઇચ્છતો હતો.
   (ક) વિષ્ણુદર્શનની ધન્યતા અનુભવવા તેનું મન આતુર હતું.
3. નરસિંહ જૂનાગઢમાં પાછો આવીને સૌ પ્રથમ ભાભીને નમન કરે છે કારણ કે -
   (અ) ભાભી પ્રભુદર્શનમાં નિમિત્તરૂપ બન્યાં છે.
   (બ) ભાભીએ આર્થિક મદદ કરી છે.
   (ક) ભાભીએ એના કુટુંબને સાચવ્યું છે.

**'તમારી પ્રગતિ ચકાસો'- 3**

નીચેનાં વિધાનો સાચાં હોય ત્યાં [✓] અને ખોટાં હોય [X] ત્યાં નિશાની કરી દર્શાવો :

1. 'કુંવરબાઈનું મામેરું 'માં પ્રેમાનંદ આરંભે મહાવીર અને બુદ્ધની સ્તુતિ કરે છે.
2. ઘર ત્યજી વનમાં ગયેલા નરસિંહે એક અપૂજ શિવલંગની પૂજા કરી.
3. નરસિંહ મહેતાએ સો દિવસના ઉપવાસ કર્યા ત્યારે મહાદેવ એમના પર રાજી થયા.
4. નરસિંહે પોતાના પર પ્રસન્ન થયેલા શિવ પાસે ધનદોલત અને એશઆરામ માગ્યાં.
5. રાસલીલાનું ગાન કરતી વખતે લોકાચારને ધ્યાનમાં ન લેવાની સલાહ ભગવાન શંકર નરસિંહને આપી.

## 1.4 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કડવું-1 :** **મનમુદા** - મનને આનંદ આપનારી કથા, **અપૂજ** - જેની કોઈ પૂજા નથી કરતું એવું, **કમળની પેરે લિંગ વિકાસ્યું** - પથ્થરનું શિવલિંગ કમળના પુષ્પની જેમ ખીલ્યું, **તતખેવ** - તત્કાલ, **કર્પૂરગૌર** - કપૂર જેવા શ્વેત, **ઉમિયા** - પાર્વતી, **રાજે** - શોભે, **જાહ્નવી** - ગંગા, **નિલવટ** - કપાળ, **રુંડમાળા** - ખોપરીની માળા, **વાઘાંબર** - વાઘના ચામડાનું પરિધાન, **શ્રૃંગી** - શિંગડાનું, રણશિંગા જેવું વાદ્ય, **અખંડ વ્રજ** - વૈકુંઠ.

**કડવું-2 :** **ભવદુઃખ** - સંસારની આધિવ્યાધિ, **ઠામ** - સ્થળ, **ઓધવ** - ઉધ્ધવ. તે યાદવ હતા અને કૃષ્ણના કાકાના દીકરા ભાઈ થાય. ભાગવતમાં તેમનું પરમ કૃષ્ણભક્ત તરીકે વર્ણન છે. **વિદુર** - એ પાંડવો અને કૌરવોના કાકા હતા. પરમ કૃષ્ણભક્ત તરીકે મહાભારતમાં એમનો પરિચય મળે છે. 'વિદુરની ભાજી'નો ઉલ્લેખ જાણીતો છે. **ઉધ્ધવ વિદુર સમાન** - નરસિંહને ઉધ્ધવ અને વિદુર સમા ભક્ત તરીકે વૈકુંઠરાય ગણે છે. **ધાઈ આવીશ** - દોડી આવીશ. **ત્રિપુરાર** - શંકર, ત્રિપુર નામના રાક્ષસના શત્રુ એવા શંકર, **લોકાચાર** - લોકમાં પ્રચલિત રૂઢિ, **અંતર્ધાન થયા** - અદૃશ્ય થયા. **મુહૂર્ત માત્રમાં** - ક્ષણ વારમાં, **તતખેવ** - તુરત, **તૃણવત્** - તરણાની તોલે, તુચ્છ, **તાલ વાતા** - કરતાલ નામનું વાજિંત્ર, **પુર** - નગર, **નિજ** - પોતાની, **ગોરાણી** - ગુરુજન, **પ્રમાણી** - ઓળખી, **હરિહર** - વૈકુંઠનાથ અને શંકર, **પરિબ્રહ્મ** - પરમાત્મા.

## 1.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'- 1**

1. જુઓ 1.2નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ 1.2નો બીજા પરિચ્છેદનો આરંભનો ભાગ.
3. જુઓ 1.2નો બીજા પરિચ્છેદનો મધ્યભાગ.
4. જુઓ 1.2નો ચોથા પરિચ્છેદનો આરંભનો ભાગ.
5. જુઓ 1.2નો છઠ્ઠો પરિચ્છેદ.
6. જુઓ 1.2નો સાતમો પરિચ્છેદ.
7. જુઓ 1.2નો આઠમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'- 2**

1. ___ બ
2. ___ ક
3. ___ અ

**'તમારી પ્રગતિ ચકાસા'- 3**

1. ___ [ X ]
2. ___ [ ✓ ]
3. ___ [ X ]
4. ___ [ X ]
5. ___ [ X ]

# એકમ 2 3,4,5,6 અને 7મા કડવાંની રસલક્ષી સમીક્ષા

**રૂપરેખા**

2.1 ઉદ્દેશો
2.2 ભૂમિકા
2.3 રસલક્ષી સમીક્ષા
2.4 સારાંશ
2.5 વસ્તુલક્ષી કસોટી
2.6 ચાવીરૂપ શબ્દો
2.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 2.1 ઉદ્દેશો

પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું'ના 3, 4, 5, 6 અને 7મા કડવાના રસલક્ષી આસ્વાદ દ્વારા તમે -

- આખ્યાનના મુખ્ય પ્રસંગ તરફ અભિમુખ થશો.
- હિંદુ સમાજમાંની મોસાળાની વિધિ પ્રસંગે જોવા મળતી સામાજિક અપેક્ષાથી પરિચિત થશો.
- હિંદુ સમાજમાં નણંદ, સાસુ, વડસાસુ, સસરા વગેરેના પોતાની વહુઆરુ તરફના ઘણી વાર થતા બેહૂદા વર્તનનો પરિચય મેળવશો.
- ગરીબ પિતાની કોઈ ધનિકને ત્યાં પરણેલી પુત્રીની વેદનાનો પરિચય પ્રાપ્ત કરશો.
- પ્રેમાનંદ ધારે ત્યારે કથાપ્રવાહમાં કેવી તેજ ગતિ લાવી શકે છે તે ત્રીજા, ચોથા કડવામાંની પ્રસંગ-પરંપરાના પરિચય દ્વારા જોઈ શકશો.
- નરસિંહ મહેતાની વહેલનું અમર વર્ણન માણશો.
- પ્રેમાનંદના સમયમાં મામેરા જેવા સામાજિક પ્રસંગોઓ ધનિકો ગરીબ સગાને કેવી કફોડી હાલતમાં મૂકતા હશે અને એમની પાસેથી રીતરિવાજના બહાના નીચે કેટલું પડાવતા હશે એનો ખ્યાલ છઠ્ઠા કડવામાંની વડસાસુએ આપેલી પહેરામણીની યાદી ઉપરથી મેળવશો.

## 2.2 ભૂમિકા

પ્રસ્તુત એકમમાં ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા કડવાનો રસલક્ષી પરિચય આપવામાં આવ્યો છે. પહેલા અને બીજા કડવામાં પ્રેમાનંદ 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનની ભૂમિકા બાંધીને ત્રીજા કડવાથી મુખ્ય કથાનો પ્રારંભ કરે છે. આ કડવાના આરંભથી કથા વેગ પકડે છે. પ્રારંભે નરસિંહના ગૃહસ્થ જીવનનું ચિત્ર આપી પ્રેમાનંદ કુંવરબાઈની સાસરીમાં આપણને દોરી જાય છે. કુંવરબાઈના સીમંત પ્રસંગે નરસિંહને નિમંત્રતો પત્ર, વૈષ્ણવ સમુદાય સાથે મામેરું કરવા જતા નરસિંહ મહેતાનું ચિત્ર, વહેલનું વર્ણન, કુંવરબાઈની સાસરીમાં નરસિંહને મળતો ઉતારો, નણદી અને કુંવરબાઈનાં પરસ્પર મર્મવચન, પિતા-પુત્રીનું મિલન, સાસુ તરફ પહેરામણીની યાદી માટે કુંવરબાઈનું ગમન અને સાસુનો મરડાટ, વાંકાબોલી વડસાસુએ લખાવેલી કોઈ લખેશરીથી પણ ન થાય એવી પહેરામણીની યાદી અને કુંવરબાઈનો પરિતાપ તથા નરસિંહનાં શ્રદ્ધા-વિશ્વાસ એ આ કડવાંઓની મુખ્ય ઘટનાઓ છે. આખ્યાનકાર પ્રેમાનંદ આ ઘટનાઓને એવી કુશળતાથી ગૂંથે છે કે એને કારણે એક અનોખી શબ્દચિત્ર દૃશ્યાવલી માણ્યાનો આનંદ આપણને મળે છે.

## 2.3 રસલક્ષી સમીક્ષા

'કુંવરબાઈનું મામેરું'નું **ત્રીજું કડવું** આખ્યાનના લાંબામાં લાંબાં કડવાંમાંનું એક છે. આ કડવાથી પ્રેમાનંદ કથાના મુખ્ય વિષય તરફ વેગવંત પ્રવાહથી આગળ ધસે છે. પ્રારંભની સાતેક કડીમાં નરસિંહના ગૃહસ્થાશ્રમનું ચિત્ર - પતિવ્રતા નારી, હરિકીર્તનમાં વ્યસ્ત નરસિંહ, બે બાળકો, પુત્ર અને પુત્રીનાં સારા ઠેકાણે લગ્ન અને પત્ની તથા પુત્રનું મૃત્યુ - અત્યંત સંક્ષેપમાં પણ સચોટતાથી વર્ણવી, આઠમી કડીથી પ્રેમાનંદ કુંવરબાઈના સાસરિયાનું ચિત્ર ઉપસાવે છે. ભાગ્યશાળી કહેવાય એવું સાસરું મળ્યું છે કુંવરબાઈને પણ ધનના અભિમાનવાળા સાસરિયામાં રંક પિતાની આ પુત્રીને સાસુ, નણંદ, જેઠાણીનાં

મહેણાં સાંભળવાં પડે છે, અપમાન વેઠવાં પડે છે....... અધૂરામાં પૂરું એનો પતિ પણ એનાથી નાની ઉંમરનો, વિવેકવિચાર વગરનો છે જે એની લાગણીને કે સંસારની આંટીઘૂંટીને સમજી શકતો નથી. એવામાં કુંવરબાઈને સીમંત આવ્યું ! સાસરિયાં સહુને માટે એ આનંદનો પ્રસંગ હતો. ગરીબ વેવાઈ શું મામેરું કરશે એમ માનીને સાસરિયાંએ કુંવરના સીમંત પ્રસંગનો સંદેશો નરસિંહને મોકલવાનું ટાળ્યું ત્યારે પિતા મામેરું લઈ નહિ આવે તો સાસરીમાં પોતાની આબરૂ જશે, એટલું જ નહિ, જિંદગીભર એ વિષે પોતાને મહેણાં સાંભળવાં પડશે - એ સર્વનો વિચાર આવતાં ઓશિયાળી અને દયામણી કુંવરબાઈ સાસુ પાસે જઈ પિતાને જૂનાગઢ સીમંતના સમાચાર કહાવવા વિનવે છે ત્યારે પહેલાં તો સાસુનો ગર્વભર્યો કોપ પ્રગટ થાય છે પણ અંતે કુંવરના હૃદયનો પિતા પ્રત્યેનો ભાવ સ્પર્શી જતાં સાસુ, પતિને પત્ર લખવા જણાવે છે. 'પરમ દયાલ' સસરા શ્રીરંગ મહેતા વધામણીના સમાચાર આપી નરસિંહને સીમંત પ્રસંગે પધારવા ભાવભર્યું નોતરું પત્રરૂપે પાઠવે છે.

પત્ર લઈને નીકળેલા ખોખલા પંડ્યાને કુંવરબાઈ એકાંતમાં બોલાવી, પગે લાગી, બે દિવસ પોતાના પિતાની મહેમાનગતિ સ્વીકારવા વીનવી અંતે પિતા માટે સંદેશો મોકલે છે કે સારું મોસાળું લઈને અહીં આવજો નહીં તો પોતાને આ પ્રસંગ નિમિત્તે 'ભવનું મહેણું' રહેશે. છેલ્લી દોઢ કડીમાં કવિ આપણને પાછા જૂનાગઢમાં નરસિંહના ઘરમાં લાવીને મૂકે દે છે જ્યાં નરસિંહને આપણે પુત્રીની 'સુખદાય વાત' સાંભળતો જોઈએ છીએ. ટૂંકમાં, આખું કડવું વિરક્તિ અને વત્સલતાનાં બિંદુઓની મધ્યમાં સંસારના ઊછળતા પ્રવાહોનું ભાવવાહી દર્શન કરાવે છે. આ કડવામાં પ્રસંગો ઝડપી ચિત્રપરંપરાની જેમ સરકે છે. પ્રેમાનંદ ધારે ત્યારે કથાપ્રવાહમાં કેવી તેજ ગતિ લાવી શકે છે તે આ કડવા દ્વારા જાણી શકાય છે.

ત્રીજા કડવામાં આરંભાયેલો ઝડપી ક્રિયાવેગ અહીં પણ એટલે કે ચોથા કડવામાં પણ ચાલુ જ રહે છે. વેવાઈનો પત્ર અને દીકરીનો સંદેશો ખોખલા પંડ્યા પાસેથી મળતાં જ ઈશ્વર તરફ શ્રદ્ધાયુક્ત નરસિંહ મહેતા મામેરાની બધી જવાબદારી ભગવાન કૃષ્ણના માથે છોડી દે છે અને ઊછીની માગી આણેલી ખખડધજ વહેલમાં પોતાના સ્વજન જેવાં સાધુ-સાધ્વીઓની ટોળી સાથે દીકરીને સાસરે જવા નીકળે છે. નરસિંહ જે વહેલ લઈને નીકળ્યો છે એ વહેલનું વર્ણન પ્રેમાનંદે કરેલાં કેટલાંક મનોરમ ગતિશીલ વર્ણનોમાંનું એક છે. એમાંની ચિત્રાત્મકતા મુગ્ધ કરે એવી છે. મહેતાની આ વહેલ એક તો જૂની છે, જીર્ણ થઈ ગયેલી છે, એની ધૂંસરી પણ વાંકી છે અને સાંગી, સોટા બધું જ ભાંગેલું છે. તળાવા, પીજણી ને બંને બળદ, બધું માગીને આણેલું છે. આવી વહેલ સાથે દસવીસ વેરાગીઓ લઈને નરસિંહ પુત્રીના મામેરા માટે નીકળ્યો છે.

મામેરાની સામગ્રી પણ વિશિષ્ટ છે. તાંબાની ઢાંકણીવાળી દાબડીમાં કૃષ્ણની મૂર્તિ છે જેને ગળે હારની જેમ નરસિંહે ભરાવી છે. સાથે શંખ, તાલ, કરતાલ વગેરે વાજિંત્રો ભરેલો કોથળો, ગોપીચંદનની ગાંઠડી, પવિત્ર તુલસીકાષ્ઠ, તિલક અને તુલસીમાળાજ! છતાં નરસૈંયો મનમાં નિર્ભય છે કારણ કે મામેરાની જવાબદારી તો ભગવાનને માથે છે.

આ વહેલને જોતરેલા બળદ માગી આણેલા છે. બેમાંનો એક બળદ થાકને લીધે 'ગળિયો' થઈ બેસે છે. પણ બીજો તો આખલો છે. એ તો પેલા ગળિયો થઈને બેસી ગયેલા બળદની પરવા કર્યા વિના વહેલને તાણી જાય છે ! પરિણામે પેલા 'ગળિયા'ને - પડેલાને પૂંછડું ગ્રહીને પરાણે ઉઠાડવો પડે છે.... વહેલના સાંધેસાંધા ઢીલા હોવાને કારણે અવાજ કરે છે. આવી વહેલ સાથે મહેતાજી દીકરીના સાસરે પહોંચે છે ત્યારે મહેતાની એ વહેલ જોવા અને એની સાથે આવેલ વેરાગીને જોવા આખું ગામ પાદરમાં ભેગું થયું છે. ભેગું થયેલું ગામ મહેતાની ઠેકડી ઉડાડે છે.

ચોથું આખું કડવું વર્ણનપ્રધાન છે. નરસિંહ મહેતાની વહેલનું હાસ્યરસથી ઊભરાતું વર્ણન આ કડવાનો ઉત્તમાંશ છે. આપણા સાહિત્યનાં અમર વર્ણનોમાંનું આ એક વર્ણન છે. નરસિંહ જેવો નિર્ધન હરિભક્ત મોસાળા જેવી વ્યાવહારિક જવાબદારી અદા કરવા મથે એ પરિસ્થિતિમાં હાસ્યરસના આલેખનને માટે પૂરતો અવકાશ છે. એવા અવકાશનો પૂરેપૂરો લાભ ઉઠાવતાં પ્રેમાનંદને આવડે છે એ આ કડવું પુરવાર કરે છે.

આ આખ્યાનનું **પાંચમું કડવું** પણ લાંબું છે, અને રસદૃષ્ટિએ તે અત્યંત આકર્ષક છે. આરંભમાં બે વેવાઈ ભાવે એકબીજાને ભેટે છે. પછી આવે છે નરસિંહને મળેલ ઉતારાનું વર્ણન. ઉતારાનું વર્ણન કરતી આ બે પંક્તિઓ -

> **કોહ્યું છાજ ને જૂની વળી, ભીંતો દોદશ બેવડ વળી**
> **ઝાઝા માંકણ ઝાઝા જુવા; ત્યાં મહેતાના ઉતારા હુવા.**

આમ તો પ્રેમાનંદની અમર બનેલી પંક્તિઓ કહેવાય છે પણ હકીકતે એ પ્રેમાનંદે પુરોગામી આખ્યાનકારોમાંથી શબ્દશઃ ઉઠાવેલી કાવ્યપંક્તિઓ છે.

નાગર સ્ત્રીઓ નરસિંહના દર્શન અર્થે અને એ નિમિત્તે એની મજાક ઉડાવવા નરસિંહને મળેલા ઉતારે આવે છે. 'મહેતો દીઠે દીઠા હરિ, 'બાઈ પરમેશ્વર એને ત્રઠડો' કે 'કુંવરવહુનું ભાગ્યું દુઃખ' એમ મુખ મરડી બોલતી નાગર સ્ત્રીઓના આ વક્રબાણ અંતમાં સાચા પડી નાટ્યાત્મક વક્રોક્તિનાં ઉમદા ઉદાહરણ બને છે.

મહેતાને જોવા માટે, ટીખળ કરવા માટે હરખભેર ઘેર ઘેરથી ચાલી આવતી અને મન વિના મહેતાને નમતી સુંદરીઓનું ચિત્ર પ્રેમાનંદના મર્માળા હાસ્યનો પરિચય કરાવી જાય છે તો કડવાની દસમી કડીથી પ્રવાહ પલટાય છે. પિતાના આગમનના સમાચાર સાંભળતાં વેંત પિતાને ઉત્સુક હૃદયે ઉતાવળી મળવાને ધસતી કુંવરબાઈને જોઈ નણદી 'મર્મ'માં હસીને આવાં કઠણ વચન એને સંભળાવે છે -

**આ શું પિતા-પુત્રીનું હેત ! સગાંને કરવા આવ્યો ફજેત.**

નણંદનાં આવાં વચનોનો જવાબ કુંવરબાઈ જડબાતોડ ભાષામાં આપે છે : 'અરે, આટલું અભિમાન શાને કરો છો ? કોઈનો પિતા લખેશરી હોય તે મને શો ખપ આવવાનો? મને તો મારો એ ગરીબ બાપ જ મુબારક હો! એ મને કેવળ એક કાપડું પણ આપશે તો મારે માટે સોનાના મેરુ સમાન મૂલ્યવાન બનશે!' કુંવરબાઈના આ તીખા શબ્દો નણદીની બોલતી બંધ કરી દે છે. સાસુ આગળ ગરીબડી અને દયામણી દેખાતી કુંવરબાઈ નણદી આગળ પિતાનું ગૌરવ સાચવવા જેટલી સ્વમાની અને આખાબોલી તો જરૂર છે.

નણંદની બોલતી બંધ કરીને મામેરું લઈને આવેલા પિતા પાસે પહોંચતી કુંવરબાઈ અને નરસિંહના મિલનનું એક ચિરંજીવ ચિત્ર પ્રેમાનંદની કલમ આવું ઉપસાવે છે -

**અન્યો અન્ય નયણાં ભરી, ભેટ્યાં બેહુ અતિ આદર કરી.**

પિતાનો વત્સલ હાથ કુંવરબાઈના મસ્તક પર વાત્સલ્યવર્ષા કરી રહ્યો છે ત્યાં ભાવક વાત્સલ્યરસની મીઠી લહેર ઘડીભર માણે છે.

પિતાને ભાવુક નજરથી ભેટતી કુંવરબાઈની નજર જ્યાં મામેરાની સામગ્રી તરફ જાય છે ત્યાં જ એનો આક્રોશ ભભૂકી ઊઠે છે. નિર્ધનતાના મૂર્તિમંત રૂપ-સમાન મામેરાની સામગ્રીને જોઈને નિર્ધન અવતારની વ્યર્થતા એની વાણીમાંથી ટપકી પડે છે. આ મામેરાની સામગ્રીથી નાગરી નાતમાં પિતાની અને પોતાની શી ઇજ્જત રહેશે ? આના કરતાં તો પોતે જ મૃત્યુ પામી હોત તો ! 'હું શે ન મૂઈ મરતે માત' રૂપે અભિવ્યક્ત થતી વેદના અને એ પછી આવતી -

**માતા વિના સૂનો સંસાર, નમાયાનો શો અવતાર?**

ગુજરાતી સાહિત્યની કહેવત રૂપ બની ગયેલી પંક્તિઓમાં કરુણ રસ રેલાય છે.આમ કડવાની હાસ્યમાંથી વત્સલ અને વત્સલમાંથી કરુણરસમાં થતી સંક્રાંતિ પ્રેમાનંદની અપૂર્વ રસસંક્રમણકલાનો પરિચય કરાવે છે.

પુત્રીનાં આવાં કઠોર વચન પણ નરસિંહચિત્તને સહેજે ય વિચલિત કરતાં નથી. એની શ્રદ્ધામૂર્તિ તો એવી ને એવી જ અચલ છે. પુત્રીને દૂરથી આવતી જોઈને નરસિંહે નરહરિને 'સમર્યા' હતા, પુત્રીને આશ્વાસન પણ એ 'મોસાળું કરશે વૈકુંઠનાથ'ના શ્રદ્ધાભર્યા ઉદ્ગારથી આપી-

**પહેરામણી કરવી જેટલી, આસામી લખાવો તેટલી**

**લખજો સાસરિયા સમસ્ત, વિસારશો મા એકે વસ્ત.**

કહીને કુંવરબાઈને સાસુ પાસે મોકલે છે પહેરામણીની યાદી લખાવવા. પણ દુનિયાદારીના જ કાટલે સહુને જોખતી સાસુને તો પહેરામણીની યાદી માટેનો વ્યર્થ કાગળ બગાડવાનું પણ શાનું રુચે ? એ તો મોં મરડીને કુંવરબાઈને આવાં કટુવચન સંભળાવે છે -

**ફૂંકશે શંખ ઊભો રહી, એ મોસાળું શું કરે ?**

સાસુની મરડાટ ભરી ઉક્તિ સાથે કવિ ચિત્રાત્મક રીતે કડવું સમેટી લઈ વલણની અંતિમ પંક્તિમાં 'વડસાસુ'ના ઉદ્ગારથી નવા કડવાનું સૂચન કરી દે છે.

પંદર કડીનું **છઠ્ઠું કડવું** વિકરાળ વડસાસુએ લખાવેલી મામેરાની કોઈ લખેશરીથી પૂરી ન પડે એવી યાદીને વર્ણવે છે. કડવાની પ્રથમ પંક્તિ જ વડસાસુનો પાત્રપરિચય આમ કરાવે છે : 'વડસાસુ ઘણું ભારે માણસ'. ઉંમરમાં..., કદમાં... વાણીમાં ઘરમાં સૌથી મોટું એટલે ભારે માણસ. આ વડસાસુ પોતે ઘરડી છે, પોતાને વૈષ્ણવ કહાવે છે એટલે ઉપર ઉપરથી તો કુંવરબાઈનો અને ભક્ત નરસિંહનો પક્ષ તાણતી હોય એવો ડોળ કરે છે અને પછી કોઈ લખેશરીથી પૂરી ન પડે એવી ચોથીથી 12મી કડીમાં જે પહેરામણીની યાદી રજૂ કરે છે એ પણ જોવા જેવી છે. પહેરામણીની યાદીમાં છે - પાંચ શેર કંકુ... સાતસો શ્રીફળ..., 15 કોડી એટલે કે 180 પછેડી.., 50 પટોળાં..., 30 કોડી એટલે કે 600 ધોતિયા..., 300 છાયલ..., 1200 કપડાં..., વીસ મણ વાંકડિયાં ફોફળ. આ ઉપરાંત પુત્રીને સોળ શણગાર..., જમાઈને સુવર્ણની સાંકળી..., એક હજાર સોનાની મહોર રોકડી. કોઈ લખેશરી પણ પહોંચી ના વળે. આ યાદી વડસાસુના મતે તો ધર્મયુક્ત જ છે કારણ કે -

**અહો ઘરડાં માટે ધર્મે લખાવ્યું, ન ઘટે ઝાંઝો લોભ.**

અને પછી કહે છે કે આ યાદીથી વધારે પહેરામણી કરશે તો તો વળી તમારા એટલે કે કુંવરબાઈના પિતાના ઘરની આબરૂ - શોભા - વધશે.

વડસાસુ આ યાદી લખાવી રહી ત્યારે એ યાદી જોઈને જ મરડાટભરી નણદી બોલી ઊઠી -

**ભારે મોટા બે લખો પહાણિયા, જે મહેતાથી અપાય ?**

'વિકરાળ' વડસાસુની આ યાદી કુંવરબાઈના પેટમાં ફાળ પાડે છે ત્યાં કડવું સમાપ્ત થાય છે. આખા કડવામાં સૂક્ષ્મ હાસ્ય અનુભવાય છે. પ્રેમાનંદના સમયમાં મામેરા જેવા સામાજિક પ્રસંગોએ ધનિકો ગરીબ સગાને કેવી કફોડી હાલતમાં મૂકતા હશે અને એમની પાસે રીતરિવાજના બહાના નીચે કેટલું પડાવતા હશે તેનો ખ્યાલ પણ આ કડવું આપે છે. તત્કાલીન સમાજના દર્શનની દૃષ્ટિએ પણ આ કડવું નોંધપાત્ર છે.

ફક્ત 11 કડીનું બનેલું **સાતમું કડવું** નરસિંહ અને કુંવરબાઈ - બાપદીકરી - ની બે ભિન્ન-ભિન્ન મનોભૂમિકાનું સંક્ષિપ્ત છતાં ચોટદાર નિરૂપણ કરે છે. કડવાનો પૂર્વાર્ધ કુંવરબાઈની ઉક્તિરૂપે મળે છે. વડસાસુની યાદી વાંચીને કુંવરબાઈના મનમાં જે ફાળ પડી એ 'ડાટ વાળ્યો રે ડોશીએ' દ્વારા વ્યક્ત થાય છે. કડવાના ઉપાડની આ ચોટદાર પંક્તિથી કાવ્યનું આખું વહેણ પલટાઈ જાય છે. વડસાસુની 'પરમારથ ભરી' ઉક્તિઓ કુંવરબાઈના હૈયાના આનંદને નષ્ટ કરી નાખે છે. કોઈ લખેશરીથી પૂરી ન પડે એવી આ યાદી પોતાના જીવનના મંગલતમ પ્રસંગ - સીમંતના પ્રસંગને પણ દુ:ખદાયક બનાવી દે છે અને એનાથી બોલાઈ જાય છે -

**સાધુ પિતાને દુ:ખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે ?**

પોતાના અકિંચન પિતાને ઘર તરફ પાછા વળી જવા એ વિનવે છે ત્યારે નિરાશ અને સંશયગ્રસ્ત બની ગયેલી દીકરીના મનમાં ઈશ્વરશ્રદ્ધા પ્રેરતા પિતા કહે છે -

**મહેતોજી કહે, 'પુત્રી મારી, રહેજો તમે વિશ્વાસે રે,**
**શામળિયો અવસર નહીં ભૂલે, તું કાં આંસુ પાડે રે?'**

અને પુત્રીના વિશ્વાસને દૃઢાવવા નરસિંહ પાંચાલીને પટકૂળ પૂર્યાના પ્રસંગને ટાંકીને 'થાવા દે વહાણું રે' એમ ભક્તસહજ નિર્મળતાથી આવતી કાલ સવારે થનાર સીમંતની પહેરામણીના પ્રસંગની પ્રતીક્ષા કરે છે. છઠ્ઠી કડીથી આરંભાતા નરસિંહના ભક્ત અને પિતાસ્વરૂપ વ્યક્તિત્વનો પરિચય કરાવતા આ ભાગની ધ્રુવપંક્તિ એટલે જ તો છે 'ડોસીએ સારું કીધું રે'

આખું સાતમું કડવું આમ અશ્રદ્ધાના આંદોલથી આરંભાઈને શ્રદ્ધાના આંદોલ ઉપર સ્થિર થાય છે. કુંવરબાઈની 'આટલું બધું તો અશક્ય જ છે' એવી ઘોર નિરાશાથી આરંભાતું કડવું 'લખાવેલું બધું જ ઈશ્વર પાર પાડશે'ની નરસિંહની દૃઢ શ્રદ્ધા સાથે સમાપ્ત થાય છે. બાપદીકરી વચ્ચે થતા સંવાદમાંથી બંનેની આ જુદી જુદી મનોમુદ્રા સચોટ રીતે ઊપસી આવે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'- 1**

ઉપર્યુક્ત એકમના કડવાનો સમગ્રલક્ષી અભ્યાસ કરીને નીચેના પ્રશ્નોના ટૂંકા અને મુદ્દાસરના જવાબ આપો :

(1) સાસરિયામાં કુંવરબાઈની સ્થિતિ કેવી છે ? એનું મુખ્ય કારણ શું છે ?

(2) કુંવરબાઈનાં સાસરિયાં તેના સીમંત પ્રસંગની જાણ નરસિંહને કરવાનું શા માટે ટાળે છે ? એ પ્રસંગે કુંવરબાઈ કોની પાસે જઈ શા સમાચાર પિતાને કહેવડાવવા વીનવે છે ?

(3) કુંવરબાઈ કોની સાથે પિતાને શો સંદેશો મોકલાવે છે?

(4) મામેરે નીકળેલા નરસિંહ મહેતાની વહેલનું શબ્દચિત્ર આલેખો.

(5) પાંચમા કડવામાં નરસિંહને મળેલો ઉતારો અને નરસિંહ પ્રત્યેના નાગરી ન્યાતના વર્તાવનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં વર્ણવો.

(6) પિતાને મળવા જતી કુંવરબાઈને નણંદ કેવાં વક્બાણ સંભળાવે છે ? એનો જવાબ કુંવરબાઈ કેવી રીતે આપે છે ?

(7) મામેરાની સામગ્રી જોતાં કુંવરબાઈના નરસિંહ પ્રત્યે કેવા પ્રત્યાઘાત પડે છે ?

(8) વડસાસુ પહેરામણીની યાદી કેવી લખાવે છે ?

(9) વડસાસુએ લખાવેલી યાદી સાંભળી કુંવરબાઈના ચિત્તમાં શું થાય છે ? એ પિતાને શું કહે છે ?

(10) કુંવરબાઈની વિચલિત મનઃસ્થિતિ પ્રસંગે નરસિંહનું વર્તન કેવું છે ? પુત્રીને એ કેવી રીતે શાંત અને શ્રદ્ધાવાન બનાવે છે ?

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

કારણો આપી નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

(1) કુંવરબાઈ પોતાના સીમંતના સમાચાર જૂનાગઢમાં પિતાને કહેવડાવવા સાસુને વીનવે છે. કારણ કે -

(2) મામેરાની સઘળી જવાબદારી નરસિંહ કૃષ્ણના માથે છોડી દે છે, કારણ કે -

(3) નણંદના મર્મઘાતક વચનબાણનો કુંવરબાઈ જડબાતોડ જવાબ આપે છે કારણ કે -

(4) મામેરાની સામગ્રી જોઈને કુંવરબાઈનો આક્રોશ ભભૂકી ઊઠે છે, કારણ કે -

(5) પહેરામણીની યાદી લખીને વ્યર્થ કાગળ બગાડવાનું કુંવરબાઈની સાસુને રુચતું નથી, કારણ કે -

(6) વડસાસુએ લખાવેલી પહેરામણીની યાદી જોઈ કુંવરબાઈ નરસિંહને જૂનાગઢ પાછા ફરી જવાનું કહે છે, કારણ કે -

## 2.4 સારાંશ

આખ્યાનના મુખ્ય પ્રસંગ - સીમંત - તરફ અભિમુખ કરતાં કડવાં 3, 4, 5, 6 અને 7માં મુખ્યત્વે નીચેની ઘટનાઓનું નિરૂપણ મળે છે :

- **ત્રીજું કડવું** : મહેતાના ગૃહસંસારને, ધનવાન સાસરીમાં નિર્ધન કુંવરબાઈની સ્થિતિને, એના સીમંત પ્રસંગે એના આગ્રહથી નરસિંહને શ્રીરંગ મહેતા દ્વારા અપાતા નિમંત્રણને વર્ણવે છે. નરસિંહના આ આખ્યાનના કેટલાક લાંબા કડવામાંનું એક છે. પ્રેમાનંદ ધારે ત્યારે કથાપ્રવાહમાં કેવી તેજ ગતિ લાવી શકે છે તે આ કડવું બતાવે છે.
- **ચોથું કડવું** : વૈષ્ણવ સમુદાય સાથે કુંવરબાઈનું મામેરું કરવા જતા નરસિંહને નિરૂપે છે. વર્ણનપ્રધાન એવા આ કડવામાં નરસિંહ મહેતાની વહેલનું હાસ્યરસથી ઉભરાતું વર્ણન મળે છે. તે કડવાનો ઉત્તમાંશ છે.
- **પાંચમું કડવું** : નરસિંહને વેવાઈને ત્યાં મળેલો ઉતારો, નણદી અને કુંવરબાઈનાં પરસ્પર મર્મવચન, પિતા-પુત્રીનું મિલન, સાસુ તરફ પહેરામણીની યાદી માટે જતી કુંવરબાઈ અને સાસુના મરડાટને વર્ણવે છે. રસનિરૂપણની દૃષ્ટિએ તેમ જ પાત્રપરિચય તથા પાત્રવિકાસની દૃષ્ટિએ પ્રેમાનંદના કવિત્વનો પરિચય કરાવતું યશસ્વી કડવું છે.
- **છઠ્ઠું કડવું** : મર્મમાં બોલતી વડસાસુએ લખાવેલી પહેરામણીની યાદી વર્ણવે છે. પ્રેમાનંદના સમયમાં મામેરા જેવા સામાજિક પ્રસંગોએ ધનિકો ગરીબ સગાને કેવી કફોડી હાલતમાં મૂકતા હશે અને એમની પાસે રીતરિવાજના બહાના નીચે કેટલું પડાવતા હશે એનો ખ્યાલ આપે છે.
- **સાતમું કડવું** : પહેરામણીની યાદી પછી કુંવરબાઈનો પરિતાપ અને પિતાનાં શ્રદ્ધાવચનોના સમાશ્વાસનને વર્ણવે છે.

## 2.5 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

નીચેની ઉક્તિ કયું પાત્ર બોલે છે તે યોગ્ય જોડકાં જોડીને બતાવો :

| ઉક્તિ (અ) | પાત્ર (બ) |
|---|---|
| (1) જે સગાથી અર્થ ન સરે,<br>શું થાય તેને નોતર્યે ? | (1) કુંવરબાઈ |
| (2) મહેતાજી નહિ આવો તમો,<br>ખરેખરા દુભાઈશું અમો. | (2) સાસુ |
| (3) ત્રિકમજી ત્રેવડમાં રહેજો,<br>દ્રવ્ય તણું છે કામ જી. | (3) વડસાસુ |
| (4) કુંવરવહુનો વૈષ્ણવ બાપ,<br>દર્શન કરીને ખોઈયે પાપ. | (4) શ્રીરંગ મહેતા |
| (5) આ શું પિતા પુત્રીનું હેત !<br>સગાંને કરવા આવ્યો ફજેત. | (5) નાગરી નાત |
| (6) અમો ઘરડાંએ ધર્મ લખાવ્યું,<br>ન ઘટે ઝાઝો લોભ જી. | (6) નણંદ |
| (7) સાધુ પિતાને દુઃખ દેવાને,<br>મારે સીમંત શાને આવ્યું રે. | (7) નરસિંહ |

**'તમારી પ્રગતિ ચકાસો'-4**

નીચે (અ) વિભાગમાં કાવ્યપંક્તિ અને (બ) વિભાગમાં એ કાવ્યપંક્તિ કયા પ્રસંગને સૂચવે છે એ આપ્યું છે. (અ) અને (બ) વિભાગમાં બંનેને યોગ્ય રીતે જોડો :

| (અ) | (બ) |
|---|---|
| (1) ભલું થયું ભાગી જંજાળ,<br>સુખે ભજીશું શ્રીગોપાળ | (1) કુંવરબાઈનું પિતાને સારું મામેરું લઈને આવવાનું સૂચન. |
| (2) તમને ડોસો મળવાનું હેત,<br>અમો નાતમાં થઈએ ફજેત. | (2) નરસિંહ દ્વારા લવાયેલી મોસાળાની સામગ્રીની વિગત |
| (3) કાંઈ મોસાળું સારું લાવજો,<br>સંપત હોય તો ત્યાં આવજો. | (3) નરસિંહના ગૃહસ્થ જીવનનું અને નિસ્પૃહી વ્યક્તિત્વનું સૂચન |
| (4) મોસાળાની સામગ્રીમાં,<br>છે તિલક તુલસી માળ જી. | (4) સીમંત પ્રસંગે કુંવરબાઈના પિતાને ન તેડાવવાનું કારણ. |
| (5) જૂની વહેલ ને ધૂંસરી વાંકી,<br>સાંગી સોટા ભાંગી જી. | (5) સીમંતની લખેશરીથી પૂરી ના પડે એવી યાદી જોઈ થતી કુંવરબાઈની મનોવેદના. |
| (6) કોના પિતા લખેશરી કહાવે,<br>તે તો મારે શાં ખપ આવે ? | (6) મોસાળું કરવા નીકળેલા નરસિંહની વહેલનું વર્ણન. |
| (7) પહેરામણી મનગમતી માગો,<br>કરો નાગરી ગોઠ. | (7) વચન બોલતી નણંદને કુંવરબાઈનો જવાબ. |
| (8) ડાટ વાળ્યો રે, ડોશીએ<br>ડાટ વાળ્યો રે. | (8) વૈષ્ણવ વેવાઈ પાસે મનગમતી પહેરામણી માંગવાનું વડસાસુનું સૂચન. |

## 2.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કડવું - 3**

**ઘરસૂત્ર** ઘરસંસાર; **જંજાલ** - જગતની કડાકૂટ; **દુર્બલની** - ગરીબની પુત્રી; **લઘુવયમાં ન્હાનો ભરથાર** ઉંમરમા નાનાં પતિ; **સાધર** - આદરથી, પ્રેમથી ; **ઓરતો** - ઉત્કંઠા, લહાવો; **રાંકડી** - ગરીબડી: **પંચમાસી** - પાંચમે માસે રાખડી બાંધવાનો રિવાજ; **ઓશિયાળી** - અવશ, દીન ; **દ્યામણી** - દયામણી ; **નામી શીશ** - માથું નમાવીને ; **પંડ્યો ખોખલો** - વૃદ્ધ બનેલો પંડિત, ગોર મહારાજ; **મહિયર** - પિયર; **વણ આવ્યે સરશે વેવાઈ** - વેવાઈના આવ્યા વગર પણ પ્રસંગ પૂરો થશે; **ફગો** - વાંકુ બોલવું; **ઇહાં** - અહીં; **ઠાલો જાશે ફરી** - આવીને ખાલી મળી જશે; **મસે** - બહાને ; **કુશલી ક્ષેમ** - ક્ષેમકુશળ; **ત્રઠા** - પ્રસન્ન; **સોનાનો મેરુ કીજે વારણે** - સોનાનો મેરુ પર્વત પણ ઓવારી નાખીએ; **પરૂણા** - મહેમાન; **સૂનો જશે** - મામેરું કર્યા વિનાનો જશે; **બોલબાણ** - વક્ર શબ્દોનાં બાણ.

**કડવું - 4**

**સમર્યા** યાદ કર્યા ; **દામ** - પૈસો, દ્રવ્ય: **ત્રિકમ** - ઈશ્વર; **ત્રેવડ** - તજવીજ, ગોઠવણ, કરકસર; **ધૂંસરી** - ધૂરા; **સાંગી** - જેમાં બેસવાનું હોય તે કઠેરાવાળું ગાડીનું માળખું, ખોખું; **સોટાએ** - સાંગીને ટેકવી રાખનાર દાંડા; **તળાવા** - પીંજણી તળેની આડી ધરીને મજબૂત ટેકવી રાખનાર ને માંચડાને ટાંગેલા લાકડાના કટકા તે તળાવા; **પીંજણી** - પૈડાનું ઢાંકણ; **સંપુટમાં** - બે હાથ એકબીજાની ઉપર ગોઠવતાં વચ્ચે રહેલો પોલાણનો ભાગ; **કંઠે હાર કરીને રાખી** - કંઠમાં હારની જેમ બાંધી છે; **પૂંઠે** - પાછળ; **સોર પાડે** - મોટેથી બૂમ પાડે છે; **ગળિયો** - જરા જરામાં બેસી પડતો અને ના ઊઠતો; **સાલેસાલ** - સાંધેસાંધા; **જૂજવા** - જુદા; **ચીચૂએ** - ચૂ ચૂ અવાજ કરે; **પહોત્યા** - પહોંચ્યા ; **વિષયી** - સંસારી જન; **રોક** - કશી મણા વગરનું, ખામી વગરનું.

**કડવું - 5**

**ધાઈ** - દોડીને; **જૂઆ** - ઢોરના શરીર પર ચોંટતું એક જીવડું; **છાજ** - છાપરું; **દોદશ** - ચારે બાજુ; **ફૂટડો** - રૂપાળો; **ત્રૂઠ્યો** - પ્રસન્ન; **ઠીઠોલી** - મજાક; **તાત** - પિતા; **મચ્છર** - અભિમાન; **લખેશરી** - લાખ રૂપિયાનો આસામી ; **મેર** - મેરુ, પર્વત; **શેં કાજ** - શા માટે; **મોડ** - શુભ પ્રસંગે સ્ત્રી માથા ઉપર મૂકે છે તે; **કુંકુમ પડી** - કુમકુમની પડીકી; **માટલી, ચોળી, ઘાટ** - રેશમી કપડાં; **આસામી** - પહેરામણી લેનાર વ્યક્તિ; **વસ્ત** - વસ્તુ; **ફાંસુ** - ફોકટ, નકામો; **વડસાસુ** - સસરાની મા, કુંવરબાઈની સાસુની સાસુ.

**કડવું - 6**

**વડી વહુઅર** - કુંવરબાઈની સાસુ; **નાગરી ગોઠ** - શુભ પ્રસંગે સગાસંબંધીને નિમંત્રી નાગરી ન્યાતમાં પહેરામણી કરવાનો રિવાજ, ઇષ્ટ ગોષ્ઠી; **સેં સાત** - સાતસો; **વાંકડિયા ફોફળ** - વાંકડી ઊંચી જાતની સોપારી; **વાઘા** - ડગલા, અંગરખા; **તાસ** - સોનારૂપાના તારવાળું ઝીણું રેશમી કપડું; **પંદર કોડી** - 15 x 20 = 300; **પછેડી** - ખેસ; **પટોળાં** - સ્ત્રી માટેનું સુંદર રેશમી વસ્ત્ર; **મુગટા** - અબોટિયાં, રેશમી કપડું; **શણિયાં** - શણના તાણાવાણા વાળું અબોટિયા જેવું વસ્ત્ર ; **પામરી** - રેશમી કે કસબી દુપટ્ટો; **જરકશી** - કસબી; **છાયલ** - સુતરાઉ ભાતીગળ સાડલો; **ઘાટ** - ઘાટડી, એક પ્રકારની રેશમી સાડી; **મશરૂ, ગજીઆણી, દરિઆઈ** - ત્રણે રેશમી કાપડની જાતનાં નામ; **સેલાં** - કસબી ખેસ; **આશરા પડતું** - આશરા વાળું; **બાપ તમારો રંક** - ગરીબ તમારા બાપ; **સહસ્ર** - એક હજાર; **પહાણિયા** - પથ્થર; **શોર** - અવાજ ; **વિકરાળ** - ક્રૂર, નિર્દય.

**કડવું - 7**

**ત્રાટ વાળ્યો** - ત્રાસ કરી નાખ્યો; **વેરણ થઈ** - વેરી થઈ; **પરમારથ** - પરમાર્થી; **કાતી** - કપટ; **વિપરીત** - ધાર્યા કરતાં જુદું; **નહીં વસ્ત્રનું લેખું રે** - વસ્ત્રોનો તો પાર જ નથી; **તાતજી** - પિતાજી; **કોડી** - એક પૈસો; **સધારો** - સિધાવો; **દોહલો** - અસંપન્ન નથી ; **કરજે** - દેવું ; **વહાણું** - સવાર; **હ્રદે** - હૃદયમાં; **પ્રતિપાલ** - રક્ષણ; **જ્ઞાનહેત** - જ્ઞાનને કારણે પિતા પ્રત્યે ઊપજતું હેત.

## 2.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

(1) જુઓ 2.3નો પ્રથમ પરિચ્છેદ.

(2) જુઓ 2.3નો બીજો પરિચ્છેદ.

(3) જુઓ 2.3નો ત્રીજો પરિચ્છેદ.

(4) જુઓ 2.3નો ચોથો પરિચ્છેદ.

(5) જુઓ 2.3નો આઠમો અને નવમો પરિચ્છેદ.

(6) જુઓ 2.3નો દસમો પરિચ્છેદ.

(7) જુઓ 2.3નો બારમો પરિચ્છેદ.

(8) જુઓ 2.3નો ચૌદમો પરિચ્છેદ.

(8) જુઓ 2.3નો પંદરમો પરિચ્છેદ.

(10) જુઓ 2.3નો પંદરમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

(1) જુઓ 2.3નો બીજો પરિચ્છેદ.

(2) જુઓ 2.3નો ચોથો પરિચ્છેદ.

(3) જુઓ 2.3નો દસમો પરિચ્છેદ.

(4) જુઓ 2.3નો બારમો પરિચ્છેદ.

(5) જુઓ 2.3નો તેરમો પરિચ્છેદ.

(6) જુઓ 2.3નો પંદરમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

| અ | | બ |
|---|---|---|
| (1) | _____ | (2) |
| (2) | _____ | (4) |
| (3) | _____ | (7) |
| (4) | _____ | (5) |
| (5) | _____ | (6) |
| (6) | _____ | (3) |
| (7) | _____ | (1) |

**'તમારી પ્રગતિ ચકાસો'-4**

| અ | | બ |
|---|---|---|
| (1) | _____ | (3) |
| (2) | _____ | (4) |
| (3) | _____ | (1) |
| (4) | _____ | (2) |
| (5) | _____ | (6) |
| (6) | _____ | (7) |
| (7) | _____ | (8) |
| (8) | _____ | (5) |

# એકમ 3 8 અને 9મા કડવાંની રસલક્ષી, સ્વાધ્યાયલક્ષી સમીક્ષા

રૂપરેખા


3.0 ઉદ્દેશો

3.1 ભૂમિકા

3.2 રસલક્ષી સમીક્ષા

3.3 સારાંશ

3.4 વસ્તુલક્ષી કસોટી

3.5 ચાવીરૂપ શબ્દો

3-6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 3.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમમાં 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનના આઠમા અને નવમા કડવાના રસલક્ષી અભ્યાસ દ્વારા તમે -

- બંને કડવાંનો રસલક્ષી આસ્વાદ માણશો.
- આઠ અને નવ એ બે કડવાંમાં જે ચમત્કારિક ઘટના આલેખાઈ છે એ ઘટનાના અભ્યાસ દ્વારા નરસિંહની ભક્તિની નક્કરતા જાણી શકશો.
- ભક્તની ભક્તિને પડકારવાની, ચમત્કાર દેખતાં જ ગભરાઈને નમસ્કાર કરવાની અને ચમત્કારની ક્ષણ પસાર થયા પછી ફરી પાછી ચમત્કારની ટીકા કરવાની સામાન્ય લોકોની ક્ષણે ક્ષણે બદલાતી મનોવૃત્તિનો પરિચય પામશો.
- ચમત્કારમાંથી જન્મતા અદ્દ્ભુત રસને માણશો.
- આગળનાં કડવાંઓમાં કુંવરબાઈનું મામેરું કરવા ઈશ્વર સાક્ષાત પધારશે એવી ભક્તની શ્રદ્ધાની સાબિતી આ ચમત્કારમાંથી મેળવશો.
- પ્રેમાનંદના માનવસ્વભાવના ઊંડા દર્શનનો પરિચય પામશો.
- બંને કડવાંમાં રહેલા સૂક્ષ્મ હાસ્યને માણશો.

## 3.1 ભૂમિકા

'કુંવરબાઈનું મામેરું'ના આ સાતમા-આઠમા કડવાંમાં એક સળંગ ચમત્કારિક ઘટના આલેખાઈ છે: એ ઘટનાના પરિચય દ્વારા નરસિંહની ભક્તિની નક્કરતા અને ચમત્કારમાંથી જન્મતો અદ્દ્ભુત રસ બંને અનુભવાય છે. આ આખ્યાનમાં પ્રેમાનંદને ભક્તની પ્રભુશ્રદ્ધાને પૂર્ણ વિજયી બનતી આલેખવી છે. 13મા કડવામાં પ્રભુ સદેહે આવીને ભક્તની પુત્રીનું મામેરું પૂરી જાય છે એની પૂર્વભૂમિકા જેવો ઈશ્વરે કરેલી સહાયનો પ્રસંગ આ બંને કડવાંમાં રજૂ કરીને કવિ જાણે કે આવનાર પ્રસંગનું સૂચન કરી દે છે, સાથે સાથે 'પ્રત્યક્ષ દીઠું પ્રતીત નાવી' એવી કલિયુગની રીતને પણ ઠગ નાગરના બદલાતા રંગઢંગ દ્વારા કવિ વર્ણવી દે છે.

## 3.2 રસલક્ષી સમીક્ષા

ભક્ત નરસિંહની શ્રદ્ધાની કસોટી કરતી ચમત્કારિક ઘટનાનું આલેખન કરતાં આ બંને કડવાંના આરંભે **આઠમા કડવામાં** પહેલી જ પંક્તિમાં કવિ કલિયુગની વિશિષ્ટતા વર્ણવે છે. વૈષ્ણવની ચેષ્ટા એટલે કે મશ્કરી કલિયુગમાં જ થાય..... કલિયુગ જ મનુષ્યને પાપવૃત્તિ તરફ વાળે એટલે અન્ય યુગોમાં ભક્તની પૂજા થાય એની કલિયુગમાં મશ્કરી થાય! એમાં ય અહીં તો વાંકાબોલી નાગરી નાત છે...... વેરાગીઓ સાથે ભોજન કરવા જતા મહેતાજીને એ ટોળે મળીને નીરખી રહી છે. કંઠે તુલસીની માળા ધારી, શરીર પર જુદી જુદી છાપ લગાવી ચાલતા આ વેરાગીઓ........ અને એમાં ય એ વેરાગીઓના અગ્રેસર એવા નરસિંહ મહેતાને જોઈને તેઓ કહે છે : એના રૂપ પાસે તો જાણે કે સાક્ષાત કામદેવ પણ હારી જાય ! અને અન્યોઅન્ય કહે છે -

**મલ્હાર ગાશે નહાતી વેળા, વરસશે વરસાદ જી;**
**પ્રસાદ કરતાં થાળ ગાશે, જમશે જાદવનાથ જી !**

સઘળા નાગર તો સ્નાનવિધિ પરવારીને, જેમની સાથે જેવી મૈત્રી હતી તેવાની સાથે ગોઠવાઈ ગયા પણ કુંવરબાઈનાં સાસરિયાંઓએ મહેતાની મશ્કરી કરવા ઊકળતું પાણી એમને સ્નાન માટે આપ્યું. ઊકળતું પાણી જોઈને નરસિંહે ઠંડું પાણી માગ્યું ત્યારે મુખ મરડીને કુંવરબાઈની જેઠાણીએ નરસિંહને આવું મર્મવચન કહ્યું -

**જો માગ્યા મેહ વરસે મહેતાજી, તો અમ પાસે શું માગોજી ?**

જેઠાણીનાં આ મર્મવચન ભક્તને પણ વાગી જાય છે, કારણ કે અહીં એમનો નહીં એમની ભક્તિનો ઉપહાસ થતો એ જુએ છે. અને એટલે જ બાજઠ પર બેસી કરતાલ મગાવી શામળાનું સ્મરણ કરી મલ્હાર રાગ આલાપે છે.

**નવમા કડવામાં** આગળના કડવાનો જ પ્રસંગ વિસ્તારાયો હોઈને કવિએ યોગ્ય રીતે જ આઠમા કડવાને અંતે વલણ મૂક્યું નથી. મહેતાના મલ્હાર રાગના આલાપ સાથે કવિ આ કડવું પણ મલ્હાર રાગનું જ આપે છે. કવિએ આ કડવામાં નરસિંહની સ્તુતિ અતિ સંક્ષેપમાં રજૂ કરી છે. અંદર નાખેલું શ્રીફળ પણ ફાટી જાય એવું ઊકળતું જળ જોઈ સુધન્વાને શ્રીકૃષ્ણે કરેલી સહાય, શામળશા શેઠ રૂપે ખુદ નરસિંહને કરેલી સહાયને યાદ કરી નરસિંહ વિઠ્ઠલને વરસાદ મોકલવાનું કહે છે. સમોવણ જેવું સરળ કાર્ય જો ઈશ્વર નહીં કરે તો તો મોસાળા જેવા કપરા કામની તો વાત જ શી ? ઈશ્વર પણ નરસિંહનું આ સ્તવન સાંભળીને તરત જ મેઘને પ્રેરે છે -

**પલમાત્રમાં અભ્ર ઘટા થઈ, ચોદશ વ્યાપ્યો અંધકાર રે**
**ગગન વિષે ઘન ગડગડે, થાય વીજળીના ઝાતકાર રે,**
**ઊડે કોરણ બહુ કાંકરા, વરસ્યો મૂશલધાર રે !**

અહીં માત્ર ત્રણ જ પંક્તિમાં વરસાદની, વાતાવરણ સહિત, એક ત્વરિત ગતિશીલ ચિત્રસૃષ્ટિ આછા લસરકે પ્રેમાનંદ ખડી કરે છે. પહેલાં ઘન ઘેરાતાં ઘટા થઈ, પછી અંધકાર થયો, પછી ગડગડાટ, વીજળીના ચમકારા, વાવઝોડું ને છેલ્લે વરસાદ. અને આ વરસાદ પણ કેવો ? મુશળધાર ..... !

આમ માગ્યા મેહ એવા તો વરસે છે કે વેવાઈના ઘરમાં પાણી ભરાઈ જાય છે, સૌ નાસવા માંડે છે અને ત્યારે નાગરાણીઓ નરસિંહની માફી માગતાં કહે છે કે, 'અમારો અપરાધ ક્ષમા કરો..... અમે અજ્ઞાનમાં તમારા જેવા શિરોમણિ સાધુપુરુષને ન ઓળખ્યા' અને વરસાદ બંધ થાય છે. પણ જેવો વરસાદ બંધ થયો એવું તરત જ ઠગ નાગરોનું વર્તન બદલાયું..... ઘડી પહેલાં ચમત્કારને નમસ્કાર કરતા તેઓએ રૂપ બદલ્યું... એમણે કહ્યું : 'આ વરસાદ કંઈ મહેતાની સ્તુતિથી નથી થયો...... એ કમોસમી વરસાદ હતો... માવઠું હતું..... અને આવું તો ઘણી વાર થાય છે !' નાગરોના આવા ક્ષણે ક્ષણે બદલાતા વર્તનમાં કવિયુગની છાંટ જોતો કવિ કહે છે -

**પ્રત્યક્ષ દીઠું, પ્રતીત નાવી, તે કલિનો આચાર રે.**

આખ્યાનની મધ્યમાં આવતાં આ બંને કડવાં અત્યંત નાનાં છે. વસ્તુસંકલનમાં પ્રમાણભાનના વિવેકવાળો પ્રેમાનંદ સીમંતના પ્રસંગની પૂર્વ ભૂમિકારૂપ આ પ્રસંગને વધુ વિસ્તારતો નથી.

## 'તમારી પ્રગતિ ચકાસો'-1

ઉપર વર્ણવેલા આઠમા અને નવમા કડવાના રસલક્ષી અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો:

1. આઠમા કડવાના આરંભે કવિ કલિયુગની કઈ વિશિષ્ટતા વર્ણવે છે ?
2. વાંકા બોલી નાગરી નાત નરસિંહની શી મશ્કરી કરે છે ?
3. કુંવરબાઈનાં સાસરિયાંઓએ નરસિંહને શા માટે ઊકળતું પાણી આપ્યું ?
4. નરસિંહે સમોવણ માટે ઠંડું પાણી માગતાં કુંવરબાઈની જેઠાણીએ શું કહ્યું ?
5. કુંવરબાઈની જેઠાણીના મર્મવચનની નરસિંહના મન પર કેવી અસર થઈ ? એણે શું કર્યું ?
6. નરસિંહની પ્રાર્થનાની અસર શું થઈ ? કેવો ચમત્કાર સર્જાયો ?
7. મેઘવર્ષાનું વર્ણન કવિ કેવું અને કઈ રીતે કરે છે ?
8. મેઘવર્ષાને કારણે વેવાઈના ઘરમાં શું થાય છે ? નાગરાણીઓ શું કરે છે ?
9. મેઘવર્ષા બંધ થતાં 'ઠગ નાગર' શું કહે છે ? એ દ્વારા કડવાને અંતે કવિ શું સૂચવે છે ?

(10) આઠમા કડવાને અંતે કવિએ શું મૂક્યું નથી ? શા માટે ?

(11) નવમું કડવું કયા રાગમાં કવિએ આલેખ્યું છે ? શા માટે ?

## 3.3 સારાંશ

પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું'ના આઠમા-નવમા કડવાંમાં નિરૂપાયેલ કથાપ્રસંગનો મુખ્ય સારાંશ આ પ્રમાણે છે -

- આઠમા કડવામાં પ્રેમાનંદે નાગર સમાજ દ્વારા થતી નરસિંહની ઉપેક્ષા, કુંવરબાઈનાં સાસરિયાં દ્વારા નરસિંહની મશ્કરી કરવા સ્નાન માટે એને અપાતું ઊકળતું પાણી, નરસિંહની સમોવણની માગણી અને જેઠાણીનાં મર્મવચન વર્ણવ્યાં છે.
- નવમા કડવામાં જેઠાણીનાં મર્મવચન સાંભળી મહેતાજીનું મલ્હાર રાગનું ગાન-સ્તુતિ, મેઘવર્ષા અને ઠગ નાગરોની વાંકાઈ નિરૂપાયાં છે.

## 3.4 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

નીચેનાં વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વિધાનને સુધારીને ફરી લખો :

1. આઠમા કડવાની પહેલી પંક્તિમાં કવિએ સત્યયુગની વિશિષ્ટતા વર્ણવી છે.
2. વાંકાબોલી નાગરી નાત વેરાગીઓની અને નરસિંહની મશ્કરી કરે છે.
3. કુંવરબાઈનાં સાસરિયાંઓએ નરસિંહની મશ્કરી કરવા નરસિંહને ખૂબ ઠંડું બરફ જેવું પાણી આપ્યું.
4. કુંવરબાઈની સાસુએ નરસિંહને મર્મવચન કહ્યાં.
5. નરસિંહ દ્વારા વિઠ્ઠલની સ્તુતિ થતાં પળમાત્રમાં વરસાદ થયો.
6. મૂશળધાર વરસાદનું પાણી વેવાઈના ઘરમાં ભરાતાં વેવાઈએ નરસિંહને ઠપકો આપ્યા.
7. ઠગ નાગરોએ કહ્યું કે જે વરસાદ પડ્યો એ તો નરસિંહની સ્તુતિને કારણે પડ્યા છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકીને નીચેની ખાલી જગ્યા પૂરો :

1. આઠમા અને નવમા કડવાંમાં ભક્ત નરસિંહની શ્રદ્ધાની કસોટી કરતો -------------- પ્રસંગ આલેખાયો છે. (ચમત્કારિક, સામાજિક)
2. વૈષ્ણવની ચેષ્ટા-------------- માં જ થાય ! (સત્યયુગ, કલિયુગ)
3. નરસિંહ મહેતા-------------- રાગ ગાઈને મેઘ વરસાવે છે. (મલાર, સામેરી)
4. આઠમા કડવાને અંતે પ્રેમાનંદે -------------- મૂક્યું નથી. (વલણ, મ્હોડિયું)
5. નવમા કડવાંમાં નરસિંહે કરેલી ઈશ્વરસ્તુતિ -------------- થી વર્ણવાઈ છે. (ટૂંકાણ, લંબાણ)
6. આખ્યાનની મધ્યમાં આવતાં આઠ અને નવ એ બંને કડવાં -------------- છે. ( અત્યંત નાનાં, અત્યંત મોટાં)

## 3.5 ચાવીરૂપી શબ્દો (Key Words)

**કડવું : 8**

**કૌતુક** - વિસ્મય; **ચેષ્ટા** - મશ્કરી; **ચીપતિલક** - ઊભું ચીપિયા જેવું, ચીરેલું તિલક કરેલા; **છાપ** - તિલક જેવી મુદ્રા; **કંદર્પ** - કામદેવ; **મલ્હાર** - સંગીતના એક રાગનું નામ, એવું મનાય છે કે આ રાગ ગાવાથી વરસાદ પડે; **જેને જે શું મળતું રે** - જેને જેમની સાથે મૈત્રી કે મેળ હતો; **કળકળતું** - ઊકળતું; **તાતી** - ખૂબ તપાવેલ ; **સુધન્વા** - એક પ્રસિદ્ધ વિષ્ણુભક્ત, પિતાના હુકમનો અનાદર કરવા માટે તેને ઊકળતા તેલના કઢામાં તળી નાખવાની દેહાંતદંડની સજા થઈ હતી, પણ પોતાના તે ભક્તને વિષ્ણુએ બચાવ્યો હતો એવી કથા છે; **છળવા** - છેતરવા; **ઉષ્ણોદક** - ગરમ પાણી; **સમોવણ** - ટાઢું પાણી; **મર્મવચન** - કટુ વચન.

**કડવું : 9**

**તાલ** - કરતાલ; **સમરબેજ** - સ્મરણ; **નેહશું** - પ્રેમથી; **સાહ્ય** - સહાયતા ; **કઢા** - કઢાઈ; **સેં સાત** - સાતસો; **શિકારી** - સ્વીકારી; **સમોવણ** - ઠંડું પાણી; **ઘન** - વરસાદ; **અભ્રઘટા** - વાદળ, **ચોદશ** - ચારે દિશામાં; **ઝાતકાર** - ચમકાર; **કોરણ** - ધૂળ, રજ; **મૂસલધાર** - સાંબેલા જેટલી જાડી ધારે; **પાયે** - પગે; **સાધ** - સાધુ; **માવઠું** - કસમયનો વરસાદ; **પ્રતીત** - ખાતરી ; **નાવી** - ન થાય.

## 3.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ 3.2નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ 3.2નો પ્રથમ પરિચ્છેદ.
3. જુઓ 3.2નો બીજો પરિચ્છેદ.
4. જુઓ 3.2નો બીજો પરિચ્છેદ.
5. જુઓ 3.2નો ત્રીજો પરિચ્છેદ.
6. જુઓ 3.2નો ત્રીજો પરિચ્છેદ.
7. જુઓ 3.2નો ત્રીજો પરિચ્છેદ.
8. જુઓ 3.2નો ચોથો પરિચ્છેદ.
9. જુઓ 3.2નો ચોથો પરિચ્છેદ.
10. જુઓ 3.2નો ત્રીજો પરિચ્છેદ.
11. જુઓ 3.2નો ત્રીજો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. વિધાન ખોટું છે.
   આઠમાં કડવામાં પહેલી પંક્તિમાં કવિએ કળિયુગની વિશિષ્ટતા વર્ણવી છે. (સાચું વિધાન)
2. વિધાન સાચું છે.
3. વિધાન ખોટું છે.
   કુંવરબાઈનાં સાસરિયાંઓએ નરસિંહની મશ્કરી કરવા નરસિંહને ખૂબ ઊકળતું પાણી આપ્યું. (સાચું વિધાન)
4. વિધાન ખોટું છે.
   કુંવરબાઈની જેઠાણીએ નરસિંહને મર્મવચન કહ્યાં. (સાચું વિધાન)
5. વિધાન સાચું છે.
6. વિધાન ખોટું છે.
   મુશળધાર વરસાદનું પાણી વેવાઈના ઘરમાં ભરાતાં નાગરાણીઓએ ગભરાઈને નરસિંહની માફી માગી. (સાચું વિધાન)
7. વિધાન ખોટું છે.
   ઠગ નાગરોએ કહ્યું કે જે વરસાદ પડ્યો એ નરસિંહની સ્તુતિથી નહીં માવઠાને કારણે પડ્યો છે. (સાચું વિધાન)

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. ચમત્કારિક 2. કલિયુગ 3. મલાર 4. ટૂંકાણ, 5. અત્યંત નાના.

# એકમ 4 10, 11 અને 12મા કડવાંની રસલક્ષી સમીક્ષા

**રૂપરેખા**


4.0 ઉદ્દેશો

4.1 ભૂમિકા

4.2 રસલક્ષી સમીક્ષા

4.3 સારાંશ

4.4 વસ્તુલક્ષી કસોટી

4.5 ચાવીરૂપ શબ્દો

4-6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 4.0 ઉદ્દેશો

'કુંવરબાઈનું મામેરું' આખ્યાનના 10, 11 અને 12મા કડવાંની કથાલક્ષી, રસલક્ષી સમીક્ષા દ્વારા તમે -

- આ આખ્યાનના કેન્દ્રભૂત પ્રસંગ કુંવરબાઈના મામેરા તરફ અભિમુખ થશો.
- સંસારી પુત્રી કુંવરબાઈની અશ્રદ્ધાની પડછે ભક્ત નરસિંહની પરમ શ્રદ્ધાને ઊપસતી જોઈ શકશો.
- ભગત પ્રત્યેનું જગતનું તુચ્છકારયુક્ત વર્તન નિહાળશો.
- નરસિંહની ઈશ્વર પ્રત્યેની વિનમ્ર શરણાગતિ, દૃઢ શ્રદ્ધા, ક્યાંક અકળામણ, ક્યાંક ક્રોધ, ઈશ્વરના ભક્તાધીનપણાની કૃતજ્ઞ યાદ વગેરે ભાવસંવેદનો એણે કરેલી પ્રાર્થનામાંથી માણશો.
- પ્રેમાનંદની વર્ણનકલાનો પરિચય મેળવશો.
- નરસિંહે કરેલી પ્રાર્થનામાં અનેક ભક્તોને ભગવાને કરેલી સહાયના ઉલ્લેખોમાંથી એ એ ભક્તો વિષે વધુ જાણવા પ્રેરાશો.

## 4.1 ભૂમિકા

'કુંવરબાઈનું મામેરું' આખ્યાનના દસમા કડાવાથી કૃષ્ણે પાર પાડેલા કુંવરબાઈના મામેરાનો કેન્દ્રભૂત પ્રસંગ આરંભાય છે. હવે પછીનાં બધાં કડવાં એકબીજાં સાથે અનુસંધાનના મણકારૂપે સંકળાયેલાં છે. આખ્યાનનો આ કેન્દ્રભૂત પ્રસંગ પથરાઈને ધીમે ધીમે આગળ વધે છે. આખ્યાનના આરંભમાં ઝડપ અને લાઘવ દાખવનાર પ્રેમાનંદ આ કેન્દ્રભૂત પ્રસંગને નિરાંતે, વિગતવાર હુલાવી ફુલાવીને આલેખે છે.

## 4.2 રસલક્ષી સમીક્ષા

**દસમા કડવાનો** આરંભ બીજા દિવસના ઊઘડતા પ્રભાત સાથે થાય છે. કુંવરબાઈ મોસાળાની રીત કરવાનું કહેવા મહેતાજી પાસે આવી ત્યારે પિતાએ એને ન્યાતમાં તેડાં કરવાનું કહ્યું અને હૃદયમાં વિશ્વાસ રાખી એક ખાલી છાબ મંડપમાં મૂકવાનું પણ કહ્યું. પણ કુંવરબાઈ સંસારી જીવ છે. ઠાલી છાબ અને નાતને તેડાં. પિતાની આ વાતનો વિશ્વાસ એને આવતો નથી. એને એક જ ચિંતા છે 'થાય લોકમાં ઉપહાસ રે.' એ સમયે વળી પાછો નરસિંહ એને 'વૈષ્ણવની દીકરી' હોવાનું સ્મરણ તાજું કરાવે છે અને કહે છે કે

**તારે મારે ચિંતા શાની ? મોસાળું કરશે શ્રીહરિ.**

પિતાનાં આ મર્મવચન ફરી પાછી કુંવરબાઈની શ્રદ્ધાને સ્થિર કરે છે અને તે સાસુ પાસે જઈને કહે છે કે તેનો પિતા મોસાળું કરે છે માટે ન્યાતમાં સહુ સગાંને તેડાવો. ખોખલા પંડ્યાએ ન્યાતમાં તેડાં કર્યાં અને સમસ્ત નાગરી ન્યાત નરસિંહ દ્વારા થતા આ મામેરાને જોવા એકઠી થઈ ગઈ .... સહુને તમાશાનો રસ છે અને એટલે તો વેવાઈ વર્ગ આવા મર્મકટાક્ષો બોલે છે 'જાશે મહેતો મૂકી મામ રે.'
મહેતાજી હાથમાં તાલ લઈ મંડપમાં આવે છે, અને સહુ નાગર મહેતાજીનું 'જે ગોપાળ' કહી મશ્કરીમાં સ્વાગત કરે છે. મહેતાની ઇચ્છા મુજબ 'ઠાલી છાબ' ચોકમાં મૂકવામાં આવે છે અને નરસિંહ શંખ વગાડી હરિ-વિનતિ આરંભે છે ત્યાં કડવું પૂરું થાય છે. આખાય કડવામાં મોસાળાના દિવસે સવારમાં છાબ તદ્દન ખાલી હોવા છતાં 'મોસાળું થશે જ' એવી નરસિંહની દૃઢ આંતરશ્રદ્ધા અને 'હવે શું થશે ?' એવો સંશયભાવ અનુભવતી કુંવરબાઈના મનની શ્રદ્ધા-અશ્રદ્ધા વચ્ચેની દ્વિધા અસરકારક રીતે

આલેખાઈ છે.
વનમાળીના સ્મરણ સાથે આરંભાયેલું **અગિયારમું કડવું** પ્રેમાનંદની રસિક, ચિત્રાત્મક અને સુભગ વર્ણનશૈલીનો પરિચય કરાવે છે. મામેરા પ્રસંગે એકત્રિત થયેલી મેદનીનો આકર્ષક અને રોચક ચિતાર પ્રેમાનંદ અહીં આપે છે. પ્રત્યેક પંક્તિનું વર્ણન આસ્વાદ્ય છે અને સમગ્રપણે ઊપસી આવતું ચિત્ર અલ્લાદક બની રહે છે. ભાષાનો ત્રેવડભર્યો ઉપયોગ અને છતાં વર્ણ્યવિષયની પ્રત્યેક રેખાને મળતો ઉઠાવ પ્રેમાનંદની સબળ કલમનો પરિચય આપે છે.
સમસ્ત નાગરી ન્યાત જ નહીં પણ ચારે વર્ણના લોક આ વિશિષ્ટ મામેરું જોવા આવ્યા છે. દરેકના મોં પર કુતૂહલ અને મશ્કરીનો ભાવ છે. અંદરોઅંદર હસતી અને પરસ્પરને તાળી આપતી વ્યક્તિઓ એકબીજીને કહે છે -

**જુઓ મોસાળાના ઢંગ વેવાઈએ માંડ્યા !**
**નાગરના વહેવાર એણે સર્વ છાંડ્યા.**
**છાપાં, તિલક ને તાળ, જુઓ તુલસીમાળા**
**નરસૈંયો કરશે નૃત્ય, આશે ટોપીવાળા !**

ભગત પ્રત્યેનું જગતનું તુચ્છકારભર્યું વલણ અહીં આપણને જોવાં મળે છે.
મંડપમાં નાની-મોટી અનેક સ્ત્રીઓ આવી છે. વાંકી વળી વળીને છાનીછપની વાત કરે છે.... કોઈ મુખ મરડીને મહેતો 'ઘરચોળાં' આપશે એમ કહે છે, તો બીજી મુખ મરડીને મહેતાને 'જે શ્રીકૃષ્ણ' કહેતી પરૂં - આડું જોઈ રહે છે...... કોઈ સોળ શણગાર સજીને આવી છે...... તો કોઈ યૌવનની મદભરી ચાલે ઠમકાતી આવે છે...... કોઈએ કંઠમાં મોતીનો હાર લટકાવ્યો છે તો કોઈએ કંકણ અને ચૂડલો હાથે ખડકાવ્યાં છે...... કોઈ છૂટી સેરમાં વેણી લટકાવીને આવી છે તો કોઈ વળી પગમાં ઝાંઝર અને કડલાં-કાંબી પહેરીને આવી છે. પ્રત્યેકનો ઠસ્સો, હાવભાવ બધું જ વિશિષ્ટ છે...... દરેકની જોવાની રીત પણ અનોખી છે.... કોઈના મુખ પર કુતૂહલ છે તો કોઈ લજ્જાભાવથી લપાતી આવી છે.... કોઈના મોં ઉપર દક્ષતા છે તો કોઈના મોં પર વક્રતા .... ! વાંકાબોલી કોઈ નાર આવું વાંકું પણ બોલે છે -

**બાઈ, કુંવરવહુનો બાપ કરશે મામેરું**
**હું તો લઈશ પટોળી શ્રીકાર, સાડી નહીં પહેરું.**

અને એટલું ઓછું હોય એમ આવા બોલબાણ પણ કુંવરબાઈને સંભળાવે છે -

**કુંવરવહુને ધન્ય, પિયર પનોતી છે.**

નાગર સ્ત્રીની આ ઉક્તિ નાટ્યાત્મક વક્રોક્તિનો મઝાનો નમૂનો છે. જેણે અત્યારે મજાકમાં કુંવરબાઈને 'પિયર પનોતી' કહી એણે જ આગળ સાચા અર્થમાં કુંવરબાઈને 'પિયર પનોતી' કહેવું પડવાનું છે. પ્રેમાનંદે પ્રત્યેક સ્ત્રીની વિશેષતાઓનો હૂબહૂ ચિતાર અત્યંત સંક્ષેપમાં પણ સચોટતાથી આપ્યો છે અને એ દ્વારા તે તે સ્ત્રીની માનસિક છબિ પણ અંકિત કરી આપી છે.
નાગર સ્ત્રીઓ પછી 'વાંકા બોલા' વિપ્ર પણ નરસિંહનો ઉપહાસ કરવાનું ચૂકતા નથી.... એ પણ કહે છે કે છાબમાં પહાણ - પથ્થર મૂકો નહીં તો એય પવનમાં ઊડી જશે. 'ઠાલી છાબ' વિષયક આ કટાક્ષવચનો સાંભળીને કુંવરબાઈનું મન નિઃશ્વાસથી ચિરાઈ જાય છે. અને તે પિતા પાસે પહોંચે છે ત્યારે પિતા એને સાનથી - ઈશારાથી વિશ્વાસ રાખવાનું કહે છે. 'રહેજે વિશ્વાસે' એ બે શબ્દોની નરસિંહની સંજ્ઞામાં ભરપૂર ભાર રહેલો છે. નિશ્વાસ પર વિશ્વાસનું શસ્ત્ર વિજયી નીવડવાનું છે.
નરસિંહની મોસાળા માટે માધવની સ્તુતિ વર્ણવતું **બારમું કડવું** આ આખ્યાનનું સૌથી લાંબું કડવું છે. ખાલી છાબમાં પહેરામણીનો કાગળ મૂકી મહેતો શ્રીહરિની આરાધના કરે છે... વેરાગી ભક્તો એની સ્તુતિમાં સાથ પૂરે છે. પણ આ ભક્તિને ન સમજી શકનાર નાગરોને મન તો નરસિંહની સ્તુતિ પણ મશ્કરીનું સાધન બને છે. એ તો પરસ્પર અવાજ ન કરવાનું કહેતાં મોટેથી એકબીજાને કહે છે -

**જુઓ છાબમાં ! મૂકો શોર, ઓ દીસે કમખાની કોર !**

અગાઉ આઠમા કડવામાં ઊકળતું પાણી નહાવા માટે કુંવરબાઈની જેઠાણીએ આપ્યું અને નરસિંહે સમોવણ માગ્યું ત્યારે જે મર્મવચન એણે કહ્યાં એનાથી વીંધાયેલો નરસિંહ અત્યારે એની આજુબાજુ અનેકોનાં અનેક મર્મવચન કાને પડવા છતાં પણ નિસ્પૃહ છે.... એનું ચિત્ત એના માધવમાં લયલીન બન્યું છે. એટલે તો કવિ કહે છે 'મહેતો માધવ શું ભેદિયા.'

પુરાણકાળમાં પ્રભુનાં વિવિધ સ્વરૂપને યાદ કરી... પ્રભુએ ભક્તોને કરેલી સહાય મનમાં લાવી આ રાંક સેવકની વિનંતી કાને ધરવા નરસિંહ પોકાર કરે છે... દોહ્યલા લોકાચારમાં ભક્ત અને તેની ભક્તિની લાજ રાખવા આર્જવભરી પ્રાર્થના કરે છે... ધનવાન નાગરી નાતમાં પોતે દીન-દરિદ્ર-દુર્બળ છે... કંકુ વિહોણી કંકાવટી કરમાં લઈ ઊભેલી રાંક કુંવરબાઈનાં અરમાનો પૂરાં કરવા પ્રભુને એ વીનવે છે ...

વેળા વિતવા આવી છે છતાં પ્રભુનું આગમન થતું નથી એથી એના મનમાં અનેક પ્રશ્નો ઊઠે છે -

**શું સૂતો વૃંદાવનમાંય ? ત્યાં શું રાધાજી ચાંપે પાય ?**

ના ..... ના.... મન માનતું નથી...... પોતાને જેણે હૈયે રાખ્યો છે તે સેવકની વિનંતી પ્રભુ સાંભળ્યા વિના રહે ખરો ? એનો પેલો અતૂટ વિશ્વાસ પ્રબળ થાય છે.... જેણે જાતે ખીચડો જમાડ્યાં..... તરસ્યો જાણી પોતાના સ્વહસ્તે ઝારીથી પાણી પાયું.... પોતાની હૂંડી સ્વીકારી એ જ રીતે મામેરું કરવા પ્રભુને એ વિનંતી કરે છે અને કહે છે -

**જો નહિ આવો સુંદરશ્યામ; તો નાગર સાથે છે કામ !**

અને નરસિંહની વિનંતી સાંભળી 'ઉઠી ધાયા વૈકુંઠનાથ રે' વૈકુંઠનાથ દોડી આવે છે.

પ્રભુનામ સંકીર્તન, નાગરી નાતનાં મર્મવચનો, દોહ્યલા લોકાચારમાંથી પ્રતિપાલન કરનાર ભગવાનમાં શ્રદ્ધા, એ પછી જે જે ભક્તોને ઈશ્વરે સહાય કરી એનું પુણ્યસ્મરણ, ત્યાર પછી 'સેવકની લેજો સંભાળ' ની વિનંતી..... એમ કવિએ આ લાંબા કડવાની પણ વ્યવસ્થિત આયોજના કરી છે, અને સ્તુતિમાં પરંપરાનું અનુસરણ છતાં એની એકવિધતા રાખવા ભાવના આરોહ-અવરોહની કુશળતાપૂર્વક ગૂંથણી કરી છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

ઊપર્યુક્ત 10, 11 અને 12મા કડવાંના રસલક્ષી, સમીક્ષાલક્ષી અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :

1. દસમા કડવામાં કયો મુખ્ય પ્રસંગ આલેખાયો છે ?
2. મામેરું જોવા આવેલા લોકનું નરસિંહ પ્રત્યેનું વલણ કેવું છે ?
3. મંડપમાં આવેલી સ્ત્રીઓના વર્તન અને એમણે કરેલા શણગારનુ વર્ણન પ્રેમાનંદ કેવું કરે છે?
4. અગિયારમા કડવામાં નાટ્યાત્મક વક્રોકિત કઈ પંક્તિમાં મળે છે ?
5. વાંકા બોલા વિપ્ર કેવો ઉપહાસ કરે છે?
6. અગિયારમા કડવામાં આખ્યાનકાર પ્રેમાનંદની કઈ વિશેષતા જોવા મળે છે ?
7. બારમું કડવું નરસિંહની સ્તુતિને કઈ રીતે વર્ણવે છે ?

## 4.3 સારાંશ

'કુંવરબાઈનુ મામેરું' આખ્યાનના પ્રસ્તુત એકમમાં રજૂ થયેલાં ત્રણ કડવાંનો મુખ્ય સારાંશ નીચે પ્રમાણે છે -

- આખ્યાનના કુંવરબાઈના મામેરાના મુખ્ય પ્રસંગને આ કડવાંઓમાં પ્રેમાનંદ નિરાંતે, વિગતવાર, હુલાવીફુલાવીને આલેખે છે.
- આખ્યાનનાં આ કડવાં એકબીજા સાથે અનુસંધાનના મણકા રૂપે સંકળાયેલાં છે.
- **દસમા કડવામાં** મોસાળાના દિવસે સવારમાં છાબ તદ્દન ખાલી હોવા છતાં, 'મોસાળું થશે જ' એવી નરસિંહની દૃઢ આંતરશ્રદ્ધા અને 'હવે શું થશે ?' એવો સંશયભાવ અનુભવતી કુંવરબાઈના મનની શ્રદ્ધા-અશ્રદ્ધા વચ્ચેની દ્વિધા અસરકારક રીતે આલેખાઈ છે.
- **અગિયારમા કડવામાં** મામેરા પ્રસંગે એકત્રિત થયેલી મેદનીનો આકર્ષક અને રોચક ચિતાર મળે છે. પ્રેમાનંદની રસિક, ચિત્રાત્મક અને સુભગ વર્ણનશૈલીનો પરિચય કરાવતું આ કડવું ભાષાના ત્રંવડભર્યા ઉપયોગથી, વર્ણ્યવિષયની પ્રત્યેક રેખાને મળતા ઉઠાવથી પ્રેમાનંદના કવિત્વનો સબળો પરિચય આપે છે.
- બારમું કડવું નરસિંહની મોસાળા માટે માધવની સ્તુતિને વર્ણવે છે. આખ્યાનનું સૌથી લાંબું એવું આ કડવું પ્રભુનામસંકીર્તન, નાગરી નાતનાં મર્મવચનો, દોહ્યલા લોકાચારમાંથી પ્રતિપાલન કરનાર ભગવાનમાં શ્રદ્ધા વગેરેની આયોજના સાથે ભાવના આરોહ-અવરોહની કુશળતાપૂર્વક રજૂઆત કરે છે.

## 4.4 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

નીચેની ખાલી જગ્યા પૂરો :

1. દસમા કડવાના આરંભે ---------------- મોસાળાની રીત કરવાનું કહેવા ----------------- પાસે આવી.
2. કુંવરબાઈ --------------------- ના કહેવાથી મોસાળું કરવા ન્યાતના સહુ સગાંને તેડાવવા ----------------- ને વિનંતી કરે છે.
3. અગિયારમું કડવું પ્રેમાનંદની ----------------- નો સુંદર પરિચય કરાવે છે.
4. અગિયારમા કડવામાં મામેરા પ્રસંગે એકત્રિત થયેલી ----------------- નો આકર્ષક ચિતાર પ્રેમાનંદ આપે છે.
5. મામેરું જોવા આવેલી ----------------- વર્ણમાં ----------------- અને ----------------- નો ભાવ જોવા મળે છે.
6. અગિયારમા કડવાની 'કુંવરવહુને ધન્ય પિયર પનોતી છે' પંક્તિમાં ----------------- છે.
7. 'ઠાલી છાબ' વિષયક કટાક્ષવચનો સાંભળી ---------------- નું મન નિઃશ્વાસથી ચિરાઈ જાય છે.
8. બારમું કડવું આખ્યાનમાં ----------------- છે.
9. બારમા કડવામાં નરસિંહની મોસાળા માટે ----------------- ની સ્તુતિ વર્ણવાઈ છે.
10. બારમા કડવામાં ----------------- નું અનુસરણ છતાં એકવિધતા ટાળવા ----------------- આરોહ-અવરોહની કુશળતાપૂર્વકની ગૂંથણી મળે છે.

## 4.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**દસમું કડવું :**

**વનમાળી** - શ્રીકૃષ્ણ; **ચાલ** - રીતની તૈયારી; **ઠાલી** - ખાલી; **જશે મહેતો મૂકી મામ રે** - મહેતા ફજેત થશે; આબરૂ ગુમાવશે; **એણી પેર** - એ રીતે; **આવો જે ગોપાળ રે** - મોંથી કરાતો કૃત્રિમ વિવેક.

**અગિયારમું કડવું :**

**વજાડ્યો** - વગાડ્યો; **સમર્યા** - સ્મરણ કર્યું; **ચારે વર્ણ** - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ બધી જાતના લોકો; **જુઓ મોસાળાના ઢંગ વેવાઈએ માંડ્યા !** - મોસાળાની જે રીત વેવાઈએ શરૂ કરી છે તે; **ટોપીવાળા** - વૈષ્ણવ સંતો; **મરડી** - કટાક્ષમાં; **પરું** - આડું જોઈને; **અધર** - નીચલો હોઠ; **વેસર** - મોતીવાળી નથ; **સોળ શણગાર** - સ્ત્રીને અંજન, ચીર, હાર, તાંબૂલ, અગરજો, શીર્ષફૂલ, રાખડી, ચૂની, ગોફણો, કટિમેખલા, ગળૂબંધ, મુક્તાહાર, કંકણચૂડી, નૂપુર, અણવટ વીછીઆ, ઝાંઝર; **ચરણાં** - ચણિયાં; **ઢળકે** - ઝૂલી રહે; **ખળકે** - શોભે; **શ્રીકાર**-સુંદર; **વેવારીઆ** - વ્યવહાર સાચવવાવાળા; **પિયર પનોતી** - પિયરની નસીબદાર, પનોતા પિયરની; **પનોતી** - નસીબદાર; **સાન** - ઈશારો.

**બારમું કડવું :**

**વાંકા વચન બોલે વેદિયા, મહેતો માધવમાં ભેદિયા** - નરસિંહ કૃષ્ણમાં ભેદ જોનાર નાગરો વાંકાં વચન બોલતા હતા; **મૂકો શોર** - અવાજ બંધ કરો, અવાજ મૂકી દો; **નંદાનંદ** -કૃષ્ણ; **વ્રજેશ્વર** - કૃષ્ણ; **આનંદકંદ** - આનંદરૂપ; **અંબરિષ** - કૃષ્ણના પરમ ભક્ત; **શંખાસુર** - એ નામનો રાક્ષસ; **કમઠ રૂપ** - કાચબાનું રૂપ; **હિરણ્યાક્ષ** - પ્રહ્લાદના પિતા; **અજામીલ** - મહાપાપી બ્રાહ્મણ; **પુંશ્ચલી** - એ નામની પાપી વેશ્યા; **ગ્રાહ** - મગર; **બટુકવેષ** - વામન વેશ; **પાર્થ** - અર્જુન; **રુકમાંગદ** - એ નામનો ચુસ્ત વિષ્ણુભક્ત; **મુરધ્વજ** - એ નામનો રાજા; **મઘવા** - ઇન્દ્ર; **દક્ષ** - ચતુર; **પિંગાણી** - તેલનું કચોળું; **સેના** - એ નામનો ભક્ત; **મહિષી** - ભેંશ; **ન જાણતો કાળા ઉપર ધોળો** - અભણ, નિરક્ષર; **નાપિત** - હજામ.

## 4.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. જુઓ 4.2નો પહેલો, બીજા અને ત્રીજા પરિચ્છેદનો ટૂંકસાર
2. જુઓ 4.2નો · ત્રીજો અને પાંચમો પરિચ્છેદ
3. જુઓ 4.2નો છઠ્ઠો પરિચ્છેદ
4. જુઓ 4.2નો છઠ્ઠા પરિચ્છેદનો અંત ભાગ
5. જુઓ 4.2નો સાતમો પરિચ્છેદ
6. જુઓ 4.2નો ચોથો પરિચ્છેદ
7. જુઓ 4.2નો દસમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. કુંવરબાઈ; નરસિંહ.
2. પિતા; સાસુ.
3. વર્ણનકલા
4. મેદની
5. ચારે; કુતૂહલ; મશ્કરી
6. નાટ્યાત્મક વક્રોક્તિ
7. કુંવરબાઈ
8. સૌથી લાંબું
9. કૃષ્ણ
10. પરંપરા; ભાવના

# એકમ 5 13, 14, 15 અને 16મા કડવાંની રસલક્ષી સમીક્ષા

**રૂપરેખા**

5.0 ઉદ્દેશો

5.1 ભૂમિકા

5.2 રસલક્ષી સમીક્ષા

5.3 સારાંશ

5.4 વસ્તુલક્ષી કસોટી

5.5 ચાવીરૂપ શબ્દો

5.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 5.0 ઉદ્દેશો

'કુંવરબાઈનું મામેરું' આખ્યાનનાં છેલ્લાં ચાર કડવાંના રસલક્ષી સમીક્ષાલક્ષી પરિચય દ્વારા તમે -

- આખ્યાનકાવ્યને પરિણામ તરફ આગળ વધતું જોઈ શકશો.
- 11 અને 12મા કડવામાં સ્થિર થઈ ગયેલા કથાપ્રસંગને ફરી વેગવંત બનેલો અનુભવી શકશો.
- પ્રેમાનંદના સમયનું તત્કાલીન સમાજજીવન તથા તળપદું ગુજરાતીપણું માણી શકશો.
- દામોદર જોશી અને કમળા શેઠાણીના પ્રેમાનંદે કરેલા ચિત્રણમાં એની મધુર કાવ્યકલાનો આસ્વાદ મેળવી શકશો.
- ગુજરાતી સમાજમાં પ્રચલિત સીમંત પ્રસંગના રીતરિવાજથી પરિચિત બની શકશો.
- આ કડવાંઓમાં નિરૂપાયેલ કૃષ્ણ અને નરસિંહના ચિત્રમાંથી ભગવાનનું ભક્તાધીનપણું અને ભક્તની ઈશ્વરપરાયણતા તથા જગનિંદાની બેપરવાઈ અનુભવી શકશો.
- બાર કડવાં સુધી 'ગરીબડી' અને 'દયામણી' જણાતી કુંવરબાઈ સાચા અર્થમાં 'પિયરપનોતી' બને છે એ પાત્રવિકાસ જોઈ શકશો.
- નાગરી ન્યાતના બદલાયેલા રંગનો પરિચય પામી આખ્યાનમાં પ્રસરતા સૂક્ષ્મ હાસ્યનો આસ્વાદ માણી શકશો.
- આખ્યાનનું અંતિમ કડવું કથાનું સમાપન કરી કથાની ફલશ્રુતિ આપી કવિપરિચય, કૃતિની રચનાસાલ વગેરે દર્શાવી આખ્યાનના સ્વરૂપમાં તે અગત્યનું કઈ રીતે બને છે તે જોઈ શકશો.

## 5.1 ભૂમિકા

'કુંવરબાઈનું મામેરું' આખ્યાનની કથા હવે પરિણામલક્ષી બનવા માંડી છે એનો અણસાર તેરમા કડવાથી મળવા માંડે છે. મહેતાજીની સ્તુતિ પરાકાષ્ઠાએ પહોંચી પછી પ્રભુનું આગમન થયું.... દામોદર દોશી અને કમળા શેઠાણી સ્વરૂપે કુંવરબાઈનાં સાસરિયાંએ અને નાગરી નાતે તો મારેલું કે મહેતાજી નાક મૂકીને જશે.... પણ એમની ધારણાથી વિરુદ્ધ, એ સૌ આશ્ચર્યચકિત થઈ જાય એવી પહેરામણી થઈ.... કુંવરબાઈનું ભવનું મહેણું ટળ્યું. 'ભવનું મહેણું મુજને થશે'થી આરંભાતી આ કથા 'ભાંગ્યું ભવનું મહેણું જી'થી સુખદ સમાપન પામે છે.

## 5.2 રસલક્ષી સમીક્ષા

આ આખ્યાનનું તેરમું કડવું પ્રેમાનંદની કાવ્યકલાશક્તિ, ઝીણવટભરી અવલોકન શક્તિ અને વર્ણનશક્તિનો પરિચય કરાવે છે. આગળના કડવામાં સ્થગિત થઈ ગયેલો કથાપ્રવાહ આ કડવાથી આગળ વધે છે. ભક્ત નરસિંહની આર્ત પ્રાર્થના સાંભળી દોડી આવતાં કૃષ્ણ-લક્ષ્મીના વર્ણનથી કડવું આરંભાય છે. દામોદર દોશી અને કમળા શેઠાણી સ્વરૂપ આવતાં આ બંનેના દેખાવ .... રૂપ ...... પહેરવેશ વગેરેનું રુચિર વર્ણન પ્રેમાનંદની કાવ્યકલાનો મધુર પરિચય કરાવે છે.

હીરા અને પરવાળાંથી સુશોભિત, ઘુઘરમાળથી રણકતા બળદોવાળી વહેલમાંથી શ્રીકૃષ્ણ ઊતરે છે. નરસિંહના વાણોતર બનીને એ આવ્યા છે..... દસવીસ વાણોતર સાથે લઈને દામોદર શેઠ બનીને આવતા પ્રભુનું વર્ણન પ્રેમાનંદે ગૌરવ અને માનમોભાસૂચક ક્રિયાઓ દ્વારા ધીરે ધીરે કર્યું છે. કવિને

અહીં વર્ણન ટૂંકાણથી સમેટી લેવાની ઉતાવળ નથી.... આખ્યાનનો આ તો મુખ્ય પ્રસંગ છે... નરસિંહ જેવા ભક્તનું ગૌરવ વધારનારો પ્રસંગ છે.... એટલે એને તો તે બસબર, તંતોતંત, દલેદલ ખીલવીને કરે તે જ યોગ્ય છે ને ? પ્રભુ વહેલમાંથી ઊતરીને દસવીસ વાણોતરો - જેમના માથે વજનદાર ગાંસડીઓ છે - સાથે મંડપમાં પધારી રહ્યા છે... છડીદાર રસ્તો કરી આપી સહુનું ધ્યાન પ્રભુ તરફ દોરે છે... શેઠ રૂપે આવેલા પ્રભુનો દમામ જોઈને તે કોઈ મોટા માણસ છે એવી વિસ્મયસૂચક છાપ મંડપમાં રહેલા સૌના ચિત્તમાં પડે છે.

ખટ્દર્શનના અધ્યયનથી પણ જે ન પમાય, જેને ભગવાન શંકર જેવા આરાધે... જે ધ્યાન, દાન કે ચરીથી પણ ન મળે તેવા મહાપ્રભુ આજે અહીં ખુલ્લા પગે ચાલે છે... જે ચૌદ લોકના મહારાજ કહેવાય એ અત્યારે મહેતા માટે બજાજ એટલે કે વેપારી બનીને આવ્યા છે. મંડપમાં કોઈ પ્રભુને ઓળખી શકતું નથી કારણ કે -

**કો ન જાણે ત્રિભુવન ભૂપ રે, વિઠ્ઠલે લીધું વાણિયાનું રૂપ રે.**

કોઈ નગરશેઠ અને શેઠાણી જેવાં શોભે છે બંને ! અવળા આંટાની પાઘડી, કાને ખોસેલી લેખણ, ઝીણા જામા... ખભે પછેડી અને અડવાણા પગ...કાને હીરાજડિત કુંડળ, આંગળિયે વેઢ અને વીંટી ધારણ કરેલા દામોદર શેઠને જોઈને અને એમની પાછળ આવતાં કમળા શેઠાણીને જોઈને તો 'ઊતર્યાં નાગરીઓનાં અભિમાન'. એમના આગમન સાથે જાણે કે સૂર્ય અને ચંદ્રનું તેજ એકસામટું અવનિ ઉપર ઊતર્યું.... સુંદર લલાટ... રૂડી ભમર.... વિશાળ અને ચંચળ આંખો.... પરવાળા સમા સુંદર હોઠ.... કપાળમાં દામણી, ગળામાં નવસરો હાર, હાથે લૉકેટ.... કેડ ઉપર કંદોરો.... પંચરંગી વસ્ત્ર અને પગમાં ઝમકતાં ઝાંઝર..... હાથમાં ખડકતો જડેલો ચૂડો..... 'માયાનું આ મહેતીરૂપ' જોઈને સભામાં સહુનાં ચિત્ત મોહિત બને છે.

સભામંડપમાં આવતા દેવાધિદેવને નરસિંહ તત્ક્ષણ ઓળખી લે છે અને આવકારે છે આમ કહીને 'ભલે આવ્યા, શેઠ શામળિયા રે' અને ભેટતાં સુંદરશ્યામ નરસિંહના કાનમાં કહી દે છે 'મારું પ્રગટ ન લેશો નામ રે' અને શેઠાણીને.... લક્ષ્મીને કહે છે -

**જાઓ શેઠાણી, દુઃખ કાપો રે, કુંવરબાઈને હઈયા શું ચાંપો રે.**

અને કમળા શેઠાણી કુંવરબાઈને હૈયા સરસી ચાંપે છે આમ કહીને -

**મારી મીઠી, મ ભરીએ આંસુ રે, તેડે ક્યાં છે તમારી સાસુ રે.**

'મારી મીઠી' ઉચ્ચારતાં લક્ષ્મીજી જમાઈ પુત્રીને માતાથી યે વિશેષ લાડ કરીને છલકાવી દે છે! દામોદર શેઠ અને કમળા શેઠાણી બંને પાત્રોને પ્રેમાનંદે અત્યંત સુરેખ રીતે આલેખ્યાં છે.

કુંવરને ભેટતાં કમળા શેઠાણીને જોઈને ભેગી મળેલી નાગરાણીઓએ અહંકાર મૂકી દીધા.... એટલું જ નહીં જેણે ધાર્યું હતું કે મહેતાજી શંખ ફૂંકશે. મોસાળું તેમનાથી થવાનું નથી અને તે આબરૂ ખોઈને જશે એવી કુંવરબાઈની સાસુ તો મામેરાંની આ સામગ્રી અને આવા શેઠ-શેઠાણીને જોઈને એવી તો વિમાસણમાં પડી ગઈ, એવી તો બુદ્ધિમૂર્છામાં પડી ગઈ કે અસાવધાનપણે કમળાને આવો બેહૂદો પ્રશ્ન પૂછી બેઠી: 'મહેતા સાથે સગપણ શું છે રે ?' ત્યારે કમળા શેઠાણી હસીને એનો આવો ચતુર ઉત્તર આપે છે -

**વેવાણ, તમોએ નવ જાણીઆં રે, મહેતો બ્રાહ્મણ ને અમો વાણિયા રે ?**
**વેપાર દોશીનો, ઘેર કોઠી રે, અમને ઓથ નરસૈંયાની મોટી રે.**
**અમો ધન મહેતાજીનું લીજે રે, વેપાર કાપડનો કીજે રે !**

કમળા શેઠાણી દ્વારા વેવાણને અપાયેલા આ પરિચયમાં ભક્તનું ભગવાન દ્વારા થયેલું કેવું અપૂર્વ ગૌરવ જોવા મળે છે ! અત્યાર સુધી નિષ્કિંચન ભક્ત પર કટાક્ષના - વક્રોક્તિઓના ચાબખા પર ચાબખા લગાવતી નાગર સ્ત્રીઓને કવિએ સ્ત્રી દ્વારા જ કેવી અપમાનિત કરી !

ત્યાર બાદ શ્રીરંગ મહેતાને ભાવથી ભેટીને જદુરાય નરસિંહને પહેરામણી કરવાનું અને પ્રભુનાં 'વાણોતર સરખું કામ' સોંપવાનું કહે છે ત્યાં કડવું પૂરું થાય છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

ઉપર્યુક્ત તેરમા કડવાના અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. તેરમું કડવું આખ્યાનકાર પ્રેમાનંદની કઈ શક્તિનો પરિચય કરાવે છે?
2. વહેલમાંથી ઊતરતા પ્રભુનું વર્ણન પ્રેમાનંદ કઈ રીતે કરે છે ? એ વર્ણનની વિશેષતા ટૂંકમાં વર્ણવો.
3. પ્રેમાનંદ મંડપમાં પધારેલ મહાપ્રભુની મહત્તા કઈ રીતે વર્ણવે છે ? મંડપમાં પધારેલા પ્રભુને કેમ કોઈ ઓળખી શકતું નથી ?
4. દામોદર શેઠ અને કમળા શેઠાણીનું વર્ણન પ્રેમાનંદ કેવું કર્યું છે ?
5. કુંવરબાઈની સાસુ કમળા શેઠાણીને કયો પ્રશ્ન પૂછે છે ? એને કારણે એની છાપ કેવી પડે છે?

13, 14, 15 અને 16મા કડવાંની રસલક્ષી સમીક્ષા

ચૌદમું કડવું કુંવરબાઈનાં સાસરિયાંને થતી પહેરામણી અને એ સમયે સાસરિયાંનાં રિસામણાં-મનામણાંને વર્ણવે છે. પરિસ્થિતિના પલટાતા ચિત્ર સાથે આ કડવાનો ઉઘાડ થાય છે... શેઠ-શેઠાણીનું રૂપ લઈ આવેલાં વિષ્ણુ-લક્ષ્મીજીએ 'ઘણું ભારે માણસ' એવાં વડસાસુની યાદી મુજબની મામેરાંની સામગ્રી છાબમાં ભરી છે..... મહેતાજી દીકરીને બોલાવી એ છાબ બતાવી સમગ્ર નાગરી ન્યાત અને સાસરિયાંને મનગમતી પહેરામણી કરવાનું કહે છે.

કંકાવટી હાથમાં લઈ કુંવરબાઈ સાસુ પાસે જાય છે... આજ સુધીની 'દયામણી' અને 'ગરીબડી' કુંવરબાઈ હવે ગૌરવપૂર્વક સાસુને કહે છે -

> વૈષ્ણવ કહી દેતાં ગાળ, 'એ શું મામેરું કરશે કંગાળ ?'
> તમો નિંદતા તુલસી ને તાળ, એ તાળે વશ કીધા ગોપાળ !
>
> જુઓ કમાઈ દુર્બળ તણી ! જોવે છે કુળ હરિના ભણી.

સાસુનાં પિતા પરત્વે પૂર્વે ઉચ્ચારાયેલાં વચનોનો જવાબ કુંવરબાઈ વ્યાજ સાથે વાળે છે.... સાસુની જ ઉક્તિ ટાંકીને, એના વિરોધમાં 'દુર્બળની કમાઈ'નું દર્શન કરી લેવા એ સાસુને કેવી પ્રગલ્ભ રીતે કહી દે છે ! સંસારના સાચા નાડપારખુ પ્રેમાનંદનું નિરીક્ષણ અહીં દેખાય છે !

પછી આરંભાય છે પહેરામણી. પહેરામણીનો ક્રમ પણ જોવા જેવો છે. ગોરગોરાણીથી આરંભી એક પછી એક વ્યક્તિને તેના મોભા પ્રમાણેના ક્રમમાં પહેરામણી આપવામાં આવે છે અને પહેરામણીનાં વસ્ત્રો વગેરે પણ એ જ આદરમાનના દરજ્જા પ્રમાણેનાં ! ગોરગોરાણીને પૂજ્યા પછી સસરાને શાલ, પતિને કિનખાબનાં વસ્ત્રો અને સોનાનો દોરો, સાસુને સોળ શણગાર, જેઠ-જેઠાણીને આઠ વસ્ત્રો... બુસટ તાણતા દિયરને પાંચ સોનાની મહોર અને મનગમતી પહેરામણી.... તોરીલી નણંદને બે તોલાની રાખડી બદલામાં દસ તોલા આપ્યા... આમ દરેકને ચડતા-ઊતરતા... મોભા પ્રમાણે પહેરામણી અપાય છે પણ પહેરામણીના આ ક્રમમાં ઘરનું મોટું માણસ - વડસાસુ - જ વિસરાઈ જાય છે.... અને -

> તવ કોપ્યાં વડસાસુ અપાર, કુટુંબ સહુકોને કીધો તુચ્છકાર.

વડસાસુના કોપનું કારણ એ છે કે 'વડી વહુ'ને મારા પહેલાં પહેરામણી અપાઈ કેમ ? વડસાસુના કોપ સાથ કડવું પૂરું થાય છે.

હિંદુ સમાજમાં કોઈ પણ સામાજિક પ્રસંગે કોઈ નિમિત્ત ઊભું કરી વાંક શોધવો, રિસાવું-મનાવું વગેરે ચાલતું હોય છે. સામાજિક રિવાજના આ રંગઢંગ આલેખવાનું પ્રેમાનંદ ચૂકતો નથી.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

ચૌદમા કડવાના સમીક્ષાલક્ષી અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. ચૌદમા કડવાનો આરંભ કઈ રીતે થાય છે ?
2. સાસુને પહેરામણી કરવાનું સૂચવતી કુંવરબાઈ શું કહે છે ?
3. સાસરિયાંને શું અને કઈ રીતે, ક્યા ક્રમમાં પહેરામણી અપાય છે ?
4. સાસરિયાંમાં ક્રમ પ્રમાણે અપાતી પહેરામણીમાં કોણ ભુલાઈ જાય છે ? પરિણામ શું આવે છે ?

'કુંવરબાઈનું મામેરું' આખ્યાનનું પંદરમું કડવું આરંભાય છે રિસાયેલાં વડીવેવાણને લક્ષ્મીજી દ્વારા સારું ખીરોદક આપીને એમના થતાં મનામણાંથી. કુંવરબાઈનાં સાસરિયાંને તો તેમના મોભા પ્રમાણે પહેરામણી કરી... હવે વારો આવ્યો નાગરી ન્યાતનો! મનગમતી પહેરામણી સહુને મળવાની છે એ જાણી આખા મંડપમાં આનંદ પ્રસરી રહ્યો. મહેતાજીનો જયજયકાર થવા લાગ્યો. મનગમતી પહેરામણી વહેંચાય છે એ જોઈને સહુ બાકી રહી ગયેલાં પોતપોતાનાં સગાંવહાલાંને બોલાવી લાવવાની ધમાલમાં પડ્યાં. મહેતાજી સહુને મનગમતું મામેરું કરે છે એવું જાણતાં નગરની ચારે વર્ણ મંડપમાં ધસી આવી. સ્ત્રીઓ વિચારવા લાગી કે પોતે મહેતાજી પાસે મનગમતી સાડી માગીને પહેરશે... આવી જબરી ભીડ જોઈ દામોદર રૂપધારી ભગવાન કૃષ્ણ કુંવરબાઈની મદદે આવે છે અને આ બધાથી નિર્લેપ એવો ભક્ત નરસિંહ 'મહેતા ઊભો તાલ વગાડે' - પોતાની ભક્તિમાં મસ્ત બની ગાય છે. કુંવરબાઈની સાસુ પાસે ઊભી રહીને કોને, કેવી, કેટલી પહેરામણી આપવી તે બતાવે છે.

પહેરામણીમાં પહેલો વારો પુરુષોનો ..... શ્રીરંગ અને શામળ મહેતાને કીમતી શેલાં ... હેમજી-પોપટજી મહેતાને ખીરોદક... પછી તો પુરુષવર્ગમાં જેને જે યોગ્ય હોય તેવી પહેરામણી વહેંચાવા લાગી. કભાય, પામરી, મુગટા, પીતાંબર, શેલાં, શણિયાં, શાલ, મગિયાં, પાઘડીઓ, પછેડી, જામા... એમ અનેક જાતનાં વસ્ત્રોનો જાણે કે વરસાદ વરસ્યો ; અરે, માત્ર વસ્ત્રો જ નહીં; વેઢ, વીંટી, માળા, માદળિયાં, બાજુબંધ, કંદોરા, કંઠી, પહોંચી, સાંકળી એમ અનેક જાતનાં આભૂષણો પણ પહેરામણી તરીકે વહેંચાયાં. પુરુષોની પહેરામણી પૂરી થયા પછી સ્ત્રીઓમાં પહેરામણી વહેંચવાનું શરૂ થયું.

સ્ત્રીઓની પહેરામણીનું પ્રેમાનંદે જે ચિત્ર આપ્યું છે તે વિનોદી ચિત્ર છે. પહેરામણીની સામગ્રી સાથે લેનાર સ્ત્રીના નામનો પ્રાસ બેસાડી કવિએ ચિત્રને વાસ્તવિક અને રમૂજી બનાવ્યું છે. ગંગા વહુને ગજિયાણી સાડી તો સુંદર વહુને સાળુ... છબીલી વહુને છાયલ અને પ્રેમા વહુને પટોળું... ! કેટલીક સ્ત્રીઓ ત્યાં ને ત્યાં જૂનાં વસ્ત્રો કાઢીને નવાં સજી રહી છે ! વસ્ત્રોની જેમ આભૂષણ પણ છૂટથી વહેંચાય છે... વીંટી, અકાંટી, ગળુબંધ, શીશફૂલ એમ અનેક પ્રકારનાં આભૂષણોની લૂંટાલૂંટ મચી છે ! કેટલીક લોલુપ સ્ત્રીઓ વધુ પહેરામણી માટે મહેતાજીને હાથ જોડીને કરગરે છે તો કેટલીક વળી પોતાનાં નાનાં બાળકોને મહેતા સામે ધરે છે ! ઘડી પહેલાં ગર્વથી છકી મહેતાની તીખી ઠેકડી ઉડાવનાર આ વાંકાબોલી અને ટીખળી નાગર સ્ત્રીઓ પહેરામણીની લાલચે હવે કેવી દીનતા અને યાચક વૃત્તિ ધારણ કરે છે ! સહુની ઇચ્છા સંતોષાઈ છે... મનવાંછિત પહેરામણી પામેલાં સહુ હવે કુંવરબાઈની અને નરસિંહ મહેતાની પ્રશંસા કરે છે. કુંવરબાઈને 'પિયર પનોતી' અને નરસિંહને 'વહેવારિયો' કહી બિરદાવતા દોરંગી દુનિયાના માણસોનું અહીં કરેલું નિરૂપણ પ્રેમાનંદની સૂક્ષ્મ હાસ્ય અને નિરીક્ષણ શક્તિનું દર્શન કરાવે છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

**પંદરમા કડવાના અભ્યાસ દ્વારા નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :**

1. મનગમતી પહેરામણી મળવાની છે એ જાણી નાગરી ન્યાતે શું કર્યું?
2. જ્યારે પહેરામણી વહેંચાતી હતી ત્યારે નરસિંહ મહેતા શું કરતા હતા?
3. પુરુષોને પહેરામણી કેવી મળી?
4. સ્ત્રીઓને પહેરામણી કેવી મળી? પ્રેમાનંદે સ્ત્રીઓને અપાતી પહેરામણીનું ચિત્ર કેવું ઉપસાવ્યું છે?

આખ્યાનનું અંતિમ સોળમું કડવું પહેરામણીની પરિસમાપ્તિમાં નણદીની પુત્રી રહી ગયાના વાંધાને અને અંતે એને થતા સંતોષને વર્ણવે છે. પ્રભુ પ્રતાપે આખા ગામને મનમાની પહેરામણી મળી. માત્ર નાગરી નાત જ નહીં, સહુ ગામવાસી પણ પ્રસન્ન થયાં. કુંવરબાઈનું ભવનું મહેણું ટળ્યું અને સહુએ એને 'પિયર પનોતી' કહીને બિરદાવી. કુંવરબાઈને સોળ શણગાર આપી, યાદીમાં લખ્યા મુજબના બે પથરા - અલબત્ત સોનાના - છાબમાં મૂકી શેઠ-શેઠાણી રૂપે આવેલાં વિષ્ણુલક્ષ્મી અંતર્ધાન થયાં. આ ચમત્કાર જોઈ સહુ આશ્ચર્યચકિત બન્યાં... સહુને નરસિંહની સાચી ભક્તિ અને ઈશ્વર પરની શ્રદ્ધાની પ્રતીતિ થઈ. ...સહુને ખ્યાલ આવ્યો કે દામોદર દોશી અને કમળા શેઠાણી તે બીજું કોઈ નહીં પણ પ્રભુ જાતે જ હતાં... સહુ સભાજનો મહેતાજીના પગે પડ્યા.

મહેતાજીની ભક્તિની સહુને પ્રતીતિ થઈ, પણ વાંકી નણદીને હજીય વાંકી બતાવી પ્રેમાનંદે એ પાત્રના ચિત્રણમાં સરસ રંગ પૂર્યો છે. નણંદની છ માસની દીકરી પહેરામણીમાં ભૂલાઈ ગયેલી. ગામના લોક પહેરામણી પામ્યા ને પોતાની 'ફૂલફૂલી' પુત્રી જ રહી ગઈ ! નણદી આખી પહેરામણીને 'નપાસ' જાહેર કરી દે છે ! પોતાની પહેરામણીમાં જે મળ્યું તે પાછું આપતાં નરસિંહને 'નામ મહેતા પણ ના'પ નેખિયો, દીસે દુર્બલ બ્રાહ્મણ જી' કહેતાં એ અચકાતી નથી. અને કુંવરબાઈને પોતાનું આરે પહોંચેલું નાવ ડૂબતું લાગે છે... સહેજ માટે મહેણું રહી ગયાની ચિંતાથી તે બાપ પાસે આવી. પણ પિતા શું કરે? એ તો ભક્તિ કરી જાણે ... 'મોસાળું કરનાર તો ભગવાન,' એમ કહી વળી માધવનું ધ્યાન ધરે છે અને ચમત્કાર સર્જાય છે. ગગનમાંથી કાપડું પડે છે ! નણદી સંતોષાય છે ! અને મામેરું ... પહેરામણીની વિધિ પૂરી થઈ હોવાથી હવે નરસિંહ વિદાય માગે છે. નરસિંહને વિદાય આપતાં નગરના લોક હવે સાચા અર્થમાં એને પગે લાગે છે, પૂજા કરે છે, વખાણ કરે છે ! નરસિંહ મહેતા ફરી પાછા સારંગપાણિનું સ્મરણ કરતા જૂનાગઢ આવે છે.

સોળમા કડવાની છેલ્લી ત્રણ કડી આખ્યાનની ફલશ્રુતિ વર્ણવી આખ્યાન રચનાર કવિનો ટૂંકો પરિચય અને આખ્યાનની રચનાસાલ આપે છે. 'વીરક્ષેત્ર વડોદરું' જે ગુજરાતમાં આવ્યું છે તેમાં 'ચતુર્વિંશી બ્રાહ્મણ' પ્રેમાનંદે સંવત 1739, આસો સુદ નોમ ને રવિવારે આ ગ્રંથ પૂરો કર્યો... આ ગ્રંથનું પ્રીતપૂર્વક ગાન કરનાર—સાંભળનારનું દારિદ્ર્ય કાયમ માટે જતું રહે એવી ફલશ્રુતિ સાથે આખ્યાન વિરમે છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 4**

**સોળમા કડવાના સમીક્ષાત્મક અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :**

1. સોળમા કડવાના આરંભે સહુને નરસિંહની સાચી ભક્તિની પ્રતીતિ કયા પ્રસંગને કારણે થાય છે? તેઓ શું કરે છે ?
2. નણદી કેમ વંકાઈ ? એણે શું કર્યું ? અંતે કેવી રીતે એને સંતોષ થયો?
3. કડવાની છેલ્લી ત્રણ કડીનું આખ્યાનમાં અને કડવામાં શું મહત્ત્વ છે? એમાં શું વર્ણવાયું છે?

## 5.3 સારાંશ

આખ્યાનનાં આ છેલ્લાં ચાર કડવાં મુખ્યત્વે કથાને પરિણામ તરફ પહોંચાડે છે. બીજા કડવામાં પ્રભુએ નરસિંહને કહ્યું હતું -

**દુ:ખ વેળા સંભારજે હું ધાઈ આવીશ તતકાલ.**

એમનું એ વચન આ કડવાંઓમાં પળાય છે - ભક્તને મદદ કરીને. 'ભવનું મહેણું મુજને થશે' એવો સંદેશો ત્રીજા કડવામાં કુંવરબાઈએ ખોખલા પંડ્યા દ્વારા પિતાને મોકલ્યો હતો તે આખ્યાનનું આરંભબિંદુ ગણીએ તો 'ભાંગ્યું ભવનું મહેણું જી' એ કડવા સોળમાં આવતી ઘટના એનું સુખદ અંતિમબિંદુ બને છે. 'કુંવરવહુનું ભાંગ્યું દુ:ખ' એ કડવા પાંચમાની વક્રોક્તિ મનવાંછિત પહેરામણી સૌને મળતાં સત્યોક્તિ બને છે. ટૂંકમાં -

- **કડવું 13** મંડપમાં કૃષ્ણ અને લક્ષ્મીના દામોદર દોશી અને કમળા શેઠાણી રૂપે થતા આગમનને વર્ણવે છે.
- **કડવું 14** સાસરિયાંને અપાતી પહેરામણી, એ પ્રસંગે કમના સંદર્ભમાં થતાં રિસામણાં-મનામણાંને આલેખે છે.
- **કડવું 15** નાગરી નાતમાં ઉદાર હાથે થતી પહેરામણીને, નાગરી નાતના લોભીપણાને વર્ણવે છે.
- **કડવું 16** પહેરામણીની પરિસમાપ્તિ સમયે નણદીની પુત્રી રહી ગયાના વાંધાને, છેવટે કાપડું મળતાં એને થતા સંતોષને અને આખ્યાનના અંતમાં આવતા કવિપરિચય, કૃતિનાં રચનાવર્ષ અને ફલશ્રુતિને વર્ણવે છે.

## 5.4 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો'-5**

નીચેનાં વિધાનોમાંથી ખરાં-ખોટાં વિધાનો પારખી ખોટાં હોય તે વિધાન સુધારીને ફરી લખો :

1. નરસિંહની પ્રાર્થના સાંભળીને ભગવાન કૃષ્ણ શામળશા શેઠ બનીને આવે છે.
2. સભામંડપમાં આવેલા દેવાધિદેવને સૌ કોઈ ઓળખી કાઢે છે.
3. કમળા શેઠાણી રૂપે આવેલાં લક્ષ્મી કુંવરબાઈને હૈયાસરસી ચાંપે છે.
4. કુંવરબાઈની નણંદ કમળા શેઠાણીને પૂછે છે કે 'મહેતા સાથે તમારે શું સગપણ છે ?'
5. કુંવરબાઈની સાસરીમાં થતી પહેરામણીમાં સહુ વડસાસુને ભૂલી જાય છે.
6. રિસાયેલાં વડી વેવાણને નરસિંહ સારું ખીરોદક આપીને મનાવે છે.
7. મમેરામાં અંતે ભગવાન બે પથરા-પણ આપે છે.
8. પહેરામણીમાં નણંદનો દીકરો વિસરાઈ જવાને કારણે નણદોઈ રિસાય છે.
9. નરસિંહ પ્રાર્થના કરે છે પણ અંતર્ધાન થયેલા પ્રભુ અંતમાં રિસાયેલી નણદીના દીકરાને પહેરામણીમાં કશું આપતા નથી.
10. આખ્યાનના અંતે કુંવરબાઈને સાસરિયાં તરફથી ભવનું મહેણું રહે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-6**

નીચેનાં વિધાનો યોગ્ય કારણો આપી પૂરાં કરો :

1. કમળા શેઠાણીને જોઈને નાગર સ્ત્રીઓનાં અભિમાન ગળી ગયાં કારણ કે -
   (અ) કમળા શેઠાણી પાસે ખૂબ પૈસો હતો.
   (બ) કમળા શેઠાણી પાસે અદ્‌ભુત રૂપ હતું જે એમની પાસે નહોતું.
   (ક) કમળા શેઠાણી પાસે સુંદર આભૂષણો હતાં.

2. દામોદર શેઠ રૂપે આવેલા પ્રભુએ પોતાની સાચી ઓળખાણ ન આપવાની સૂચના નરસિંહને આપી, કારણ કે -

(અ) પોતાનું સાચું રૂપ આ બધા પ્રાકૃત માનવીઓ જાણે તેમ એ ઇચ્છતા નહોતા.

(બ) તેમને છૂપા રહેવામાં જ અદ્ભુત આનંદ મળતો હતો.

(ક) એમના સાચા રૂપની જાણ થતાં લોકોને મન નરસિંહ કરતાં એમનું મહત્ત્વ વધી જાય એ એમને ગમતું નથી.

3. કુંવરબાઈની સાસુએ કમળા શેઠાણીને મહેતા સાથેનું સગપણ પૂછયું, કારણ કે -

(અ) એ કમળા શેઠાણીનો આદર સત્કાર કરવા ઇચ્છતી હતી.

(બ) એને એવા નકામા પ્રશ્નો પૂછવાની આદત હતી.

(ક) આ ધનિક શેઠશેઠાણીને નરસિંહ સાથે શો સંબંધ છે તે જાણવાની તીવ્ર આતુરતા જાગી હતી.

4. કુંવરબાઈનાં વડસાસુ પહેરામણી વખતે રિસાયાં, કારણ કે -

(અ) એમના કરતાં એમની વડી વહુ (કુંવરબાઈની સાસુ) પહેલાં પહેરામણી લઈ આવી છે.

(બ) કોઈએ એમનો ભાવ પૂછ્યો નથી.

(ક) કુંવરબાઈએ એમનું અપમાન કર્યું છે.

5. બધી પહેરામણી પતી ગયા પછી પણ નણંદ રિસાય છે, કારણ કે -

(અ) એની છ મહિનાની નાની છોકરી પહેરામણી વિનાની રહી છે.

(બ) કુંવરબાઈએ એના કરતાં ગામની સામાન્ય સ્ત્રીઓને વધુ આપ્યું છે.

(ક) કુંવરબાઈના પિતાએ એનું અપમાન કર્યું છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-7**

યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો :

1. નણદીએ -------------- તોલાની રાખડીના બદલામાં -------------- તોલાની પહેરામણી લીધી.
(બે, એક, ત્રણ, દસ)

2. રિસાયેલાં વડસાસુને કમળા શેઠાણીએ -------------- આપી મનાવ્યાં
(શેલું, સોનાનો હાર, ખીરોદક)

3. પહેરામણીથી સંતુષ્ટ થયેલાં સાસરિયાંએ કુંવરવહુને -------------- કહીને બિરદાવી.
(ભાગ્યશાળી, પિયર પનોતી)

4. પ્રેમાનંદ -------------- જ્ઞાતિનો હતો. (મોઢ બ્રાહ્મણ, ચાતુર્વિંશી, ખેડાવાળ બ્રાહ્મણ)

5. પ્રેમાનંદે મામેરું આખ્યાન પૂરું કર્યું તે દિવસે -------------- વાર હતો. (સોમ, બુધ, રવિ)

## 5.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કડવું - 13**

**પુરુષ પુરાણી** - પુરાણ પુરુષ, ભગવાન; **સારંગપાણિ** - વિષ્ણુ; **નંદસુનંદ** - વિષ્ણુના દ્વારપાળો ; **નોતમ** - નવી જાતની; **પરવાળું** - એક પ્રકારનું રત્ન; **ધોરી** - બળદ; **વહેવારિયો** - વ્યવહાર સાચવનાર; **ત્રિભુવનભૂપ** - ત્રણ ભુવનનો રાજા; **ખટદર્શન** - તત્ત્વદર્શનની છ શાખા; **ઉમયાપતિ** - શંકર; **જાગ** - યજ્ઞ; **અણવાણે પાગે** - ઉઘાડે પગે; **બજાજ** - વેપારી; **નેત્રપત્ર** - નેત્રરૂપી પત્ર; **જામા** - અંગરખું; **પટકા** - સાફા, ફેંટા; **પછેડી** - ખેસ; **વેલિયા** - ચૂડ; **ઝોળા** - મોટી ઝોળી; **શશીઅર** - ચંદ્ર; **ભાણ** - સૂર્ય; **ખંજન પડિયાં ગાલે** - હસતી વખતે ગાલમાં ખાડા પડવા; **બાજુબંધ** - હાથનું ઘરેણું; **ગળુબંધ** - ગળાનું ઘરેણું; **વિંછીઆ અણવટ** - પગનાં આંગળાંનાં ઘરેણાં; **છંદે** - લયમાં; **કટિ** - કેડ; **ક્ષુદ્ર ઘંટાળી** - નાની ઘંટડીઓવાળી; **લલિતા વિશાખા** - રાધાની પ્રિય સખીઓ; **અંબા** - લક્ષ્મી; **વેપાર દોશીનો** - કાપડનો વેપાર; **ઓથ** - આધાર, મદદ; **સહુ નાગરી સાંસે ભરાણી રે** - નાગર સ્ત્રીઓના શ્વાસ આશ્ચર્યથી અધ્ધર થઈ ગયા.

કડવું - 14

**કમાઈ** - કમાણી; **ઉમામહેશ્વર** - શંકર-પાર્વતીનું જોડું શણગારવા આપવામાં આવતાં આઠ વસ્ત્રો જેમાં પુરુષનાં પાંચ અને સ્ત્રીનાં ત્રણ વસ્ત્રો; **ટાંકીને ગર્વે ઓચરી** - ગર્વ સાથે મોટેથી બોલી; **પલવટ વાળી**- કમરે કપડું બાંધીને; **પામરી** - ઝીણું રેશમી વસ્ત્ર; **હેમસાંકળી** - સોનાનો અછોડો; **બુસટિયો** - કંકુવાળા હાથ વડે સીમંતિની સ્ત્રીના ગાલ પર હળવો પ્રહાર કરવાની ક્રિયાને બુસટ કહે છે. એ ક્રિયા સામાન્ય રીતે સીમંતિની સ્ત્રીના દિયર કરે છે. તેથી એ બુસટિયો કહેવાય છે; **નવનિધ** - સંપત્તિ; **રાખડી** - સીમંતિની નારીને વિધિપૂર્વક બાંધવામાં આવતી રક્ષા; **વડસાસુ** - સાસુની સાસુ; **તુચ્છકાર કીધો** - હડધૂત કર્યું.

કડવું - 15

**ખીરોદક** - એક જાતનું રેશમી વસ્ત્ર; **શેલું** - શાલ જેવું કીમતી વસ્ત્ર; **કભાય** - જરીના જામા, વાઘા; **જામા** - અંગરખું કે ઝભ્ભો; **મુગટાં-સોળાં** - અબોટિયાં; **ગજીયાં** - ગજી પનાનું રેશમી કાપડ; **ગોશપેચ** - કાન ઢાંકી દે તેવી પાઘડી; **તોરા** - તારવાળા લટકતા છેડા; **થરમાં** - એક જાતનું કપડું; **દુગદુગી** - કાનનું ઘરેણું; **માળા-માદિળયાં** - છાતી પર લટકતાં ઘરેણાં; **કંદોરા** - કેડનું ઘરેણું; **છાયલ, કલઘેર, પટોળું, ઘાટ, ઘરચોળું, દરિયાઈ** - પ્રેમાનંદના સમયમાં પ્રચલિત સાડીઓના વિવધ પ્રકારોનાં નામ; **મજીઠિયા** - ઘેરા લાલ રંગનું; **કમખા** - સ્ત્રીની કાંચળી; **પાટ** - મોટા પનાનું રેશમી કપડું; **અતલસ** - એક જાતનું રેશમી કાપડ; **અકોટી** - કાનમાં પહેરવાનાં કાપ; **ત્રોટિ** - લોળિયું; **ભમર** - અંબોડામાં ખોસવાનો ચાક; **તરસીંચિયા** - દામણી; **શીશફૂલ** - માથાનું ફૂલના ઘાટનું ઘરેણું; **ઓરે જી** - ધરે છે.

કડવું - 16

**મનવાંછિત** - મનપસંદ; **લહેણું** - અહીં હક કે અધિકાર; **વાચા પ્રભુએ પાળી જી** - વચન પ્રભુએ પાળ્યું; **અંતર્ધાન થવું** - અદૃશ્ય થવું; **ફૂલફૂલી** - નાજુક ફૂલ જેવી; **રાખડી બંધારણ** - રાખડી બાંધવા માટે આપેલી પહેરામણી; **નેગિયો** - સુસંપન્ન , પ્રતિષ્ઠિત નથી; દુર્બલ બ્રાહ્મણ, **સારંગપાણિ** - સારંગ નામનું ધનુષ્ય જેના હાથમાં છે તે, કૃષ્ણ; **કર ઓડી** - હાથ જોડી; **યથાબુદ્ધિ** - બુદ્ધિ પ્રમાણે; **દરિદ્રય** - ગરીબાઈ.

## 5.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ 5.2માં 13મા કડવાની સમીક્ષાનો પહેલો પરિચ્છેદ.
2. જુઓ 5.2માં 13મા કડવાની સમીક્ષાનો બીજો પરિચ્છેદ.
3. જુઓ 5.2માં 13મા કડવાની સમીક્ષાનો ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ 5.2માં 13મા કડવાની સમીક્ષાનો ચોથો પરિચ્છેદ.
5. જુઓ 5.2માં 13મા કડવાની સમીક્ષાનો છઠ્ઠો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જુઓ 5.2માં 14મા કડવાની સમીક્ષાનો પહેલો પરિચ્છેદ.
2. જુઓ 5.2માં 14મા કડવાની સમીક્ષાનો બીજો પરિચ્છેદ.
3. જુઓ 5.2માં 14મા કડવાની સમીક્ષાનો ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ 5.2માં 14મા કડવાની સમીક્ષાના અંતભાગનો ત્રીજો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. જુઓ 5.2માં 15મા કડવાની સમીક્ષાનો પહેલો પરિચ્છેદ.
2. જુઓ 5.2માં 15મા કડવાની સમીક્ષાનો બીજો પરિચ્છેદ.
3. જુઓ 5.2માં 15મા કડવાની સમીક્ષાનો ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ 5.2માં 15મા કડવાની સમીક્ષાનો ચોથો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-4**

1. જુઓ 5.2માં 16મા કડવાની સમીક્ષાનો પહેલો પરિચ્છેદ.
2. જુઓ 5.2માં 16મા કડવાની સમીક્ષાનો બીજો પરિચ્છેદ.
3. જુઓ 5.2માં 16મા કડવાની સમીક્ષાનો ત્રીજો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-5**

1. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - નરસિંહની પ્રાર્થના સાંભળીને ભગવાન કૃષ્ણ દામોદર શેઠ બનીને આવે છે.
2. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - સભામંડપમાં આવેલા દેવાધિદેવને ફક્ત નરસિંહ જ ઓળખી કાઢે છે.
3. વિધાન સાચું છે.
4. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - કુંવરબાઈની સાસુ કમળા શેઠાણીને પૂછે છે કે 'મહેતા સાથે તમારે શું સગપણ છે ?'
5. વિધાન સાચું છે.
6. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - રિસાયેલાં વડી વેવાણને લક્ષ્મી સારું ખીરોદક આપીને મનાવે છે.
7. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - મામેરામાં અંતે ભગવાન બે પથરા આપે છે, પણ સોનાના.
8. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - પહેરામણીમાં નણંદની દીકરી વિસરાઈ જવાને કારણે નણંદ રિસાય છે.
9. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - નરસિંહ પ્રાર્થના કરે છે અને આકાશમાંથી કાપડું પડે છે જેનાથી રિસાયેલી નણદી સંતોષાય છે.
10. વિધાન ખોટું છે.
    સાચું વિધાન - આખ્યાનના અંતે કુંવરબાઈને સાસરિયા તરફનું મહેણું ભાંગે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-6**

1. (બ) 2. (અ) 3. (ક) 4. (અ) 5. (અ)

**'તમારી પ્રગતિ ચકાસો'-7**

1. બે, દસ 2. ખીરોદક 3. પિયર પનોતી 4. ચાતુર્વિંશી 5. રવિ.

# એકમ 6 વસ્તુસંકલનની વિશેષતાઓ

**રૂપરેખા**

6.0 ઉદ્દેશો

6.1 ભૂમિકા

6.2 'મામેરું'ની કથા-પૂર્વપરંપરાનો લાભ

6.3 વસ્તુસંકલનની વિશેષતા

6.4 વસ્તુલક્ષી કસોટી

6.5 સારાંશ

6.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 6.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમમાં 'કુંવરબાઈનું મામેરું'ની વસ્તુસંકલનાના સમીક્ષાલક્ષી પરિચય દ્વારા તમે -

- એક કલાત્મક આખ્યાન બનવામાં વસ્તુસંકલનાનો કેવો મહત્ત્વનો ફાળો હોઈ શકે એ અંગે વિચારતા થશો.
- પ્રેમાનંદની વસ્તુની રજૂઆત કરવાની કુશળ કથનશૈલીને સમજશો.
- વસ્તુની રજૂઆત કરતી વખતે કુશળ આખ્યાનકાર નાટ્યપૂર્ણ પરિસ્થિતિઓની ખિલવણીને, રસસ્થાનોની પરખને ઉપયોગમાં લઈ કેવી સુગ્રથિત આકૃતિ ખડી કરી શકે એ સમજી શકશો.
- પ્રેમાનંદ પૂર્વે લખાયેલી મામેરા વિષયક કૃતિઓમાંથી કવિને ક્યાં અને કેવી પ્રેરણા મળી છે એ જાણી શકશો.

## 6.1 ભૂમિકા

વસ્તુસંકલન એ કૃતિના કલાસ્વરૂપને ઘડનારું મહત્ત્વનું તત્ત્વ છે. કોઈ પણ કૃતિના વસ્તુના હાર્દમાં જ એની સંયોજનાની એક નિહિત શક્યતા પડેલી હોય છે. કુશળ કલાકાર એ શક્યતાને પરખી, તેને અનુરૂપ કાવ્યની સંયોજના કરે ત્યારે કૃતિ કલાત્મક રૂપ સિદ્ધ કરતી જોવા મળે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સત્તરમા શતકમાં થયેલ પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું'ની વસ્તુસંકલનાની સમીક્ષા કરતી વખતે ઉપર્યુક્ત દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આપણે ચાલીશું. પુરોગામીઓની મામેરા વિષયક કથાનો યથોચિત લાભ લઈને રચાયેલ 'કુંવરબાઈનું મામેરું'નું સંકલન પ્રેમાનંદે ખૂબ જ કલાત્મક રીતે કર્યું છે. કથાવસ્તુને વિકસાવવામાં, એના જુદા જુદા અંશોને એકમેક સાથે સાંકળવામાં અને કાર્યવેગને ત્વરિત બનાવવામાં કવિએ કુશળ કલાકારને છાજે એવી સૂઝ બતાવી છે. 'મામેરું' આખ્યાનની સફળતામાં પ્રેમાનંદની આ વસ્તુસંકલનાની સૂઝનો ફાળો ઘણો મોટો છે.

## 6.2 'મામેરું'ની કથા-પૂર્વપરંપરાનો લાભ

પ્રેમાનંદે 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનની રચના કરી એ પહેલાં આ કથાને વિષય બનાવી નરસિંહ, મીરાં, વિષ્ણુદાસ, કૃષ્ણદાસ, ગોવિંદ, વિશ્વનાથ જાની વગેરેએ કાવ્યરચનાઓ કરી છે. પ્રેમાનંદે એ પુરોગામીઓની કૃતિઓમાંના કથાવસ્તુનો ઠીક ઠીક લાભ ઉઠાવ્યો છે. કેટલાક પ્રસંગો સીધેસીધા ઉપાડ્યા છે તો ક્યાંક પંક્તિઓ કે ઉક્તિઓ લઈ એને નવું રૂપ આપ્યું છે. આમ છતાં કથાગૂંથણી, પાત્ર-વિધાન, પ્રસંગખિલવણી અને રસસંક્રાંતિ પરત્વે તેમાં પોતાની કલાદૃષ્ટિનો એવો વિનિયોગ કર્યો છે કે એને કારણે એનું આ આખ્યાન રમણીય અને અનવદ્ય કલાકૃતિ બની શક્યું છે.

'મામેરું'નું મૂળ કથાવસ્તુ નરસિંહમાં મળે છે. નરસિંહે પોતાની પુત્રીના મામેરાના પ્રસંગે ભગવાન કૃષ્ણે કરેલી સહાય અને ઈશ્વરની ભક્તાધીનતાને પોતાના પદમાળારૂપ આખ્યાનમાં નિરૂપી છે.

નરસિંહના આખ્યાનમાં પત્ર લઈને આવનાર ખોખલા પંડ્યાનો ઉલ્લેખ નથી. વિષ્ણુદાસ એનો પ્રથમ નામનિર્દેશ કરે છે જ્યારે વિશ્વનાથ અને પ્રેમાનંદ એ જે સંદેશો લઈને આવે છે તેની વિગતોમાં સરખાપણું રાખવા છતાં પ્રેમાનંદ ભાષાકીય દૃષ્ટિએ ફેરફાર કરે છે.

કૃષ્ણદાસ, કુંવરબાઈને ત્યાં મામેરું લઈને નરસિંહ એકલો ગયો એવો ઉલ્લેખ કરે છે, વિષ્ણુદાસ અને ગોવિંદ એને કુટુંબ સાથે મોકલે છે, જ્યારે પ્રેમાનંદ ભક્તને અનુરૂપ 'સઘળા વૈષ્ણવ સંતજી'ને સાથે લેવડાવે છે.

દામોદર દોશીની રજૂઆતમાં પણ પૂર્વપરંપરાનો ઠીક લાભ પ્રેમાનંદે લીધો જણાય છે. કૃષ્ણદાસ દામોદર દોશીની નરસિંહ પ્રમાણે રજૂઆત કરી છે તો વિશ્વનાથે 'દામોદર' એવો નામોલ્લેખ કર્યા સિવાય 'દોશી'ના જીવંત ચિત્રણમાં ચમત્કૃતિ સાધી છે. પણ પ્રેમાનંદે તો એ ચિત્રણને યાદગાર અને અપૂર્વ બનાવ્યું છે.

નણદીની દીકરીના કાપડાવાળો પ્રસંગ નરસિંહમાં નથી. વિષ્ણુદાસમાં પ્રસંગફેરે દેખાય છે, કૃષ્ણદાસમાં કાપડું ભગવાન આપી જાય છે જ્યારે વિશ્વનાથ અને પ્રેમાનંદમાં કાપડું આકાશમાંથી પડે છે.

નરસિંહના પૂર્વજીવનની કથાનો ઉલ્લેખ ગોવિંદમાં કૃતિના અંતે આવે છે જ્યારે પ્રેમાનંદ ત્યાંથી જ કથા આરંભે છે.

કુંવરબાઈની પ્રસિદ્ધ ઉક્તિઓ 'માત વિના સૂનો સંસાર'ના ભાવવાળી પંક્તિઓ વિષ્ણુદાસ તેમ જ ગોવિંદમાં વિસ્તારથી મળે છે, વિશ્વનાથે એનો ઉલ્લેખ જ નથી કર્યો જ્યારે પ્રેમાનંદ એ ભાવના લગભગ એવા જ શબ્દોમાં કાવ્યાત્મક આલેખ આપે છે.

આ રીતે, નરસિંહ દ્વારા સૌ પ્રથમ આલેખાયેલા પોતાની પુત્રીના મામેરાના પ્રસંગનો આધાર લઈ પુરોગામીઓએ જે કાવ્યરચના કરી હતી એનો પ્રેમાનંદે પ્રસંગોના નિરૂપણ પરત્વે પોતાની રીતે ઠીક ઠીક પ્રમાણમાં લાભ ઉઠાવી એનું કુશળ સંયોજન સાધ્યું છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

'મામેરું'ની કથાની પૂર્વપરંપરા સંદર્ભે ઉપર્યુક્ત વાચનસામગ્રીના આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. 'મામેરું' વિષયક કાવ્યરચના સૌથી પહેલાં કોની પાસેથી મળે છે ? કથાનો મૂળ પ્રસંગ કયો છે ?
2. ખોખલા પંડ્યાનો ઉલ્લેખ કોનામાં નથી ? કોણ પહેલો ઉલ્લેખ કરે છે ? ભાષાકીય દૃષ્ટિએ ફેરફાર કોણ કરે છે ?
3. મામેરું લઈને કુંવરબાઈને ત્યાં કોણ કોણ ગયા એ સંદર્ભે કૃષ્ણદાસ, વિષ્ણુદાસ અને પ્રેમાનંદમાં કેવા ઉલ્લેખ મળે છે ?
4. દામોદર દોશીનું ચિત્રણ સૌથી સુંદર કોણે કર્યું છે ?
5. નણદીની દીકરીના કાપડાવાળો પ્રસંગ કોનામાં નથી ? પ્રેમાનંદમાં એ કેવા રૂપે આવે છે ?
6. નરસિંહના પૂર્વજીવનની કથાનો ઉલ્લેખ કોણ કોણ કઈ કઈ રીતે કરે છે ?

## 6.3 વસ્તુસંકલનની વિશેષતા

પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું' ભક્ત નરસિંહને પુત્રીના સીમંત પ્રસંગે મોસાળું કરવાનું આવ્યું ત્યારે ભક્તને શ્રીકૃષ્ણે સહાય કરી પ્રસંગ ઉકેલી આપ્યો એ કથાવસ્તુને નિરૂપતું આખ્યાન છે. આખ્યાનનું કથાવસ્તુ આમ ટૂંકું છે. ભક્તની અવિચલ શ્રદ્ધા, ઈશ્વરનું ભક્તાધીનપણું અને એ રીતે ઈશ્વરભક્તિનો મહિમા દર્શાવવાના મૂળભૂત હેતુથી આખ્યાનની રચના થઈ છે. પણ આ ઉપરાંત જગત અને ભગતની રીત પરસ્પર કેવી ઊલટી છે અને એવા ઊલટાપણાને લીધે કેવા સંઘર્ષો અને વિસંવાદો ઊભા થાય છે તે બતાવવાનો પણ પ્રેમાનંદનો ઉદ્દેશ હોવાથી આ આખ્યાનમાં એક નવું પરિમાણ ઉમેરાય છે, નવું રસસ્થાન જન્મે છે. પોતાના આ પૂર્વપરંપરાથી જુદા પડતા હેતુને સિદ્ધ કરવા અર્થે પ્રેમાનંદે જે ફેરફારો કર્યા છે એને કારણે 'મામેરું' અપૂર્વ અને મૌલિક આખ્યાન બની રહે છે.

'મામેરું'ની સાવ નાનકડી કથાનું પ્રેમાનંદે કલાત્મક સંકલન કર્યું છે. કૃતિમાં 16 કડવાં પૈકીનાં પ્રથમ બે કડવાં નરસિંહજીવનની પ્રાસ્તાવિક ભૂમિકારૂપે છે. બે કડવાંની 26 કડીઓમાં પ્રેમાનંદે ભારે ત્રેવડથી કથાનાયક નરસિંહ મહેતાના પૂર્વજીવનને લાઘવથી છતાં પ્રત્યેક રેખાને ચમકાવીને રજૂ કર્યું છે. ભાભીના કુવચનનો જ પ્રસંગ સુખ્યાત છે એને વિષે વિગતે નિરૂપણ કરવાનું ટાળ્યું છે અને જેને કારણે નરસિંહની પુનિતતા સ્વયંમેવ પ્રસરી રહે એવા પ્રસંગોને એ સંક્ષેપમાં નિરૂપવાનું ચૂકતો નથી. ત્રીજા કડવામાં પ્રવેશ કરતાં જ પ્રેમાનંદની વસ્તુસંકલનશક્તિ સપંખ બને છે. પહેલી સાત કડીમાં જ કવિ નરસિંહના વ્યવહારરત અને પ્રસન્નમંગલ દામ્પત્યજીવનને નિરૂપી, સમેટી લઈ 'ભલુ થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાલ'

દ્વારા ભક્તિને જ સર્વસ્વ માનતા સાચકલા ભક્તની સ્થિતપ્રજ્ઞતાનું દર્શન કરાવી કથાના મુખ્ય પ્રસંગ - કુંવરબાઈના સીમંત - તરફ આપણને દોરી જાય છે. ત્રીજા કડવાનો મોટો ભાગ કવિ સંસારદર્શન કરાવવામાં રોકે છે, અને જે સમાજને એ પ્રતિબિંબિત કરવા ઇચ્છે છે એનું યથોચિત ચિત્ર નણંદ-જેઠાણી-સાસુની ઉક્તિઓ દ્વારા ઉપસાવે છે. કથા ક્રમે ક્રમે વેગ ધારણ કરી આગળ વધવા માંડે છે. ચોથું કડવું સંસારવિમુખ બનેલા છતાં વત્સલહૃદયી નરસિંહના મૃદુલ અંશને વાચા આપે છે. પુત્રીના મામેરા માટે પુત્રીને ત્યાં પોતાની સંતમંડળી સાથે જતા નરસિંહના નિરૂપણમાં વહેલનું અમર શબ્દચિત્ર પ્રેમાનંદ કુશળતાથી આલેખી દે છે. પાંચમું કડવું ખાસ્સું લાંબું છે અને અનેક ઘટનાઓથી ભરેલું છે. ત્રીજા કડવાથી આરંભાયેલો કાર્યવેગ આ કડવામાં વધુ ઝડપી બને છે. કુંવરબાઈના ગામમાં સંતમંડળી સાથે આવેલા નરસિંહનું ટીખળી નાગરો દ્વારા થતું ઉપહાસમય સ્વાગત, 'ઝાઝા ચાંચડ, મચ્છર વિશેક' એવો ઉતારો, મહેતાની ઠિઠોળી કરતી નાગર સ્ત્રીઓ, વાંકાબોલી નણંદ સાથેની ગરવી કુંવરબાઈની ટપાટપી અને ખાલી હાથે આવેલા પિતાને જોતાં જ વ્યક્ત થઈ જતો આક્રોશ પ્રેમાનંદે સકુશળ નિરૂપ્યાં છે. મૃત માને યાદ કરી વિલાપ કરતી કુંવરબાઈના નિરૂપણમાં કરુણ નિરૂપવાની તક પ્રેમાનંદે કુશળ રસજ્ઞની અદાથી ઝડપી લીધી છે.

કડવું 6 અને 7 બંને પ્રમાણમાં નાનાં છે. 'વિકરાળ' વડસાસુની પાત્રોચિત વક્રોક્તિઓને વૃદ્ધોચિત વાણીના લયમાં વિસ્તારથી રજૂ કરી અને એ દ્વારા સમાજચિત્રણ આપી આખાબોલી નણંદીના મરડાટયુક્ત શબ્દોથી છઠ્ઠું કડવું સમાપ્ત થાય છે જ્યારે સાતમા કડવામાં 'ડાટ વાળ્યો રે ડોશીએ ડાટ વાળ્યો' દ્વારા કુંવરબાઈની આંતરવેદના વિસ્તરે છે, પણ સાતમા કડવાનો અંત ભાગ પાછો નરસિંહની 'ડોશીએ સારું કીધું રે' ઉક્તિ દ્વારા ભક્તિના ભાવ તરફ દોરી જાય છે.

આઠમું તથા નવમું કડવું નરસિંહની કસોટી અને ભક્તિના ચમત્કારિક પ્રભાવને આલેખીને હવે પછી શું બનશે એનો કલાત્મક અણસાર આપી દે છે. નાહવા માટે જરૂરી સમોવણ ન મળતાં મહેતાને ઈશ્વરસ્તુતિ દ્વારા આકાશમાંથી મેઘ વરસાવવો પડે છે એ પ્રસંગના નિરૂપણ દ્વારા મામેરાના પ્રસંગમાં અંતે તો નરસિંહનો જ વિજય થવાનો છે એવી શ્રદ્ધા વાચકના મનમાં બંધાય છે અને એ રીતે આ બંને કડવાં વસ્તુસંકલનમાં મહત્ત્વનાં બની રહે છે.

દસમા અને અગિયારમા કડવામાં મામેરા માટેની પ્રારંભિક તૈયારીઓનું નિરૂપણ મળે છે. મામેરું કરવાની ક્ષણ આવી પહોંચી ત્યાં સુધી ઠાલી છાબ કુંવરબાઈને અશ્રદ્ધાના કંગોળ ઉપર અને નાગરી નાતને નરસિંહના ઉપહાસના બિંદુ ઉપર લાવી મૂકે છે. આ બધાની વચ્ચે ય નરસિંહ તો સ્થિર જ છે. 12મું આખું કડવું નરસિંહની ઈશ્વરસ્તુતિને નિરૂપે છે. નરસિંહ ઈશ્વરને પોતાની સહાય કરવા પ્રાર્થે છે. 13, 14 અને 15 કડવાં વિષ્ણુ અને લક્ષ્મીનું દામોદર દોશી અને કમળા શેઠાણી રૂપે મામેરાની સામગ્રી સાથ મંડપપ્રવેશ, એમના આગમનથી નાગરોનું આશ્ચર્ય અને ભોંઠાપણ, નરસિંહ અને કુંવરબાઈનો આનંદ અને પોતાને નરસિંહના વાણોતર તરીકે ઓળખાવી જગતની સામે ભગતની ઈશ્વર દ્વારા થતી પ્રતિષ્ઠા નિરૂપે છે. તો સાથે સાથે સાક્ષાત્ ઈશ્વર પોતાને આંગણે પધાર્યા હોવા છતાં ક્ષુદ્ર ભૌતિકતામાં રાચનાર સંસારી જીવોની તુચ્છતા પણ નિરૂપે છે. અંતમાં સંસારી જનોના કોડ પૂરા થાય છે તો ય અંતે માનવસ્વભાવની વિલક્ષણતાનો - નણંદીની પુત્રીની પહેરામણીનો - અંતિમ પરિચય આપી કવિ એ જ નાગરોને મુખે ભક્તનું મહિમાગાન ઉચ્ચારાવે છે અને સોળમું કડવું અંતમાં કવિપરિચય અને ફલશ્રુતિ આપી આખ્યાનની પૂર્ણાહુતિ કરે છે.

ટૂંકમાં, શ્રી કે. બી. વ્યાસ અને ચિમનલાલ ત્રિવેદીએ 'કુંવરબાઈનું મામેરું'ની વસ્તુસંકલના સંદર્ભે ઉચિત કહ્યું છે કે, ''અદ્ભુત 'લીલા રાસ'ના અદ્ભુતથી આરંભાતું આ આખ્યાન, મેઘવર્ષા અને દામોદર દોશીના અદ્ભુતને મધ્યે આલેખીને, અંતે ગગનમાંથી કાપડું પડતા અદ્ભુતમાં પરિણમે છે. વચ્ચે કરુણનાં અશ્રુજલ ચમકે છે અને હાસ્યનાં નિર્ઝરો વહે છે. સમાજનાં-સંસારનાં વમળો વ્યક્તિને કેવી વિકટતાથી ગ્રસવા ધસે છે એનું દક્ષતાભર્યું નિરૂપણ કરીને અંતે તો કવિ ભક્તિના શૈવતત્ત્વનું જ વિજયગાન ગાઈ રહે છે. આ માટે કવિએ ક્યાંય અનુચિત વિસ્તાર સાધ્યો નથી, કે નથી રાખ્યો એક પણ પ્રસંગને અવિકસિત. સોળ કડવામાં, આ કવિએ, કોઈ પાત્રના ગૌરવને નથી ખંડિત કર્યું કે નથી કોઈ પાત્રના વ્યક્તિત્વને ઝાંખુ રાખ્યું. કવિ કાન્તનાં ખંડકાવ્યોની જેમ આ કૃતિ પણ ક્રમિક રીતે વિકસીને એની સુશ્લિષ્ટતાની સુભગ છાપ આપણા ચિત્ત પર પાડે છે.'' ('કુંવરબાઈનું મામેરું' : સંપા. કે. બી. વ્યાસ અને ચિમનલાલ ત્રિવેદી, પૃ. 19-20)

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

'કુંવરબાઈનું મામેરું'ની વસ્તુલસંકલનાના અભ્યાસ દ્વારા નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર લખો :

1. 'કુંવરબાઈનું મામેરું'ની રચનાના ઉદ્દેશ કયા છે તે જણાવો.
2. 'કુંવરબાઈનું મામેરું'માં આરંભનાં બે કડવાંનું વસ્તુસંકલનામાં શું મહત્ત્વ છે તે જણાવો.
3. આઠમું અને નવમું કડવું કયા પ્રસંગ દ્વારા વાચકના ચિત્તમાં કેવી શ્રદ્ધા જન્માવે છે ?
4. 13થી 15 સુધીનાં કડવાંનું મામેરાની કથાના વિકાસમાં શું મહત્ત્વ છે ?

## 6.4 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

કૌંસમાંના યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો :

1. 'કુંવરબાઈનું મામેરું' ------------ કડવાંનું આખ્યાન છે. (16, 20, 64)
2. 'કુંવરબાઈનું મામેરું'માં ------------ ને પુત્રીના મામેરાના પ્રસંગે ભગવાન ------------ જે સહાય કરી પ્રસંગ ઉકેલી આપ્યો હતો તેને નિરૂપે છે. (નરસિંહ, સગાળશા; શંકરે, કૃષ્ણે)
3. 'કુંવરબાઈનું મામેરું'ના ------------ કડવાં નરસિંહજીવનની પ્રાસ્તાવિક ભૂમિકારૂપ છે. (પહેલાં બે, છેલ્લાં બે)
4. વહેલનું અમર શબ્દચિત્ર ------------ કડવામાં મળે છે. (ચોથા, છઠ્ઠા, ત્રીજા)
5. ------------------ મા કડવામાં મૃત માને યાદ કરી વિલાપ કરતી કુંવરબાઈના નિરૂપણમાં ------------ ને નિરૂપવાની તક પ્રેમાનંદ ઝડપી લીધી છે. ( 5, 7, 2, કરુણ, હાસ્ય)
6. નાહવા માટે જરૂરી સમોવણ ન મળતાં મહેતાને ઈશ્વરસ્તુતિ દ્વારા ------------ . (ભગવાનને બોલાવવા પડે છે, આકાશમાંથી મેઘ વરસાવવો પડે છે )
7. બારમું કડવું નરસિંહની ------------ ને નિરૂપે છે. (ઈશ્વરસ્તુતિ, ફરિયાદ, વિલાપ)
8. વિષ્ણુ અને લક્ષ્મી ------------ અને ------------ રૂપે મામેરાની સામગ્રી લઈને મંડપમાં આવે છે. (દામોદર શેઠ, સુદર્શન શેઠ, કમળા શેઠાણી, જમના શેઠાણી)

**'તમારી પ્રગતિ ચકાસો' - 4**

નીચેના **અ** વિભાગમાં કડવા નંબર આપ્યો છે અને **બ** વિભાગમાં જે તે કડવામાં નિરૂપાયેલ પ્રસંગનો ઉલ્લેખ છે તેનાં યોગ્ય જોડકાં જોડો :

| (અ) | (બ) |
|---|---|
| (ક) પાંચમું | (ચ) કુંવરબાઈની આંતરવેદના |
| (ખ) દસમું | (છ) ફલશ્રુતિ અને કવિપરિચય |
| (ગ) સાતમું | (જ) 'ઝાઝા ચાંચડ મચ્છર વિશેષ' એવો નરસિંહને મળેલો ઉતારો. |
| (ઘ) સોળમું | (ઝ) મામેરા માટેની પ્રારંભિક તૈયારી |
| (ઙ) છઠ્ઠું | (ઞ) વિકરાળ વડસાસુની વક્રોક્તિ. |

## 6.5 સારાંશ

- પ્રેમાનંદ પૂર્વે મામેરાની કથાને વિષય બનાવીને નરસિંહ, વિષ્ણુદાસ, કૃષ્ણદાસ, વિશ્વનાથ જાની વગેરેએ જે કાવ્યરચનાઓ કરી છે એ કૃતિઓના કથાવસ્તુનો કેટલાક પ્રસંગો, પંક્તિઓ કે ઉક્તિઓ પરત્વે ઠીક ઠીક લાભ લઈ પ્રેમાનંદે એને નવું રૂપ આપ્યું છે. કથાગૂંથણી, પાત્રવિધાન, પ્રસંગ ખિલવણી અને રસસંક્રાંતિ પરત્વે પોતાની કલાદૃષ્ટિનો વિનિયોગ કરી 'મામેરું'ને પ્રેમાનંદે રમણીય રૂપ આપ્યું છે.
- પ્રેમાનંદ કૃત પ્રસ્તુત આખ્યાનની રચનાનો ઉદ્દેશ ભક્તની અવિચલ શ્રદ્ધા, ઈશ્વરનું ભક્તાધીનપણું અને ઈશ્વરભક્તિનો મહિમા બતાવવા ઉપરાંત જગત-ભગતની પરસ્પર ઊલટી રીતભાત અને એને કારણે ઊભા થતા સંઘર્ષને બતાવવાનો છે. આ ઉદ્દેશ આખ્યાનમાં એક નવું પરિમાણ ઉમેરી, નવું રસસ્થાન જન્માવી આખ્યાનને અપૂર્વ અને મૌલિક રૂપ આપે છે.

- 'મામેરું'ની 16 કડવાંની નાનકડી કથાનું સંકલન પણ પ્રેમાનંદે કલાત્મક રીતે કર્યું છે. પહેલાં બે કડવાંમાં નરસિંહના પૂર્વજીવનની ભૂમિકા ટૂંકમાં આપી ત્રીજા કડવાથી પ્રેમાનંદ કથાના મુખ્ય પ્રસંગ - કુંવરબાઈના સીમંત - તરફ દોરી જાય છે. આખ્યાનનું પાંચમું કડવું અનેક ઘટનાઓથી ભરેલું છે. ત્રીજા કડવાથી આરંભાયેલો કાર્યવેગ એમાં વધુ ઝડપી બને છે. 6 અને 7 કડવાં વિકરાળ વડસાસુની પાત્રોચિત વક્રોક્તિ અને કુંવરબાઈની આંતરવેદનાને વિસ્તારે છે. આઠમું અને નવમું કડવું નરસિંહની કસોટી અને ભક્તિના ચમત્કારિક પ્રભાવને આલેખે છે તો 10-11 કડવાં મામેરાની પ્રારંભિક તૈયારીને; 13, 14 અને 15 કડવાંમાં વિષ્ણુ અને લક્ષ્મીનું દામોદર દોશી અને કમળા શેઠાણી રૂપે મામેરાની સામગ્રી સહિત આવવું, મામેરાનો પ્રસંગ સુપેરે પૂરો કરવાને નિરૂપે છે. સોળમું કડવું પૂર્ણાહૂતિમાં કવિપરિચય અને ફલશ્રુતિ નિરૂપે છે.
- કવિ કાન્તનાં ખંડકાવ્યોની જેમ આ કૃતિ પણ ક્રમિક રીતે વિકસીને વસ્તુસંકલનામાં સુશ્લિષ્ટતાની સુભગ છાપ આપણા ચિત્ત ઉપર દૃઢ કરે છે.

## 6.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'- 1**

1. જુઓ એકમ 6.2નો બીજો પરિચ્છેદ.
2. જુઓ એકમ 6.2નો ત્રીજો પરિચ્છેદ.
3. જુઓ એકમ 6.2નો ચોથો પરિચ્છેદ.
4. જુઓ એકમ 6.2નો પાંચમો પરિચ્છેદ.
5. જુઓ એકમ 6.2નો છઠ્ઠો પરિચ્છેદ.
6. જુઓ એકમ 6.2નો સાતમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જુઓ એકમ 6.3નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ એકમ 6.3નો દ્વિતીય પરિચ્છેદ.
3. જુઓ એકમ 6.3નો ચોથો પરિચ્છેદ.
4. જુઓ એકમ 6.3નો છઠ્ઠો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. 16
2. નરસિંહને, કૃષ્ણે
3. પહેલાં બે
4. ચોથા
5. 5, કરુણ
6. આકાશમાંથી મેઘ વરસાવવો પડે છે.
7. ઈશ્વરસ્તુતિને
8. દામોદર શેઠ, કમળા શેઠાણી.

**'તમારી પ્રગતિ ચકાસો'-4**

(ક) ------ (જ)
(ખ) ------ (ઝ)
(ગ) ------ (ચ)
(ઘ) ------ (છ)
(ઙ) ------ (ઞ)

# એકમ 7 પાત્રચિત્રણકલાનું વૈશિષ્ટ્ય

**રૂપરેખા**

7.0 ઉદ્દેશો

7.1 ભૂમિકા

7.2 પાત્રનિરૂપણકલાનું વૈશિષ્ટ્ય

7.3 વસ્તુલક્ષી કસોટી

7.4 સારાંશ

7.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 7.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમમાં 'કુંવરબાઈનું મામેરું'ની પાત્રચિત્રણકલાની વિશેષતાના પરિચય દ્વારા તમે -

- એક સફળ આખ્યાનકાર પોતાની કૃતિને કલાત્મક બનાવવા પાત્રો પાસે કેવું કામ લે છે તે જોઈ શકશો.
- પ્રેમાનંદની પાત્રચિત્રણકલાની લાક્ષણિકતાઓ જોશો.
- વ્યાપક અને વેધક સંસારનિરીક્ષણે તેમ જ જનસ્વભાવના ખરા જ્ઞાને પ્રેમાનંદના પાત્રાલેખનમાં કેવી સજીવતા અને વૈવિધ્ય આણીને તેજ પૂર્યું છે તે સમજી શકશો.
- આ આખ્યાનની પાત્રસૃષ્ટિ જેમાં પ્રભુલીન ભક્તરાજ નરસિંહ મહેતા, નમાઈ દીકરી અને ઓશિયાળી વહુઆરુ કુંવરબાઈ, વાંકાબોલી અને ઝેરીલી નણદી, મોંએ મીઠી પણ મનની કપટી વડસાસુ, સરળ અને સજ્જન શ્રીરંગ મહેતો, દામોદર શેઠ અને કમળા શેઠાણી રૂપે આવતા ભગવાન વિષ્ણુ અને લક્ષ્મી વગેરેનો પરિચય પામશો.

## 7.1 ભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાનક્ષેત્રે અપૂર્વ સર્જન કરનાર પ્રેમાનંદ એક અચ્છો કથાકાર હોવા ઉપરાંત એક પ્રતિભાવંત સર્જક પણ છે, એટલે તેનાં પાત્રો સજીવ, સ્વાભાવિક અને ચૈતન્યથી ધબકતાં બન્યાં છે. પ્રેમાનંદને મનુષ્યમાં મનુષ્ય તરીકે ઉત્કટ રસ હોવાથી પાત્રોનાં ભાવસંવેદનો અને મનોમંથનો સાથે તદ્‌રૂપ બનીને એમનું તટસ્થતાપૂર્વક નિરૂપણ કરી શકે છે. 'કુંવરબાઈનું મામેરું'માં કથાનાયક ભક્ત નરસિંહ, પુત્રી અને વહુ કુંવરબાઈ, સાસુ, વડસાસુ, નણંદ અને જેઠાણી, દામોદર દોશી અને કમળા શેઠાણી તેમ જ નાગરી નાત - આ સઘળાંનું પ્રેમાનંદે ઝીણવટભર્યું, સ્વાભાવિક, વાસ્તવિક અને તાદૃશ વ્યક્તિત્વ ઉપસાવ્યું છે.

## 7.2 પાત્રનિરૂપણકલાનું વૈશિષ્ટ્ય

પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું'ની પાત્રસૃષ્ટિ આમ તો ખૂબ જ નાની અને મર્યાદિત છે. એમાં નિર્લેપ અને નિષ્કામ ભક્ત અને વત્સલ પિતા નરસિંહ તથા અકિંચન વૈષ્ણવની સુશીલ, આબરૂદાર પુત્રી પણ ધનિક ખોરડામાં સાસુનણંદનાં વાક્‌બાણોથી વીંધાતી વહુ કુંવરબાઈ એ બે મુખ્ય પાત્ર છે. આ ઉપરાંત પ્રેમાનંદના સમયકાલીન ગુજરાતના સંયુક્ત કુટુંબનાં સાચાં પ્રતિનિધિરૂપ વડસાસુ, સાસુ અને નણંદ પણ છે અને દામોદર શેઠ તથા કમળા શેઠાણી જેમાં પ્રેમાનંદે તેના સમયના વાણિયા-વાણિયણને પ્રત્યક્ષ રૂપ આપ્યું છે તે અને કાચીંડાની જેમ રંગ બદલતી નાગરી નાત પણ આખ્યાનની પાત્રસૃષ્ટિમાં મહત્ત્વના સ્થાને છે. જેના મસ્તકે બે-બે ભગવાને હાથ મૂક્યો છે, જેણે રાસલીલા પ્રત્યક્ષ જોઈ છે અને ભગવાન પાસેથી વરદાન પામ્યો છે એવા ભક્ત **નરસિંહનું** ઉદાત્ત ચરિત્ર આ આખ્યાનમાં પ્રેમાનંદે બરાબર ઉપસાવ્યું છે. લોકો એની રીતભાતની હાંસી કરે છે, તોપણ ભાવકના ચિત્તમાં એનું માન સહેજ પણ ઘટતું નથી. સમગ્ર આખ્યાનમાં નરસિંહનું ચિત્ત ક્યાંય સંકલ્પવિકલ્પો વચ્ચે અટવાતું નથી, એનામાં ઝંઝાવાતો વચ્ચેય અચલ રહેતી ઈશ્વરશ્રદ્ધા છે. કુંવરબાઈનું મોસાળું કરવાના સમાચાર લઈને પંડ્યો ખાંખલો આવે છે ત્યારે પોતે તેની ચિંતા કરવાને બદલે ઈશ્વરને જ એની ચિંતા સોંપે છે -

**ત્રિકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્ય તણું છે કામ જી.**

અને એને અપાર શ્રદ્ધા છે કે એના ત્રિકમજી ત્રેવડમાં રહીને એનું કાર્ય પાર પાડશે.... એની આ શ્રદ્ધા અલબત્ત કસોટીની સરાણે ચડે છે. નાગરી નાત એની ઠઠ્ઠામશ્કરી ઉડાવે છે, વેવાઈ અને 'ઝાઝા માંકડ ને ઝાઝા જુવા'વાળો ઉતારો આપે છે, વેવાણ એને કકળતું પાણી ન્હાવા આપે છે, વડી વેવાણ પહેરામણીની કોઈ લખેશરીથી ન પહોંચાય એવી યાદી મોકલે છે. એ બધા પ્રસંગોએ એની શ્રદ્ધા એવી ને એવી જ અવિચલ રહે છે.

નરસિંહ નિષ્કામ અને નિર્લેપ ભક્ત છે. સંસારની કોઈ પણ પ્રવૃત્તિ એ નિષ્કામ ભાવે કરે છે. દુઃખ એને રડાવી શકતું નથી, સુખ એને ઘેલું લગાડી શકતું નથી. સંસારમાં રહીને પણ એ તો સંસારથી પર જ રહે છે અને એટલે જ પત્ની અને પુત્રના મૃત્યુના પ્રસંગોએ પણ એ તો નિર્લેપ ચિત્તે ગાય છે -

**ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.**

નરસિંહ સંપૂર્ણ ઈશ્વરસમર્પિત જીવન ગાળે છે. એનામાં નિર્મળતા, નિર્દંશતા અને નિરભિમાનતા છે, પણ નિસ્તેજતા નથી. ભાભીના વચનથી એને દાઝ લાગે છે તેમ સમોવણ પ્રસંગે કુંવરબાઈની જેઠાણીનો બોલ પણ હૃદયમાં વાગે છે. એ રીતે એનું હૃદય માનવસહજ ભાવનાશીલતાવાળું છે પણ ઉપરના પ્રસંગોએ ડંખ અનુભવવાને બદલે એ પ્રસંગે એ નિર્દંશપણે વર્તે છે. મેણાંની મારનાર ભાભીને એ ઈશ્વર-સાક્ષાત્કારનું નિમિત્ત ગણી ખરા હૃદયથી વંદન કરે છે.

નરસિંહ નિર્લેપ અને નિષ્કામ ભક્ત હોવા છતાં એનામાં સુદામા જેવી નિષ્ક્રિયતા કે સંસાર-પરાઙ્મુખતા નથી. વ્યવહારપ્રસંગો - ભલે ભગવાનની સહાયથી - પણ એ સારી રીતે પાર ઉતારે છે, ઉતારવાની વૃત્તિ પણ રાખે છે, અને એના હૃદયમાં સ્નેહની શાંત સરવાણી વહે છે. એનું સઘળું વર્તન નિઃસંકોચ અને નિર્ભય છે.

આમ, સંસારમાં રહીને પણ જેનું ચિત્ત સંસારની માયાજાળથી લેપાયા વગર નિર્લેપ-નિષ્કામ રહ્યું છે, એવા ભક્ત નરસિંહનું વત્સલ વ્યક્તિત્વ 'કુંવરબાઈનું મામેરું'માં નિરૂપાયું છે.

નરસિંહ જેવા અકિંચન વૈષ્ણવ પિતાની નમાયી દીકરી **કુંવરબાઈ** સુશીલ, વ્યવહારુ અને આબરૂદાર છે. પિતાની ગરીબ અને અકિંચન સ્થિતિને કારણે શ્રીમંત કુટુંબમાં પરણ્યા છતાં સાસરીમાં એનું સમ્માન જળવાતું નથી. સાસરીમાં સૌ એની ઉપેક્ષા કરે છે..... સાસુનાં કડવાં વેણ એને સાંભળવાં પડે છે, નણદી પણ એને વાંકાં બોલબાણથી વીંધે છે, એટલું જ નહીં પોતાનાથી નાની ઉંમરના પતિને એ પોતાનાં બધાં દુઃખ કહી શકતી નથી.

ભક્તપુત્રી છતાં સંસારી સ્ત્રી એવી કુંવરબાઈને પૃથ્વીતળે કંઈ નામ કરવાની, સાસરિયાંનું મહેણું ટાળવાની સંસારી ઇચ્છા છે અને એટલે જ સીમંત પ્રસંગે એ પિતાને મામેરું કરવા સામે ચાલીને સંદેશો મોકલે છે અને કહેવડાવે છે કે -

**કાંઈ મોસાળું સારું લાવજો, સંપત હોય તો ત્યાં આવજો.**

પિતા આવે છે ખરા પણ ખાલી હાથે. એટલે જ મામેરાની તૈયારી નથી જોતી ત્યારે એ અકળાઈ જાય છે. નાગરી નાતમાં મશ્કરી થવાના ડરે પિતા ઉપર એનાથી ગુસ્સો થઈ જાય છે. સાસરીમાં હવે વધારે મહેણાંટોણાં સાંભળવાં પડશે એવું અનુભવતાં એને માની યાદ આવે છે. પોતાની મા જીવતી હોત તો આ પરિસ્થિતિ ક્યારે ય સરજાત નહીં એવું સમજાતાં એનું હૃદય વેદનાથી ભરાઈ આવે છે. આમ છતાં પિતા પ્રત્યે પણ એને અપાર મમતા છે. પિતાની પોતાને કારણે હાંસી થાય એ એ જોઈ શકતી નથી. મામેરું લઈને ન આવેલા પિતાને 'ન હોય પિતા તો જાઓ ફરી' એમ એ અકળાઈને જાકારો જ નથી દેતી પણ 'સાધુ પિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું' એવો અંતસ્તાપ પણ એ અનુભવે છે. કુંવરબાઈની આ ક્ષણ ક્ષણની રિબામણીને જેમ પ્રેમાનંદે તાદૃશ કરી છે તેમ કુંવરબાઈની ડગમગતી શ્રદ્ધાને પણ પ્રેમાનંદે તાદૃશ રૂપ આપ્યું છે. એ જ્યારે જ્યારે પિતા પાસે આવી છે ત્યારે એની શ્રદ્ધાની આંચ એને લાગી છે, પણ પછી શંકા અને ભય એને દમવા લાગ્યાં છે.

કપરા સાસરિયામાં રહેતી કુંવરબાઈ માત્ર પોચી માટીની જ નથી. જરૂર પડ્યે એ સાસુ-નણંદને પણ માર્મિક જવાબ વાળી દે છે, સંભળાવી દે છે અને જ્યારે પિતા દ્વારા સારું મામેરું થાય છે, છાબ સોનેયે ભરાય છે ત્યારે સાસુને ગૌરવથી 'દુર્બલ પિતા'ની 'સબળી કમાણી' વિષે સંભળાવી પણ દે છે !

આ આખ્યાનનાં ગૌણ પાત્રોમાં વડસાસુનું પાત્ર યાદગાર છે. આખ્યાનના એક જ કડવામાં મુખ્યત્વે

દેખાતી આ **વડસાસુ** એ ગુજરાતી સમાજના સંયુક્ત કુટુંબની વડસાસુનું પ્રતિનિધિત્વ જાળવે છે. 'મીઠા બોલી' 'હરિગુણ ગાતી' 'ઘણું ભારે માણસ' એવી આ વડસાસુ કુટિલ વ્યવહારમાં નિપુણ છે. કુંવરબાઈને એ કોઈ લખેશરીથી પૂરી ના પડે એવી પહેરામણીની યાદી લખાવે છે અને કુંવરબાઈના વૈષ્ણવ બાપની એ રીતે મશ્કરી ઉડાવે છે.

પહેરામણીની વહેંચણી વખતે પહેલાં પોતાની વહુને પહેરામણી આપી અને પછી તેને યાદ કરી એ ક્રમભંગ એને ખૂંચે છે અને ઘરનું આ મોટું માણસ રિસાય છે. કમળા શેઠાણી કે દામોદર શેઠની મોટપથી અંજાયા વિના એમણે કરેલી પહેરામણીને એ તુચ્છકારે છે એમાં એનું ધીટપણું દેખાય છે. પણ સ્ત્રીસહજ લોભ પણ એને છે અને એટલે જ જ્યારે સારું ખીરોદક એને મળે છે ત્યારે એ માની પણ જાય છે.

**દામોદર શેઠ** અને **કમળા શેઠાણી** એ આખ્યાનમાં ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીનાં માનવસ્વરૂપો છે. પ્રેમાનંદે આ દૈવી પાત્રોમાં માનવભાવોનું આરોપણ કર્યું છે. દામોદર શેઠનું પ્રેમાનંદે કરેલું વર્ણન ગઈ પેઢીના ગુજરાતી શેઠનું સ્મરણ કરાવે છે. કવિએ મુખ્યત્વે આ પાત્રોને ઉપસાવવા વર્ણનપદ્ધતિનો આશ્રય લીધો છે.

આ ઉપરાંત ગર્વભરી ચેષ્ટા કરતી, મહેતાના આગમને નાતમાં ફજેત થવાનો ભય સેવતી, પણ કુંવરબાઈના હૃદયસ્પર્શી ઉદ્‌ગારોએ પીગળી જઈ પતિને પત્ર લખવાનું કહેતી, કમળા શેઠાણીનાં રૂપ અને સંપત્તિદર્શને ભાન ખોઈ બેસતી અને 'મહેતા સાથે સગપણ શું છે રે ?' જેવો વાહિયાત પ્રશ્ન પૂછી બેસતી **સાસુ**, ભાભીને મહેણાં મારતી, મર્મવચનો સંભળાવતી, સતત વાંકાં વેણ બોલતી, પહેરામણી સમયે અને પછી પોતાની નાની પુત્રી રહી જતાં રિસાઈને બબડાટ કરતી **નણંદ**, કુંવરબાઈને નણંદનાં જેવાં જ વક્રવચન સંભળાવતી, નરસિંહ સમોવણ માટે પાણી માગે છે ત્યારે હૃદયમાં વાગે એવા બોલ સંભળાવતી **જેઠાણી** અને સમગ્ર રીતે ટીખળી વૃત્તિવાળી, કૌતુકમાં રાચતી, 'રસણી' **નાગરી નાત** - આ સર્વના આલેખનમાં પ્રેમાનંદનું સંસાર-નિરીક્ષણનું, માનવસ્વભાવ-પરિચયનું ઊંડું દર્શન થાય છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

'કુંવરબાઈનું મામેરું'ની ઉપર વર્ણવેલી પાત્રસૃષ્ટિની સમીક્ષાના અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. 'કુંવરબાઈનું મામેરું'ની પાત્રસૃષ્ટિનો ટૂંકો પરિચય કરાવો.
2. ભક્ત નરસિંહનું ઉદાત્ત ચરિત્ર અને એની અચલ ઈશ્વરશ્રદ્ધા પ્રેમાનંદે કયા પ્રસંગોમાંથી કઈ રીતે ઊપસાવી છે ?
3. નરસિંહનું નિષ્કામ અને નિર્લેપ ભક્તરૂપ પ્રેમાનંદે કઈ રીતે ઉપસાવ્યું છે ?
4. કુંવરબાઈનું ભક્ત છતાં સંસારી સ્ત્રીરૂપ પ્રેમાનંદે આખ્યાનમાં ક્યાં ઉપસાવ્યું છે ?
5. વડસાસુનું પાત્ર પ્રેમાનંદે કેવું ઉપસાવ્યું છે ? એના પાત્રની ત્રણેક રેખાઓનો પરિચય કરાવો.
6. સાસુ, નણંદ, જેઠાણી અને નાગરી નાતનું કયું રૂપ આ આખ્યાનમાં ઊપસ્યું છે ?

## 7.3 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

નીચેના **અ** વિભાગમાં પાત્રનું નામ અને **બ** વિભાગમાં પાત્રનાં ગુણ-લક્ષણ આપ્યાં છે. **અ** અને **બ** વિભાગમાંથી યોગ્ય જોડકાં જોડો :

| (અ) | (બ) |
|---|---|
| 1. વડસાસુ | 1. વાંકાબોલી, રિસાતી |
| 2. કુંવરબાઈ | 2. શ્રદ્ધા-અશ્રદ્ધા વચ્ચે અટવાતી |
| 3. જેઠાણી | 3. ગર્વભરી ચેષ્ટા કરતી |
| 4. સાસુ | 4. હૃદયમાં વાગે એવાં બોલબાણ સંભળાવતી |
| 5. નણંદ | 5. ટીખળી વૃત્તિવાળી, રસણી |
| 6. દામોદર શેઠ | 6. નિષ્કામ અને નિર્લેપ ભક્ત |
| 7. નરસિંહ | 7. કુટિલ વ્યવહારમાં નિપુણ |
| 8. નાગરીનાત | 8. દૈવી પાત્રમાં માનવભાવ |

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

નીચેની ખાલી જગ્યા કૌંસમાંના યોગ્ય શબ્દથી પૂરો :

1. 'કુંવરબાઈનું મામેરું'માં નરસિંહનું ચિત્ત ______ માં ______.

(વિચારોમાં, સંકલ્પવિકલ્પો, અટવાય છે, અટવાતું નથી)

2. નરસિંહ સંસારની કોઈ પણ પ્રવૃત્તિ______ કરે છે.

(નિષ્કામ ભાવે, સંસારી ભાવે, વૈરાગ્ય ભાવે)

3. પિતાની ગરીબ અને અકિંચન સ્થિતિને કારણે શ્રીમંત કુટુંબમાં કુંવરબાઈનું ______ જળવાતું નથી. (સમ્માન, અભિમાન)

4. પિતાની પોતાને કારણે નાતમાં હાંસી થાય એ કુંવરબાઈને ______.

(ગમતું નથી, ગમે છે)

૫. વડસાસુ કુંવરબાઈને ______ પહેરામણીની યાદી લખાવે છે.

(વિવેકસરની, કોઈ લખેશરીથી પૂરી ના પડે એવી)

૬. દામોદર શેઠનું પ્રેમાનંદે કરેલું વર્ણન ગઈ પેઢીના ______નું સ્મરણ કરાવે છે.

(ગુજરાતી શેઠ, રાજા-મહારાજા)

## 7.4 સારાંશ

- 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદનું પાત્રચિત્રણ સજીવ અને સ્વાભાવિક છે.
- નિષ્કામ અને નિર્લેપ ભક્ત અને ભાવનાશીલ પિતા તરીકે **નરસિંહ**, કપરા સાસરિયામાં સમ્માન જાળવવા માટે થઈને ક્ષણ ક્ષણની રિબામણીમાંથી પસાર થતી અને છતાં સ્વમાની **કુંવરબાઈ**, ગુજરાતી સંયુક્ત કુટુંબના પ્રતિનિધિ સમાં **સાસુ - વડસાસુ - નણંદ - જેઠાણી**, કાચિંડાની જેમ રંગ બદલતી **નાગરી નાત**, પ્રેમાનંદકાલીન ગુજરાતના વણિક દંપતી સમા **દામોદર દોશી** અને **કમળા શેઠાણી** પ્રેમાનંદને હાથે આ આખ્યાનમાં તાદૃશ અને મૂર્ત રૂપ પામ્યાં છે.
- આ આખ્યાનની પાત્રસૃષ્ટિનું પ્રેમાનંદે કરેલું નિરૂપણ પ્રેમાનંદની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિનું, માનવભાવોના ઊંડા જ્ઞાનનું પરિચાયક પણ જણાય છે.

## 7.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ એકમ 7.2નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ એકમ 7.2નો બીજો પરિચ્છેદ.
3. જુઓ એકમ 7.2નો ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ એકમ 7.2નો આઠમો પરિચ્છેદ.
5. જુઓ એકમ 7.2નો દસ અને અગિયારમો પરિચ્છેદ.
6. જુઓ એકમ 7.2નો તેરમો પરિચ્છેદ.

## 'તમારી પ્રગતિ ચકાસો'-2

| (અ) | | (બ) |
|---|---|---|
| 1 | ______ | 7 |
| 2 | ______ | 2 |
| 3 | ______ | 4 |
| 4 | ______ | 3 |
| 5 | ______ | 1 |
| 6 | ______ | 8 |
| 7 | ______ | 6 |
| 8 | ______ | 5 |

## 'તમારી પ્રગતિ ચકાસો'-3

1. સંકલ્પ-વિકલ્પોમાં, અટવાય છે.
2. નિષ્કામ ભાવે.
3. સમ્માન.
4. ગમતું નથી.
5. કોઈ લખેશરીથી પૂરી ના પડે એવી.
6. ગુજરાતી શેઠ.

# એકમ 8 રસનિરૂપણ અને રસસંક્રમણકલા

રૂપરેખા

8.0 ઉદ્દેશો
8.1 ભૂમિકા
8.2 રસનિરૂપણની વિશેષતા
8.3 આખ્યાનમાંના ચમત્કાર તત્ત્વનું ઔચિત્ય
8.4 રસસંક્રમણકલા
8.5 વસ્તુલક્ષી કસોટી
8.6 સારાંશ
8-7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 8.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમમાં 'કુંવરબાઈનું મામેરું'માંની રસનિરૂપણની વિશેષતાઓના પરિચય દ્વારા તમે -

- રસરાજવી પ્રેમાનંદની રસપ્રભુતાથી પરિચિત બનશો.
- 'રસની બાબતમાં કોઈ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી.' પ્રેમાનંદના રસનિરૂપણ સંદર્ભના નવલરામના આ વિધાનનું ઔચિત્ય પામશો.
- 'કુંવરબાઈનું મામેરું'માંની રસસૃષ્ટિનો પરિચય મેળવશો.
- આ આખ્યાનમાં પ્રેમાનંદે નિરૂપેલા હાસ્ય, કરુણ, અદ્‌ભુત અને શાંત રસના આસ્વાદ દ્વારા 'પ્રેમાનંદ બધા રસનો એકસરખો સફળ નિષ્પાદક છે' એ વિધાનની યથાર્થતા અનુભવશો.
- રસનિરૂપણની જેમ પ્રેમાનંદની રસસંક્રમણકલા પણ અદ્‌ભુત છે એ આખ્યાનમાંની કવિની એક રસમાંથી બીજા રસમાં સહેજ પણ રસભંગ કર્યા સિવાય સરી જવાની શક્તિ દ્વારા આસ્વાદી શકશો.

## 8.1 ભૂમિકા

આખ્યાનકાર શિરોમણિ પ્રેમાનંદ રસરાજવી છે. એની મનહર અને મનભર રસાભિવ્યક્તિ આપણા હૃદયને આકર્ષી, વશ કરી, રસપ્રવાહમાં વેગપૂર્વક ખેંચી જાય છે. હાસ્ય, કરુણ, અદ્‌ભુત કે શાંત રસની મંદાકિનીમાં સ્નાન કરાવતા પ્રેમાનંદનું રસસંક્રમણ પણ અપૂર્વ છે..... આપણને એ એક રસમાંથી બીજા રસપ્રવાહમાં એવી આસાનીથી ખેંચી જાય છે કે આપણે રસની અખંડ લહરીનો અનુભવ કરીએ છીએ.

## 8.2 રસનિરૂપણની વિશેષતા

પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું'માં હાસ્ય, કરુણ, અદ્‌ભુત અને ભક્તિ- શાંત રસનું નિરૂપણ થયેલું છે. આખ્યાનમાં સાદ્યન્ત ભક્તિની સેર વહી રહી છે એ રીતે આ આખ્યાન ભક્તિરસનું આખ્યાન છે. ભક્તની અડગ ઈશ્વરશ્રદ્ધા તથા ભગવાનનું ભક્તાધીનપણું બતાવવું અને ભક્તિનો મહિમા ગાવો એ આ આખ્યાનનો મુખ્ય ઉદ્દેશ છે. આથી જ વિરક્ત નરસિંહ મહેતા અને એની અનન્ય કૃષ્ણભક્તિ જ આ આખ્યાનનો પ્રધાન અંશ બની રહે છે. કવિ કાવ્યને આરંભે નરસિંહનો પરિચય પણ 'નરસિંહ મહેતો ભક્ત બ્રાહ્મણ..... ' એમ કહીને આપે છે અને અંત પણ સર્વને ઉજ્જ્વળ કરનાર આ ભક્તની ગૌરવગાથાથી લાવે છે. સંસારને તૃણવત્ ગણતો અને રાધાકૃષ્ણમાં લીન બનેલો આ ભક્ત, ગૃહજંજાળ છે ત્યારે કે એ ટળ્યા પછી પણ 'શ્રીગોપાલ'ના ભજનમાં જ લીન છે. એકમાત્ર ભક્તિનો આધાર અને શ્રીનાથનો વિશ્વાસ - એ જ એનું સર્વસ્વ છે. આમ આ આખ્યાન દૃઢ વિશ્વાસનું, પરમ શ્રદ્ધાનું કાવ્ય બને છે. ભક્તના હૃદયની અપૂર્વ અને અપાર શાંતિ કાવ્યમાં અનુભવવા મળે છે. શ્રી મગનલાલ દેસાઈ આ દૃષ્ટિએ જ 'કુંવરબાઈનું મામેરું'ને ભક્તિમાર્ગનું કાવ્ય કહે છે.

મામેરામાં આદિથી અંત સુધી સૂક્ષ્મરૂપે ભક્તિજન્ય શાંતરસ વ્યાપેલો હોવા છતાં પ્રગટપણે તો આ આખ્યાનમાં હાસ્ય, અદ્‌ભુત અને કરુણ - એ ત્રણ રસોની ત્રિવેણી જ અસરકારક રીતે અનુભવાય છે. આ આખ્યાનમાં હાસ્યરસની બે સેર એકસાથે વહે છે. પહેલી સેર નિર્મળ હાસ્યની છે તો બીજી નાટ્ય-પરિહાસની. બીજી નાટ્યપરિહાસની સેરમાં પ્રેમાનંદે ઉપહાસ, કટાક્ષ, મશ્કરી, વ્યંગ્ય, વક્રોક્તિ વગેરેનો પ્રયોગ કર્યો છે.

હાસ્યની જે પ્રથમ સેર આ આખ્યાનમાં પ્રેમાનંદે વહાવી છે એમાં કોઈ પાત્રને ભોગે હાસ્ય જન્મતું નથી. પરિસ્થિતિમાંથી જ હાસ્ય જન્મે છે. નરસિંહની વહેલનું વર્ણન આપણને ખડખડાટ હસાવી જાય તેવું નિર્દંશ અને નિર્મળ હાસ્ય છે. કોઈના તલાવા ને કોઈની પિંજણીઓ, કોઈના બળદ અને દસવીસ વેરાગીઓનો એ સંઘ જોઈને સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન જન્મે કે નરસિંહ મહેતા મામેરે નીકળ્યા છે કે પછી જાત્રાએ ! શ્રી નવલરામ પંડ્યા વહેલના વર્ણનની એ દસવીસ લીટીના હાસ્યના સંદર્ભમાં કહે છે, 'આ વીસ લીટીઓ આખી ગુજરાતી ભાષામાં બહાર પડતા નિર્મળ હાસ્યનો એક નમૂનો છે.... એ ખરેખર હાસ્યરસનો સમુદ્ર છે.' આ આખ્યાનમાં હાસ્યનો બીજો પ્રકાર નાટ્યહાસનો પણ માણવા મળે છે. નાટ્યહાસમાં બેવડું હાસ્ય છે. પ્રેમાનંદને આ પ્રકારનું હાસ્ય નિરૂપવાની સારી એવી ફાવટ છે એ એના 'સુદામાચરિત્ર' અને અન્ય કેટલાંક આખ્યાનોમાંના આ પ્રકારના હાસ્યમાંથી પામી શકાય છે. આ આખ્યાનના ત્રીજા કડવાના આરંભે જ કુંવરબાઈ માટે ઉચ્ચારાય છે -

**આવો વૈષ્ણવની દીકરી, સાસરવેલ સૌ પાવન કરી.**

એ જ રીતે, પાંચમા કડવામાં નાગરી નાત કહે છે -

**માંહે માંહે કહે નાગરી, 'મહેતો દીઠે દીઠા હરિ;**
**સાથ એહનો કે'વો છે ફૂટડો, બાઈ! પરમેશ્વર એને ત્રૂઠડો.**
**કુંવરવહુનું ભાંગ્યું દુઃખ' એમ કહીને મરડે મુખ.**

આ અને આવા બીજા કેટલાક ખંડોમાં સાસુ, નાગરી નાત, વડસાસુ વગેરેના ઉદ્ગારો નરસિંહના ઉપહાસરૂપે ઉચ્ચારાયા છે, પરંતુ પ્રેમાનંદની વિશેષતા એ છે કે એની સૃષ્ટિમાં ઉપહાસ કરનારનો જ અંતે ઉપહાસ થાય છે ! નરસિંહ માટે ઉપહાસમાં ઉચ્ચારાયેલા ઉપરના ઉદ્ગારો અંતે સાચા પડે છે.... કુંવરબાઈ સાચા વૈષ્ણવની જ દીકરી છે એવું જ્યારે આપણે પામીએ છીએ ત્યારે કુંવરબાઈનો ઉપહાસ કરનારનો શું આપણે મનમાં ઉપહાસ નથી કરતાં ? ત્યાં બેવડું હાસ્ય - નાટ્યહાસ - માણવા મળે છે. આ આખ્યાનમાં પ્રેમાનંદ હાસ્યને લક્ષ્ય બનાવીને જીવનના મર્મનું ચોટદાર દર્શન પણ કરાવે છે. દામોદર દોશી રૂપે ભગવાન પ્રત્યક્ષ આવ્યા છે...... પણ મંડપમાંના પામર લોકો એમને ઓળખી શકતા નથી... પ્રભુ પાસે પણ આ લોકો તો કપડાં-ઘરેણાં જેવી ક્ષુલ્લક વસ્તુઓ, ક્ષણિક વસ્તુઓ જ માગે છે.... અને એ મળતાં અનહદ આનંદમાં રાચે છે ! જો થોડી આંતરદૃષ્ટિ કેળવી આ લોકો પ્રભુને ઓળખી શક્યા હોત તો એમણે જીવનની કૃતકૃત્યતાનો કેવો અદ્ભુત અનુભવ કર્યો હોત ? આથી વિશેષ કરુણતા બીજી કઈ હોઈ શકે ?... અહીં કવિએ માનવપ્રકૃતિની મોટામાં મોટી કરુણતાને હાસ્યપાત્ર બનાવી છે. પ્રેમાનંદ આમ ખરેખર હાસ્યરસનો અનન્ય કલાકાર છે. હાસ્ય દ્વારા જ એ માનવસ્વભાવનો માર્મિક પરિચય આપી જીવનના સત્યનું દર્શન કરાવે છે.

હાસ્યની જેમ અદ્ભુતની પણ કાવ્યના આરંભમાં, મધ્યમાં અને અંતમાં પ્રેમાનંદે ઝાંખી કરાવી છે. આરંભે કમળની પેરે લિંગનું વિકસવું, ભગવાનનું પ્રત્યક્ષ પ્રગટ થવું અને ભગવાન દ્વારા નરસિંહને રાસદર્શનની પ્રાપ્તિ થવી ત્યાં; મધ્યમાં નવમા કડવામાં કુંવરબાઈની જેઠાણી નરસિંહની ઠેકડી ઉડાડવા એકદમ ગરમ પાણી આપે, ઠંડું પાણી માંગતાં પાણી માટે મેઘ વરસાવવાનું કહે, નરસિંહ કેદારો આલાપે અને મેઘવર્ષા થાય ત્યાં; વિષ્ણુ અને લક્ષ્મીનું દામોદર દોશી અને કમળા શેઠાણી રૂપે આગમન થાય છે ત્યાં અને નણદીની પુત્રી માટે આકાશમાંથી કપડું પડે છે ત્યાં - આ ચાર પ્રસંગો જે વિસ્મયના, ચમત્કારના છે એમાંથી અદ્ભુત રસ પ્રગટે છે.

'કુંવરબાઈનું મામેરું'માં હાસ્યની નિષ્પત્તિમાં જગત અને ભગત વચ્ચેનો સંઘર્ષ કારણભૂત બને છે તેમ કુંવરબાઈની કરુણ સ્થિતિ આખ્યાનમાં કરુણરસના જન્મનું નિમિત્ત બને છે. આખ્યાનમાં સાસરિયાંના મહેણાંનો ભય અને પિતાની અકિંચન અવસ્થાને કારણે કુંવરબાઈનો કરુણ નિષ્પન્ન થાય છે. ધનિક સાસરિયામાં પરણાવાયેલી ગરીબ અને નમાયી દીકરી કુંવરબાઈ.... પતિ એને સમજી શકે નહીં એવો નાનો.. .. સાસુ-નણંદના વાંકા બોલ.... એમાં આવતો પોતાનો સીમંતનો પ્રસંગ..... એ પ્રસંગે ધનિક સાસરિયાં સંતોષાય એવું મામેરું-પહેરામણી કરવાની પિતાની અશક્તિ.... એને કારણે સાસરીમાં હંમેશ માટે મહેણું રહેવાનો ભય અને એ વિષયક ચિંતા કરુણને જન્માવે છે. ત્રીજા કડવામાં પિતાને કંકોતરી લખવા સાસુને વીનવતી કુંવરબાઈનું હૈયું, વળતા સાસુના ઉદ્ગારોથી કેવું વીંધાઈ ગયું હશે ! એના હૃદયમાંનું દુઃખ આંસુનાં ઝરણાં બનીને કેવું વહ્યું હશે !

પિતાને સારું મોસાળું લઈને આવવાનું કહ્યા છતાં જ્યારે પિતા ખાલી હાથે આવે છે ત્યારે તેનું હૃદય ઉશ્કેરાઈ જાય છે... વ્યથિત બને છે... નમાયી હોવાનો એનો વિષાદ કરુણ બનીને આમ વહે છે -

**હું શેં ન મુઈ મરતે માત !**

સાતમા કડવામાં ડોસી દાટ વાળે છે... કોઈ લખેશરીથી પૂરી ના પડે એવી પહેરામણીની યાદી લખાવે

છે ત્યારે કુંવરબાઈના અંતરમાંની આર્ત વ્યથા આમ સરી પડે છે -

**સાધુ પિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે ?**

આખ્યાનની આ અતિ કરુણ પંક્તિ છે. સ્ત્રીને માટે જીવનનો જે મંગલ પ્રસંગ, આનંદનો પ્રસંગ, એ જ એને માટે - પિતા માટે - પરિતાપનો પ્રસંગ બન્યો છે એ એની મોટામાં મોટી કરુણતા છે. આ રીતે આખ્યાનમાં, કવિએ, વિવિધ રસનું માર્મિક નિરૂપણ કર્યું છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

ઉપરની સમીક્ષાના અભ્યાસ દ્વારા નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનનો મુખ્ય ઉદ્દેશ કયો છે ? એ ઉદ્દેશ આખ્યાનમાં નિરૂપાયેલા કયા રસ દ્વારા સિદ્ધ થાય છે ?
2. આખ્યાનના આદિથી અંત સુધી સૂક્ષ્મરૂપે કયો રસ વ્યાપ્ત છે ? પ્રગટપણે ક્યા રસની ત્રિવેણી અનુભવાય છે ?
3. 'કુંવરબાઈનું મામેરું'માં હાસ્યરસની કઈ બે સેર માણવા મળે છે ? સોદાહરણ એ અંગે ચર્ચા કરો.
4. આ આખ્યાનમાં પ્રેમાનંદે હાસ્યને લક્ષ્ય બનાવીને જીવનના મર્મનું ચોટદાર દર્શન ક્યાં અને કઈ રીતે કરાવ્યું છે ?
5. મામેરું આખ્યાનમાં અદ્દભુત રસની ઝાંખી કયા કયા પ્રસંગોમાંથી થાય છે ?
6. આખ્યાનમાં કરુણરસના જન્મનું નિમિત્ત શું છે? આખ્યાનમાં નિરૂપાયેલ કરુણરસની ટૂંકી નોંધ આપો.

## 8.3 આખ્યાનમાંના ચમત્કાર તત્ત્વનું ઔચિત્ય

'કુંવરબાઈનું મામેરું'માં રાસદર્શન, મેઘવર્ષા, વિષ્ણુ અને લક્ષ્મીનું દામોદર દોશી અને કમળા શેઠાણી રૂપે આગમન અને નણદીની પુત્રી માટે આકાશમાંથી કપડાનું પડવું એ ચાર અદ્દભુત રસ જન્માવનાર ચમત્કાર પ્રસંગો નિરૂપાયા છે. આ ચમત્કારને આજનો બુદ્ધિજીવી અને દરેક વસ્તુને પ્રત્યક્ષ નિહાળી નિર્ણય લેવામાં માનનારે વર્ગ કદાચ ન પણ સ્વીકારે. શ્રી કનૈયાલાલ મુનશી, આનંદશંકર ધ્રુવ, રતિલાલ મો. ત્રિવેદી જેવા વિદ્વાનો આ ચમત્કારનું અર્થઘટન કરે છે. આ અર્થઘટન પ્રમાણે -

- ભાભીના કુવચને મૂંઝાયેલો નરસૈંયો અપૂજ શિવલિંગને શરણે જાય છે. ત્યાં એક જટાધારી આવીને જાગ્રત કરે છે, નરસૈંયો એને ભોળા શંકર માનીને પગે પડે છે, એની સાથે દ્વારકા જઈ રાસદર્શન કરે છે અને એને નરસિંહે કૃષ્ણ-ગોપીનો રાસ માન્યો હશે.
- મામેરાના પ્રસંગમાં કોઈ ધનાઢ્ય ભગવદ્ ભક્ત વાણિયાએ કરેલી મદદને નરસિંહે ચમત્કાર માન્યો હશે.

આ અર્થઘટનો હકીકતની રીતે કદાચ સ્વીકારી શકાય એવાં હોય તોપણ એક કાવ્યકૃતિના રસાસ્વાદ વખતે વધારે આવશ્યક કલ્પના કે માન્યતા તો એ છે કે, ભક્ત નરસૈંયાને એવો અલૌકિક વિશ્વાસ છે કે છેવટે ઈશ્વર એને મદદ કરશે જ. જે વાચક આ શ્રદ્ધાની બાબતમાં નરસૈંયાના આ વર્તનને પ્રામાણિક નહીં માની શકે, તે આ કાવ્યના રસને પામી નહીં શકે. કાવ્યના રસપ્રવાહમાં આપણે તણાઈએ છીએ ત્યારે ચમત્કારરૂપ આ પ્રસંગો કોઈ વ્યવધાન ઊભું કરતા નથી. આ ચમત્કાર ભક્તિના, શ્રદ્ધાના પ્રતીકરૂપે રજૂ થઈને કાવ્યમાં સ્થાન પામ્યા હોઈને કાવ્યરસાસ્વાદમાં એ બાધાકર બનતા નથી. કાવ્યમાં નરસિંહનું ભક્ત તરીકેનું નિરૂપણ એવી પ્રતીતિકર રીતે થયું છે કે વાચકને આ ચમત્કાર દ્વારા નરસિંહના એ ભક્તરૂપની જ વધારે પ્રતીતિ થાય છે. અને માટે આખ્યાનમાં નિરૂપાયેલા આ ચમત્કાર પ્રેમાનંદના ભક્તિના ઉદ્દેશને સિદ્ધ કરતા હોવાથી ઉચિત જણાય છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

પ્રસ્તુત એકમના 8.3માં નિરૂપાયેલ ચમત્કાર તત્ત્વના ઔચિત્ય અંગેના સમીક્ષાલક્ષી અધ્યયનને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. 'કુંવરબાઈનું મામેરું'માં નિરૂપાયેલા ચમત્કાર પ્રસંગને કોણ ન સ્વીકારી શકે ? શા માટે ?
2. આ ચમત્કારને ન સ્વીકારનાર વિદ્વાનો એનાં કેવા પ્રકારનાં અર્થઘટન કરે છે ?
3. આ અર્થઘટનને કાવ્યકૃતિના રસાસ્વાદમાં કેમ ન સ્વીકારી શકાય ?
4. આ કાવ્યકૃતિમાં આ ચમત્કારનું નિરૂપણ શા માટે ઉચિત જણાય છે ?

## 8.4 રસસંક્રમણકલા

મધ્યકાલીન ગુજરાતી આખ્યાન સાહિત્યનો શિરોમણિ પ્રેમાનંદ વિવિધ રસના નિરૂપણમાં જેટલો કુશળ છે તેટલો જ કુશળ રસસંક્રમણમાં પણ છે. રસસંક્રમણ એટલે એક રસમાંથી બીજા રસમાં સરી જવું તે. પ્રેમાનંદ એક રસમાંથી બીજા રસમાં કુશળતાથી સરકી જાય છે અને સહેજ પણ રસભંગ થવા દેતો નથી.

'કુંવરબાઈનું મામેરું'માં સીમંતિની પુત્રીને ત્યાં મામેરું લઈ નીકળેલો નરસિંહ વેવાઈને ત્યાં પહોંચે છે...... સહુ પરસ્પર ભેટે છે પણ ભેટવાની ક્રિયામાં ઉષ્મા નથી...... વેવાઈ આવ્યાનો આનંદ નથી.... સહુને તો મામેરાની સામગ્રી નિહાળી નરસિંહની મશ્કરી કરવામાં મઝા આવે છે..... આ આખું ય નિરૂપણ હાસ્યરસ નીપજાવે છે..... ભાવકના હોઠ ખડખડાટ હસે છે.... ત્યાં કુંવરબાઈને ખબર પડે છે કે પિતા આવ્યા છે..... પિતાને મળવા ઉમંગે જ્યાં એના પગ ઊપડે છે ત્યાં નણદીનાં બોલબાણ આવાં વાગે છે -

**આ શું પિતાપુત્રીનું હેત ! સગાંને કરવા આવ્યો ફજેત;**
**લજાવ્યું સાત પેઢીનું નામ, સાથે વેરાગીનું શું કામ ?**
**શું મળવા ચાલ્યાં એકલાં ? એ બાપથી નબાપાં ભલાં !**

નણદીના શબ્દો કુંવરબાઈના મર્મને વીંધે છે... એના હૃદયનો આક્રોશ કોપ બનીને આમ વહે છે -

**નણદી અક્ષર શો આવડે ? પૂંઠેથી બાઈ, શું બડબડે ?**

* * *

**રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાના મેર !**

અને કુંવર ઉતાવળી પિતાને મળવાં ધસે છે, દૂરથી પિતા-પુત્રી એકબીજાને નેણથી નિહાળે છે -

**અન્યોઅન્ય નયણાં ભરી, ભેટ્યાં બેહુ અતિ આદર કરી.**

વાત્સલ્યની એક લહેર જ્યાં ભાવક માણે છે ત્યાં મામેરાની સામગ્રી જોઈ કુંવરબાઈ ફરી ફફડી ઊઠે છે.... આવી મામેરાની સામગ્રીથી તો નાતમાં પોતાની શી ઇજ્જત રહેશે એ વિચારે એને મા યાદ આવે છે... એનું મન ક્રુદ્ધ થઈ જાત ઉપર આવો ગુસ્સો.... દુઃખ આણી બેસે છે -

**કેમ કરી લજ્જા રહેશે તાત, હું શેં ન મૂઈ મરતે માત ?**

આપણી આંખ પણ રુદનથી ભરાઈ આવે છે - કુંવરબાઈના આ વિલાપના કરુણથી. પણ ત્યાં જ શ્રદ્ધાવાન ભક્ત નરસિંહના આ શબ્દો - 'મોસાળું કરશે વૈકુંઠનાથ' કુંવરબાઈની જેમ આપણને પણ શ્રદ્ધાના શાંત ઘરમાં લઈ જાય છે.

આમ પ્રેમાનંદ હાસ્યમાંથી કોપ ને ત્યાંથી કરુણમાં ગતિ કરે છે ત્યારે સહેજ પણ રસભંગ થતો નથી. શ્રી ગજેન્દ્ર પંડ્યાએ 'પ્રેમાનંદ' અંક પૃ. 93માં દર્શાવ્યું છે તેમ, 'સમુદ્રમાં ઊછળતાં અને એકબીજા સાથે સંકળાયેલાં મોજાં પર વહાણ જેમ એક પરથી બીજા પર આસાનીથી ગતિ કરે તેમ આપણું ચિત્ત પણ સાસરિયાંના હાસ્યથી કુંવરબાઈના કરુણ પર, નણંદના ઉપહાસથી કુંવરબાઈના કોપ પર, ત્યાંથી પિતાના વત્સલ તરફ ઢળી, વળી પાછું કુંવરબાઈના કરુણ તરફ વળે છે અને આ સંક્રાંતિ ક્યારે થઈ તેનો પણ ખ્યાલ રહેતો નથી. આપણને રસના પ્રવાહમાં એ એવો ખેંચે છે કે રસનું સંક્રમણ થતાં આપણને એની સહેજે જાણ થતી નથી, એવી સ્વાભાવિક ક્રમિકતા એમાં છે.'

### 'તમારી પ્રગતિ ચકાસો'-3

પ્રસ્તુત એકમના 8.4માંની રસસંક્રમણકલા અંગેની સમીક્ષાને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. રસસંક્રમણ એટલે શું ? પ્રેમાનંદ રસસંક્રમણ કેવી રીતે કરે છે ?
2. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદે કરેલું રસસંક્રમણ સોદાહરણ જણાવો.
3. શ્રી ગજેન્દ્ર પંડ્યાના વિધાનના સંદર્ભમાં 'કુંવરબાઈનું મામેરું'માંની પ્રેમાનંદની રસસંક્રમણકલા દર્શાવો.

## 8.5 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો'-4**

નીચેના (અ) વિભાગમાં કોઈ એક રસનું નામ છે અને (બ) વિભાગમાં એ રસ નિષ્પન્ન કરતા પ્રસંગની પંક્તિ છે. (અ) અને (બ) વિભાગમાંથી યોગ્ય જોડકાં જોડો :

| (અ) | (બ) |
|---|---|
| 1. હાસ્ય | 1. પંચરંગી ગગન વિષેથી પડ્યું કાપડું એક જી. |
| 2. અદ્ભુત | 2. બલહીણ બળદ શું હીંડે. ઠેલ વૈષ્ણવ સાથ જી. |
| 3. કરુણ | 3. સાધુ પિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે? |
| 4. શાંત | 4. મહેતે મસ્તક મૂક્યાં હાથ, 'મોસાળું કરશે વૈકુંઠનાથ.' |
| 5. વાત્સલ્ય | 5. અન્યોઅન્ય નયણાં ભરી, ભેટ્યાં બેહુ અતિ આદર કરી. |

**'તમારી પ્રગતિ ચકાસો'-5**

નીચેનાં વિધાનોમાંથી ખરાં-ખોટાં વિધાન પારખી ખોટાં વિધાન હોય તે સુધારીને ફરી લખો :

1. 'કુંવરબાઈનું મામેરું' સાદ્યન્ત કરુણરસનું કાવ્ય છે.
2. 'કુંવરબાઈનું મામેરું'માં હાસ્યરસની બે સેર એકસાથે વહે છે.
3. આકાશમાંથી કપડું પડવાના પ્રસંગમાં ચમત્કારનું તત્ત્વ રહેલું છે.
4. કુંવરબાઈના સીમંતનો પ્રસંગ જ કુંવરબાઈને માટે આનંદનો પ્રસંગ બને છે.
5. 'કુંવરબાઈનું મામેરું'માંના ચમત્કાર દ્વારા નરસિંહના સંસારી રૂપની વધારે પ્રતીતિ થાય છે અને માટે એ ચમત્કાર આખ્યાનમાં અનુચિત લાગે છે.
6. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદનું રસસંક્રમણ દાદ માગી લે તેવું છે.

## 8.6 સારાંશ

- 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદની અપૂર્વ રસપ્રભુતાનું દર્શન થાય છે.
- આ આખ્યાનનો મુખ્ય રસ ભક્તિનો શાંતરસ છે.
- ભક્તિના શાંતરસની સાથે આખ્યાનમાં હાસ્ય, અદ્ભુત અને કરુણની ત્રિવેણી વહે છે.
- હાસ્યરસની બે સેર 1. પરિસ્થિતિજન્ય નિર્દેશ હાસ્ય, 2. નાટ્યહાસ અહીં માણવા મળે છે.
- આ આખ્યાન દ્વારા આપણે અનુભવી શકીએ છીએ કે પ્રેમાનંદ હાસ્યરસનો અનન્ય કલાકાર છે.
- આખ્યાનમાં જે ચમત્કાર આવે છે એ સંદર્ભમાં આજનો બુદ્ધિજીવી વર્ગ કદાચ અવનવા અર્થઘટન કરવા પ્રેરાય પણ કૃતિને લાગેવળગે છે ત્યાં સુધી એમાં આવતા ચમત્કાર કૃતિના મુખ્ય ઉદ્દેશ - ભક્તની ભક્તિની પ્રતીતિ કરાવવામાં મદદરૂપ બને છે, કાવ્યના આસ્વાદમાં બાધાકર બનતા નથી અને માટે ઉચિત છે.
- 'કુંવરબાઈનું મામેરું' રસસંક્રમણની દૃષ્ટિએ પણ દાદ માગી લે એવી કૃતિ છે.

## 8.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ એકમ 8.2નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ એકમ 8.2નો બીજો પરિચ્છેદ.
3. જુઓ એકમ 8.2નો બીજો અને ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ એકમ 8.2નો પાંચમો પરિચ્છેદ.
5. જુઓ એકમ 8.2નો છઠ્ઠો પરિચ્છેદ.
6. જુઓ એકમ 8.2નો સાતમો અને આઠમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જુઓ એકમ 8.3ના પ્રથમ પરિચ્છેદનો આરંભ ભાગ.
2. જુઓ એકમ 8.3ના પ્રથમ પરિચ્છેદનો અંત ભાગ.
3. જુઓ એકમ 8.3ના બીજા પરિચ્છેદનો આરંભ ભાગ.
4. જુઓ એકમ 8.3ના બીજા પરિચ્છેદનો અંત ભાગ.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. જુઓ એકમ 8.4નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ એકમ 8.4નો બીજો પરિચ્છેદ.
3. જુઓ એકમ 8.4નો ત્રીજો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો' - 4**

| (અ) | | (બ) |
|---|---|---|
| 1 | ______ | 2 |
| 2 | ______ | 1 |
| 3 | ______ | 3 |
| 4 | ______ | 4 |
| 5 | ______ | 5 |

**'તમારી પ્રગતિ ચકાસો'-5**

1. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - 'કુંવરબાઈનું મામેરું' સાદ્યન્ત ભક્તિરસનું કાવ્ય છે.
2. વિધાન સાચું છે.
3. વિધાન સાચું છે.
4. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - 'કુંવરબાઈના સીમંતનો પ્રસંગ જ કુંવરબાઈને માટે દુઃખનો પ્રસંગ બને છે.
5. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - 'કુંવરબાઈનું મામેરું'માં ના ચમત્કાર દ્વારા નરસિંહના ભક્તરૂપની વધારે પ્રતીતિ થાય છે અને માટે એ ચમત્કાર આખ્યાનમાં ઉચિત લાગે છે.
6. વિધાન સાચું છે.

# એકમ 9 વર્ણનો : ગુજરાતીપણું : સમાજચિત્રણ

**રૂપરેખા**

9.0 ઉદ્દેશો
9.1 ભૂમિકા
9.2 વર્ણનશક્તિ
9.3 ગુજરાતીપણું
9.4 સમાજચિત્રણ
9.5 વસ્તુલક્ષી કસોટી
9.6 સારાંશ
9-7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 9.0 ઉદ્દેશો

'કુંવરબાઈનું મામેરું'ના પ્રસ્તુત એકમના સમીક્ષાલક્ષી અભ્યાસથી તમે -

- આખ્યાનકાર પ્રેમાનંદની વર્ણનકલા, ગુજરાતીપણું અને તત્કાલીન સમાજજીવનના નિરૂપણની શક્તિનો પરિચય પામશો.
- ગુજરાતી સમાજમાં સોળ સંસ્કારોમાંના એક એવા સીમન્તોન્નયનની, સત્તરમી સદીમાં કેવી રીતે ઉજવણી થતી હશે એનો ખ્યાલ મેળવી શકશો.
- ગુજરાતી સમાજમાં સીમંતિનીને તથા તેના સાસરાપક્ષને પિયર તરફથી જુદી જુદી વસ્તુઓ ભેટ તરીકે આપવાનો રિવાજ જેને 'ખોળો ભરવાની ક્રિયા' પણ કહે છે એ કેવો હોય તેના વિષે જાણી શકશો.
- પ્રેમાનંદના સમયમાં સમાજમાં કેવાં વસ્ત્રો અને પોશાકો પ્રચલિત હશે એ વિષે પણ માહિતી મેળવી શકશો.
- આ આખ્યાનમાંનાં વ્યક્તિ, સમૂહ, પરિસ્થિતિ વગેરેનાં વર્ણનોના પરિચયને આધારે પ્રેમાનંદની અવલોકનશક્તિ અને સૌંદર્યદૃષ્ટિ વિષે વિચારતા થશો.

## 9.1 ભૂમિકા

આખ્યાન એ કથનાત્મક સાહિત્યપ્રકાર છે. કૃતિને વધારે તાદશ અને સચોટ બનાવવા માટે આખ્યાનકાર તેમાં વર્ણનો મૂકે છે. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદ વ્યક્તિ, સ્થળ, પ્રસંગ વગેરેનાં સુંદર અને તાદશ વર્ણનો આપે છે. આ આખ્યાનમાંનું નરસિંહની વહેલનું અને એને મળેલા ઉતારાનું વર્ણન એના યાદગાર વર્ણનોમાંનું છે. વર્ણનોની જેમ ગુજરાતીપણું એ પણ આખ્યાનકાર પ્રેમાનંદની એક સિદ્ધિ છે. ગુજરાતીપણાને કારણે એ લોકહૃદયને પોતાની તરફ આકર્ષી શક્યો છે. આ આખ્યાનનો તો મુખ્ય પ્રસંગ જ ગુજરાતી સમાજજીવનના એક વિશિષ્ટ રિવાજનો છે. પ્રેમાનંદે એ રિવાજ અંગેની પોતાની સમકાલીન બધી છબછબ અહીં નિરૂપી છે.

## 9.2 વર્ણનશક્તિ

'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદની વર્ણનકલાનો હૃદ્ય પરિચય થાય છે. આ આખ્યાનનાં વર્ણનોમાં એ ખૂબ ખીલ્યો છે - પછી એ નરસિંહને દર્શન આપતા શિવનું વર્ણન હોય; વેવાઈને ત્યાં જતા નરસિંહની વહેલનું વર્ણન હોય, એને મળેલા ઉતારાનું કે એને જોવા ઊમટતા નગરજનોનું હોય, પિતાપુત્રીના મિલનનું હોય, નરસિંહના ભક્તવેશનું હોય, ભક્તસ્તુતિને પરિણામે વરસતા વરસાદનું હોય, ઈશ્વરસ્તુતિ કરતા ભક્તનું હોય, નાગર સ્ત્રીઓના શણગારનું હોય કે પછી પહેરામણીનું વર્ણન હોય - પ્રત્યેક વર્ણનમાં પ્રેમાનંદ વિગતસભર આલેખન કરે છે.

આ આખ્યાનમાંનું કુંવરબાઈના સાસરે મામેરું લઈ નીકળેલા નરસિંહની સાધુમંડળી અને એની વહેલ, એના ગળિયા બળદ વગેરેનું પ્રેમાનંદે કરેલું વર્ણન એ તો ગુજરાતી સાહિત્યના કેટલાક ઉત્તમ અને

યાદગાર વર્ણનોમાંનું એક છે. માગીત્રાગીને એકઠી કરેલી વહેલને કવિ આમ વર્ણવે છે -

જૂની વહેલ ને ધૂંસરી વાંકી, સાંગી સોઠાંએ ભાંગી જી,
કો'ના તળાવા ને કો'ની પીંજણી બળદ આણ્યા બે માગી જી.

જૂની વહેલ, વાંકી ધૂંસરી, સાંગી-સોઠાં એ ભાંગેલાં, તલાવા, પીંજણી ને બળદો બધુંયે માંગી આણેલું..... એ ભંગારમાંથી ઊભી કરેલી વહેલ તે કેવી હોય.... !

વહેલનું આ વર્ણન આગળ ચાલે છે. પ્રત્યેક કડીની વર્ણનવિશિષ્ટતા લક્ષ ખેંચ્યા વિના રહેતી નથી, વહેલની ગતિને પ્રેમાનંદ આમ વર્ણવે છે -

બલહીણા બળદ શું હીંડે ઠેલે વૈષ્ણવ સાથ જી,
સોર પાડે ને હાક ચલાવે જય જય વૈકુંઠનાથ જી.

*　　　　　*　　　　　*

સાલેસાલ જૂજવા દીસે રથતણાં થાય વક્ર જી,
સાંગીના બહુ શબ્દ ઊઠે ચીચૂએ બહુ ચક્ર જી.

આ વર્ણનમાંથી ચાલતી વહેલને આપણી આંખ જોઈ શકે છે અને એનાં ચૂચવતાં ચક્રના કઠોર સ્વરને આપણો કાન સાંભળી શકે છે.

પ્રેમાનંદનાં વર્ણનોમાં કલાસર્જકની ઝીણવટભરી ચોકસાઈ છે. બજાજ થઈને આવતા ભગવાનના વર્ણનમાં એ કેટલી બધી વિગતોને સમાવે છે ! દામોદર દોશી અને કમળા શેઠાણીનાં વર્ણનોમાં પ્રેમાનંદની ચિત્રણશક્તિનો મનોહારી પરિચય પણ મળે છે. 'અણવાણે પાગે' હીંડતા, નરસિંહ માટે બજાજ થયેલા 'ચૌદ લોકના મહારાજ' હળવે હળવે હાથમાં ગજ લઈને પધારતા દામોદર દોશી અને કમળા શેઠાણીનાં દર્શને જ સભા મોહી પડે છે. દામોદર દોશીના વર્ણનમાં ગુજરાતની ગઈ પેઢીના કોઈ નગરશેઠનું આબેહૂબ ચિત્ર કવિ પહેરવેશ અને ક્રિયાસૂચન દ્વારા ઉપસાવી શક્યો છે, તો મહેતીરૂપે આવતી 'માયા'ને કવિએ વિવિધ આભૂષણોથી ઓપતી વાણિયણ બનાવી દીધી છે ! પ્રેમાનંદનાં આવાં વર્ણનોમાં વર્ણ્યવિષયને શ્રોતાચિત્ત સમક્ષ તાદૃશ કરવાની - તેને ઉપસાવવાની - તેનું પ્રત્યક્ષીકરણ કરવાની તેની નૈસર્ગિક શક્તિનું પણ દર્શન થાય છે.

અગિયારમા કડવામાંનું મામેરા પ્રસંગે એકત્રિત થયેલી નાગર સ્ત્રીઓનું વર્ણન ચોટદાર સ્વભાવોક્તિનો આકર્ષક નમૂનો છે. પ્રેમાનંદની ઝીણી નજરનું, એના માનવવ્યવહારના ઊંડા જ્ઞાનનું, એની સૌંદર્ય-દૃષ્ટિનું, ટૂંકમાં એની વર્ણનકલાના સઘળા સબળ અંશોનું એમાં પ્રતિબિંબ પડે છે.

પ્રેમાનંદ પોતાનાં વર્ણનોમાં નાટ્યાત્મક પરિસ્થિતિને રજૂ કરીને એની સબળ અસર પણ નીપજાવે છે. આખ્યાનમાંનાં પિતા-પુત્રીના મિલનનો પ્રસંગ, નરસૈયાના સ્નાનનો, દામોદર દોશીના આગમનના પ્રસંગનું એણે કરેલું વર્ણન ઉપરની વાતની સાક્ષી પૂરે છે. આ સર્વે વર્ણનોમાં પ્રેમાનંદની લોકજીવનની જાણકારીનું પણ કલાત્મક પ્રતિબિંબ પડે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

પ્રસ્તુત એકમમાંની પ્રેમાનંદની વર્ણનકલા અંગેની સમીક્ષાના અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. 'કુંવરબાઈનું મામેરું'માંનાં કયાં વર્ણનોમાં પ્રેમાનંદ ખૂબ ખીલ્યો છે?
2. નરસિંહની વહેલના પ્રેમાનંદે કરેલા વર્ણનની લાક્ષણિકતા વર્ણવો.
3. દામોદર દોશી અને કમળા શેઠાણીના વર્ણનમાં પ્રેમાનંદની કઈ વિશેષતાઓનો પરિચય થાય છે?
4. અગિયારમા કડવામાં પ્રેમાનંદે શેનું વર્ણન કર્યું ? એ વર્ણનમાંથી પ્રેમાનંદની વર્ણનકલાની કઈ લાક્ષણિકતા જાણવા મળે છે ?

## 9.3 ગુજરાતીપણું

ગુજરાતીપણું એ પ્રેમાનંદની સિદ્ધિ અને મર્યાદા બંને છે. ગુજરાતીપણાને કારણે જેમ એક બાજુ પ્રેમાનંદ લોકહૃદયને આકર્ષી શક્યો છે તેમ બીજી બાજુ પૌરાણિક પાત્રોનું ગૌરવ જાળવી શક્યો નથી. અન્ય આખ્યાનોમાં અવારનવાર ડોકાતી આ મર્યાદા 'કુંવરબાઈનું મામેરું'માં જોવા મળતી નથી. આ આખ્યાનમાં ગુજરાતીપણું એ પ્રેમાનંદની સિદ્ધિ છે. એનું મુખ્ય કારણ એ છે કે અન્ય પૌરાણિક આખ્યાનોમાં પાત્રસૃષ્ટિ-વાતાવરણ વગેરે પૌરાણિક હોવા છતાં પ્રેમાનંદ તેમાં સમકાલીનતાના રંગો પૂરે છે જ્યારે અહીં તો આખ્યાન પોતે જ ગુજરાતી સંસારજીવનની કથા આલેખે છે. ગુજરાતમાં મામેરાના સમયે જે કંઈ રીતરિવાજો થાય એનું વર્ણન આ આખ્યાનમાં સહજસ્વાભાવિક છે. ભગવાન વિષ્ણુ અને લક્ષ્મી જે

આમ તો દૈવી પાત્રો છે તેમને માનવ બનાવીને પ્રેમાનંદે આ આખ્યાનમાં રજૂ કર્યાં છે છતાં તેમના દૈવીપણાનો ગૌરવભંગ ન થાય એની કાળજી રાખી છે. દામોદર દોશીમાં આપણને ગુજરાતના ગઈ પેઢીના નગરશેઠનું, વાણિયાનું રૂપ જોવા મળે છે. કવિએ એમના પહેરવેશનું, એમની ચાલનું જે વર્ણન કર્યું છે એ વાંચવાથી આ વાતની પ્રતીતિ થાય છે.

'કુંવરબાઈનું મામેરું'માં આદિથી અંત સુધી ગુજરાતી જીવનને, ગુજરાતી વાતાવરણને કવિએ નખશિખ આલેખ્યું છે. આ આખ્યાનની સાસુ કે વડસાસુ, નણંદ કે જેઠાણી કે સર્વની સામે ટક્કર લેતી કુંવરબાઈ : આ સઘળાં પાત્રો તેમ જ એમાં આલેખાયેલી સમગ્ર નાગરી નાત : તત્કાલીન ગુર્જર સમાજનાં પ્રતિબિંબો ઝીલે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

પ્રસ્તુત એકમમાં ઉપર્યુક્ત 'ગુજરાતીપણું' મુદ્દાના સમીક્ષાલક્ષી અભ્યાસને આધારે નીચેનાં કારણો યોગ્ય ઉત્તર આપી જણાવો :

1. ગુજરાતીપણું એ પ્રેમાનંદની સિદ્ધિ અને મર્યાદા બંને શા કારણે છે?
2. 'કુંવરબાઈનું મામેરું'માં ગુજરાતીપણું શા કારણે પ્રેમાનંદની સિદ્ધિ બને છે?
3. આ આખ્યાનમાં વિષ્ણુ અને લક્ષ્મીના દૈવીપણાનો શા કારણે ગૌરવભંગ થતો નથી.

## 9.4 સમાજચિત્રણ

'કુંવરબાઈનું મામેરું'ની એનેક લાક્ષણિકતાઓમાંની એક તે એમાંનું સમાજચિત્રણ છે. આ આખ્યાનની કથામાં નરસિંહની પુત્રી કુંવરબાઈના સીમંતનો પ્રસંગ આલેખાયો છે. પુત્રીના સીમંત પ્રસંગે મોસાળું કરવાનો રિવાજ ગુજરાતી જનજીવનમાં જાણીતો છે. પ્રેમાનંદે આ આખ્યાનમાં મોસાળાના રીતરિવાજોને સવિસ્તર આલેખ્યા છે.

સીમંતિની વહુને નણંદ રાખડી બાંધે, તેનો ખોળો ભરવામાં આવે, દિયર કંકુવાળો હાથ કરીને ભાભીને ગાલે લગાડે..... જેને 'બૂસટ'ની વિધિ કહેવામાં આવે છે તે કરનાર 'બૂસટિયો' કહેવાય.... સીમંત પ્રસંગ નિમિત્તે સીમંતિનીને પાંચ માસ કે સાત માસે જ રાખડી બાંધવામાં આવે, એ પ્રસંગે સીમંતિનીના પિતાને નિમંત્રણ આપાય... સીમંતિનીના પિતા નાડાછડી, મોડ વગેરે પ્રાથમિક ચીજો તો લાવે જ પણ આ ઉપરાંત પુત્રીનાં સાસુ, વડસાસુ, સસરા, નણંદ, દિયર-દેરાણી, જેઠ-જેઠાણીને તથા દીકરી-જમાઈને એમના દરજ્જા પ્રમાણે પહેરામણી પણ આપે, એમને આપવાના ક્રમનો ભંગ થાય તો સાસરિયાં રિસાય એ પ્રચલિત સમાજપ્રથાને પ્રેમાનંદે આ આખ્યાનમાં નિરૂપી છે.

એ સમયે વસ્ત્રાલંકારમાં શેલાં, જામા, મુગટા, અંબર, ગજિયાણી, છાયલ, મોરવી, દરિયાઈ વગેરે પ્રકારનાં વસ્ત્રો અને દુગદુગી, માળા-માદળિયાં, કંદોરા, અંકોટી, ત્રોટી, તરસેંથિયાં, શીશફૂલ જેવાં ઘરેણાં પણ પ્રચલિત હશે.

અમીર અને ગરીબ વચ્ચેના ભેદ એ સમાજમાં પણ તીવ્ર હશે. ધનવાનનું સમાજમાં અધિક માન હશે અને ગરીબને ધનવાનો તિરસ્કારતા હશે એનું દર્શન નરસિંહને વેવાઈને ત્યાં મળેલા ઉતારાના વર્ણનમાંથી થાય છે. ગરીબની પુત્રી ધનવાનને ત્યાં પરણાવવામાં આવતી હશે ત્યારે તેણે ગરીબડી ગાય બનીને રહેવું પડતું હશે.... નણંદ અને સાસુનાં કડવાં વેણ સાંભળવાં અને સહન કરવાં પડતાં હશે એ કુંવરબાઈ તરફના એનાં ધનવાન સાસરિયાંના વર્તનમાંથી સમજાય છે. વળી, સાસરીમાં દીકરીની ઇજ્જત બંધાવવી હોય તો ગરીબની શક્તિ ન હોય છતાં પણ તેણે ધનવાન કુટુંબને યોગ્ય પહેરામણી કરવી પડે, નહીં તો દીકરીને કાયમનું મહેણું રહે - એ કુંવરબાઈ પિતાને જે સંદેશો મોકલે છે તેના ઉપરથી ખબર પડે છે.

પુત્રીને ભલે વહેલી પરણાવી હોય છતાં લગ્નને યોગ્ય ઉંમર થાય પછી જ સાસરે વળાવવાનો રિવાજ પણ સમાજમાં પ્રચલિત હશે. વળી, લગ્નવયનાં કજોડાં પણ સમાજમાં હશે તે કુંવરબાઈના તેનાથી નાની વયના પતિની વાતમાંથી સમજાય છે.

એ યુગમાં રાજકીય શાંતિ હશે કારણ કે વહેલમાં નરસિંહ અને તેના સાથીઓ કે રથમાં દામોદર દોશી અને કમળા શેઠાણી કોઈ ભય વગર મુસાફરી કરે છે. સીમંતિનું સમાજમાં ગૌરવ હશે એ સીમંતિનીને જોઈને હરખાતાં સાસરિયાંના વર્તનમાંથી જણાય છે. સીમંતિનીના વિધિ-સંસ્કારો સાસરામાં જ ઊજવાય અને એ પત્યા પછી તે પિયર જાય એવા રિવાજનું પણ પ્રેમાનંદે નિરૂપણ કર્યું છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

પ્રસ્તુત એકમના 'સમાજચિત્રણ' મુદ્દાની સમીક્ષાના અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. આ આખ્યાનમાં ગુજરાતી સમાજજીવનનો કેવો પ્રસંગ આલેખાયો છે ?
2. 'કુંવરબાઈનું મામેરું'માં સીમંત પ્રસંગે સીમંતિનીને કઈ વિધિ કરવામાં આવતી હતી ?
3. સીમંત પ્રસંગે સીમંતિનીના પિયર પક્ષવાળાએ કયા રિવાજ કરવા પડતા હતા ?
4. પ્રેમાનંદના સમયે કયા વસ્ત્રાલંકાર સમાજમાં પ્રચલિત હતા ?
5. 'કુંવરબાઈનું મામેરું'માંથી સમાજમાં પ્રચલિત અમીર-ગરીબ વચ્ચેના કયા ભેદભાવ વિશે જાણકારી મળે છે ?
6. લગ્નવયના સમાજમાં પ્રચલિત કજોડાનો ઉલ્લેખ 'કુંવરબાઈના મામેરા'ના કયા પ્રસંગમાં મળે છે?

## 9.5 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો'-4**

નીચેનાં વાક્યોમાંની ખાલી જગ્યા કૌંસમાંના યોગ્ય શબ્દને આધારે પૂરો :

1. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદની વર્ણનકલાનો -------------- પરિચય થાય છે. (દૃઢ, સૂક્ષ્મ)
2. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદ ---------------- વર્ણન કરે છે. (વિગતસભર, મધ્યમકક્ષાના)
3. 'કુંવરબાઈનું મામેરું'માં ---------- વર્ણન એ ગુજરાતી સાહિત્યનું એક ---------- વર્ણન છે. (વહેલનું, રથનું, ઉત્તમ, મધ્યમ)
4. બજાજ થઈને આવતા ભગવાનના વર્ણનમાં પ્રેમાનંદની કલાસર્જકની ---------- છે. (સૂક્ષ્મતા, ઝીણવટભરી ચોકસાઈ)
5. અગિયારમા કડવામાં મામેરા પ્રસંગે એકત્રિત થયેલી નાગર સ્ત્રીઓનું વર્ણન ---------- નો નમૂનો છે. (ચોટદાર સ્વભાવોક્તિ, અદ્ભુત સૌંદર્યવૃત્તિ)

**'તમારી પ્રગતિ ચકાસો'-5**

નીચેનાં વિધાનોમાંથી ખરાં-ખોટાં વિધાનો ઓળખી ખોટાં વિધાન હોય તો એને સુધારીને ફરી લખો :

1. પ્રેમાનંદનાં વર્ણનોમાં એની લોકજીવનની જાણકારીનું કલાત્મક દર્શન થાય છે.
2. 'કુંવરબાઈનું મામેરું'માં ગુજરાતીપણું એ પ્રેમાનંદની મોટી મર્યાદા છે.
3. ભગવાન વિષ્ણુ અને લક્ષ્મી જેવાં દૈવી પાત્રોનું ગૌરવ આ આખ્યાનમાં હણાયું છે.
4. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદે કુંવરબાઈના લગ્નપ્રસંગના સામાજિક રિવાજોનું નિરૂપણ કર્યું છે.
5. હિંદુ સમાજમાં સીમંતિનીનો ભાઈ 'બૂસટિયો' કહેવાય છે.
6. પ્રેમાનંદના સમયે ધનવાન અને ગરીબ વચ્ચેનો ભેદ તીવ્ર હશે અને સમાજમાં ધનવાનનું અધિક માન હશે.

## 9.6 સારાંશ

- 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદની વર્ણનકલાનો અચ્છો પરિચય થાય છે. આ આખ્યાનનાં વર્ણનોમાં પ્રેમાનંદની ઝીણી નજરનું, એના માનવવ્યવહારમાં ઊંડા જ્ઞાનનું, એની સૌંદર્યદૃષ્ટિનું દર્શન થાય છે.
- 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદનું ગુજરાતીપણું એની સિદ્ધિરૂપે માણવા મળે છે. આખ્યાનમાં આદિથી અંત સુધી ગુજરાતી જીવનને, ગુજરાતી વાતાવરણને કવિએ નખશિખ આલેખ્યું છે. વિષ્ણુ અને લક્ષ્મી જેવાં દૈવી પાત્રોને માનવ બનાવીને આ આખ્યાનમાં રજૂ કર્યાં હોવા છતાં તેમના દૈવીપણાનો ગૌરવભંગ ન થાય એની કાળજી રાખી છે.

- આ આખ્યાન દ્વારા ગુજરાતી સમાજમાં પ્રચલિત મોસાળાના રીતરિવાજ, ગુજરાતી સમાજમાં પ્રચલિત વસ્ત્રાલંકાર, એ સમયના સમાજમાં પ્રવર્તતી આર્થિક અસમાનતા, રાજકીય શાંતિ વગેરેની જાણકારી પ્રાપ્ત થાય છે.

## 9.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ એકમ 9.2નો પ્રથમ પરિચ્છેદ.
2. જુઓ એકમ 9.2નો બીજો અને ત્રીજો પરિચ્છેદ.
3. જુઓ એકમ 9.2નો ચોથો પરિચ્છેદ.
4. જુઓ એકમ 9.2નો પાંચમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જુઓ એકમ 9.3ના પ્રથમ પરિચ્છેદનો આરંભ ભાગ
2. જુઓ એકમ 9.3ના પ્રથમ પરિચ્છેદનો મધ્ય ભાગ
3. જુઓ એકમ 9.3ના પ્રથમ પરિચ્છેદનો અંત ભાગ

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. જુઓ એકમ 9.4નો પ્રથમ પરિચ્છેદ
2. જુઓ એકમ 9.4નો બીજો પરિચ્છેદ - આરંભ ભાગ
3. જુઓ એકમ 9.4નો ત્રીજો પરિચ્છેદ - અંત ભાગ
4. જુઓ એકમ 9.4નો ચોથો પરિચ્છેદ.
5. જુઓ એકમ 9.4નો પાંચમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-4**

1. હ્રદ્ય 2. વિગતસભર 3. વહેલનું, ઉત્તમ, 4. ઝીણવટભરી ચોકસાઈ
5. ચોટદાર સ્વભાવોક્તિ.

**'તમારી પ્રગતિ ચકાસો'-5**

1. વિધાન સાચું છે.
2. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - 'કુંવરબાઈનું મામેરું'માં ગુજરાતીપણું એ પ્રેમાનંદની સિદ્ધિ છે.
3. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - ભગવાન વિષ્ણુ અને લક્ષ્મી જેવાં દૈવી પાત્રોનું ગૌરવ આ આખ્યાનમાં જળવાયું છે.
4. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - 'કુંવરબાઈનું મામરું'માં પ્રેમાનંદે કુંવરબાઈના મામેરાના પ્રસંગના સામાજિક રિવાજોનું નિરૂપણ કર્યું છે.
5. વિધાન ખોટું છે.
   સાચું વિધાન - હિંદુ સમાજમાં સીમંતિનીનો દિયર 'ભૂસટિયો'કહેવાય છે.
6. વિધાન સાચું છે.

# એકમ 10 ભાષા : કવિત્વ : સ્થાન

રૂપરેખા

10.0 ઉદ્દેશો
10.1 ભૂમિકા
10.2 ભાષાપ્રભુત્વ
10.3 કવિત્વશક્તિ
10.4 વસ્તુલક્ષી કસોટી
10.5 સારાંશ
10.6 સ્થાન : વિવિધ વિદ્વાનોનાં મંતવ્યો સાથે
10.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 10.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમના સમીક્ષાલક્ષી અભ્યાસ દ્વારા તમે -

- આખ્યાનકાર પ્રેમાનંદના કવિત્વથી પરિચિત થઈ શકશો.
- આ આખ્યાનમાં પ્રેમાનંદ ભાવાનુકૂલ ભાષા અને ઢાળોને કેવી સૂઝપૂર્વક પ્રયોજી શકે છે એ જોઈ શકશો.
- કૃતિમાં કવિ કાવ્યપ્રસંગની જરૂરિયાત મુજબ વિવિધ અલંકાર અને પ્રાસાનુપ્રાસને કેવી સુંદર રીતે ઉપયોગમાં લે છે એ સમજી શકશો.
- પ્રેમાનંદની ભાષામાં કેવી ગતિશીલતા અને ચિત્રાત્મકતા છે એનો આસ્વાદ જાણી શકશો.
- ગુજરાતી આખ્યાનસાહિત્યમાં અને પ્રેમાનંદનાં વિવિધ આખ્યાનોમાં 'કુંવરબાઈનું મામેરું'નું સ્થાન શું છે તે સમજી શકશો.

## 10.1 ભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકાર શ્રેષ્ઠ પ્રેમાનંદ શ્રી અનંતરાય રાવળ કહે છે તેમ 'મહાકવિની પ્રતિભાવાળો કવિ' છે. 'કુંવરબાઈનું મામેરું'માં એનું કવિત્વ એણે કરેલાં રસિક અને ચિત્રાત્મક વર્ણનોમાં, ભાવાનુકૂલ ભાષા અને ઢાળોમાં, વર્ણસંગીત સાધતા પ્રાસાનુપ્રાસ જેવા શબ્દાલંકારો કે રુચિર અર્થાલંકારોમાં જાણવા મળે છે. એના ભાષાપ્રભુત્વે પણ કવિ પ્રેમાનંદને નિખારવામાં સારી એવી મદદ કરી છે. પાત્રોમાં, પ્રસંગોના કે ભાવોના આલેખનમાં કે શબ્દચિત્રોની સજાવટમાં ક્યારેય પ્રેમાનંદને શબ્દો ખોળવા જવું પડ્યું જણાતું નથી. એની ભાષામાં ગતિશીલતા અને ચિત્રાત્મકતા છે અને પ્રત્યક્ષીકરણની શક્તિ પણ છે. આથી જ આ આખ્યાન પ્રેમાનંદનું એક 'અદોષ રમણીય આખ્યાન' ગણાય છે.

## 10.2 ભાષાપ્રભુત્વ

'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદનું ભાષાપ્રભુત્વ દાદ માગી લે એવું છે. ભાષા પાસેથી એણે ત્રેવડપૂર્વક કામ લીધું છે. આખ્યાનમાં ઔચિત્યપૂર્વક પ્રયોજાયેલા વિવિધ ભાતના શબ્દો, અનોખાં વિશેષણો, ક્રિયાપદો, રૂઢિપ્રયોગોની વિશિષ્ટ અર્થચ્છાયાઓ, સરળ સમાસો, લયવૈવિધ્ય અને એ બધાંને કારણે બંધાતો મજબૂત પદબંધ - આખ્યાનને પ્રેમાનંદના આખ્યાનોમાં ઉત્તમ અને કલાત્મક રૂપ આપે છે.

'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદે સંસ્કૃત અને તળપદા શબ્દોનો કથનની અસરકારકતા સિદ્ધ કરવામાં ઉચિત ઉપયોગ કર્યો છે. આખ્યાનમાં વપરાયેલા 'અધરે', 'નિલવટ', 'અભ્રઘટા', 'ષટ્દર્શન' જેવા સંસ્કૃત કે 'બૂસટિયો', 'કોઠીવાલ', 'ઠિઠોલી', 'ફાંસુ' 'કભાય' જેવા તળપદા શબ્દો આ વાતની પ્રતીતિ કરાવે છે. આખ્યાનમાં કવિ ઘણી વાર શબ્દોને સામસામે મૂકીને ધારી અસર પણ ઉપજાવે છે જેમ કે -

**આ શું પિતા પુત્રીનું હેત !**
**સગાંને કરવા આવ્યો ફજેત !**

ઉપર્યુક્ત પંક્તિમાં 'હેત' અને 'ફજેત' એ બે વિરુદ્ધ અર્થ દર્શાવતા શબ્દોને સામસામે મૂકીને નણંદના વચનને કેવી ધાર કાઢી છે !

પ્રેમાનંદની ભાષામાં પ્રત્યક્ષીકરણની શક્તિ છે. ભાષા દ્વારા પાત્રને, દશ્યને પ્રત્યક્ષ રૂપ તેઓ આપે છે. 'વદને કીર્તન, હાથે તાલ' - આ અડધી પંક્તિમાં ભાષા દ્વારા નરસિંહના ભક્તરૂપને પ્રેમાનંદે કેવું પ્રત્યક્ષ રૂપ આપ્યું છે ! આ ઉપરાંત કવિની ભાષામાં ગતિશીલતા અને ચિત્રાત્મકતા પણ છે.

**ગગન વિષે ઘન ગડગડે થાય વીજળીના ઝાતકાર રે,**
**ઊડે કોરણ ને કાંકરા, મેહ વરસ્યો મૂસળધાર રે.**

ઉપર્યુક્ત પંક્તિમાં કવિએ ધોધમાર વરસતા વરસાદનું ગતિશીલ ચિત્ર કેવી અસરકારક રીતે ઉપસાવ્યું છે !

પ્રેમાનંદ શબ્દને કવિના કાનથી સાંભળે છે. એની રચનામાં સ્વરવ્યંજનની મધુરલીલા - વર્ણસગાઈ અને સૂક્ષ્મ નાદસગાઈ - છલકાતી જણાય છે. અવાજથી ધ્વનિ, ક્રિયા અને ભાવને મૂર્ત કરવાનો પ્રયત્ન પણ તે કરે છે જેમ કે 'ધોરીને ઘમકે ઘૂઘરમાળ' અને 'ઝમકે ઉજ્જ્વલ ઝાંઝર પાગે રે'માં રવાનુકારી શબ્દોનો પ્રયોગ કવિના વર્ણ્યવિષયને શ્રાવ્યતા નથી અર્પતો શું ?

પ્રેમાનંદ એકાદ સૂચક શબ્દપ્રયોગથી કે ઉપમાથી પણ વસ્તુસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવવાની તેની શક્તિનો પરિચય આપણને કરાવે છે. ભગવદ્ભક્ત નરસિંહના ઘરનું આગવું વ્યક્તિત્વ 'ચોક માંહે તુલસીનાં વન' એટલા જ શબ્દપ્રયોગથી તે ઊભું કરી આપે છે ! એ જ રીતે 'કમળની પેરે લિંગ વિકાસ્યું' એ ઉપમાથી પ્રભુના પ્રગટવાની ક્રિયાનો મંગલ સાક્ષાત્કાર થઈ જાય છે.

પ્રેમાનંદને પાત્રોના, પ્રસંગોના ને ભાવોના આલેખનમાં કે શબ્દચિત્રોની સજાવટમાં ક્યારેય શબ્દોને ખોળવા જવું પડ્યું નથી. શબ્દો એને આવીને મળ્યા છે. વડસાસુએ લખાવેલી પહેરામણીની વિસ્તૃત યાદી જોઈને હિંમત હારી બેઠેલી કુંવરબાઈ -

**ડાટ વાળ્યો રે, ડોશીએ ડાટ વાળ્યો રે.**

એમ કહે છે ત્યારે 'ડાટ વાળ્યો' એ રૂઢિપ્રયોગમાંથી એની અંતર્ગત સંવેદના કેવી સચોટતાથી પ્રગટ થાય છે ! પોતાના રૂપનું અભિમાન રાખતી નાગર સ્ત્રીઓ કમળા શેઠાણીને જુએ છે અને એમના સૌંદર્યથી અંજાઈ જાય છે. એમની એ સ્થિતિને પ્રેમાનંદ આમ વર્ણવે છે -

**સહુ નાગરી સાંસે ભરાણી રે.**

'સાંસે ભરાય છે' કેવો સુંદર તળપદો શબ્દપ્રયોગ છે આ! નાગર સ્ત્રીઓની અધીરાઈ અને વિસ્મય એક-સાથે એમાંથી પ્રગટ થાય છે. પ્રભુ પહેરામણી વહેંચતી વખતે 'પલવટ વાળીને' ઊભા છે એમ પ્રેમાનંદ વર્ણવે છે. 'પલવટ' દ્વારા કેડે કપડું બાંધીને ઊભેલા કૃષ્ણનું - દામોદર દોશીનું કેવું તાદશ અને સ્વાભાવિક ચિત્ર ઊપસી આવે છે !

ટૂંકમાં 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદના અનેરા ભાષાપ્રભુત્વનો જે પરિચય મળે છે એના ઉપરથી એમ કહી શકાય કે પ્રેમાનંદની ભાષામાં અશિક્ષિત, અલ્પશિક્ષિતથી માંડીને સુશિક્ષિત કક્ષાનો આબાલવૃદ્ધ ગુજરાતી સમાજ સહેલાઈથી સમજી શકે એવું શુદ્ધ ગુજરાતીપણું અને લોકગમ્યતા છે.

## 'તમારી પ્રગતિ ચકાસો'- 1

1. 'કુંવરબાઈનું મામેરું'માં ભાષાનો મજબૂત પદબંધ ભાષાનાં કયાં લક્ષણોને કારણે બંધાયો છે?
2. 'કુંવરબાઈનું મામેરું'માં કેવા પ્રકારના શબ્દોથી પ્રેમાનંદે કેવું કામ સિદ્ધ કર્યું છે ? સોદાહરણ તમારી વાતને સમજાવો.
3. ભાષાની પ્રત્યક્ષીકરણની શક્તિ દ્વારા પ્રેમાનંદે શું હાંસલ કર્યું છે ?
4. ભાષાની ગતિશીલતા અને ચિત્રાત્મકતા 'કુંવરબાઈનું મામેરું'માં ક્યાં અને કઈ રીતે પ્રગટ થઈ છે ?
5. એકાદ સૂચક શબ્દપ્રયોગનો ઉપયોગ કરી પ્રેમાનંદની ભાષા શું સિદ્ધ કરે છે?
6. પ્રમાનંદ પાત્રોના, પ્રસંગોના અને ભાવોના આલેખનમાં શબ્દો પાસેથી કેવું કામ લીધું છે? સોદાહરણ સમજાવો.

## 10.3 કવિત્વશક્તિ

આખ્યાનકાર પ્રેમાનંદ સારો કવિ પણ છે એની પ્રતીતિ 'કુંવરબાઈનું મામેરું' કરાવે છે. આ આખ્યાનમાંનાં એનાં કેટલાંક વર્ણનો, છંદ આયોજન, અલંકાર ચાતુર્ય, રસપ્રભુત્વ, ભાવાનુકૂલ ભાષા એના કવિત્વના પરિચાયક છે.

આમ તો આખ્યાનકાર પ્રેમાનંદ ઘણે બધે ઠેકાણે વર્ણનોની બાબતમાં પુરોગામી પરંપરાને અનુસરે છે પણ જ્યાં વર્ણન માટે કોઈ પરંપરા ન હોય ત્યાં કવિની આગવી વર્ણનકલાને વિલસવાને આવકાશ મળ્યો છે. તેમાં તે પુરોગામીઓને આંબી ગયો છે. નરસિંહની વહેલનું અને તેને આપેલા ઉતારાનું વર્ણન, ભેગા થયેલા નાગર સમુદાયનું અને તેમાં નાગર સ્ત્રીઓના હાવભાવનું વર્ણન અને દામોદર દોશી તથા કમળા શેઠાણીનું વર્ણન આ પ્રકારનું છે.

પ્રેમાનંદ પોતાનાં વર્ણનોમાંની તાદશતા મુખ્યત્વે સ્વભાવોક્તિ અલંકાર દ્વારા સાધે છે. એણે કરેલા વહેલના વર્ણનમાંની ચિત્રાત્મકતા કે પછી દામોદર દોશીની વ્યક્તિત્વરેખા સ્વભાવોક્તિ દ્વારા જ કવિએ સરસ રીતે ઉપસાવી છે.

શ્રી અનંતરાય રાવળે પ્રેમાનંદના કવિત્વમાં અલંકારના ફાળા અંગે વાત કરતાં *મધ્યકાલીન સાહિત્ય*માં સાચું જ કહ્યું છે, "સુભગ વર્ણવિન્યાસ, વાણીનું માધુર્ય, વર્ણસંગીત સાધતા પ્રાસાનુપ્રાસ જેવા શબ્દાલંકારો. એની રસિકતા, કલ્પના અને કવિત્વ દાખવતા..... સંખ્યાબંધ અર્થાલંકારો.... પ્રેમાનંદના કવિત્વના વણમાગ્યા પ્રમાણપત્રરૂપ છે." આ આખ્યાનમાં પ્રેમાનંદની મનોહર અલંકારસમૃદ્ધિનો પરિચય ઠીક ઠીક પ્રમાણમાં થાય છે.

કાવ્યના આરંભમાં જ પથ્થરના લિંગમાંથી પ્રગટતા ભગવાન શંકરનું ચિત્રાત્મક આલેખન ઉપમા અલંકારનો પ્રયોગ કરીને પ્રેમાનંદે આમ કર્યું છે -

**કમળની પેરે લિંગ વિકાસ્યું, પ્રભુ પ્રગટ થયા તતખેવ.**

એ જ રીતે નરસિંહ મહેતાની વહેલના વર્ણનમાં પ્રેમાનંદે સ્વભાવોક્તિ અલંકારનો સમર્થ ઉપયોગ કરીને આપણી નજર સામે આખુંય દશ્ય ખડું કરી દીધું છે. કમળા શેઠાણીના વર્ણનમાં યોજાયેલી આ ઉત્પ્રેક્ષા -

**પ્રભુ પૂંઠે કમળા રાણી રે, સભા મોહી જોઈ શેઠાણી રે;**
**ઊતર્યાં નાગરીઓનાં અભિમાન રે, જાણે ઊગ્યાં શશિયર ભાણ રે.**

માતા વિનાના બાળકની સ્થિતિ વિનોકિત દ્વારા પ્રેમાનંદ આવી રીતે વર્ણવે છે-

**લવણ વિના જેવું ફિક્કું અન્ન, ભાવ વિના જેવું ભોજન;**
**કીકી વિના જેવું લોચન, માત વિના તેવું બાપનું મન.**
**મડે ફૂટે રઝળે ઠીકરી, માત વિના એવી દીકરી;**
**ગોળ વિના મોળો કંસાર, માત વિના સૂનો સંસાર!**

એ જ રીતે નાગર સ્ત્રીપુરુષો દ્વારા નરસિંહ અને કુંવરબાઈ બંનેનો જે સ્થૂળ અને સૂક્ષ્મ ઉપહાસ થાય છે તેમાં અનેક ઠેકાણે પ્રેમાનંદે વ્યાજસ્તુતિ અલંકારનો સબળ ઉપયોગ કર્યો છે જેમાં -

**કોડ પહોંતા કુંવરબાઈના, મામેરું છે રોક જી,**

કે પછી -

**માંહોમાંહે કહે નાગરી, 'મહેતો દીઠે દીઠા હરિ'**
**સાથ એહનો કે'વો છે ફૂટડો ! બાઈ પરમેશ્વર એને ત્રૂઠ્યો**
**કુંવરબાઈનું ભાંગ્યું દુઃખ એમ કહીને મરડે મુખ.**

પ્રાસ પણ પ્રેમાનંદની કાવ્યશૈલીનું ખૂબ જ ધ્યાન ખેંચનારું તત્ત્વ છે. કાવ્યપ્રસંગની જરૂરિયાત મુજબ પ્રાસાનુપ્રાસ એણે સુંદર રીતે પ્રયોજ્યા છે. પદરચનામાં પ્રેમાનંદ મોટે ભાગે પંક્તિને અંતે પ્રાસ મેળવે છે. જેમ કે -

**મામેરું પુત્રીનું કરવું, ઘરમાં નથી એક દામ જી;**
**ત્રિકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્ય તણું છે કામ જી.**

કે પછી

રખે લોકાચારનો ભય ગણતો, મસ્તક સાટે મુક્તિ,
રાધાકૃષ્ણનો વિહાર ગાજે, જોઈ જેહવી જુક્તિ !

આ જ રીતે ઘણી વાર પ્રેમાનંદ અર્ધપંક્તિએ પણ પ્રાસ મેળવે છે :

છે કુંવર વહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરીને ખોઈએ પાપ.

અને

સ્ત્રી સુત મરતે રોયાં લોક; મહેતાને મનમાં નહિ શોક;
ભલું થયું ભાંગી જંજાલ, સુખે ભજશું શ્રીગોપાલ.

પ્રેમાનંદે 'કુંવરાબાઈનું મામેરું'માં પુરોગામીઓના પ્રચલિત ઢાળનો પણ સુંદર ઉપયોગ કર્યો છે. માત્રામેળની વિવિધ દેશીઓને એણે જુદી જુદી રાગરાગિણીઓમાં ગાઈ શકાય એવી રીતે કેદારો, ધન્યાશ્રી, વેરાડી, મારુ, સારંગ, ગોડી, મલ્હાર, સામેરી જેવા રાગોમાં કુશળતાથી પ્રયોજી છે.

ભાષા પાસે પણ અનોખું કામ લઈને પ્રેમાનંદે કવિત્વ સિદ્ધ કર્યું છે. પાત્રોના, પ્રસંગોના ને ભાવોના આલેખનમાં કે શબ્દચિત્રોની સજાવટમાં એને ક્યારેય શબ્દોને ખોળવા જવું પડ્યું નથી. ભાષાની પ્રત્યક્ષીકરણની શક્તિનો પણ એણે સારો એવો લાભ ઉઠાવ્યો છે. ઔચિત્યપૂર્વક પ્રયોજાયેલા વિવિધ ભાતના શબ્દો, અનોખાં વિશેષણો, ક્રિયાપદો, રૂઢિપ્રયોગોની વિશિષ્ટ અર્થચ્છાયાઓ, સરળ સમાસો વગેરેને કારણે આખ્યાનની ભાષા કાવ્યભાવને પોષક બની છે. એમાંની ગતિશીલતા અને ચિત્રાત્મકતાએ પણ આખ્યાનને સુંદર બનાવવામાં અગત્યનો ફાળો આપ્યો છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

પ્રસ્તુત એકમના 'કવિત્વ શક્તિ' મુદ્દાના સમગ્રલક્ષી અભ્યાસને આધારે નીચેના પ્રશ્નોના ટૂંકા ઉત્તર આપો :

1. આખ્યાનકાર પ્રેમાનંદના કવિત્વનો પરિચય આખ્યાનમાંનાં કયાં તત્ત્વોને આધારે થાય છે ?
2. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદની આગવી વર્ણનકલાનું દર્શન ક્યાં થાય છે ?
3. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદે પ્રયોજેલા અલંકાર વર્ણવી એમાંથી પ્રગટતું કવિત્વ વર્ણવો.
4. પ્રાસના તત્ત્વે કઈ રીતે 'કુંવરબાઈનું મામેરું'ના કવિત્વને ઉપસાવવામાં સહાય કરી છે ?
5. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદે કઈ દેશીઓને કયા રાગોમાં પ્રયોજી છે ?

## 10.4 વસ્તુલક્ષી કસોટી

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

નીચેની ખાલી જગ્યા કૌંસમાંના યોગ્ય શબ્દનો ઉપયોગ કરી પૂરી કરો :

1. પ્રેમાનંદે ભાષા પાસેથી ------------------ કામ લીધું છે. (ત્રેવડપૂર્વક, માહિતીપૂર્ણ)
2. 'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદે ------------------ અને ------------------ શબ્દોનો કથનની અસરકારકતા સિદ્ધ કરવામાં ઉચિત ઉપયોગ કર્યો છે. (સંસ્કૃત, અરબી-ફારસી, તળપદા, તદ્ભવ)
3. 'સહુ નાગરી સાંસે ભરાણી રે' પંક્તિમાં ------------------ એ તળપદો શબ્દ છે. (નાગરી, સાંસે ભરાણી)
4. નરસિંહની વહેલના વર્ણનમાં પ્રેમાનંદની ------------------ વિલસવાનો અવકાશ મળ્યો છે. (વર્ણનકલાને, નિરૂપણકલાને)
5. 'કમલની પેરે લિંગ વિકસ્યું' પંક્તિમાં ------------------ અલંકાર છે. (ઉપમા, દૃષ્ટાંત)
6. 'છે કુંવરવહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરીને ખોઈએ પાપ' પંક્તિમાં ------------------ પ્રાસ મળે છે. (અર્ધપંક્તિએ, પંક્તિને અંતે)

## 10.5 સારાંશ

- પ્રેમાનંદની પાસે ભાષાની વિવિધ શક્તિઓની ભારે સૂઝ છે. તે ભાષાને રમાડે છે. ભાષાની શક્તિથી પ્રસંગને બહેલાવે છે, ભાવકને આનંદનો અનુભવ કરાવે છે. તેને શબ્દ શોધવા પડતા નથી. ભાષા પાસેથી એણે ત્રેવડપૂર્વક કામ લીધું છે. ભાષા દ્વારા તે પાત્રને, દૃશ્યને પ્રત્યક્ષ રૂપ આપે છે.
- આખ્યાનકાર પ્રેમાનંદના કવિત્વનો પરિચય પણ 'કુંવરબાઈનું મામેરું'માં થાય છે. આખ્યાનમાંના નરસિંહ મહેતાની વહેલના વર્ણનમાં, ઉપમા - સ્વભાવોક્તિ - ઉત્પ્રેક્ષા - જેવા કવિત્વના વણમાગ્યા પુરાવા રૂપ આલંકારોમાં, સહજ અને મનોરમ બનતી પ્રાસરચનામાં આ કવિત્વનું દર્શન આપણને થાય છે.

## 10.6 સ્થાન : વિવિધ વિદ્વાનોનાં મંતવ્યો સાથે

'કુંવરબાઈનું મામેરું' એ પ્રેમાનંદની ત્રણ ઉત્તમ આખ્યાનકૃતિઓમાંની એક છે. ગુજરાતના જીવનને, સમાજને ચિરંજીવરૂપ આપતી આ કૃતિના કલાઅંશો આપણા ચિત્તને રસ, સૌંદર્યની અનુભૂતિથી પરિતૃપ્ત કરે છે. કથાવસ્તુનો વ્યાપ ટૂંકો હોવા છતાં તેની આંતરસૃષ્ટિનો વ્યાપ ઘણો મોટો છે. તેમાં પરિસ્થિતિઓની ખિલવણી ભાવવાહી રીતે થઈ છે. પાત્રચિત્રણ લાક્ષણિક રીતે થયું છે. રસનિરૂપણ અને રસસંક્રમણ એવી મનહર અને મનભર રીતે થયું છે કે કૃતિ આપણને રસની અખંડ લહરીનો અનુભવ કરાવે છે. વર્ણનો ચિત્રાત્મક અને તાદૃશપણે થયાં છે. કવિની ભાષા પણ સાફ અને અજવાળેલી છે. વિવિધ વિદ્વાનોએ આ કૃતિના કલાતત્ત્વોને બિરદાવતાં જે કેટલાંક મંતવ્યો આપ્યાં છે એ આ પ્રમાણે છે.

- 16 કડવાનું આ આખ્યાન પ્રેમાનંદની એક અદોષ રમણીય રચના છે. એની ગતિ ત્વરિત અને દૃઢ છે. એનાં વર્ણનો સપ્રમાણ અને સાર્થ છે. એમાં એ સમયની બોલાતી વાણીનો ઉત્તમ વિનિયોગ છે અને એમાં હિંદુ સંસારનું સંપૂર્ણ વાસ્તવિક ચિત્ર નાનીનાની અનેક રેખાઓથી આલેખાયું છે. એમ કહી શકાય કે 'સુદામાચરિત'માં કળાની કાંઈક સભાનતા છે, 'નળાખ્યાન'માં કળાનો પ્રયત્ન, ત્યારે 'મામેરું'માં કળાની સાહજિકતા છે. પેલી બે વિદગ્ધ કવિની વિચિત્ર માર્ગની રચનાઓ છે ત્યારે 'મામેરું' સુકુમારમાર્ગની કૃતિ છે.

  - જયંત કોઠારી

  (ઉપક્રમ)

- ......... સુરત કે જ્યાંના લોકોએ એ કવિનો રસ વિશેષ ઝીલ્યો હોય એમ માલૂમ પડે છે ત્યાં દરેક સ્ત્રીની અધરણી વખતે સાસરે અને પિયેર મોસાળું ગવડાવવું એ તો એક આચારનો જ ભાગ થઈ પડ્યો છે.

  - નવલરામ પંડ્યા

  ('નવલ ગ્રંથાવલિ')

- પ્રેમાનંદનો ભાષાવૈભવ, પાત્રહૃદયનાં એ ગહનતમ ઊંડાણોને સમુચિત વાચા આપવાની એની અપ્રતિમ શક્તિ, કથાવસ્તુના રસમય પ્રદેશોને સવિશેષ સ્પર્શીને એમને બહેલાવવાનું એનું કૌશલ્ય. અને સૌથી વિશેષ તો તત્કાલીન સમાજના લાક્ષણિક રંગોનું વિશદ આલેખન એ પ્રેમાનંદની આગવી સિદ્ધિ છે, જે પ્રેમાનંદના 'મામેરું' કાવ્યને એક જીવંત અને રસસભર કૃતિ બનાવે છે.

  - ડૉ. મહેન્દ્ર એ. દવે

  ('સાહિત્યકાર પ્રેમાનંદ')

- ધાર્મિક તથા તેના પુરોગામી કવિઓને મન 'મોસાળું' એ એક ભક્તગાથા છે. અને તેઓ તેનું નિરૂપણ માત્ર ભક્તના જીવનનો ઇતિહાસ આપવાની દૃષ્ટિએ જ કરતા હોય છે. વિશ્વનાથ જાનીએ ભક્તગાથાને કાવ્યરૂપમાં પરિણત કરવાનો પહેલો સફળ પ્રયત્ન કર્યો છે. પરંતુ એ કાર્યમાં અદ્વિતીય યશ તો આપણા સર્વોચ્ચ આખ્યાનકવિ પ્રેમાનંદને જ પ્રાપ્ત થયો છે.

  - ભોગીલાલ સાંડેસરા

  (સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જરકાવ્ય)

- લગભગ પોણા ત્રણસો વર્ષ પૂર્વે, તાજગી અને અર્થસમૃદ્ધિનો અનુભવ કરાવે એવી ભાષા પ્રેમાનંદ 'મામેરું'માં પ્રયોજી શક્યો તેનું શ્રેય તેની સર્જકતાને છે.

**- ચંદ્રશંકર ભટ્ટ**

('કુંવરબાઈનું મામેરું' - મનમુદ્રાનું કાવ્ય)

- 'અદ્ભુત લીલા રાસ'ના અદ્ભુતથી આરંભાતું આ આખ્યાન, મેઘવર્ષા અને દામોદર દોશીના અદ્ભુતને મધ્યે આલેખીને, અંતે ગગનમાંથી કાપડું પડતાં અદ્ભુતમાં પરિણમે છે. વચ્ચે કરુણનાં અશ્રુજલ ચમકે છે અને હાસ્યના નિર્ઝરો વહે છે.

**- કે. બી. વ્યાસ અને ચિમનલાલ ત્રિવેદી**

('કુંવરબાઈનું મામેરું'ની પ્રસ્તાવનામાંથી)

## 10.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ એકમ 10.2નો પ્રથમ પરિચ્છેદ
2. જુઓ એકમ 10.2નો બીજો પરિચ્છેદ
3. જુઓ એકમ 10.2નો ત્રીજો પરિચ્છેદ - આરંભ ભાગ
4. જુઓ એકમ 10.2નો ત્રીજો પરિચ્છેદ - અંત ભાગ
5. જુઓ એકમ 10.2નો પાંચમો પરિચ્છેદ
6. જુઓ એકમ 10.2નો છઠ્ઠો પરિચ્છેદ

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જુઓ એકમ 10.3નો પ્રથમ પરિચ્છેદ
2. જુઓ એકમ 10.3નો બીજો પરિચ્છેદ
3. જુઓ એકમ 10.3નો પાંચમો પરિચ્છેદ
4. જુઓ એકમ 10.3નો છઠ્ઠો પરિચ્છેદ - અંત ભાગ
5. જુઓ એકમ 10.3નો સાતમો પરિચ્છેદ

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. ત્રેવડપૂર્વક 2. સંસ્કૃત, તળપદા 3. સાંસે ભરાણી 4. વર્ણનકલાને
5. ઉપમા 6. અર્ધપંક્તિએ

# પરિશિષ્ટ 1 વિશેષ વાચનસામગ્રી અને સંદર્ભસાહિત્ય

## 1. પુનરવલોકન

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

'કુંવરબાઈનું મામેરું' આખ્યાનનો કડવાલક્ષી અને સ્વરૂપલક્ષી અભ્યાસ કરીને નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. આખ્યાનનાં મુખ્ય સ્વરૂપલક્ષણોને ધ્યાનમાં રાખીને 'કુંવરબાઈનું મામેરું'નું આખ્યાનકાવ્ય તરીકે મૂલ્યાંકન કરાવો.
2. 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનના મુખ્ય અને ગૌણ પાત્રોનો પરિચય કરાવી પ્રેમાનંદની પાત્રાલેખનકલાનો પરિચય કરાવો.
3. 'કુંવરબાઈનું મામેરું'માં આખ્યાનની વસ્તુસંકલનાની વિશેષતાઓ વર્ણવો.
4. 'કુંવરબાઈનું મામેરું'માં આખ્યાનકાર પ્રેમાનંદની રસનિરૂપણકલા અને રસક્રમણકલાની કઈ લાક્ષણિકતાઓ પ્રગટ થઈ છે તે જણાવો.
5. 'કુંવરબાઈનું મામેરું'માંથી પ્રગટ થતું આખ્યાનકાર પ્રેમાનંદનું ભાષાપ્રભુત્વ અને કવિત્વ વિગતે વર્ણવો.
6. ટૂંક નોંધ લખો :
   (1) 'કુંવરબાઈનું મામેરું'નાં વર્ણનો.
   (2) 'કુંવરબાઈનું મામેરું'માં ગુજરાતીકરણ.
   (3) 'કુંવરબાઈનું મામેરું'માં સમાજચિત્રણ.

## 2. વિશેષ અધ્યયન

મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકાર શ્રેષ્ઠ પ્રેમાનંદની આખ્યાનકલાની લાક્ષણિકતાઓને સુપેરે સમજવા એની 'કુંવરબાઈનું મામેરું' ઉપરાંતની નીચેની લોકપ્રિય અને ઉત્કૃષ્ટ આખ્યાનકૃતિઓનો આસ્વાદ માણો :

(1) નળાખ્યાન (2) સુદામાચરિત્ર (3) દશમસ્કંધ (4) ઓખાહરણ
(5) રણયજ્ઞ (6) અભિમન્યુ આખ્યાન (7) ચંદ્રહાસાખ્યાન

## 3. કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. કુંવરબાઈનું મામેરું - સં. મગનભાઈ પ્ર. દેસાઈ
2. કુંવરબાઈનું મામેરું - સં. કાંતિલાલ વ્યાસ અને ચિમનલાલ ત્રિવેદી
3. કુંવરબાઈનું મામેરું - સં. ઈશ્વરલાલ દવે અને રમેશ મ. શુક્લ
4. કુંવરબાઈનું મામેરું - સં. ચંદ્રશંકર ભટ્ટ અને પૂર્ણિમા ભટ્ટ
5. પ્રેમાનંદ - એક સમાલોચના - ડૉ. રમેશ શુક્લ
6. કુંવરબાઈનું મામેરું (સ્વાધ્યાય શ્રેણી) - સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
7. ઉપક્રમ - જયંત કોઠારી
8. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય - અનંતરાય રાવળ
9. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-ગ્રંથ 2 - સં. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ અને યશવંત શુક્લ (સાહિત્ય પરિષદ પ્રકાશન)
10. પ્રેમાનંલ - નગીનદાસ પારેખ

BAOU
Education for All

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયુર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો' સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**